

કુમાર
૫૮૪
સંસ્થાપક રવિશંકર રાવળ · ઑગસ્ટ ૧૯૭૨ · તંત્રી બચુભાઈ રાવત
અને જેઓ માના ઝળહળતા મુક્તિભવનના
પુરાતા પાયાના ચણતરમહીં પથ્થર થયા,
અહો! આજે તેનું સ્મરણ કરીને પાવન થશું.
(સ્વાતંત્ર્યની રજતજયંતીએ)
જુઓ અંદર: 'પાયામાં પુરાએલા'
રાજા રામમોહન રાય
વિનાયક દા. સાવરકર
યતીન્દ્રનાથ મુખરજી
રામપ્રસાદ બિસ્મિલ
અનંત હરિ મિશ્ર
સૂર્ય સેન
આચાર્ય કૃપલાની

કુમાર

ઑગસ્ટ ૧૯૭૨ • અંક ૫૮૪

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૫-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫

વાચકો લખે છે.....

गुरु-पूर्णिमा-वन्दना

येषां चारु-चरित्र-तेज-विमलं चेतः समुन्मीलति
येषां स्नेह-तरंगिणी निजजलैः संप्लावयन्ती सदा।
येषां श्री चरणारविन्द-मुकुले वाग्-देवता सेविता
रम्या जीवन-वाटिका परिमलै रामोद मुज्जृम्मते॥
येषां वै कृपया सदा सुविमला ज्ञान-प्रभा भासते
सच्छास्त्रे रवदात चित्त-कुहरं, शीलं समुद्द्योतते।
येषां संस्कृति-सौरभं विजयते, तेभ्यो गुरुभ्यो नमः
श्रद्धा-बद्ध-करेण नम्रशिरसा पुष्पाञ्जलिर्दीयते॥

—श्लोकयिता—विद्यालंकारः शंकरदेवः

∞

મે અંકમાં શ્રી ઢાંકીની કલમે શ્રીમતી નિલમ્મા કડમ્બીનો પરિચય વાંચીને ખૂબ જ આનંદ થયો. લેખકશ્રીને અત્યન્ત હૃદયપૂર્વકનાં અભિનંદન. ખરેખર, વાંચતાં ક્યારેક જાતે પણ કર્ણાટકી સંગીતનો રસાસ્વાદ માણી રહ્યા હોઈએ તેવું હૃદયંગમ અને રુચિકર વર્ણન લાગે છે. આ તબક્કે પૂછવાનું મન થઈ આવે છે કે શ્રીમતી નિલમ્માએ હિન્દુસ્તાની સંગીતમાં ગાયું છે કે કેમ? જો તેમ હોય તો તેમની રેકર્ડો આપણાં આકાશવાણી કેન્દ્રોએ જરૂર વસાવવી જોઈએ.

બર્ટ્રાન્ડ રસેલ અંગેનો પરિચયલેખ પણ ગમ્યો. રસેલની બૌદ્ધિક પ્રતિભા જોતાં મહર્ષિ આઇન્સ્ટાઈન યાદ આવે છે. તેમના પર પણ એક પરિચયલેખ* આવે તેવી અપેક્ષા.

અન્તમાં ૬૦૦મો અંક એક યાદગાર ગ્રન્થ રૂપે બહાર પાડવાની યોજના વિષે વાંચીને બહુ જ ખુશ થયો. કોઈ પણ હિસાબે અને ભોગે એને વળગી રહેવા વિનંતી.

(રાજકોટ) —કમલનયન ન. જોષીપુરા.

[* ૧૦૦મા અંકમાં આવી ગયો.]

∞

મે અંકમાં સ્વ. સરોદનું કાવ્ય 'ફોટો' ખૂબ ગમ્યું. એની સ્વાભાવિકતાને કારણે. 'સાહિત્ય-સંપર્ક'માં તમે એની પંક્તિઓ ખૂબ ઉચિત રીતે ટાંકો છો. જે મુશાયરામાં આ કરુણ ઘટના બની તેનો હું સાક્ષી હતો. 'ગાફિલે' જે સ્વાભાવિકતા ને જુસ્સાથી એમની ગઝલ રજૂ કરેલી તે યાદ આવે છે. એમનો અવાજ હજુ ય કાનોમાં જાણે કે પડઘાય છે! 'સાહિત્યસંપર્ક'માં પ્રગટ થયેલા સ્વ. સરોદના ફોટા સાથે જ એમના કાવ્ય 'ફોટો'નું કોઈક અનુસંધાન સધાઈ ગયું.

આ અંકમાંનું ભાઈ શ્રી પ્રબોધ જોશીનું કાવ્ય 'આ પથ' પણ ગમ્યું. એની કેટલીક પંક્તિઓમાં કવિએ ટૂંકા ટૂંકા શબ્દોથી ઝાઝું કામ લીધુ છે; પણ શ્રી પ્રિયવદન શેઠનું 'સંક્રમણ' કાવ્ય વધુ પડતા સંસ્કૃત શબ્દોને કારણે ક્લિષ્ટ ને દુર્બોધ બન્યું છે. ઉશનસ્‌નાં ઘણાં કાવ્યોમાં પણ આવું જ થાય છે. છંદોમાં બોલ-ચાલની તળપદી ભાષાનો ઉપયોગ જ સારો શોભે.

(અમદાવાદ) —સુધાંશુ પાઠક

∞

મે અંક સર્વ પ્રકારે સુંદર હોઈ અનહદ ગમ્યો. ચિત્રો સવિશેષ. 'અમે ત્રણ', 'અનંત-ત્રિપુટી' ને 'જીવનસંગીત' એ ત્રણ ચિત્રો બદલાતી જતી ચિત્ર-વિભાવનાનું દર્શન કરાવે છે. સ્વ. સરોદનું 'ફોટો' કાવ્ય સ્મરણીય બની રહે તેવું છે અને એથી યે વિશેષ તો સ્મરણીય બની રહે છે, 'સાહિત્યસંપર્ક' વિભાગમાંની તેમના વિષેની ટૂંકી શ્રદ્ધાંજલિ. 'કલાવાર્તા'માં મુ. રવિશંકરભાઈએ આપેલો સ્વ. યામિની રાયનો ટૂંકો પણ અતિ સુંદર પરિચય, ખરેખર ઊગતા ચિત્રકલાકારો માટે પ્રેરણાદાયી બની રહેશે. જીવનના અતિ કપરા સંજોગોમાં પણ કલાકારે પોતાની કલાસાધના જે નિષ્ઠા ને શ્રદ્ધાથી અવિરતપણે ચાલુ રાખી, તે આજે ક્યાં છે?!

અગાઉના બે અંકોમાં આવેલો સ્વાતંત્ર્યવીર સાવરકર વિષેનો સળંગ લેખ તેઓને સમુચિત રીતે અંજલિ અર્પતો હતો. 'અંગ્રેજી સાહિત્યનું આચમન' એ ડૉ. મધુસૂદન પારેખનો પરિચયાત્મક લેખ અંગ્રેજી સાહિત્યના અભ્યાસીઓ માટે ખૂબ જ ઉપયોગી છે.

એક સૂચન કરું તો અનુચિત નહિ લેખાય. 'ઊર્મિની ઓળખ' વિભાગ ગુજરાતી ગઝલ-પ્રેમીઓ માટે આકર્ષક ને મહત્ત્વનો બની ગયો છે. 'કુમાર' તરફથી એ પુસ્તક-આકારે બહાર પડે તો નિઃશંક ઘણો જ આવકાર પામે.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ


∞

૫૮૦મા અંકમાં ઓરીગામી વિષેના શ્રી વેગડના માહિતીપૂર્ણ લેખ માટે 'કુમાર' અને લેખક બંનેને અભિનંદન.

ખરેખર, ઓરીગામી બાળકો માટે વિશિષ્ટ અને રચનાત્મક રીતે શિક્ષણ સાથે આનંદ-પ્રમોદનું એક સાધન બનાવી શકાય તેમ છે.

(મુંબાઈ) —પ્રતાપ એન. મોદી

(અનુસંધાન પૃષ્ઠ ૩૨૮)



પદ્મશિલાનું સૌન્દર્ય પ્રાચીન ભારતીય વાસ્તુશોભનોમાં સદા વિશિષ્ટ રહેલાં પદ્માંકનોની સ્વરૂપસમૃદ્ધિ આજે યે ચકિત કરી દે તેવી વિલસે છે. ઉત્તર ગુજરાતમાં રોડાનાં વિખ્યાત પ્રાચીન દેવાલયોમાંના એક નાના કુટિરૂપી મંદિરના ગર્ભગૃહની આ પદ્મશિલામાં કંડારશોભિત ચોરસ ક્ષેત્રમાં મુક્તાવર્તુલની અંદર સમાવેલા, અણીરહિત ગોળપાંખડીઓ અને કેન્દ્રમાં બીજકોષયુક્ત કમળનું શિલ્પ ગુજરાતમાં રાષ્ટ્રકૂટ શાસન સમયે પ્રચલિત મહાગુર્જર શૈલીનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આના સંદર્ભમાં, આ અંકમાં અન્યત્ર આપેલો 'કૌન્તલીય (કર્ણાટક પ્રદેશની) પદ્મશિલાઓ' વિષેનો અભ્યસનીય લેખ જુઓ.
(Courtesy : Michael Meister, Harvard University)



લલાટતિલકમ

જેમ ચિદમ્બરમમાં તેમ તાંજોરના બૃહદીશ્વરના મંદિરમાં પણ નૃત્યનાં આવાં 'કરણ'નાં શિલ્પશોભનો છે. ચિદમ્બરમમાં શિલ્પીએ તેની કલામયતા દર્શાવવા સ્ત્રીદેહના લાવણ્યની સહાય લીધી છે, જ્યારે બૃહદીશ્વર મંદિરમાં નટરાજ શિવના પૌરુષ દ્વારા જ શિલ્પીએ, (નૃત્યમાં લલાટે પગ અડાડીને કરવાના) આ કષ્ટસાધ્ય કરણના લાલિત્યને પ્રકટ કર્યું છે. આ અંકમાં નૃત્યનાં 'કરણો'નો લેખ જુઓ. (ફોટો - સુબોધચંદ્ર)



સમ્રાટ અશોકનો શસ્ત્રત્યાગ (ચિત્રકાર: સ્વ. દીનાનાથ દલાલ)

આ અંકની કલાવાર્તામાં જેમનો ટૂંકો પરિચય આપ્યો છે એ સ્વ. ચિત્રકાર દીનાનાથ દલાલે વ્યવસાયાર્થે હજારોની સંખ્યામાં યથાર્થદર્શી ચિત્રો કર્યાં છતાં, નિજાનંદે એ મુક્ત શૈલીમાં પણ સર્જનો કરતા. એ પૈકીના આ ચિત્રમાં યુદ્ધપ્રિય મહારાજા અશોક છેવટે પરમ શાંતિદાયક અહિંસાના બૌદ્ધ ઉપદેશથી પ્રભાવિત થઈ આત્મપરિવર્તનને માર્ગે વળતાં શસ્ત્રત્યાગ કરે છે તેનું નિદર્શન છે. બૌદ્ધ સાધુને ચરણે પોતાનાં શસ્ત્રો અને મુકુટ ધરી પ્રણમી રહેલા અશોક અને તેના અશ્વના સૂચક આલેખન સિવાયનો ચિત્રભાગ અર્ધસ્ફુટ આકૃતિઓ અને શોભનોથી મંડિત હોવા ઉપરાંત કશું સૂચવતો નથી, છતાં ચિત્રોમાં એ એકરસ બની એની અર્ધસ્ફુટતા કાવ્યમય બની રહે છે. વાસ્તવદર્શી ચિત્રોથી વ્યતિરિક્ત આવાં ચિત્રોમાં ચિત્રવિષયને માત્ર થોડી સૂચકરેખાઓ વડે વ્યંજિત કરીને અન્ય ભાગ એવા સ્ફુટ-અસ્ફુટ રંગ અને આકૃતિઓ વડે એવી રીતે મંડિત કરવામાં આવે છે કે જે ચિત્રને લય અને ઉઠાવ આપી રહે. પરંપરાગત વાસ્તવાલેખનથી ભિન્ન પણ અત્યાધુનિક અર્થશૂન્ય કૃતિઓ કરતાં સ્ફુટ આવી કૃતિઓ કલારસિકોને માટે સંઘરવા જેટલું આકર્ષણ અવશ્ય ધરાવે છે.

પ્રવાસ વળતો / પિનાકિન્ ઠાકોર

•વસંત-મૃદંગ•

લ્યો આજ આ મિલન તે બસ થાય પૂરું,
દીધાં ભરી સકલ વસ્ત્ર દબાવી પેટી;
બાંધી દીધેલ વળી બિસ્તરને લપેટી,
પાછો પ્રવાસ વળતો અવ તો થતો શરૂ.

સૌ સાથની મધુર લેઈ રહ્યાં વિદાય,
થોડું મળ્યાં, અગર કો'કની સંગ ગાઢ;
શાં લાગણી અનુભવે અહીં ઓટ બાઢ!
વાણી ઘડી વહતી, તો ઘડી મૂક થાય.

ક્યાં ક્યાંક દૂર થકી આવી રચેલ સાગરે
જન્મ્યાં સમાં, અવ જવું વિખરાઈ બાદલે;
આછા નવા પરિચયો પ્રગટેલ અંકુરે,
ન્હોરે મિલાપ રસજીવન ફૂલ ને દલે.

આ માનવીહૃદયસૃષ્ટિ અપૂર્વ ભવ્ય,
જ્યાં સ્નેહશું વિનિમયોનું અમૂલ્ય દ્રવ્ય.

સવારે / પ્રબોધ જોષી

•શિખરિણી•

સવારે પંખીઓ પગરવ લઇને સૂરજનો
ઊડે,એની આભા નભમહીં પછી જાય તરતી
અવાજે એના કૈં ગગન ઊઘડે, જાય ઊડતી
દિશાઓ,વૃક્ષોના અધરસમ આ પાન ફરકે,

નમેલી આ ડાળી,કલરવ બધે,આંગણમહીં
ખીલેલું આનંદે સૂરજમુખીનું ફૂલ નમણું,
સુગન્ધે પુષ્પોની પવન પમરે. નિદ્રિત દગે
ઊઠું,આંખો ચોળું,ખડક કરતો કે સૂરજ તો.
વરંડો કૂદીને ઘરમહીં હવે જાય, ચમકુ,

થઇ બેઠો જોઉં કિરણ અમથું એક અડતું
પણે પેલી નાની તસવીર કને; કોઈ મલકી
ઊઠે ન્હેરો જાણે સ્મૃતિગગનમાં, ને મલપતી
હવા ન્હેરી કોઇ હળુહળુ પગે આવી વદતું
'ચલો! મોડું થયું છે...'

મન / ધીરુ પરીખ

•વેરાએલો હરિગીત•

હું આયનો
કંઇ કેટલી છાયા ધરું...
ટ્રૉયની હેલન તણું શું રૂપ,
રાવણ-મૂછમાં હુંકારતો શો ભૂપ,
કુબ્જા તણી વિરૂપતા
ને વંદતા ગાંધી તણા બે હાથ!

હિટલર ઘડીમાં પેસતો,
બીજી ઘડી નિમિલિત નેત્રે
બેસતા અમિતાભ!

મેરીલિન મનરો તણી
બે આંખનાં ચંચલ મૂંગેરાં કહેણ,
ને ઊઘડે ત્રીજું ત્યહીં
કૈં ધૂર્જટિનું નેણ...

કંઇ કેટલાં
કંઇ કેટલાં રૂપો ધરું!
ને તો ય એકે ના
કદી હું સંઘરું!

આણાતના અભાવનું ગીત

મનોહર ત્રિવેદી

•ગીત•

ગમતું નથી ક્યાંય...
ઘરમાં સૂની સાંજ ઉદાસી આજ છવાતી જાય...

રોજ તો મારું ઓરડું રે'તું બે...ય લીલું નાઘેર,
ઓરડે ને ઓશરીએ વ્હેતી હોય બીનેરી લ્હેર,
આંગણે તારા બોલથી વહુ! તડકાઓ ભીંજાય...
ગમતું નથી ક્યાંય...

કાલ લગી ઝલમલતો હતો તકતો ભીને વાન,
ફૂલને અડે હાથ ને ઝૂલે દાડમડીનાં પાન,
ઝાંઝરનું ગીત ઠેઠ પણે પાણીશેરડેથી સંભળાય...
ગમતું નથી ક્યાંય...

ઊઘાડાં ભાળું નઇં બે દિ'થી હેઠનાં પારિજાત,
એકલવાયાં લોચન ઝીલે સાવ પીળું પરભાત,
ઠીબમાં બોળી ચાંચ અરે ક્યાં કાગડો ઊડી જાય...
ગમતું નથી ક્યાંય...

હવે / મહેન્દ્ર સમીર

•ગઝલ•

ગુલશન ઉદાસ કેમ છે? કોની છે અલિવદા?
સૂમસામ કેમ થઇ ગયા ફૂલોના મયકદા?
દુઃખ પણ બની ગયાં છે હવે ઝાંઝવાં, ખુદા!
છેટે રહી રહીને સતાવે છે આપદા.

એવું તે શું બની ગયું આ ઝંઝાવાતમાં,
પૂછે છે નાવ કેરી દિશા સુજને નાખુદા?
ફૂલો ખીલ્યેથી શું થયું? થાતું નથી ચમન;
એક રંગમાં ઝબોળો આ રંગો જુદાજુદા.

હર રોજ આસ્થાઓ બદલતી રહી 'સમીર'
હર રોજ શોધવો પડયો મારે નવો ખુદા.

આ મહિને જેમની પોણોસોમી જયંતી છે તે સ્વ. ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ



રતન રઝળતાં રેણુમાં થાતાં ધૂળધાણી,
રજ છાંટી પ્રકાશાવિયાં **ઝવેર મેઘાણી.**

ફોટો : નરેન્દ્ર રાવળ

લેખક
કનુભાઈ જાની


[આ આયોજનમાં મુદ્રિત ચરિત્રલેખો ઉપરાંત ચૌદેક વરસ પરની મારી પ્રવાસનોંધો અને સ્વ. કપિલભાઈ કૃત અપ્રસિદ્ધ મેઘાણીચરિત્રનો ઉપયોગ કરતાં અનેકોને ઋણભાવે સ્મરું છું. મુ. કપિલભાઈ ઠક્કરે તો ભાંગેલી તબિયતે સતત નવ દિવસો સુધી જાણે મેઘાણી-પારાયણ માંડેલું. મુ. ચિત્રાદેવી, શ્રી મહેન્દ્રભાઈ, ડૉ. અંબાશંકર ભટ્ટ, સ્વ. શાહાણી સાહેબ, શ્રી ભૂપતસિંહભાઈ, શ્રી શિવલાલભાઈ ફોટોગ્રાફર, પ્રો. ઈશ્વરલાલ દવે, શ્રી વિદ્યુતરાય દેસાઈ, પ્રો. રતિલાલ જાની અને બીજા અનેકોએ સ્નેહથી સ્મરણો કહ્યાં છે. રાજકોટમાં શ્રી બાબુભાઈ વૈદ્ય, શ્રી ગુલાબચંદભાઈ વખારિયા, શ્રી જયમલભાઈ વગેરે; વડિયામાં શ્રી ચૂનીભાઈ પારેખ, મુ. સમજુબહેન, દરબાર વાજસુરવાળાના દૌહિત્ર (ને કાળુ વાંકના ભાઇ) શ્રી શેલારભાઈ વાંક, શ્રી હાથીભાઈ વાંક; બગસરામાં શ્રી નરોત્તમભાઈ દોશી, ડૉ. મગનભાઈ ગોંડલિયા, શ્રી લાલચંદભાઈ વોરા, રેવુબાપા, દરબાર વાજસુરવાળાના દીકરા અમરાવાળાના પુત્ર શ્રી રાવતભાઈ; મેઘાણીભાઈનાં અમરેલીમાંનાં પરિચિતો; અને એમના એક સહાધ્યાયી તથા કલકત્તાના સહવાસી ધારીના શ્રી હરિશંકર છગનલાલ જોશી; વડિયા-બગસરા-ધારી-અમરેલીનો મને પ્રવાસ કરાવનાર મારા સ્નેહી મિત્ર દિનુભાઈ જોશી—આ બધાંએ એમના મેઘાણી સ્નેહનો પ્રસાદ મને ય ચખાડયો છે. સહજ રીતે મળ્યા ત્યાંથી ખુદ મેઘાણીભાઈના શબ્દોય ઉપાડયા છે! પછી, મારું કેટલું? નિમિત્ત માત્રં...!]

'તું ય ભાણા, ભણી-ગણીને કથાઓ જ લખજે, મારા બાપ! કહેણી જ શીખજે; કરણી તને નહિ આવડે!' એ ટકોર મહીપતરામ જમાદારે એમના ભાણા પિનાકિનને કરી, અને એમ કહીને મેઘાણીએ પોતાની જાત પર કરી ('સોરઠ, તારાં વહેતાં પાણી' પ્ર૦ ૪); પણ કહેણી ને કરણીને છાબડે મેઘાણીના જીવનને તોળીએ તો કરણીનું છાબડું જ નીચે જતું લાગશે. વ્યવહાર અને સાહિત્યવાણી બંનેમાં ઈમાનને જ પ્રાધાન્ય. એ કારણે જ એમનું જીવન સ્મરણરમણીય બન્યું છે.

કહેણી અને કરણી વચ્ચે ઝાઝું અંતર ન હોય એવા સાહિત્યકાર કેટલા? એ 'સાહિત્યકાર' ગણાઈ જાય તો ય 'સતી જતિ'ની જમાતના જ રહે છે. મેઘાણી એ પંથનો જ એક 'ફાટેલ પિયાલો'. 'દીવડો ઝાંખો બળે'થી આરંભીને 'માણસાઈના દીવા' સુધીની કૃતિઓ જુઓ. એમાં એક અખંડ દીપ—માનવ્યનો—જલતો દેખાશે. એના જ સાધક મેઘાણી હતા; છપાએલા–લખાએલા શબ્દના નહિ. પોતે જ કહ્યું છે: 'વાઙ્મયના ગણનાપાત્ર ગ્રંથોનું મારું વાચન વિશાળ નથી. પરંતુ મારે સુભાગ્યે મને માનવજીવનનો મહાગ્રંથ વાંચવા મળ્યો, અને એણે મને લખતો કર્યો. સંસારનાં અનુભવપાનાં ઊઘડતાં ચાલ્યાં,...એણે જન્માવેલી સંવેદનાએ મને વાણી પૂરી પાડી.' અને કેવી વાણી? પિનાકિનને ઓઠે પોતાના હૈયાની વાત મેઘાણીએ 'સોરઠ, તારાં વહેતાં પાણી'માં કરી છે. માસ્તરની સામો થઈ માર ખાતો પિનાકિન્, બાપની બીકે શાળામાંથી ઘેર સાઈકલ

*પહેલાં સરકારી કૉલેજોમાં અને હાલ ગૂજરાત વિદ્યાપીઠમાં ગુજરાતીના જાણીતા પ્રાધ્યાપક કનુભાઈ જાની, ઈ. સ. ૧૯૪૭માં શ્રી મેઘાણીના અવસાન પછી મેઘાણી ઉપર પીએચ.ડી. માટેના પ્રબંધનું આયોજન કરતા હતા. એને અંગે એમણે મેઘાણીનાં સંખ્યાબંધ સગાંવહાલાં, સ્નેહીઓ-મિત્રો, પરિચિતો, એમને લોકસાહિત્યની સામગ્રી પૂરી પાડનાર ભાટચારણો અને વૃદ્ધજનો આદિની રૂબરૂ મુલાકાત લઇને માહિતીપ્રચુર નોંધો તૈયાર કરેલી. એમાંથી આ વિગતભર્યું અને અભ્યાસસમૃદ્ધ ચરિત્ર 'કુમાર' ને મળે છે એ સદ્‌ભાગ્ય છે.

ચાદ વર્ષ પહેલાં મેઘાણી-કુટુમ્બના એક વૃદ્ધ શ્રી રેવુ (રેવાશંકર) બાપાએ ઉતરાવેલું વંશવૃક્ષ



૧ સમજુબહેન એમનાં પતિ ચૂનીભાઈ પારેખ સાથે ઘણાં વર્ષ બ્રહ્મદેશમાં રહેલાં. એમની પાસેથી નવલકથા 'પ્રભુ પધાર્યા'નું વસ્તુ મળેલું.

મૂકતોક ને નાઠો. રસ્તામાં એને મીર મળ્યો. એ એને સંભળાવે છે:

> 'તું બીજો લખમણ જતિ, ભડ રમજે ભારાથ;
> જતિ-સતીના સાથ, સરગાપર શોભાવજે.'

મર ત્યાં સુધી ભડ રહેજે, લખમણજતિ જેવો. સાંભળનારનાં ડોકાં ધ્રૂણે છે, ત્યાં મીર કહે છે: 'આ તો દિલડામાં એકેક દુહો, વેળુમાં મગરમચ્છ લાંચીને, એમ લોચતો'તો. તે આજ તમ જેવા પાસે ઠાલવી દઉં છું.' આ જે છે મેઘાણીના શબ્દરસાયણની ઉત્પત્તિનું રહસ્ય.

> 'અંતરની એરણ પરે જે દી અનુભવ પછડાયજી,
> તે દી શબ્દ-તણખા ઝરે રગરગ કડાકા થાય...'

આ શબ્દકલાનો વારસો ક્યાંથી મળ્યો? કયો વડવો લેખક કે કવિ થયો હતો? કયો 'લખમણ જતિ' હતો? કયા કુટુમ્બના સંસ્કાર ફૉળી ઊઠયા? ખુદ મેઘાણીભાઈ વસવસો કરે છે: 'રે, પાયામાં જોઉં તો તો કશો જ કુલસંસ્કાર, રક્તસંસ્કાર નથી જડતો. જડે છે ફક્ત આ શેત્રુંજી, સાતલ્લી, અને શેલ સમી નદીઓનાં નીરસમીરણ મારફતનાં થોડાં નિસર્ગલાલન; પણ એટલેથી થાડું આ માનવીજીવનનું લાકડું ઘાટમાં આવે છે? બહુ અણઘડ્યું રહી ગયું. મોટો દુર્મેળ મચી ગયો.'

ના રે ના. ઈમાનભર્યો પરિશ્રમ હોય, આંખ-કાન ઉઘાડાં હોય એને 'વંશવારસા' સામે મોં વકાસીને બેસવાનું ન રહે. વિશ્વનું બૃહત્તમ કુટુંબ એને અપનાવવા ઉત્સુક બને. ધરિત્રી એની ધાત્રી બને. મેઘાણીમાં મૉરી ઊઠયા સમસ્ત સોરઠી સંસ્કાર.



પિતા કાલિદાસ



માતા ધોળીબા

જ્યાં ઘોડા સસલા જેવા પાણીદાર, પહાડ જેવા ઊંચા, હરણ પેઠે ઠેક લેનારા ને માર્ગે લગામને ચાવનારા હોય, એવા 'તુરંગમાઃ'થી પ્રસિદ્ધદેશઃ

જળ સસા, પરબત મછા, હરણાં રેંટ ફરંત,
ચલો સખી ઉણ દેસ, જિહાં પથરા વાઘ ચરંત.

'સુ-રાષ્ટ્ર' કે 'સૌરાઃ' એટલે સૂર્યપૂજકોનો દેશ કહો, કે 'સૌરાષ્ટ્ર' કહો. એ જ

જ્યાં સિંહણ નિજ સંતાન ધવરાવે જાળે,
જ્યાં સાગર ઊછળે નીર મોતીની પાળે;
જ્યાં પ્રેમભક્તિનાં ગાન ભક્તજને ગાયાં,
જ્યાં સ્થળ-સ્થળમાં ઇતિહાસ શૂરના સોહાયા.

એ 'કાઠિયાવાડ'! કાઠીઓ કહે છે તેમ વિરાટની ગાય ચારવાનું કામ સોંપાતાં હીણપત અનુભવનાર કૌરવોએ દંડ (કાઠી) પછાડીને જે 'ખાટ' ઉત્પન્ન કર્યો તે પરથી 'કાઠી'; કે એશિયા માઇનોરના કુર્દિસ્તાનમાંના 'ખાટી' પરથી; કે સિકંદરની સામે થનાર કોમ 'કોમાની' (ખુમાણ) પરથી; કે નેપાળના કાઠ-મંડુ ને પંજાબમાંના થાન-મુલતાનવાળા જ કાઠિયાવાડમાં થાણા-માંડવની ડુંગરીવાળા લોક 'કાઠી'; કે યજુર્વેદમાંના 'કાઠક'; કે પાણિનિએ નોંધેલા 'કંઠ' નામના અખાતના વસનાર 'કાઠી'?—ગમે તે હોય. એ નામે લડાયક કોમ પંજાબ-સિંધ-કચ્છને રસ્તે થઈને, જે તે પ્રદેશના ભાષા-સંસ્કારો સાથેની પોતાની ભાતીગળ બોલી સાથે, કાઠિયાવાડમાં મધ્યકાળે આવેલી. એમણે પ્રથમ પરમારનું થાણ લીધું; ત્યાં સૂર્યમંદિર બંધાવ્યું, ને પછી લીધું ચોટીલા.

એ ચોટીલા આટલું મહત્ત્વનું છે. 'કંકુવરણી પાંચાલ ભોમનું કલેજું' એ છે. રાજકોટની ઈશાને ત્રીસ માઈલ પર અને વઢવાણની નૈર્ઋત્યે ને દક્ષિણે વઢવાણ ત્યાંથી ૩૬ માઈલને છેટે. એને ડુંગરે મા ચામુંડાનું થાનક. ઈ. ૧૮૮૧ની ગણતરી પ્રમાણે ત્યારે ત્યાં માંડ બે હજારની વસ્તી. એની તળેટીમાં એજન્સી પોલીસનું એ વેળાનું અઘોરવાસ લેખાતું દાઠા થાણું હતું. ત્યાં તા. ૧૭-૮-૧૮૯૭ને રોજ[1] (૧૯૫૩ના શ્રાવણ વદ ૫) સોરઠિયા જૈન વણિક, એકવડિયા બાંધાના, બેઠી દડીના, કસાએલ ને કડપવાળા જમાદાર કાળિદાસ મેઘાણીને ત્યાં મા ધોળીમાની કૂખે ઝવેરચંદનો જન્મ.

પિતાએ ત્રણ વાર લગ્ન કરેલાં. પહેલું અમૃતવેલમાં લાખાણી કુટુંબમાં. એ પત્નીનું સંતાન તે કાળિદાસભાઈના સૌથી મોટા પુત્ર લાલચંદભાઈ.

૧ 'મેઘાણી ગ્રંથ-૧'ની નવી આવૃત્તિમાં બે સ્થળે બે જુદી સાલ દર્શાવી છે. 'જીવનચાત્રા'માં તથા છબી નીચે ૧૮૯૭, જ્યારે પૃ. ૪ પર શ્રી ઉમાશંકરભાઈના લેખમાં ૧૮૯૬. ઈ. ૧૯૩૦માં જેલમાં લખેલ 'એક જન્મતિથિ' કાવ્યમાં 'શ્રાવણી પાંચમના અંધાર' પંક્તિમાં જન્મતિથિનો નિર્દેશ છે તેમ 'આપણા આઠ વર્ષના યોગ' પંક્તિથી ૧૯૨૨માં પ્રથમ લગ્નનો, તથા 'આજ ધન્ય થાયે મુજ તેત્રીશ વત્સર તણો વિરામ' એ પંક્તિમાં ૧૯૩૦માં તેત્રીશ વર્ષ પૂરાં થયાંનો નિર્દેશ છે. તેથી ૧૮૯૭ની સાલ સૂચવાય છે.

બીજું લગ્ન જેતપુરમાં; એક પુત્ર પ્રભાશંકર. તે પછીનું ત્રીજું ધારીના વીરજી રૂપાણીની પુત્રી ધોળીબાઈ સાથે. એમને છ સંતાનો થયાં. સૌથી મોટાં મણિબહેન (ગોંડલ પરણાવેલાં). પછી ઝવેરચંદ. પછીના બે પુત્રોમાંથી એક બચપણમાં ને બીજો ૧૦-૧૨ વર્ષની કિશોરાવસ્થામાં મૃત્યુ પામ્યો. તે પછીની બે પુત્રીઓમાંનાં મોટાં સમજુબહેન. એમને જૂનાગઢ પરણાવેલાં અને એ પતિ સાથે બર્મામાં ઘણાં વર્ષ રહેલાં. એમને કારણે જ 'પ્રભુ પધાર્યા' લખાયું. બીજાં લાભુબહેન. હિન્દમશહૂર કામાણી પેઢીવાળા ઉદ્યોગપતિ અમરેલીવાળા રામજીભાઈ હંસરાજના નાના ભાઈ ગિરધરલાલ જોડે એમનાં લગ્ન થએલાં. મેઘાણીજીવનની બે મોટી ઘટનાઓમાં એ નિમિત્ત થયાં: એક, રામજીભાઇને આગ્રહે મેઘાણી કલકત્તાની જીવણલાલની કંપનીમાં જોડાએલા; બે, ક્ષયગ્રસ્ત લાભુબહેનનું વેણ રાખવા મેઘાણીભાઇએ લગ્ન કર્યું ૧૯૨૨માં. આમ, ઝવેરચંદ તે કાળિદાસ દેવચંદ મેઘાણીનું ચોથું અને ધોળીમાનું બીજું સંતાન. જન્મ ચોટીલામાં—પહાડની ગોદમાં; પણ મૂળ વતન બગસરા.

'ચિત્તળની ચૂંદડી ને બગસરાનો ચોફાળ' એ કહેવત પડી ગઈ, એવો ત્યાંનો વણાટઉદ્યોગ વખણાય. એક સાથે પાંચસોક શાળો ધમધમે. ગિરનું નાકું. છસોક વર્ષ પહેલાં તો નર્યું જંગલ. ત્યારે બગઋષિ એમના કૂતરા સાથે આવીને વસેલા તે પરથી, કે બગેશ્વર મહાદેવ પરથી ગામનું નામ પડયું હશે. શીતળ શાન્તલહરી જેવી સાતલ્લી નદીને કાંઠે શિયાળા સુધી તો બગસરા લાગે છે રમણીય; પણ વહેણ સુકાયું કે પટ લાગે છે કોરા પાણકોરા જેવો. માત્ર ૩૫-૪૦ માઈલ દૂરનો ગિરનાર એને માથે છોગા જેવો ફરૂકે છે.

ધોળાથી જેતલસર જતી ગાડી દરબાર સાહેબ ગોપાળદાસનું ઢસા વટાવીને, પ્રથમ કલાપીના લાઠીએ, ને પછી કુંકાવાવ થોભે. ત્યાંથી 'બગહરું' અગિયાર માઈલ. ગિરનાર તરફ જતાં પંદરેક માઈલ દૂર આવે વાજસૂરવાળાનું હડાળા. કેટલાં સાહિત્યતીર્થો પાસપાસે!

મૂળ ઈ. ૧૫૨૫માં દેવગામ દેવળીના વાળા માંચાએ તે જીત્યું. એની પછી ગાદીએ આવ્યો એનો પુત્ર ભાયા. એ પછી એના વંશજોની તો અટક જ પડી ગઈ ભાયાણી. ઓગણીસમી સદીને અંતે ભાયાણીના આ પંદર હજારની વસ્તીવાળા ગામમાં ચાર પાટીઓ —ચાર હકૂમતો ચાલે: રામ હરસુરની, વાજસૂર વાલેરાની, માત્રા ગોદડની ને મૂળુ વાળાની. એમાંથી રામહરસુરની પાટીમાં મેઘાણી કુટુમ્બનાં ૨૫-૩૦ મકાનો. એમાંનું એક સાંકડું મેડીબંધ ખોરડું કાલિદાસનું ય હતું. લગ્ન પછી જ્યારે દમયંતીબહેન સાથે ઝવેરચંદભાઈ ત્યાં આવ્યા હશે, નીચે ક્ષયગ્રસ્ત બહેન લાભુબહેનનો ખાટલો હશે, ત્યારે એ અંધારિયા સાંકડા મકાનમાં એમને શું ગોઠયું હશે?

'આપણા નહોતા પ્રીતિવિવાહ,
બેઉના હતા નોખા રાહ,
મૂઢ હું: તું ભર ઊર્મિપ્રવાહ
ઘેર મુજ આવી—કોડ અથાહ.'

પણ એ ઘર જોઈને આમ થયું હશે?—

'કરમાયાં તુજ કુસુમ, વેલડી! નવ ભાવેલાં નીર;
જીવનજળ શોષાયાં'તાં મુજ, ન રહી તુજને ધીર!'

એ ઘર પછી તો વેચાઈ ગયું!

બગસરાનું આ મેઘાણી કુટુમ્બ પૂર્વે આંટવાળું. એની એક વાત મેઘાણીએ જ કહી છે. જેતપુરના દાયરામાંથી પસાર થતાં બગસરાના એક શેઠ મેઘાણીની વીંટી નીચે સરકીને ધૂળમાં પડી. દાયરાએ ધ્યાન દોર્યું: 'શેઠ, આ વીંટી...' શેઠે જવાબ દીધો: 'ભાયાણીનો મેઘાણી, જેતાણીની ધૂળમાં હાથ નાખું?' એવા આ કુટુમ્બમાં એક રામશ્રીપાળ થઈ ગયા. એ નગરશેઠ હતા. ભારે પ્રભાવશાળી. દમામથી રહેતા. મોટી

ડેલી. ડેલીએ આરબ બેસતા. એ મકાનમાં જ રહીને બાળ ઝવેરચંદે અહીંની પ્રાથમિક શાળામાં કેટલાંક વરસો કાઢેલાં.

બીજા સ્મરણીય પૂર્વજ છે માલબાપા. એ તો કુળદેવતા તરીકે પૂજાય છે. ધિંગાણામાં એ ખપી ગએલા. આડો એક સથવારો પડેલો, તે એ ય ખપી ગએલો. આહેરો પણ એમને 'માણભદ્ર' નામે પૂજે છે. દર વર્ષે બાપાનો મલીદો થાય ત્યારે પહેલો એક સથવારો જમાડાય, પછી જ મેઘાણી કુટુમ્બ જમે એવો રિવાજ છે. બાપાનું મૂળ થાનક માણેકવાડે છે. જૂનાગઢના શાપુર-લુસાળા પાસે તે આવેલું છે.

'મેઘાણી' અટક પડી તે એક વડવા પરથી. કુટુમ્બની વંશાવળી આ પ્રમાણે—ઝવેરચંદ કાળિદાસ, કાળિદાસ દેવચંદ, દેવચંદ અંદરજી, અંદરજી ધનજી, ધનજી હીરા, અને હીરા મેઘા. આ 'મેઘા' પરથી પડયું 'મેઘાણી'. એ જ કુટુમ્બના અન્ય વડવાઓ પરથી અન્ય શાખાઓ થઈ છે. દાખલા તરીકે ડોસા પરથી ડોસાણી, મેવા પરથી મેવાણી વગેરે. ઝવેરચંદભાઈના દાદા દેવચંદ અંદરજી પાસે વડીલોપાર્જિત મિલકત હતી. પોતે બાપદાદાનો શરાફીનો ધંધો કરતા. પણ એ વૈશ્યના પુત્ર કાળિદાસે ક્ષત્રિયનો ધંધો પસંદ કર્યો. કાઠિયાવાડ એજન્સીના પોલીસ ખાતામાં સિપાહી તરીકે એ દાખલ થયા ને જમાદાર તરીકે નિવૃત્ત થયા. એ દરમિયાન બદલીને કારણે અનેક થાણાંઓની એમને હવા લેવી પડી: દાઠા, ચોક, બાબરા, લાખાપાદર, બગસરા, વઢવાણ, રાજકોટ, ચોટીલા, ચમારડી—'કોઈ ગિરમાં, કોઈ પહાડમાં, ભયંકર નદીનેરાંવાળી વંકી ને વિકરાળ જગ્યાઓ'માં. ચોટીલામાં તો માત્ર સવા માસ જ ઝવેરભાઈએ હવા ખાધી.

બે વરસની ઉમરથી આઠનો થયો ત્યાં સુધી બાલ-કિશોર ઝવેરચંદને રાજકોટમાં રહેવું પડયું. એટલે એના 'સમજણા જીવનનું પ્રથમ પ્રભાત રાજકોટમાં પડયું'. એ કહે છે: 'શ્રીફળ લઈને સદરની તાલુકા-સ્કૂલે હું પહેલવહેલો ભણવા બેઠેલો. રાજકોટ જાણે મારી જન્મભૂમિ હતી, કેમ કે રાજકોટની પૂર્વેનું એક પણ સ્મરણ મારી પાસે છે નહિ.'

'સદરને એક છેડે આવેલા હવાલદારને રહેવાના બે ઓરડાના ઘરમાં મારા પિતાનું દશ માણસોનું કુટુમ્બ પંદર રૂપિયા પર રહેતું હતું.'

'મારો એક નાનો ભાઈ કોઈ સિપાહીને ઘેર સત્યનારાયણની પૂજા વખતે શંખ ફૂંકાતાં ચમકીને તાવમાં સપડાઈ મૂએલો.'

'શહેનશાહ સાતમા એડવર્ડની તખ્તનશીની વખતે જ્યુબિલીમાં દીપમાળા પ્રગટેલી. તેના કાચના ગ્લાસ રાત્રીએ ચોરીને ઉપાડી ગયાનો આનંદ પુનર્જીવિત બને છે અને પુણ્યશ્લોક લાખાજીરાજ કુંવરપદે હતા તે વખતના તેમના પાતળિયા દેહની જિમખાનાના મેદાન પર ક્રિકેટ-રમત, તેમ જ તેમના કાનમાં ચમકતી હીરાની ચૂની ચોક્કસ જોએલી મને યાદ આવે છે.' અને યાદ આવે છે પિતા: 'સોળ શેરની બંદૂકડી ઉપાડી પરેડમાં જતા, દૂર દૂરને નાકે રાત્રે રોનો ફરતા, તેમ જ આગો ઓલવવા બળતી ઇમારતો ઉપર ચડતા.' યાદ આવે છે 'પિતાના સાથીઓ, દ્વેષીઓ, તેમની સંકડામણો, અને એવી સંકડામણોમાંથી એમને ઉગારી લેનાર ગોરા સૂટર સાહેબ.' 'સૂટર સાહેબ! નાજાવાળા કેસમાં ફિરોજશા મહેતાએ જેને 'સોરઠનો રાજા' કહ્યો હતો. કટાક્ષ હશે; છતાં સાચી વાત. એજન્સી-પોલીસની સ્થાપના મૅકે સાહેબથી થઈ, પણ એનો કડપ, એનો દમામ, એની શિસ્ત, અને ખૂની કાઠિયાવાડના ચમરબંધીઓને પણ ધૂળ ચાટતા કરવાની એની ખુમારી પાનાર તો સૂટર સાહેબ.'

એમના હાથ નીચે સિપાહી કાળિદાસ. નાજાવાળા કેસમાં સાથે. થાણાગાલોળ ખૂનકેસમાં ય સાથે. એની વાતો ઘરમાં ચાલે: બિલખાના એ દરબાર નાજાવાળા કરડા, ખૂની આંખોવાળા; બે સ્ત્રીઓને ઠાર કરી; ત્રીજી પટારા તળે સંતાણી; નાજાવાળા પર મુકદ્દમો ચાલ્યો; કાળું પાણી મળ્યું; મોત થતાં મડદું લાવ્યા; પેટી ખોલતાં જ માથું ફાટે એવી દુર્ગંધ!

એ સૂટરે વિદાય લીધી ત્યારે સિપાહીઓએ પાર્ટી આપી. સૂટરે દરેક પાસે કાંઈક ને કાંઈક—છેવટે 'છજ્જાં જાળીઆં' કે 'ભેખ રે ઊતારો!' ગવડાવ્યું, ત્યારે શિશુ ઝવેર છ વર્ષનો.



ઈ. ૧૯૨૧માં કલકત્તાની ઍલ્યુમિનિયમ કંપનીના મૅનેજરપદેથી (ઉજ્જ્વલ ભાવિવાળી કામગીરી છોડીને) વતનનો સાદ સાંભળી 'સૌરાષ્ટ્ર'માં આવીને જોડાયા ત્યારે.

મુંબાઈનો ગવર્નર આવે ત્યારે જંકશનની સડકે સૌ છોકરાં ભેળો એ ય કોક બંગલાની વંડી પર બેસી એને પસાર થતો જુએ: 'ગવર્નરની આગળ આવતી સોલ્જરોની પલટન. અચરજ તો એ હતું કે ગવર્નર સાહેબ જે ઘણા ઘોડાની ગાડીમાં બિરાજતા તે ઘોડાની પીઠ પાછો એકકેક સોલ્જર બેઠેલો હતો! અને ત્યાં ચકચકી રહ્યાં છે એ ઘોડેસવાર સોલ્જરોનાં માથાં પરના સફેદ ટોપની ટોચે સોનાનાં પીળાંપીળાં અણીદાર ટોપકાં...'

પછી દરબાર ભરાતો. કૉનોટ હૉલમાં જેમની મોટમોટી તસવીરો લટકે છે એમાંના ઘણા દરબાર બકરી જેવા બનીને તાબેદારી દેખાડતા. 'મારું બાળમાનસ એક વાતે બહુ હરખાતું કે અમુક ઠાકોર સાહેબ ઠરાવેલા સમયથી એક જ મિનિટ મોડા પડતાં તેની ચાર કે છ ઘોડાળી ગાડીને દરવાજે રોકી પાડેલી. એજન્સીનો સામાન્ય પોલીસ ચમરબંધી રાજવીઓ પર પણ આટલો કડપ દાખવી શકતો' એનું ગૌરવ આ શિશુ અનુભવતો.

આમ સતત છ વરસ રાજકોટમાં ગયાં. પછી દાઠા, પાળિયાદ, બગસરા-લાખાપાદર એમ અનેક સ્થળે ફરતાં ફરતાં પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યું. વઢવાણ જતાં સુધીમાં અંગ્રેજી બીજા ધોરણ લગીનો અભ્યાસ કર્યો. પાછી લાખાપાદર બદલી થઈ. એ બગસરા થાણાની સરહદ પરનું ગામડું હતું અને ત્યાં અંગ્રેજી અભ્યાસની સગવડ નહિ તેથી મિડલ-સ્કૂલ સુધીના અભ્યાસ માટે બગસરા જઈ રહેવું પડયું.

પોતે લાખાપાદર-બગસરાને યાદ કરે છે: 'અંગ્રેજી બીજા ધોરણથી જ જેણે એક અગિયાર વર્ષના બાળકને માવતરથી ઉતરડીને વીસ માઈલ ત્રેગળો અભ્યાસ માટે ફગવી દીધો હતો, પારકા ઘરના ટુકડા રોટલાનો અને પૂરું છાલિયું પણ નહિ એટલી છાશનો ઓશિયાળો કરી મૂકયો હતો, તે જ આ લાખાપાદર થાણું.' જ્યાં બદલી થતાં ભલભલા થથરી જતા એ. ત્રીસ માઈલ તો ત્યારે ત્યાંથી રેલવે વેગળી. જ્યાં શાક-પાંદડું જોવાય ન મળે; ને પાણી ય તે ગિરનાં ઝાડવાંનાં ઝેરી મૂળિયાંની વાસવાળું. નિશાળ-દવાખાનાં હતાં કહેવા પૂરતાં. 'વસ્તી કાઠિયાઈ—છોતાં બની ગએલી. વેપારી જ્યાં સાડા-બે!' સજા કરવી હોય તેને સરકાર ત્યાં મોકલતી—એ લાખાપાદર.

પરઘેર ઓશિયાળો થઈને રહેતો એ અગિયાર વર્ષનો કિશોર તો આવા લાખાપાદરને ય ઝંખ્યા કરતો. માંદગીના કે લાંબી-ટૂંકી રજાના દિવસો આવતાં જ એ ઘર ભણી પળતો-'પાણીના પ્રવાહ વચ્ચે આવતાં કદી કદી બેસી જનારા ટારડા ટટ્ટુ પર, અગર તો ઊઠતાં તેમ જ બેસતાં

અસવારના શિશુ શરીરને શીર્ષાસનની તાલીમ આપતા ઉસ્તાદ સરીખા અઢારવંકા ઊંટની પીઠ પર બેસીને.' ગામડાં એક પછી એક પસાર થતાં —'જામકું, શીલાણું, શેત્રુંજીની આભઊંચી ભેખડટોચે કોઈક ધક્કો મારે ને નીચે જઈ પડે એવું જણાતું એ ભથ્થ,...એ ઢસા, દહીડા, ગરમલી.' એ બધાં પસાર થઈ જાય તે પછી જ દેખાતું 'ઘટાદાર વૃક્ષોની લેલુંબ હરિયાળીના એક વિસ્તીર્ણ કુંડાળા'ની વચ્ચે થોડાં ચૂનાબંધ ખોરડાંવાળું લાખાપાદર. જરા નજીક પહોંચતાં તો શેલનો જળધૂધવાટ આવકાર આપતો. 'ઊંટ કે ઘોડું લગભગ ઊંધે માથે થઇને નીચે ઊતરે એવા એ નદી પાર કરવાના ઊટવઢ આરામાં તો પગ મહામહેનતે પેંગડામાં રહે. પણ 'કૈંક બળદોને તોડી નાખનારી તેમ કૈંક ઊંટિયાઓને લપસાવી ભાંગી નાખનારી એ શેલ ભયંકર છતાં રમ્ય ભાસે.'

સાતલ્લી, શેત્રુંજી, શેલ જેવી પહાડભેદતી નદીઓ, ડુંગરની એકાન્ત ધારો ને ખોપો, વૃક્ષઘટાઓ, કેડીઓ, કંદરા—આ ગિરપ્રકૃતિ જ બની એમના 'શૈશવનું નિસર્ગાશ્રય.' પર્વતની પુત્રી નદી જેમ 'પાર્વતી' કહેવાઈ એમ મેઘાણીએ ય પોતાને ઓળખાવ્યા 'પહાડનું બાળક' કહીને. રજામાં ઘેર આવે. પૂરી થતાં પાછા કોઈક ઘોડીની કે ઊંટની પીઠે સવાર થઈ, એ ભેંકાર-રમણીય શેલ પસાર કરી, એ રોટીહીણાં ગામડાં—માણાવાવ, પાદરગઢ, હાલરિયું, હરિયું,...પસાર કરવાનાં. વચ્ચે થાક લાગે તો નદીકાંઠે જરા પોરો ખાવાનો. 'ઊતરીને પાણી ખોબે ખોબે પીતો, પગ ઝબોળીને ટાઢો થતો'–ને 'પાછી શરૂ થઈ જતી પારકા ટૂંબા ખાઈને રોટલો પામતી ઓશિયાળી વિદ્યાર્થીઅવસ્થા.'

પણ આ વિદ્યાર્થીનો મોટો ગુરુ બની હતી નિસર્ગ—એની ત્યારે એને ખબર નહોતી. 'નદીની ભેખડ પરના અમારા નિવાસોની નાની બારીઓમાં થઈને હૂહૂ-હૂહૂ ભૂતનાદ કરતા પવનસુસવાટાએ મારી નીંદરું ઉડાવી દઈને પહાડોના સંદેશા સંભળાવ્યા છે. ફાગણી પૂનેમની હુતાશણીના ભડકા ફરતા ગોવાળીડા જુવાનો–અરે ઘરડાખખ ખેડૂ દુહાગીરો પણ સામસામા દુહા-સંગ્રામ માંડતા, તેનો હું બાલભોક્તા હતો. પહાડનો હું બાલજીવડો, પહાડનાં ટેટાંટીંબરું અને ગૂંદાં વગેરે ગળચટા મેવાની માફક જ પહાડની પેદાશરૂપ આ દુહાસોરઠાવાળી કવિતાનો પણ રસિયો હતો.' ત્યારે ય ગળું મીઠું, બુદ્ધિ તીવ્ર. એમના એ કાળના એક સહાધ્યાયી શ્રી ગુલાબચંદ વખારિયા શાખ પૂરે છે: 'ઈ. ૧૯૦૫ના અરસામાં મને એનો પ્રથમ પરિચય થયો. ત્યારે બગસરાની શાળામાં હું વડો નિશાળિયો. મારે નિશાળ શરૂ થાય એની પહેલાં અરધી કલાક જવાનું. બધું ઠીકઠાક કરવાનું. શાળા ખોલું પણ હું. તે વખતે ઝવેરચંદ ત્યાં ભણે. મારા કરતાં એ બેચાર વરસ નાનો. હેડમાસ્તર ન હોય ત્યારે હું વર્ગોમાં શીખવવા જતો ને લેસન આપતો. એમાં એ બહુ સારું કરતો. ને એના ગળાને કારણે એ વર્ગમાં જુદો તરી આવતો. એની પાસે હું 'નરદેવ ભીમકની સુતા દમયંતી નામે સુંદરી' એ કવિતા ગવડાવતો, ને દસમાંથી દસ માર્ક આપતો. એટલું સરસ એ ગાતો.

છૂટાંછવાયાં સગાં-સંબંધીઓમાં અમે રહેતા....એક વાર ઝવેરચંદ ત્રણચાર દિવસ સુધી લાગલાગટ નિશાળે ન આવ્યો. એ ત્યારે એના દૂરના કોક મામાને ત્યાં રહેતો. કોકે કહ્યું કે માંદો છે. મને થયું કે તો તો મારે એને જોવા જવું જ જોઇએ. અભિમાન ખાતર નહિ પણ એક હકીકત ખાતર કહેવું જોઇએ કે મારી ને એની વચ્ચે સમાજની દૃષ્ટિએ ભેદ હતો. હું કારભારીનો દીકરો મોટા ઘરનું ફરજંદ; ને એની સરખામણીમાં ઝવેરચંદ સામાન્ય ઘરનું. હું એને ઘેર ગયો. જાણ્યું કે ઓરી નીકળ્યાં છે. મામી બીચારાં મુંઝાએલાં; 'પારકી થાપણ. હવે હેમખેમ સાજો થઇ જાય તો સારું.' મેં કહ્યું: 'થઈ જશે. આ કંઈ મોટો રોગ નથી.' ઝવેરચંદને મળ્યો. એની ઇચ્છા જાણી. માતપિતા પાસે જવા એ તલખે. પણ ત્યાં લઈ કોણ જાય? મેં કહ્યું: 'હું'. કારભારીનો દીકરો એને મૂકવા આવે છે એ પહેલાં તો એણે ન માન્યું; પણ પછી તો માનવા-ન માનવાનો સવાલ જ નહોતો. અમે નીકળ્યા.

તે વખતે કાળિદાસભાઈ ઝીંઝુવાડા. ત્યાં કાગળથી ખબર મોકલેલા. વઢવાણ–વીરમગામ થઈને ખારાઘોડા અમે પહોંચ્યા. પસાયતો સામે આવેલો, પણ ઘોડું એક જ લાવેલો. ઝવેરે મારી સામે જોયું. મેં કહ્યું: 'બેસી જા'. કહે: 'તમો બેસો એ જ ઠીક કહેવાય. તમે હો ને મારાથી કેમ બેસાય?' મેં કહ્યું: 'તું માંદો છે. તું બેસે એ જ ઠીક છે. તું તારે માથાકૂટ કર્યા વિના બેસી જા.' ને સાહેબ ચડયા ઘોડે ને બંદા પેદલ! ત્રણેક ગાઉ પર ઓડ છે. ત્યાં વિસામો લેવા રોકાયા. ત્યાં રસોઈની સગવડ પણ થએલી. પણ ઓરીને કારણે ઝવેરચંદ તો ખાઈ શકે એમ હતું નહિ. મેં ખાધું. છેક રાત્રે ઝીંઝુવાડે પહોંચ્યા. કાળિદાસભાઈ ને ધોળીમા ખૂબ રાજી થયાં. આગ્રહ કરીને મને બેચાર દિ' રોક્યો. પણ એ દરમિયાન કોણ જાણે શું થયું કે ઝવેરચંદ મારી સાથે બોલે જ નહિ!

પછી તો હું એકલો ઘેર પાછો આવ્યો. ત્યારે એનો કાગળ આવ્યો. એમાં પોતે ન બોલ્યો એથી ખોટું લાગ્યું હોય તો એ બદલ માફી માગેલી. ત્યારથી અમારે ગાંઠ બંધાઈ. એ મને વડીલ મિત્ર ગણતો.'

બીજા એક સહાધ્યાયી શ્રી લાલચંદ વોરા પણ કિશોર ઝવેરચંદના ગુણોમાં 'શરમાળપણું', રિસાવાની ટેવ, સહનશીલતા, માર્દવતા, સ્નેહાળતા વગેરે ગણાવીને ઉમેરે છે: 'શાળામાં પણ એ તેજસ્વી હતા. પ્રથમ નંબર જ રાખે. ઓછું બોલે. પ્રાર્થના વગેરે એ જ ગવડાવે. એના કંઠનું માધુર્ય સૌને આકર્ષે.' પોતાના એ બાલ મિત્ર વિષે શ્રી ગિરધરભાઈ દેસાઈ પણ કહે છે: 'અહીં કમ્પોઝીટ સ્કૂલમાં ભણ્યા ત્યારે તેઓ ભારે હોશિયાર ગણાતા ને પ્રથમ નંબર રાખતા. નિયમિત શાળાએ જતા. એમનો સ્વભાવ પ્રથમથી જ તોફાની નહોતો. તોફાની પ્રસંગોમાં પણ તે શાન્ત અને શરમાળ રહેતા. તેમના આ જાતના સ્વભાવને કારણે અનેક મિત્રો તેમને છેતરી જતા.' 'કુટુમ્બમાં તે ઓછાબોલા હતા. ઘરમાં વધુ ભાગે તે અબોલ જ રહેતા. મોટે ભાગે મિત્રોમાં રહેવાનું પસંદ કરતા. હું, ગુલાબચંદ વખારિયા અને ઝવેરભાઈ એક ગાંઠથી જાણે બંધાએલા. અમે ત્રણે ય એકબીજાના ઘરે જઈ એઆવીએ, વહેલુંમોડું થાય તો જમી પણ સાથે જ લઈએ; જ્યાં જઈએ ત્યાં ભેગા ને ભેગા.'

બગસરામાં સ્થાનકવાસી જૈનોની એક પાઠશાળા ચાલે. દર અઠવાડિયે ત્યાં ધાર્મિક કાર્યક્રમ રખાય. ત્યાંના વિદ્યાર્થીઓમાં ઝવેરચંદ મોખરે. એના ગળાનું સૌને ભારે આકર્ષણ. ધાર્મિક સ્તવનો ભાવવાહી રીતે ગાય. મિત્રો એને ગવડાવવા તૂટી પડે. એ ગાય એની રાહ જોઈને સ્ત્રીઓ બેસે. એ ગાવાનો હોય ત્યારે સંખ્યા વધી જાય.

કોઈ ખાસ કાર્યક્રમ હોય તો પાઠશાળા તરફથી પહેરવા પોશાક મળે: વાદળી પાટલૂન, વાદળી કોટ ને માથે સફેદ સાફો. કોઈ સાધુ-સાધ્વીના આગમન કે વિદાય વેળા એ પહેરીને વિદ્યાર્થીઓ બહારગામ પણ જાય. આવો એક પ્રસંગ લાલચંદભાઇને યાદ છે: 'મુનિ માણેકચંદજી સ્વામી બગસરાથી જેતપુર વિહાર કરી રહ્યા હતા. વચ્ચે ચૂડા આવ્યું. પાઠશાળાના વિદ્યાર્થીઓ સંઘ સાથે ત્યાં ગયા. એ વેળા ત્યાં એક લાખોપતિ મારવાડી શેઠ ચિમનાજી વેલાજી દર્શનાર્થે આવ્યા. સંચાલકોએ એમનું સ્વાગત કર્યું અને બાર વર્ષના ઝવેરચંદને કાંઇક ગાવા વીનવ્યો. એણે એક શીઘ્રરચના ત્યાં ને ત્યાં લલકારી:

નૈધર વંશ સપૂત વેલાજી તણા છે,
ચિમનાજી નામે સુવિખ્યાત ગણાયે;
ધન્ય ધન્ય માતા તારી, જણ્યા કર્ણાવતારી,
જુગજુગ જીવો દાનવીર, એહ પ્રાર્થના મારી.

શેઠ પ્રસન્ન થયા. બગસરાની જૈનશાળાને રૂપિયા પચીસ ભેટ આપ્યા. પારિતોષિક મેળવનાર એમની એ પ્રથમ કૃતિમાં કાવ્યત્વ નથી જ; પણ

પદ્યરચનાની પ્રચ્છન્ન અભિલાષા, ગાનનૈપુણ્ય, સભાક્ષોભનો અભાવ, પોતે રચી જ શકશે એવો આત્મવિશ્વાસ, સહજ રીતે આવી ગએલી કેટલીક પ્રાથમિક લયસૂઝ, અન્ત્યાનુપ્રાસની ફાવટ—આ બધું તરત તારવી શકાય એમ છે. એ પ્રસંગના અનુસંધાનમાં (તા. ૧૮-૧૦-૫૮ ને રોજ વડીઆમાં) સમજુબહેને કહેલું: 'એ તો નાનપણથી લખતો. બચપણમાં કવિતાઓ, જોડકણાં કરતો. પણ તે વખતે કાંઈ આવી ખબર નહોતી કે આ બધું જાળવવું જોઇએ. અમે એક ગામથી બીજે ગામ બાપુની નોકરીને કારણે ફર્યે જ રાખ્યું છે. ઝવેરભાઈ બહુ ઓછું ઘેર રહ્યો છે.'

ઉપર્યુક્ત પ્રસંગ પછી તો વખતોવખત એને માથે આવાં પ્રશસ્તિગાનો કરવાનું આવતું. એમાં એને મદદ કરતા ગિરધરભાઈ દેસાઈ. એમણે 'વીરબાલ' ઉપનામ રાખેલું. એ રચના કરે, મેઘાણી એને સુધારે અને ગાય. 'કલાપી'નાં કાવ્યો એવી ભાવભરી રીતે ગાય કે સાંભળનાર રડી પડે. એમને ત્યારે આ પંક્તિઓ બહુ ગમતી:

તમારા રાજદ્વારોના ખૂની ભભકા નથી ગમતા,
મુસીબતની મુરવ્વત જ્યાં, ખુશામતના ખજાના ત્યાં.

મિત્રો ત્યારે એને વિલાપી કહેતા. પણ પછી તો મિડલ સ્કૂલમાંથી હાઈસ્કૂલમાં જવાનું થયું—અમરેલી. ત્યારે પોતે જ 'વિલાપી' ઉપનામ રાખ્યું.

લોકગીતોનો તો ત્યારે ય શોખ. ગિરધરભાઈ કહે છે: 'બગેશ્વરમાં જ્યારે વારતહેવારે બહેનો રાસગરબા લેતી હોય ત્યારે ઝવેરભાઈ ત્યાં અચૂક પહોંચી જાય અને એક બાજુ ઊભા રહીને સાંભળ્યા જ કરે. વળી એમનું ગળું મીઠું એટલે બહેનો એમની પાસે ગીતો ગવડાવે પણ ખરી. કેટલીક વખત શેરીમાં નાનીનાની બહેનોને ભેગી કરીને પોતે ગીતો ગવડાવે, ને નવું ગીત સાંભળતાં 'ઊભી રહો બેનો, હું જરા ટપકાવી લઉં.' કહીને એ ગમે તેવા કાગળના ટુકડા ઉપર ગીતો ટપકાવી લેતા. એ વખતે તેઓ મોટા વાળ કે ઓડિયાં રાખતા નહોતા, બાબરી હતી. વધુ ભાગે તેઓ છૂટી પાટલીનું ધોતિયું ને લાંબી ચાળનું ખમીસ પહેરતા. નાનપણથી તેઓ પહેરવા-ઓઢવાના શોખીન નહોતા.'

આ ગીતો-કાવ્યોના સેવનથી એમનું માંહ્યલું ઘડતર થતું જતું હતું. કોકને તો એ 'વધુ પડતા આદર્શવાદી' પણ લાગતા. પેલો દૂધપાકવાળો પ્રસંગ એમણે જરા જુદી રીતે 'સોરઠ, તારાં વહેતાં પાણી'માં મૂકયો છે.

'વળતા દિવસે સાંજે એક બનાવ બન્યો. ગામડેથી ભેંસના દૂધનાં બે બોઘરાં ભરીને પસાયતા ઘેર આવ્યા. જમાદારે કહ્યું: 'લઈ જાવ ઘરમાં.' ગરીબડા લાગતા પસાયતા બહાર આવ્યા ત્યારે જમાદારે પૂછયું: 'એલા, તમામ ઘેરેથી દૂધ ઊઘરાવ્યું છે કે?'

'હા સા'બ, બધેથી. એક ઘેરે તો ધાવણા છોકરાને પાવા જેટલું ય નથી રહેવા દીધું.' 'ઠીક, જાવ.'

પસાયતાઓના છેલ્લા શબ્દો પિનાકિનને કાને પડયા ને બહાર ઓટલા પર જઈ ઊભો. આભનાં ચાંદરણાં કોઈ મધપૂડા ઉપર ચોંટી ગએલ પતંગિયાં જેવાં પાંખો ફફડાવતાં હતાં.'

દૂધપાક રંધાયો, સૌ જમવા બેઠા. પણ ભાણો વાટકાને હાથ અડાડતો નથી!

'કેમ ભાણા?' 'મને ભૂખ નથી.'

'જૂઠું. બોલ, શું છે?' 'પછી કહીશ.'

'પછી શીદ? આંહી કોની શરમ છે? મારી તો સરકારી ટપાલો ય ઉઘાડેછોગ ફૂટે છે, તો તારે વળી ખાનગી શું છે, સરકારથી ય વધારે?'

'મારું મન નથી.' 'કાં?'

'પેલાએ કહ્યું'તું ને?' 'કોણે? ક્યારે? શું?'

'કાલ રાતે દૂધ લઇને આવેલા તે કહેતા'તા કે નાનાં છોકરાંને પાવા માટે પણ રાખ્યા વિના બધું દૂધ અહીં લઈ આવ્યા છે.' એટલું કહીને ભાણાનો ચહેરો ઉનાળાના મધ્યાહ્નની બાફમાં બફાઈ વરાળો કાઢતા



રાષ્ટ્રીય શાયર

ચીભડાની ફાડ જેવો ગરમ, લાલ ને પીળો બની ગયો.'

ઝવેરચંદ અમરેલીની હાઈસ્કૂલમાં ભણતા ને રજામાં બગસરા આવતા ત્યારે એક વાર, શ્રી વખારિયા કહે છે કે, આમ બનેલું: "બગસરામાં આલગ કરીને ભરવાડ રહે. બીચારાને ઝવેર પ્રત્યે બહુ ભાવ. ને એટલે એ આવેલો ત્યારે એને જમાડવાની ઇચ્છા. તે દિ' તો નાતજાતના ભેદોનું પાલન બહુ ચુસ્તપણે થતું. પોતાનાથી જમાડાય કઈ રીતે? એટલે એણે પોતાના ઘેરથી દૂધ મોકલ્યું. દૂધપાક થયો. ઝવેરચંદે જાણ્યું કે દૂધ આલગને ત્યાંથી આવ્યું છે. બસ, થઈ રહ્યું! એણે ન ખાધો. ગરમ થઈ ગયો. કહે: 'આ તો લાંચ કહેવાય. આપણાથી આમ લાંચ ન લેવાય' વગેરે. કોઈનું સાંભળ્યું નહિ. દૂધપાક બધો બગડયો. કોઈએ ખાધો નહિ. જો કે પાછળથી મેં એને ઠપકો આપેલો: 'આમ તારે નહોતું કરવું જોઈતું. તારે, જો તને એમ લાગ્યું કે એ દૂધ લાંચમાં આવ્યું છે તો એ દૂધના પૈસા આલગને અપાવવા'તા. પણ આ તો તેં ઠીક ન જ કર્યું.'

પણ એ શેનો માને? કહે: 'નાનાં બચ્ચાંને પીવા ય અમલદારો દૂધ નથી રહેવા દેતા'...જો કે પછી એને ખાતરી થઈ કે અહીં એમ નહોતું થયું."

લાંચ, ખુશામત ને અમલદારી તોર—એ બધા ભિન્નભિન્ન ભાવો સર્જકના ચિત્તમાં એકરસ થઇને મૂળના પ્રસંગને કેવું રૂપ આપતા હોય છે!

'ધરતીને પટે ડગલે પગલે મૂઠી ધાન વિનાં નાનાં બાળ મરે.'

એમની પ્રત્યે નિરંતર અનુકમ્પા, થાય તે કરી છૂટવાની તત્પરતા ઝવેરચંદમાં નાનપણથી. એ વૃત્તિ ક્યારેક મુશ્કેલીમાં પણ મૂકે. હરિશંકર છગનલાલ જોશીને એ પ્રસંગ બરાબર યાદ છે: 'તે વખતે પંદર-સોળેક વરસની ઉંમર હશે અમારી. અમરેલી ભણીએ. વૅકેશન પડયું. ત્યાંથી બગસરે જવા નીકળ્યા. અમરેલીથી બગસરા બારેક માઈલ છેટું. પણ ધોમ તડકો હતો. એટલે ગાવડકાની સડકે પાણીઆર તરફ વાવ છે ત્યાં થાકયાપાકયા બપોરના બારેક વાગ્યે પહોંચ્યા. પોરો ખાધો. તડકો ઓછો થાય એટલે ઊઠવાનું વિચારીને બેઠા. ચૈત્રનો તાપ એટલે વાત પૂછો મા!

એમાં કોક બ્રાહ્મણ, માગણી માગવા નીકળેલો ઘોડા પર. આગળ માગી લાવેલ દાણાની પોટલી ને પોતે એ ઝાલીને બેઠેલો. એમાં, કોણ જાણે તાપ લાગ્યો કે શું થયું, પણ વાવ આગળ આવતાં આવતાં નેળમાં

જ ટટકાણો. ત્યારે ધબાકો તો અમે ય સાંભળેલો. પણ માનેલું કે હશે, કોક બપોરા ગાળવા ઊતર્યો હશે.

અમે તો ચાર વાગ્યે ઊઠયા. ત્યાં દૂર કોકને પડેલો જોયો: ઘોડું તો આઘે જઇને, મોકળું થઇને ચરતું'તું, ને આ પડેલો. દોડીને પાસે ગયા. જોયું.

મેં કહ્યું: 'કોક બીચારો બેભાન થઈને પડયો છે. કાંક થયું છે.' લક્ષ્મીચંદ કહે: 'શું કરશું?' ઝવેરચંદ કહે: 'ઉપાડો, હાલો, પાણીઆ. ત્યાં કાંઈક સારવાર મળી રહેશે.'

અમે તો ઉપાડયો–ચાર જણાએ થઇને. હું, ઝવેરચંદ, લક્ષ્મીચંદ ને ચોથો કોક હતો. એ તાપમાં આને ઉપાડીને અમે તો પહોંચ્યા પાણીઆ.

પાણીઆ એ થાણાદેવડી સ્ટેટનું ગામ. ત્યાં ચૉરામાં જઇને આને સુવાડયો. પોલીસ-પટેલને બોલાવ્યા. આવ્યા. જોયું, ને લાલ આંખ કરી તાડૂકયા: 'અલ્યા, આ પારકી સરહદની લાશ તમે આ રાજમાં કાં ઢસડી લાવ્યા? મૂરખાવ!' ત્યારે જ અમને ખબર પડી કે એ લાશ હતી. અમને ત્યાં બેસાડી રાખ્યા. ફોજદારને ખબર કરી. ખવડાવ્યું. ફોજદાર આવ્યા. એણે ય ધમકાવ્યા. ત્યાં—જે જગ્યાએથી ઊંચકી લાવેલા ત્યાં પાછા લઈ ગયા. એમને ખાતરી થઈ કે આ અકસ્માત જ છે; આ તો બગસરાનો બ્રાહ્મણ ને તાપને લીધે મરી ગયો, ત્યારે જ અમને જવા દીધા.'

અમરેલીથી ઘેર બગસરા જવાની ઉતાવળ એવી હોય કે કોઈ વાર રાત્રે ય નીકળી પડે. એવી જ એક રાતે નીકળ્યા. દિવાળીનું વૅકેશન પડેલું.

હરિશંકરભાઈ કહે છે: 'ઝવેરચંદ, હું ને બીજા બેત્રણ જણ હઈશું. રાત્રે આઠેક વાગ્યા પછી નીકળ્યા. સાથે નાસ્તો લીધેલો. નાસ્તામાં પેંડા, ગાંઠિયા ને ડુંગળી લીધેલાં. સડકે હાલ્યા. અજવાળી રાત હતી. ટાઢો પોર. પાણીઆની વાવે રાતે બારેક વાગ્યે પહોંચ્યા. વાવમાં બાવોજી રે'તો.

અમે આવ્યા, બેઠા ને સંચાર થયો કે બાવોજી સફાળા જાગ્યા: 'કોણ છે અલ્યા?' એમણે અંદરથી જ બૂમ પાડી. અમે કહ્યું: 'છોકરા.' એટલે બાવોજી બા'ર આવ્યા. અંદર રંધાતું'તું. એ લોકોએ હજી ખાધું હોય એમ લાગતું નહોતું. વાસ પરથી લાગ્યું કે ચૂરમાના લાડુ થાય છે.

અમે તો બહાર બેઠા. થોડી વાર થઈ ત્યાં એક જણ બહાર આવ્યો. અમને નિશાળિયાને, છોકરડાને જોયા.

હું એને ઓળખી ગયો. પહેલાં એ મિલિટરીમાં હતો. જીવાભાઈ કરીને એના એક ઓળખીતા અમારી પડોશમાં જ રહે ત્યાં એ આવે-જાય. હું એને ઓળખી ગયો તેમ એ મને પણ ઓળખી ગયો. બધાના સમાચાર પૂછયા. પૂછયું: 'ખાવાનું કંઈ છે કે?'

મેં કહ્યું: 'હા, લાવ્યા છીં સાથે.' 'શું?' તો કીધું: 'આ ડુંગળી, ગાંઠિયા, પેંડા' એણે ડુંગળી લઈ લીધી ને અંદરથી લાડવા લાવી અમને ખવડાવ્યા.

આ બહારવટિયા રામવાળાનો મેઘાણીને થએલો પહેલો પરિચય.'

બહારગામથી અમરેલીમાં અભ્યાસ માટે આવેલા વિદ્યાર્થીઓએ મળીને એક ડેલો ભાડે રાખી પોતાનું એક છાત્રાલય અમરેલીમાં શરૂ કરેલું. એ શરૂ કરાવવામાં ઝવેરચંદ આગેવાન. એનું નામ રાખેલું 'બગસરા લૉજ'. માસિક છ રૂપિયામાં ત્યાં સાદાઇથી રહેવાતું. ત્યાં બગસરાની આ બાળમિત્ર ત્રિપુટી (ઝવેરચંદ, ગિરધરલાલ દેસાઈ ને ગુલાબચંદ વખારિયા) એ ૧૯૧૧માં 'બાળમિત્રમંડળ'ની સ્થાપના કરી. ગિરધરભાઈ કહે છે: 'એ સ્થાપના ઝવેરભાઈના ગળાને આભારી.' ઝવેરભાઈ માત્ર ગાતા જ નહિ, નાટકો ભજવવામાં પણ હોશિયાર. એમના દિગ્દર્શકપણા નીચે દર વર્ષે એક નાટક બગસરામાં ભજવાય. નાટકની, જગ્યાની, પાત્રની, કપડાંની, અન્ય સાધન-સરંજામની—બધાંની પસંદગી એમની.

એ નાટકો બહુ વખણાતાં. પ્રતિષ્ઠિત ગામલોકો, મહાજનના શેઠિયાઓ ને ગરાસિયા—જમીનદારો પણ એ નાટકો જોવા આવતા. ત્યાંની સમસ્ત પ્રજા એમાં રસ લે. કયારેક અમરેલીની શાળાના 'સોશ્યલ ગૅધરિંગ'માં ભજવેલા નાટકનું પુનરાવર્તન પણ થતું. કયારેક નવું જ નાટક ભજવાતું. પરદો ઊપડે અને લોખંડી તારના દોરડાની મદદથી આકાશમાંથી 'ફૂલની પાંખડી લ્યો પ્રાણ' એ લલિતજીનું ગીત લલકારતા, હાથમાંનાં ફૂલ વેરતા ઝવેરચંદભાઈ ઊતરે. જુલિયસ સીઝર, રાણો પ્રતાપ, હૅમ્લેટ, સિકંદર અને ડાકુ–એમાંથી ચૂંટેલું રજૂ થાય. એમાં આંતરે આંતરે કલાપી, ન્હાનાલાલ, લલિતજીનાં ગીતો પણ ગૂંથાતાં આવે. નાટક ઉપરાંત ગીતો, રાસ વગેરે પણ રજૂ થાય. 'ક્રિટસન લાઈટ અને ઉજાગરા, નાસ્તા અને ચા-પાણી, રિસામણાં અને મનામણાં–ઉપરાંત જાતજાતના પોશાક, હથિયારો પરદા વગેરે મેળવવા માટે ઘેરઘેર ભટકવાનું. પણ ઉત્સાહનો પાર નહિ. એમાં ય ઝવેરચંદભાઈનો નંબર પહેલો.'

એક વાર કવિ નાનાલાલનું 'ભૂત, વર્તમાન અને ભવિષ્ય'વાળું દશ્ય રજૂ થયું. ભવિષ્યે તો અણધાર્યું આવી પડવાનું હોય ને? એ રીતે લોખંડી દોરડાની મદદથી આવી પડવાનું યોજ્યું હતું. પણ એ તો જાણે આકાશમાંથી પડયા! ધબાકો થયો! પ્રેક્ષકો હેરત પામ્યા. એમનો એ પાઠ વખણાયો. પાછળથી મિત્રોએ જાણ્યું કે એ તો દોરડું તૂટી ગયું હતું ને ભાઈસાહેબ ટટકાયા હતા! વાગેલું પણ ખરું; છતાં એ વખતે તો એમણે એની ખબર જ પડવા ન દીધી.

આ 'બાળમિત્રમંડળ' માત્ર નાટકો જ ન કરતું; યથાશક્તિ શહેરની સેવા પણ કરતું. એમાં ય મેઘાણીનો ફાળો સવિશેષ. એક વાર સુધરાઈનાં ફાનસો વિષે લોકોએ થાણદાર શ્રી લીલાધર મહેતાને ફરિયાદ કરી: 'આવડું મોટું ગામ ને આટલાં ઓછાં–ને તે ય રેઢિયાળ ફાનસો, એ કેમ ચાલે?' એ કહે: 'એમ અધ્ધર વાત ન કરો. વિગતો લાવો, હકીકતો આપો, તો કાંઈક વિચારું.' લોકોએ 'બાળમિત્રમંડળ'ને વાત કરી. ગિરધરભાઈ દેસાઈને લઈને મેઘાણી તરત નીકળી પડયા. આખું ગામ ફરી, એકેએક ફાનસની નોંધ કરી. બધું કામ પતાવીને રાત્રે બાર વાગ્યે મહેતા સાહેબની ડેલી ખખડાવી. અહેવાલ જોઈ ને એ તો દંગ થઈ ગયા!


એ જ રીતે એક વાર હનુમાનની દેરીઓ ને તેના પરની ધજાઓ ગણી કાઢેલી! ગામડાની નાનીમોટી બાબતોમાં એમને જીવંત રસ.

સદ્‌ભાગ્યે મિત્ર ગિરધરભાઈને ઘેર સમૃદ્ધ પુસ્તકાલય. ત્યાં ઝવેરભાઈ પડયાપાથર્યા રહે. 'કલાપીનો કેકારવ' ને નાનાલાલની કૃતિઓનો ત્યાં પરિચય થયો. ગિરધરભાઈને વાચન અને લોકસેવા બન્નેમાં રસ. ઠક્કર બાપાએ એમને 'બગસરાના જૉન હૅમ્પ્ડન'ના ઇલકાબથી નવાજ્યા હતા.

આવા મિત્રો ને નિસર્ગપ્રેમે ઘરની અનેકવિધ સંકડામણોને સાલવા ન દીધી. એ નિર્ઝરનો માર્ગ મોકળો બન્યો. ઈ. ૧૯૧૨માં પંદર વર્ષની વયે અમરેલીની હાઈસ્કૂલમાંથી એ મૅટ્રિકમાં બીજે નંબરે પાસ થયા. બગસરાનો એ પહેલો મૅટ્રિક્યુલેટ જુવાન હતો, અને દરબાર વાજસૂરવાળા ત્યારે ય એને આડકતરી રીતે ઓળખે; એમના એક કુટુમ્બી રાવત વાંક પણ મેઘાણી સાથે અમરેલી હાઈસ્કૂલમાં ભણતા તેથી. એ ઓળખાણે ઝવેરભાઈ પણ દરબાર સાહેબને ત્યાં અનેક વાર ગએલા. કાળિદાસભાઈના પણ એ પ્રશંસક. દરબારશ્રી લખે છે: 'આછુંઆછું યાદ આવે છે કે એભલ કઠિયારો વાંસાવડથી આ બાજુ આવેલ ત્યારે એજન્સીએ કાળિદાસભાઈની બગસરામાં બદલી કરેલી. એભલ કઠિયારો ભારે માથાભારે લોંઠકો આદમી અને એક નંબરનો ધાડપાડુ. તે શેં ય પકડાય નહિ. એવે વખતે કાળિદાસભાઈને અમે સહાય કરેલી...ઝવેરભાઈ મૅટ્રિક પાસ થયા ત્યારે બગસરાના દરબારગઢની મેડી ઉપર અમે સૌએ એમને માનપત્ર આપેલું. એ મેળાવડો 'બાળમિત્રમંડળ' તરફથી ગોઠવવામાં આવેલો. એનો એમણે સંસ્કૃત શ્લોક ટાંકીને ફક્કડ જવાબ આપેલો.'

મૅટ્રિક તો થયા. હવે? 'જ્ઞાનગુમાનનું પોટલું' પરીક્ષાના ચોકાળમાં બાંધી બાંધીને ઉપાડયે રાખવાની હવે જરાય ઇચ્છા નહોતી. મિત્ર ગુલાબચંદભાઈને એમણે લખી નાખ્યું: 'After having been rescued from the cruel clutches of the examination. I have come here yesterday, I may, however, let you know and rejoice that I stand 2nd in the examination. God be thanked, I have no more ambition to appear at the University.'

(ચાલુ)



આકાશદર્શન-૮: ઑગસ્ટ-સપ્ટેમ્બર

એક ગ્રીક કથા છે કે સૂર્યપુત્ર ટેઈટનના બાલમિત્ર સિગ્નસે એક વાર લાગ સાધી સૂર્યનો રથ હાંકવાની અનધિકૃત ચેષ્ટા કરી. પણ ઘોડા પર કાબૂ ન રહેતાં એ પૂરપાટ દોડતા રથમાં ફંગોળાવા લાગ્યો અને અંતે એરીડેનસ નદીમાં પડી જતાં ડૂબી મર્યો. આ પછી નવું શરીર ધારવા એ નદી પર ભટકતા તેના આત્માને દેવોએ હંસનું રૂપ આપ્યું અને ત્યારથી તે નદી પાસે જ રહે છે. આકાશગંગા પર ઊડતા હંસ આકારના એક તારામંડળને આના પરથી 'સિગ્નસ' (Cygnus = હંસ તારામંડળ)નું નામ મળ્યું છે. આ હંસની પૂછડીને સ્થાને ચળકતો તારો તે 'હંસપુચ્છ' (Deneb.) સ્વ. પ્રતાપરાય મહેતાએ જેને ગાંધીજીનું નામ આપવાનું સૂચન કરેલું તે આ જ તારો. સૂર્ય કરતાં ૬૦,૦૦૦ ગણો એ વિરાટ તારો ૧૫૦૦ પ્રકાશવર્ષ દૂર છે.

હંસ તારામંડળની ઉપર ધ્રુવની પાસે ને 'કાલિય'ની બાજુમાં વૃષપર્વા (Cephens) નામનું નાનું તારામંડળ છે. તેમાંનો કાલિયના વળાંક પાસેનો ચળકતો તારો ૫૦૦૦ વર્ષ પૂર્વે ધ્રુવતારો હતો. આગામી ૨૫૦૦ વર્ષ પછી તેનો બીજો એક તારો આપણો ધ્રુવતારક બનશે.


વૃષપર્વાની બાજુમાં એની પુત્રી 'શર્મિષ્ઠા' (Cassiopeia)ના નામનું એક તારામંડળ છે. અંગ્રેજી મૂળાક્ષર M કે W જેવો એનો આકાર દેખાશે. ઈ. ૧૫૭૨માં નકશામાં બતાવેલા સ્થાને ત્યાં એક તારાનો પ્રચંડ વિસ્ફોટ જોવા મળેલો. ધીરે ધીરે અત્યંત તેજસ્વી બની બેએક વર્ષમાં તેનું દર્શન લુપ્ત બની ગયું હતું. આ માસમાં બીજા પણ કેટલાંક નાનાં તારામંડળોનો ઉદય જોવા મળશે. એની વાત આવતે મહિને.

બ્રાહ્મીમાંથી વિકસેલી નાગરી અને તેમાંથી ગુજરાતી



બ્રાહ્મીમાંથી વિકસેલી નાગરી અને તેમાંથી ગુજરાતી





ચિત્ર–૧ : ચાલુક્યોના પુરાતન શાખાનગર ઍહોળેના જૈનમંદિરનું મહાવિતાન, સુદીર્ઘ ચંદરવા સમી, આછા ચિત્રાભાસી કંડારથી મુખરિત આ વિશાળ છતમાં ચાર ખૂણે ચાર અને વચ્ચે એક પૂર્ણ વિકસિત કમલ ઉપસાવેલાં છે.

પ્રાચીન ભારતીય વાસ્તુભૂષણમાં સૌથી વિશેષ પ્રચારમાન અને કલાપૂર્ણ શોભાંકન પદ્મના કુન્તલદેશના આવિષ્કારની જેમાં પૂર્ણ અભિવ્યક્તિ થએલી છે તે

કૌન્તલીય પદ્મશિલાઓ


મધુસૂદન ઢાંકી


પ્રાચીન ભારતીય વાસ્તુકલાના શોભન-અભિપ્રાયોમાં સૌથી મોખરે રહેલા સુશોભન 'પદ્મ'નાં (પ્રદેશ, કાળ અને સંપ્રદાય અનુસાર ઉદ્ભવેલી) નોખીનોખી શૈલીઓમાં અનેક તેમજ વૈવિધ્યપૂર્ણ સ્વરૂપો પ્રગટ્યાં છે. કલિંગ અને કુન્તલ દેશનાં ઈતર શોભાંકનો સાથે ત્યાં પાંગરેલા કમલનાં વિધવિધ રૂપો વિષે અગાઉ અન્યત્ર કહી ગયો છું.[૧] અહીં કુન્તલદેશનાં દેવભવનોનાં વિતાનોમાં (છતોમાં) પદ્મશિલા રૂપે કંડારિત કમલાંકનોની ચર્ચા કરવા વિચાર્યું છે.

કમલનો વિતાનોમાં થતો પ્રયોગ મૂળે ચિત્રકારીમાંથી અવતરેલો છે. તેના સમર્થનમાં, શિવનેરીના ડુંગર જેવાં સ્થાનોનાં શુંગકાલીન બૌદ્ધ શૈલ-ચૈત્યોનાં અલિન્દોમાં ઉપરીભાગે ચીતરેલાં કમલાંકનોને પ્રમાણ રૂપે રજૂ કરી શકાય[૨]. પણ કમલના, ગર્ભગૃહની છત તેમજ મંડપનાં વિતાનોમાં મધ્યવર્તી અલંકાર તરીકે—પદ્મશિલા રૂપે[૩]—થએલા પ્રયોગ પાછળ કયો સંકેત છુપાયો હશે તે વિષે સંશોધન થયું નથી. કદાચ તે 'પદ્મછત્ર'ના પ્રતીક રૂપે મુકાતું હોય એમ બને. પદ્મ મહામંગલમય મનાતું હોઈ, અને અષ્ટ મંગલ ચિહ્નોમાં તેનું સ્થાન હોઈ,[૪] ગર્ભાગાર અને મંડપનાં છાતિયાં ઢાંકયા બાદ ત્યાં તળિયાના ભાગે છત્રાંકન તેમજ માંગલિક શોભન તરીકે તેનો ઉપયોગ કરવો સ-યુક્ત, અને પછીથી પ્રણાલિકા પડી જતાં આવશ્યક, મનાયો હશે.

ખીલેલા વિશાળ કમળનું પદ્મશિલા પરનું શિલ્પાંકન આપણને સંરચનાન્વિત; ઘટિત-પાષાણી દેવાલયોમાં સૌ પ્રથમ ઈ. સ. ૪૨૫ આસપાસ નિર્માએલા, રાજસ્થાનમાં આવેલા, મુકુંદ-દર્રાના ગુપ્તકાલીન મંદિરની છતમાં મળે છે.[૫] તે પછી થોડાં વર્ષો બાદ બનેલી એક અન્ય ગુપ્તયુગીન ઈમારત–મધ્યપ્રદેશના તિગોવા ગામના વિષ્ણુભવનમાં–જોવાય છે.[૬] ગુપ્ત કાળ છોડચા બાદ ફરીને વૈતાનિક પદ્મ, તેના ત્યાર બાદના થએલા વિશેષ વિકસિત રૂપમાં, રાજસ્થાનના મેવાડ પ્રદેશમાં, મોરી વંશનાં દેવાલયોમાં,[૭] અને તે પછી પ્રતિહાર સમયનાં આઠમીથી લઈ દસમી સદી સુધીનાં મંદિરોના મુખમંડપો—કે 'મુખાલિન્દ' વા 'મુખચતુષ્કી—નાં વિતાનોમાં ઠીક પ્રમાણમાં મળે છે.[૮]

ઓતરાદા ભારતમાં શિલ્પક્ષેત્રે, અને ઉપલા દખ્ખણમાં અજંતાના શૈલવિહારોના વાકાટક-કાલીન ચિત્રોમાં (અ. ઈ. સ. ૪૭૦–૫૦૦) જોવાતાં પદ્મશિલાનાં પદ્માંકનોની સાથે નીચલા દખ્ખણ (કિંવા ઉપલા દ્રાવિડદેશ)ના કુન્તલ (અપર નામ કર્ણાટ)દેશમાં પણ, તેના પૃથકપૃથક રાજવંશોના શાસનકાળ અને પ્રદેશોમાં, દેવભવનોના ઉપલક્ષમાં નિર્માએલાં કમલનાં અભિનવ રૂપો ઠેકઠેકાણે, અને વિતાનો ઉપરાંત ભારપટ્ટોનાં તળિયે પણ, કોતરવામાં આવ્યાનાં કેટલાંક દૃષ્ટાંતો મળી આવ્યાં છે. અહીં તેમાંથી થોડાં ચૂંટી કાઢેલા નમૂનાઓનાં સ્વરૂપાંકનની કેટલીક આગવી લાક્ષણિકતાઓ તેમજ રસાત્મકતા વિષે વિચારીશું.





ડાબી બાજુ ચિત્ર-૨ : આ લેખના મથાળે દર્શાવેલી છતમાંનું વચલું કમળ; અને જમણી બાજુ ચિત્ર-૩ : ઇલોરામાં રાષ્ટ્રકૂટ કાળના ૩૩ નંબરના જૈન ગુફામંદિરમાં નીચેના માળે મંડપની શાખાની છતનું પદ્મ.


કુન્તલદેશમાં પદ્મશિલારૂપી કમલાંકનનો કદાચ સૌથી પુરાણો નમૂનો આપણને વાતાપિપતિ ચાળુક્યોના પુરાતન શાખાનગર 'ઐહોળે' (અહિવલ્લિ, આર્યપુર)ના છઠ્ઠા સૈકાના ઉત્તરાર્ધમાં ખોદાએલા, જૈન લયનમંદિરના મંડપના મહાવિતાનમાં મળે છે. સુદીર્ઘ, ચંદરવા સમી, અને આછા ચિત્રાભાસી કંડારથી મુખરિત આ વિશાળ છતમાં, ચાર ખૂણે ચાર અને વચ્ચે એક એમ મોટાં પૂર્ણ વિકસિત કમલ ઉપસાવેલાં છે (ચિત્ર-૧).[૯] આમાંના વચેટ કમળથી (ચિત્ર-૨) કર્ણાટી શિલ્પમાં નીપજેલા આદિમ કમલના સ્વરૂપલક્ષણનો ખયાલ આવી શકશે. ભારતમાં અન્યત્ર થયું છે તેમ અહીં પણ નિસર્ગની હૂબહૂ નકલ કરવાને બદલે કમલની પાંખડીઓના મૂલગત રેખારસને ઉઠાવી, તેના આધારે પદ્મનું પુનર્ઘટન કરી, તેના રૂપનું પરિષ્કૃત કરેલું કલ્પન જોવા મળે છે. બારબાર પાંખડીઓનાં, એક અંદર એક એમ ખૂલી રહેતાં ત્રણ મુખ્ય વર્તુળો, પછી અંદર વળતું અને નાભિમાં રહેલા નારીકેસર અને પુંકેસરના પુંજને સંરક્ષતું તથા સંગોપતું આખરી ચોવીસ પત્તીનું ચક્ર, ને એ સૌની સહોપસ્થિતિ અને સંયોજનથી સર્જાતો પ્રભાવકતાનો અંદાજ તો એ સંપૂર્ણ વિતાનને જોઈ શકીએ તો જ આવી શકે. સકળ સંદર્ભના ઉપલક્ષ ઉપરાંત વૈયક્તિક રીતે પણ કમલનું આ ઉદાહરણ પદ્મશોભનનો કલાપૂર્ણ આવિષ્કાર છે.


ઐહોળે ઉપરાંત બાદામી (પ્રાચીન વાતાપિ)માં ચાલુક્યરાજ કીર્તિવર્ધનના કાળના શૈલવિષ્ણુગૃહ (ઈ. ૫૭૮)ના મહામંડપમાં સાદા રાખેલા વિશાળ વિતાન-પટ્ટમાં અંતરે અંતરે મોટા કમળો કાઢેલાં છે, પણ તે ઐહોળે જેટલાં ઉત્કૃષ્ટ ન હોઈ, અહીં તેનો ઉલ્લેખ જ પર્યાપ્ત થશે.

દખ્ખણમાં ઉપર ચર્ચેલા ચાલુક્યકાલીન દષ્ટાંત પછી હવે જોઈએ રાષ્ટ્રકૂટ-શાસન દરમિયાન સર્જાએલાં કમલ-રૂપો. રાષ્ટ્રકૂટ કલા અને સ્થાપત્યનાં, સામ્પ્રતકાળે સાબૂત રહેલાં કેન્દ્રોમાં સૌથી મોટું અને મહત્ત્વપૂર્ણ છે ઇલોરા : પુરાણું એલાપુર. ત્યાંના, પ્રાચીનકાળે 'ચારણાદ્રિ'ના નામથી ઓળખાતા, ટેકરીઓના સમૂહમાં જૈન સમ્રાટ અમોઘવર્ષના શાસનકાળે, નવમા શતકના આરંભે કોરાએલ જૈન ગુફા-મંદિરોમાંનાં બે દષ્ટાંતો અહીં જોઈશું. એમાંનું એક (ચિત્ર-૩) તો છે ગુહા ક્રમાંક ૩૩માં નીચેના માળના મંદિરના મંડપની શાલા પરની પદ્મશિલામાં; અને બીજું છે એ સ્થળે મુખમંડપના વિતાનમાં (ચિત્ર-૪). આ બંનેમાં કમલના રૂપનો ઉપાડ ઐહોળેના ઉદાહરણ કરતાં જુદી રીતે થએલો છે.

અહીંની રચના અષ્ટદલ-સિદ્ધાંત પર મંડાએલી છે. પાંખડીઓના ઘાટ પણ નોખી તરહના છે. ઐહોળેવાળા કમલની પત્તીઓના વળાંકા નિસર્ગની કંઈક નજીક રહે છે, જ્યારે ઇલોરાવાળા દાખલા, માનવ-કલા દષ્ટિના ઘેરા સ્પર્શ અને એથી સમુદ્ભવેલાં રૂપાંતરનાં દ્યોતક છે. ઇલોરાના દષ્ટાંતની પાંખડીઓ પૃથુ, આકારે અનોખી—વિશેષ ગેય—ને નાગફણા જેમ લસરકો લેતી દેખાય છે. તે અધિક સઘન પણ લાગે છે. અંદરનાં બે વાટકડી શાં અષ્ટદળ વર્તુળોની ખિલાવટ વધુ સ્પષ્ટ ને બહિર્ગામી, અવકાશને આવરતી લાગે છે. કમલના વચ્ચેના ભાગમાં ડોડાનો ઉદ્ભવ થઈ ગયાનું સૂચન જણાય છે. ઐહોળેના દષ્ટાંત કરતાં અહીં ત્રીજા પરિમાણનો દેખાડ વધુ સ્પષ્ટ છે, જે આ કમળોનાં આગવાં વ્યક્તિત્વને સ્ફુરાયમાન કરવામાં સહાયક નીવડે છે. દલચક્રોનું ગુમ્ફન ને પાંખડીઓનો અતિ સુરેખ, અ-પ્રાકૃતિક આકાર, તથા સાથે જ તેની અખિલાઈમાં વિલસતા અદ્ભુત ચેતસ્‌ને કારણે ભારતભરનાં નલિનીરૂપોમાં થએલા અભિરામ આવિર્ભાવોમાં તે આગલી હરોળનું સ્થાન સહેજે લઈ જાય છે.

આકારની શુચિતાનું એટલું જ ઉદાત્ત, પણ અન્યથા ઉપર ચર્ચેલાં બંને સ્થળોનાં કમલોથી નોખું પડી જતું ઉદાહરણ કર્ણાટના કુપ્પુતૂરગ્રામમાં, ઈ. સ. ૧૦૭૭માં કદમ્બરાજ્ઞીએ નિર્માવેલા બ્રહ્મજિનાલયના આજે નીચે પડી ગએલા ભારપટ્ટને તળિયે કોતરેલું છે : (ચિત્ર ૫). અહીં આઠને બદલે સોળ પાંખડીઓનો સમૂહ પહેલાં બે દળવર્તુળને રચી રહે છે. બહારના ચક્રની પાંખડીઓ કંઈક પોયણીની પત્તીઓ જેવી લાંબેરી કરી છે. પાંખડીઓનું બહુસંખ્યત્વ પણ કમલ કરતાં કમલિની—પોયણાનો ભાસ કરાવે છે. બાહ્ય વર્તુળ પાછળ ડોકાતું, પ્રથમ વર્તુળના પ્રતિઘોષ જેવું, પાંખડી, પ્રસારનું બીજું વર્તુળ આદિ વર્તુળને ઉઠાવ આપવામાં, અને તેની લક્ષણાને પ્રગટ કરવામાં ભારે મદદકર્તા નીવડ્યું છે. અંદરના—દ્વિતીય વર્તુળની પાંખડીઓ ટૂંકી અને પહોળી છે. તેના ઉભારને પણ તેની પાછળ રહેલું અર્ધપ્રચ્છન્ન, બિમ્બરૂપ વર્તુળ, સમર્પક પશ્ચાદ્ભૂ રૂપે રહી સમર્થન અર્પી રહે છે. છેક અંદરનું અને ભરાવદાર ભાસતું વર્તુળ હજુ બંધ રહેલી અને મધ્યબિંદુએ રહેલા બીજકોશને જકડતી પાંખડીઓથી રચાએલું છે. પૂર્ણ ભાસ્કર્યમાં ઉઠાવેલા કમલનો આ છેવટનો આંતરભાગ તેના કુલ આયોજનને સંતુલિત કરવા ઉપરાંત એક અલગ, સ્વતંત્ર વસ્તુ તરીકે પણ આકારક્ષમ, ભર્યોભર્યો અને સ્વયંપૂર્ણ ભાસે છે. ટાંગકાલીન ચીન અને નારાયુગીન જાપાનની બુદ્ધ પ્રતિમાઓના પદ્માસનમાં દેખાતી, એકબીજામાં પરોવાતી કમલપાંખડીઓનાં ચક્રોની ગોઠવણી જેવું સંગુમ્ફન આ અંતિમ નાભેય વર્તુળમાં ભાસે છે. સમગ્ર કમલનું પોતે ચીનાંશુક જેવું મુલાયમ લાગે છે; તેના કલ્પનમાં ભારેપણું ક્યાં યે વરતાતું નથી. નીલકમલ અને સુરજમુખીના ફૂલની વચગાળે ક્યાંક આવતું હોય, કે તે બંનેથી નીપજેલા સાંકર સરખું, બંનેના ઉત્તમ ગુણોને ઉતારતું—સમાવી લેતું આ પદ્મ, પ્રમાણમાં પાછળના કાળનું ઉદાહરણ હોવા છતાં યે કમલલક્ષણાનો વૈશિષ્ટ્યપૂર્ણ અને શોભનીય નમૂનો છે.






ઉપર: ચિત્ર નં. ૪–ઇલોરાવાળા એ જ મંદિરના ખમુમંડપના વિતાનનું કમળ; જમણી બાજુ ચિત્ર–૫: આકૃતિની શુચિતાનું એક ઉદાત્ત ઉદાહરણ: કર્ણાટકના કુપ્પુત્તુર ગામના બ્રહ્મજિનાલના નીચે પડી ગએલા ભારપટ્ટને તળિયે કોતરેલું સોળ પાંખડી પદ્મ.

હવે છેલ્લે જોઈએ ઉત્તરકાલીન કલ્યાણી ચાળુક્યોના સમયનું લક્કુંડી—મધ્યકાળમાં લોક્કિગુંડી નામથી ઓળખાતી કુન્તલદેશની સંસ્કાર-સમૃદ્ધ શાખાનગરીના પાર્શ્વનાથ જિનાલયના મંડપની પદ્મશિલા પરનું સહસ્રદલ કમલ (ચિત્ર-૬). એક કાળના આ જિનભવનને બારમા શતકમાં ધર્માંધ 'વીરશૈવો'ના પરિબળ સમયે શિવાલયમાં પરિવૃત કરવામાં આવ્યું છે. હાલ નાગનાથના મંદિર તરીકે ઓળખાતું આ પાર્શ્વજિનાલય કુન્તલદેશના સંસ્કારશીલ રાજવી આહવમલ્લ સોમેશ્વર પ્રથમ (ઈ. ૧૦૪૨–૧૦૬૮)-ના કાળનું છે. કુન્તલેશ્વર આહવમલ્લનો યુગ કર્ણાટના ઇતિહાસનો સુવર્ણકાળ હતો. કુન્તલદેશની શિલ્પ ને સ્થાપત્યકલા એ કાળે ઉત્કૃષ્ટતાની સર્વોચ્ચ ચૂલિકાએ પહોંચી હતી. એ મહાન યુગની સંસ્કાર-અનુભૂતિ અને આદર્શોને સંમૂર્ત કરતું હોય તેવું લક્કુંડીનું આ મહત્ત્વાકાંક્ષી શોભાંકન, કમલ–કંડારનો એક અનેરો નમૂનો રજૂ કરી રહે છે. સંસ્કૃત યુગના કવિઓની 'શતદલકમલ' કે 'સહસ્રદલકમલ'ની કલ્પનાને શિલ્પમાં સંભૂત કરવાનું સાહસ આ અગાઉ કોઈએ કર્યું હોય તેવું પ્રમાણ હજી સુધી સાંપડ્યું નથી. કલ્પકતા અને કંડારકલામાં પારગામી શિલ્પીજનનું આ આગવું સર્જન હોવાનું અત્યારે તો લાગે છે.


સહસ્રદલ કમલના, ઉપર રજૂ કરેલા દૃષ્ટાંતની આગમચ, બે પ્રયોગો લક્કુંડીમાં જ થઈ ગએલા છે. તેમાં એક તો છે અગિયારમી સદીના પ્રારંભે રચાએલા અને હાલ કાશીવિશ્વેશ્વર તરીકે ઓળખાતા શિવાલયમાં (ચિત્ર-૭). બીજું છે કુમ્ભેશ્વર મહાદેવના મંદિરના મંડપના વિતાનમાં (ચિત્ર-૮), અહીં કમળો અવાસ્તવિક, અને કંઈક ચોરસાઈ પર જતી પાંખડીઓના સમૂહથી રચાતા વલયોના વ્યવસ્થિત ને ગાણિતિક અભિસારથી નિર્મિત થયાં છે. કાશીવિશ્વેશ્વરવાળા દૃષ્ટાંતમાં ત્રીજા પરિમાણના ઓછામાં ઓછા પ્રયોગ દ્વારા, પાંખડીઓનો કરેલો અતિ અલ્પભાસ્કર્યમાં કંડાર, કેવળ આકારદર્શક રેખાઓ દ્વારા કરેલો ઉપાડ, ગોળાકાર હળવાં પગથિયાંના ક્રમ જેવાં ભાસતાં વલયોનાં કેન્દ્રાભિસારી સંગઠન દ્વારા થતો એક પ્રકારનો આછો અદીઠ અને સતત કંપ, તેમાં અનાહત નાદ—અશ્રાવ્ય બ્રહ્મનાદ—નો આવિર્ભાવ કરાવે છે. વસ્તુતયા કમલના વાસ્તવદર્શી તેમ જ રૂઢિગત એમ બંને પ્રકારનાં રૂપો તિરોહુત થઈ, કેવળ ધ્વન્યાલોકનો સમૂર્ત-સજીવ આકાર જ શેષ રહે છે.


પ્રકૃતિના નિયમને પૂર્ણતયા અતિક્રમતાં, ને વીક્ષણલીલાનો અભૂતપૂર્વ છંદોલય જગાવતા, 'કેવળ અસ્તિત્વ'ની સંભૂતિ શા આ અપાર્થિવ મહાપદ્મ સામે કુમ્ભેશ્વરવાળું દૃષ્ટાંત (ચિત્ર ૮) એવાં જ તાલચ્છન્દને અનુસરતું હોવા છતાં કમલ-સ્વરૂપની નોખી ભાત પાડી રહે છે. તક્ષણની દૃષ્ટિએ પાંખડીઓ વિશેષ ઉઠાવી હોવા છતાં, ને તે આકારે અવાસ્તવિક પણ અન્યથા સ્પષ્ટ હોવા છતાં, તેના પોતમાં ધીંગાશ તેમજ પરિસ્કારનો





ઉપર–ચિત્ર નં. ૬: લક્કુંડી ગામે હાલ નાગનાથના શિવમંદિર નામે ઓળખાતા ૧૧મી સદીના પ્રાચીન જૈન મંદિરની છતમાંનું બહુલ પાંખડીઓવાળું સહસ્રદલ કમલ; અને જમણી બાજુ ચિત્ર–૭: એ જ ગામે કાશીવિશ્વેશ્વર નામે ઓળખાતા શિવાલયમાંનું એવું જ સહસ્રદળ કમળ.





ચિત્ર નં. ૮ : લક્કુંડીમાં જ કુંભેશ્વરના મંદિરની છતમાંનું આ પદ્મ ચિત્ર નં. ૭ના જ તાલછંદને અનુસરતું હોવા છતાં કમલસ્વરૂપની નોખી જ ભાત પાડી રહે છે; ને ચિત્ર નં. ૯માંનું (જમણી બાજુ) રાજસ્થાનના ઓસિયાં ગામે ૮મી સદીના હરિહર મંદિરની છતમાંના કમળની પાંખડીઓના છન્નપ્રચ્છન્ન, અંતરસ્થ-બહિર્ વર્તુલો અષ્ટદલ સિદ્ધાંત પર મંડાએલા છે.


અભાવ એકદમ ઉઘાડાં થઈ રહે છે. પાંખડી-વર્તુળો તો આગલા દૃષ્ટાંતની માફક જ કાઢેલાં છે; પણ તેમાંથી સોપાનાભાસ–પગથિયાપણું–અદૃષ્ટ થયું છે અને સાથે જ દિવ્ય કમ્પનનો પણ અભાવ, લોપ વરતાય છે.

ચિત્ર ક્રમાંક ૬નું નાગનાથ-પાર્શ્વનાથવાળું અહીં રજૂ કરેલું દૃષ્ટાંત, કુંભેશ્વરવાળા પદ્મના કલ્પન પર એક પેઢી બાદ થએલા વિકાસનું દ્યોતક છે. એક પછી એક અંદર સંકોચાતાં સાત વર્તુળોમાં વહેંચાતા, બહુલ પાંખડીઓવાળા આ સહસ્રદલ-રાજિવનાં સંવિધાન ને આકૃતિ વાસ્તવિક કમલથી ઘણાં દૂર હોવા છતાં કમલનાં મૂલતત્ત્વોને તો સાચવતાં હોય તેમ દેખાય છે. પાંખડીઓની આટલી વિપુલતા કે દલ-વર્તુળોની આવડી મોટી સંખ્યા વાસ્તવદર્શિતાથી વેગળી હોવા છતાં તેની ત્રિજ્યાઓનો તિર્યક-પ્રતિતિર્યક છંદ ભૂમિતિની ગણત્રીનો સહારો છતો કરે છે. આમ કર્યાથી કમલનું જાણે કે કુડીબંધ ચમચા એકઠા કરી ગોઠવી ઊભું કર્યું હોય તેવું અપૂર્વ રૂપ પ્રગટવાની સાથે, તેમાં 'અદ્‌ભુત રસ'ની નિષ્પત્તિ પણ થાય છે. કમળની વચ્ચે કરેલો ડાબલી જેવો પબડી-સભર દોડો પણ (એના સૃજન-સાફલ્યનો સંકેત કરવાની સાથે) પ્રકૃતિ-પરસ્ત ન હોવાનું પણ સૂચન કરી જાય છે. અને છતાં યે તેમાં અકળ રીતે પ્રાણ પ્રતિષ્ઠિત થએલો હોઈ, તેના 'કમલત્ત્વ' વિષે ક્યારે યે શંકા ઊઠતી નથી.

આ છેલ્લાં ચર્ચ્યાં તે લક્કુંડીનાં ત્રણે પદ્મોને એકસહ જોવાથી તેમ તત્ત્વાર્થનો એક વૈચિત્ર્યપૂર્ણ સંકેત જાગતો હોવાનો આભાસ ઊઠે છે. કાશી-વિશ્વેશ્વરવાળું પદ્મ (ચિત્ર-૭) સૃજનની પહેલી પળોએ બ્રહ્મપિંડમાંથી ઊઠતાં આંદોલનો સાથે નિયત થતા પુદ્‌ગલોના સમૂહનાં, અવકાશમાં વ્યાપી રહેતાં કુંડાળાંઓની છંદગતિ અને વિકેન્દ્રકરણ દર્શાવે છે. કુમ્ભેશ્વરવાળા મહાપદ્મમાં (ચિત્ર-૮) વિશ્વને આકાર લેતું પણ હજી તેની ઘડતરની અવસ્થામાં હોય તેવું જોવાનું સંવેદન થાય છે; જ્યારે પાર્શ્વનાથવાળું દૃષ્ટાંત (ચિત્ર-૬) અનંત અલોકાકાશ વચ્ચાળે લોકાકાશમાં પ્રકાશી રહેલાં અસંખ્ય તારામંડળોને સન્નિહિત કરતા પૂર્ણ બ્રહ્માંડમાં ગત્યાત્મક, પણ દર્શનની ક્ષણ પૂરતું સ્થિર જણાતું રૂપ પ્રગટ કરે છે. પચાસ વર્ષના ગાળામાં સર્જાએલાં આ ત્રણ મહાપદ્મો સ્થૂળમાનથી શૈલી-વિકાસના ત્રણ તબક્કાઓ દર્શાવવા ઉપરાંત, વૈશ્વિક ઉત્ક્રાંતિની ત્રણ સ્થિતિઓ પણ રજૂ કરી જતાં હોવાનો ભાસ કરાવી જાય છે.

કર્ણાટમાં, ચાલુક્યકાળમાં સવિશેષ નિર્માએલા, અને રાષ્ટ્રકૂટ કાળમાં વિરલ બનેલા ઉત્તરના નાગર સંપ્રદાયના 'લતિન' (એકાંડી) શિખરોવાળા, નાગર જાતિના પ્રાસાદોનાં નિર્માણ પણ થયાં છે. તેમાં ઐહોળેના 'હુચ્ચિમલ્લિગુડી' નામે ઓળખાતા શિવાલયના મંડપની, ને પટ્ટડક્કલના 'કાશીવિશ્વેશ્વર'ના મંદિરના ગર્ભગૃહની, પદ્મશિલાઓ પર કમલોનાં અંકનો છે. તેમાં કાશીવિશ્વેશ્વરવાળું બહુપાંખડીયુક્ત કમલ, કંડારનો એક ઉત્તમ નમૂનો છે. તે ચિત્ર અહીં રજૂ નથી થઈ શક્યું;[૧૦] પણ તે ક્ષતિ નિવારવા, તેમજ તુલનાર્થે, અહીં ઉત્તરાખંડના પશ્ચિમી ક્ષેત્રના નાગર સંપ્રદાયના ત્રણ નમૂનાઓ જોઈશું. જેમાં સૌ પહેલાં આપણે રાજસ્થાનના મરુમંડલમાં આવેલા ઓસિયાં—પ્રાચીન ઉકેશ—ગ્રામના, હાલ 'હરિહર-ક્રમાંક ૩' તરીકે ઓળખાતા, આઠમા શતકના અંતે બંધાએલા, મહા-મારુ શૈલીના મંદિરના મુખમંડપના વિતાનના ચત્તા કમલને લઈશું (ચિત્ર-૯). અહીં પાંખડીઓનાં આદિમ, છન્ન-પ્રચ્છન્ન, અંતરસ્થ અને બહિર્ વર્તુળો ઇલોરાના દાખલાઓની જેમ અષ્ટદલ સિદ્ધાંત પર મંડાએલાં છે; પણ અહીં અંદરનું વર્તુળ ત્યાંની માફક અર્ધખીલેલ ન હોતાં પૂરી રીતે ઊઘડી ગએલું, પથરાએલું બતાવ્યું છે. પાંખડીઓનો ઘાટ ઇલોરા જેટલો કલાત્મક ન હોવા છતાં તેને મહદંશે મળતો અને સુરેખ છે. પત્તીઓ પાષાણ-શિલ્પમાં હોવી જોઈએ તેટલી જાડી હોવા છતાં સ્થૂળ લાગવાને બદલે માર્દવમંડિત જણાય છે. અંદરના વર્તુળની પાંખડીઓના ન્યાસ-વિન્યાસ, ઐહોળેના કમલની જેમ, બહારના વર્તુળની પાંખડીઓની વચ્ચેના સંધિસૂત્રમાં કરેલા છે. કંઈક આ કારણસર પદ્મના ખીલેલા કોશમાં સ્થૈર્યના વિવરમાં ચેતનાનો ઉદય થવામાં સહાય મળી રહી છે. પાછલા યુગમાં થતા કમલના લથળેલા-કથડેલા રૂપને સ્થાને અહીં તાજગી અને ઉલ્લાસ છતાં થાય છે. કુપ્પુતૂરના કમલ જેવું આ 'રેશમી' ન હોવા છતાં કુમાશનો સ્પર્શ એના શિલ્પીએ જાણ્યેઅજાણ્યે આપી દીધો છે જ.

પ્રતિહાર યુગનું એક બીજું રસપ્રદ, પણ એક સદી બાદનું દૃષ્ટાંત (ચિત્ર-૧૦)એ ઓસિયાંમાં જ આવેલા વિષ્ણુના મંદિર ક્રમાંક-૨ના મુખમંડપના વિતાનની પદ્મશિલા વચ્ચે કોતરેલું છે. અહીં પણ કમલ અષ્ટદળ છે; પણ પાંખડીઓના શિરોભાગની અણી સહેજ ઓછી તીક્ષ્ણ છે અને પહોળાઈ પણ આગલા ઉદાહરણથી કંઈક કમ છે. વધુમાં અહીં અંદરનાં વર્તુળોને સ્થાને ઝીણાંઝીણાં પુંકેસરોના ગુચ્છનો પથરાટ બૃહદ્ રૂપે અવતરેલો છે અને વચલા ભાગમાં બીજકોશ કંડાર્યો છે. તંતુઓનો જથ્થો તો આગળના કમળમાં યે બતાવ્યો છે, પણ અહીં તેની રેખાઓ સૂક્ષ્મતર કલ્પી હોઈ, એક રીતે તે વિશેષ વાસ્તવિક જણાય છે. કમળ



ચિત્ર નં. ૧૦: રાજસ્થાનના એ જ ઓસિયાં ગામમાં આવેલા નવમી સદીના વિષ્ણુમંદિરના મુખમંડપના વિતાનની વચ્ચે કોતરાએલું કમળ.

એકવડું હોઈ, તે પદ્મ જેવું ભાસવાને બદલે 'સદાસોહાગણ'ના ફૂલના વિરાટ સ્વરૂપ શું દીસે છે. એમાં ધબકી રહેલા ચેતોભાવનું સૌથી મોટું પ્રમાણ તો તેની અંદરથી ગંધનો ફેલાવ થતો હોવાનો ભ્રમ થાય છે, તે છે. પાંખડીઓ અહીં આગળના કમળથી કંઈક ઓછેરી પણ અન્યથા ચોકસ સચેત જણાય છે. કમલ એકવડું હોવાથી, આગળના દૃષ્ટાંત જેટલું ભર્યુંભર્યું ન હોવા છતાં, આકારે એટલું જ સુલલિત છે.

હવે છેલ્લે જોઇએ ઉત્તર ગુજરાતમાં આવેલા રોડાના પ્રખ્યાત દેવાલય-સમુદાયમાં ઊભેલા મંદિર ક્રમાંક-રના કુટિરૂપી મંદિરના ગર્ભગૃહની પદ્મશિલાનું પદ્માંકન (ચિત્ર-૧૧ આ અંકના મુખચિત્ર પાછળ).[૧૧] કંડારશોભિત પટ્ટીઓની વચ્ચે પડી જતા ચોરસક્ષેત્રમાં મુક્તાવર્તુળમાં સમાવેલું આ કમળ ગુજરાતમાં રાષ્ટ્રકૂટ શાસન સમયનું મહાગુર્જર શૈલીનું એક ઉદાત્ત દૃષ્ટાંત હોવા ઉપરાંત, તે ઓસિયાની મહામારુ શૈલીનાં ઉદાહરણોથી તદ્દન જુદું તરી આવે છે. જાડી, થોરની પત્તી જેવી અણી વિનાની, ગોળાઈવાળી, પણ આકારક્ષમ પાંખડીઓનાં બે મુખ્ય વર્તુળો, ને વચ્ચે બીજકોશયુક્ત આ પુષ્પ ન તો પુંડરિક લાગે છે કે ન તો ઇન્દીવર; તે હિમચંપક (Magnolia grandiflora)નો અણસાર લેતું હોય તેવી છાપ ઉત્પન્ન કરી જાય છે. પશ્ચિમનાં આ પદ્મરૂપોથી કર્ણાટી રીતિનાં આગળ જોયાં તે અભિનવ રૂપો ભિન્ન હોવાનું અને કર્ણાટના અમ્બુલીલાના આવિષ્કારો સ્વતંત્ર રીતે નીપજ્યા હોવાનું સુસ્પષ્ટ બની રહે છે. વધુમાં કર્ણાટી પદ્મશિલાઓનાં પદ્મો ભારતીય શિલ્પમાં કમલનાં સર્જાએલાં અનર્ગળ રૂપોમાં પોતાનો આગવો તેમજ ઉત્તમ ફાળો નોંધાવી રહે છે.

પાદટીપો

૧. જુઓ 'કલિંગ અને કૌન્તલીય દેવમંદિરોનાં શોભાંકનો' **'સ્મૃતિ અને સંસ્કૃતિ**: રાજરત્ન શ્રી નાનજી કાલિદાસ મહેતા સ્મૃતિગ્રંથ'-દ્વિતીય ખંડ, (પોરબંદર વિ. સં. ૨૦૨૮) પૃ. ૭૯૬-૮૦૦.

૨. See, Major R. S. Wauchope, *Buddhist Cave-Temples of India*, Calcutta 1933 Plt. xxix.

૩. વાસ્તુગ્રંથ 'અપરાજિતપૃચ્છા' (૧૨મી સદીનું ત્રીજું ચરણ)માં ગર્ભગૃહના સંદર્ભમાં પદ્મશિલાની વાત કરી છે, ને તે ગ્રંથમાં અન્યત્ર પ્રતિષ્ઠાના સંબંધમાં પદ્મશિલાને પદ્માકાર કહી છે:

गर्भव्यासार्धमानेन कुर्यात् पद्मशिलोदयम् ॥ ७ ॥ अ. पृ. अ. १२९.

पद्मकारा पद्मशिला प्रतिष्ठा सा चतुर्थिका ॥ ३ ॥ अ. पृ. अ. १४७. *Editor*: Popatlal Ambashankar Mankad, Gaekwad Oriental Series No. CXV, Baroda, 1959.

૪. મારા મિત્ર શ્રી માધવ ગાંધી 'અષ્ટમંગલ' પર કામ કરી રહ્યા છે.

૫. આનું ચિત્ર હજી પ્રકાશિત નથી થયું.

૬. આ કમળની ગુણવત્તા સાધારણ છે.

૭. ખાસ તો ચિતોડમાં હાલ કાલિકાદેવીના મંદિર તરીકે ઓળખાતા પણ વાસ્તવમાં સૂર્યમંદિરમાં તે મળે છે. એ મંદિર મોરિરાજ માનભંગે આઠમા શતકના પ્રારંભમાં ક્યારેક બંધાવેલું.

૮. અહીં તેનાં બે'ક દૃષ્ટાંતો આગળ જોઈશું.

૯. મુકુંદ-દર્રાના ગુપ્તકાલીન મંદિરમાં પણ એવી યોજના કરેલી છે.

૧૦. આ છતની પૂર્ણાકૃતિ માટે જુઓ J. M. Nanavati and M. A. Dhaky કૃત 'The Ceilings in the Temples of Gujarat', *Bulletin, Museum and Picture Gallery Baroda*, Vol xvi–xvii Baroda 1963, Fig. 1.

ઋણસ્વીકાર: ચિત્રક્રમાંક ૧–૮ The American Academy of Benarasના સૌજન્યથી અને સહાયતાથી પ્રગટ કર્યાં છે. ચિત્ર-૯–૧૧. મારા મિત્ર Harvard Universityના Michael Meistry તરફથી મળ્યાં છે, જે તેમના સૌજન્યથી અહીં પ્રકાશિત કર્યાં છે. □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૨૦ · હરસ

હરસ (અર્શ–પાઇલ્સ)ને આયુર્વેદમાં શત્રુ સમ પીડાકારી ગણવામાં આવે છે. રોગીને એ બહુ સતાવે છે. ઘણાંને હરસ હોય છે, પણ જ્યારે ઝાડાની કબજિયાત થાય ત્યારે જ તેની ખબર પડે છે. કઠણ મળ ગુદમાર્ગમાં ઘસાતાં હરસ હોય તો દુખાવો થાય છે. ગુદાની અંદર થતા હરસ 'આભ્યંતર' અને બહાર દેખાતા 'બાહ્ય' કહેવાય છે. તે જ રીતે જેમાંથી લોહી પડે તે 'દૂઝતા' હરસ, લોહી ન પડે તે 'સૂકા.' બાહ્ય કરતાં આભ્યંતર અને સૂકા કરતાં દૂઝતા હરસ મટવા વધારે મુશ્કેલ છે. ખોરાકની બેકાળજીને લઈને કબજિયાત થતાં મળ-પ્રવૃત્તિ વખતે અધિક જોર કરવું પડે છે. તેને પરિણામે ગુદામાં માંસના અંકુરો ફૂટી હરસ થાય છે.

ચિકિત્સા: ૧) જરા પણ કબજિયાત ન થવા દેવી. આ માટે રોજ હરડે ત્રિફલા કે પંચ સકાર ચૂર્ણ વડે મળપ્રવૃત્તિ ઢીલી જ રાખવી. ૨) આહારમાં સૂરણના શાકને પ્રધાનતા આપવી. મોળી છાશ પણ ખૂબ લાભ કરે છે. ૩) ડુંગળી રોજ એક ખાવી. એથી દૂઝતા હરસથી પડતું લોહી બંધ થાય છે. ૪) દૂઝતા હરસનું લોહી બંધ કરવા મેંદી અને ધરોનાં પાનની લૂગદી ગુદા ઉપર મૂકી લંગોટ પહેરવી. ૫) સૂકા હરસનો દુખાવો દૂર કરવા ઘી, તેલ કે વેસેલિન હરસ ઉપર લગાવવું. આયુર્વેદનું કાસીસાદિ તેલ પણ આ માટે ઉત્તમ છે. ૬) અર્શકુઠાર રસ, અર્શોઘ્ની વટી, ઈંદ્રયવનું ચૂર્ણ, સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ વગેરે હરસ માટે લાભપ્રદ છે.

એક અનુભૂત પ્રયોગ: બોરસલીનાં ૨૧ બીનાં સૂકાં મીંજ અને ૧૧ દાણા મરીનું ચૂર્ણ કરવું. સવારે શૌચાદિ પતાવી આ ચૂર્ણ પાણી સાથે પી જવું. આ પછી બરાબર ૭ કલાક બેસવું નહિ; હરવું–ફરવું કે ઊભા રહેવું. દર કલાકે એક મોસંબી ચૂસવી. વધારે ચુસાય તો વાંધો નહિ. તે સિવાય કાંઈ ખાવુંપીવું નહિ. ૭ કલાક પછી ગરમગરમ હળવો ખોરાક લેવો. એક જ દિવસના આ પ્રયોગથી બધા પ્રકારના હરસમાં લાભ થતો જોવા મળ્યો છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

શ્રી કાકાસાહેબ કાલેલકરનાં સંસ્મરણો: સમાજમાં સ્ત્રીઓનું સ્થાન

મનોમંથન-૨૭

મેં કહ્યું જ છે કે અમે છ ભાઈઓ વચ્ચે એક જ બેન હતાં; અને એ અત્યંત માયાળુ, સંસ્કારી અને તેજસ્વી. પણ એ બહુ વહેલાં ગુજરી ગયાં. એટલે અમારા ઘરમાં મારી મા અને દાદી ઉપરાંત સ્ત્રીઓ એટલે મારી ભાભીઓ. સૌથી મોટી ભાભી આગળ હું લગભગ દીકરા જેવો. બાકીની બધી સહેજ ઓછીવત્તી સમવયસ્ક. એમને પોતાના પતિ પ્રત્યેની પોતાની જવાબદારી અને સાસુસસરાને પ્રસન્ન રાખવાની ફરજ એ બધું સાચવતાં અને અંદરઅંદરની લાગણીઓ ખીલવતાં જોઈને સ્ત્રી-જીવન વિષે મારા મનમાં આપમેળે જાતજાતના વિચારો આવે. નાની ઉમરમાં સમાજસુધારાની વાતો તો ક્યાંથી સૂઝે? પણ સ્ત્રીનું જીવન અમુક બાબતોમાં કઠોરું હોય છે એમ જોઈને એમને વિષે મનમાં પૂરેપૂરી સહાનુભૂતિ ખરી. (એનો લાભ મારી પત્નીને ઠીક-ઠીક મળ્યો. એનો ઉલ્લેખ અસ્પષ્ટ રીતે મેં કર્યો હશે.) પણ કૉલેજમાં ગયા પછી સમાજને અંગે બધા જ વિચાર કરવાની જવાબદારી જાણે માથે આવી પડી. એમાં, અત્યારે યાદ છે તે પ્રમાણે, બે વસ્તુઓનો મારા મન ઉપર ભારે પ્રભાવ પડ્યો.

હું ફર્ગ્યુસન કૉલેજમાં દાખલ થયો ત્યારે જેમ ગોખલે કૉલેજનું કામ છોડીને રાજદ્વારી ક્ષેત્રમાં ચમકવા લાગ્યા હતા, તેમ જ એમના જેટલા જ નિષ્ઠાવાન કાર્યકુશળ પ્રો. ધોંડો કેશવ કર્વેએ પણ અધ્યાપનનું કાર્ય છોડી દઈ સ્ત્રીજાતિની સેવા અને ઉન્નતિને પોતાનું મિશન બનાવ્યું હતું; અને તે માટે એમણે પૂના પાસે જ પોતાની સંસ્થા શરૂ કરી હતી જે આજે ભારતમાં એક પ્રખ્યાત સ્ત્રી-વિદ્યાપીઠની પ્રતિષ્ઠા ભોગવે છે.

આથી આ ગોખલે અને કર્વે બંને વિષે અમારા મનમાં ભારે આદર. એ બે જણા એકબીજાના કંઈ સગા થતા હશે કે કેમ તે અત્યારે યાદ નથી રહ્યું. સમાજમાં પ્રો. કર્વેની નિંદા પણ ખૂબ થતી. એમણે સ્ત્રીઓને કેળવવાનું કામ માથે લીધું એ એમનો સૌથી મોટો ગુનો! એમણે પુનર્વિવાહ કર્યો એટલે તેઓ ચારિત્ર્યભ્રષ્ટ ગણાયા! ને આખા સમાજમાં વિધવા-પુનર્વિવાહનો પ્રચાર કરે એટલે તો તે કળિયુગના સ્વામી જ ગણાય ને? પણ અમ યુવાનોનાં મનમાં એ જ કારણે કર્વે વિષે અત્યંત આદર.

એ અરસામાં સાંગલીમાં મારા પડોશના એક ભાઈ સાથે મારે ચર્ચા ચાલતી હતી. ત્યારે એને મોઢે જે દલીલો સાંભળેલી તે અહીં લખતાં પણ શરમ ઊપજે. પણ એ જમાનો કેવો હતો એનો ખયાલ એક નાનકડા ઉદાહરણમાંથી પૂરેપૂરો આવી શકે. અમારા પડોશી ભાઈ સાંગલીના સ્થાનિક બ્રાહ્મણ સમાજના આગેવાન ગણાતા. એ મને કહે: 'તમારા કર્વેએ વિચાર કરવો જોઈતો હતો કે સ્ત્રીઓને લખતી-વાંચતી કરવી એ કેટલું જોખમકારક છે. આપણા પૂર્વજોએ સ્ત્રીઓને લખવાની કળા ન શીખવી, એમને જનોઈ પણ ન આપી, સંસ્કૃત મંત્રો બોલવાનો અધિકાર નહિ. પગમાં જોડા પણ ન પહેરાય. છોકરીઓના પગમાં ઘૂઘરું પણ એ માટે જ રાખ્યું કે જેથી તેઓ છાનીછપની ક્યાં ય જઈ ન શકે. આ બધી વ્યવસ્થા અમસ્તી જ કરી હતી? જુવાન છોકરીને લખતાં-વાંચતાં આવડે પછી એ પોતાના યારને કાગળ ન લખે? સ્ત્રીઓને તમે એક વાર કેળવણી આપો પછી એમનું ચારિત્ર્ય ટકે તો મને કહેજો...' બસ, એમની દલીલો વધારે લખવાની જરૂર નથી. આવા સમાજની, વિધવા સાથે ફરી પરણેલા માણસની સંસ્થામાં પોતાની છોકરીઓને ભણવા મોકલવાની હિંમત જ શી રીતે ચાલે?

અમે નાનપણથી છાપાં વાંચીએ. એક બાજુ લોકમાન્ય તિલકનું 'કેસરી', બીજી બાજુ પ્રો. આગરકરનું 'સુધારક.' રાજનીતિમાં તિલક અને 'કેસરી' અમારે માટે પ્રમાણ. સંસાર-સુધારામાં અમારી પેઢીમાં પણ એ જમાનામાં બે પક્ષ હતા: આગરકરનો 'સુધારક' પક્ષ, અને એનો વિરોધ કરનાર તિલકનો 'ઉદ્ધારક' પક્ષ. મારા જેવા બહુ થોડા યુવાનો હતા જે સ્વરાજ્યવાદી હોવા છતાં સુધારક પક્ષમાં ભળતા.

પ્રો. કર્વેને અમે કોઈકોઈવાર ભાષણ માટે અમારી વક્તૃત્વોત્તેજક સભામાં બોલાવીએ. એમનાં ભાષણ પછી મહિનાઓ સુધી અમારી ચર્ચા ચાલે. સ્ત્રીઓને ન જ કેળવવી જોઈએ, એમને કશા અધિકાર ન જ હોવા જોઈએ, એમ કહેનારા લોકો કૉલેજમાં ઓછા હતા; પણ બહુબહુ તો અમુક હદ સુધી જવું જોઈએ, એથી આગળ જવામાં જોખમ છે, એમ કહેનારો પક્ષ મોટો હતો. પણ એમની અંદર પેટાવિભાગ અસંખ્ય.

એ જ અરસામાં યુરોપમાં એક મોટું આંદોલન શરૂ થયું. એ હતું 'સ્ત્રીઓને રાજદ્વારી મતાધિકાર મળવા બાબત.' એનો ઝંડાધારી એક નવો પક્ષ ઉત્પન્ન થયો હતો. એ ઉપરથી અમારું ધ્યાન ગયું કે વિલાયતમાં પણ સ્ત્રીઓને ચૂંટણીમાં મત આપવાનો અધિકાર નથી. રાજકર્તા તરીકે જવાબદારીભર્યું સ્થાન સ્ત્રીઓને મળે એવી છૂટ આજે પણ યુરોપ-અમેરિકામાં પૂરતી નથી, તો એ જમાનામાં તો સ્ત્રીઓને પાર્લમેન્ટમાં બેસવાની રજા પણ ક્યાંથી જ હોય? અમારે ત્યાં જેમ સનાતન સમાજ મોં ભરીને કર્વેની નિંદા કરતો, તેમ વિલાયતનો સમાજ મોટે ભાગે ત્યાંની આગેવાન મિસિસ પૅંકહર્સ્ટની નિંદા કરતો. એ જોઈને મને આશ્ચર્ય થયું અને એક રીતે સંતોષ પણ થયો. સંતોષ એટલા માટે, કે જેમ આપણા દેશમાં ભણેલાગણેલા સુશિક્ષિત કહેવાતા લોકોમાં પણ પછાત વિચારના લોકોની બહુમતિ છે તેમ વિલાયતમાં પણ સ્ત્રીઓના અધિકારની બાબતમાં આપણા જેટલું જ પછાતપણું છે.

મારા કહેવાનો ઉદ્દેશ એ નથી કે આ વિષયમાં પ્રથમથી જ મેં સાવ છેડે પહોંચેલા વિચારો સ્વીકાર્યા હતા. એમાં સંયમ, મર્યાદા વગેરે હોવાં જોઈએ એવી દલીલો તો હું પણ ત્યારે કરતો, અને હું સાવ જહાલ નથી એ વસ્તુ પર પણ ભાર મૂકીને મારા વિચારોનું સમર્થન કરતો. રાજદ્વારી ક્ષેત્રમાં આપણી સ્ત્રીઓ બહુ આગળપડતો ભાગ ન લે તો ચાલે; પણ સંસારસુધારામાં તો આગેવાની એમની જ હોય, એટલો મારો આગ્રહ ખરો. એ દિવસોમાં મેં એકબે વ્યાખ્યાનો પણ આપ્યાં હશે.

આગળ જતાં વિલાયતની સ્ત્રીઓને (એમને મતાધિકાર માગનારી સ્ત્રીઓ તરીકે) સફ્રેજેટ 'Suffragetle' નામ મળ્યું. વિનોદમાં ઉપજાવેલું આ નામ એક આખો જમાનો લોકોનાં મોંમાં ખૂબ ચગ્યું. આજે તો હવે સ્ત્રીઓએ માગેલા બધા અધિકારો મળી ચૂક્યા છે એટલે એ નામ કોઈ વાપરતું નથી, પણ તે વખતે જ્યારે બહેનોની હિલચાલને કોઈ દાદ દે નહિ ત્યારે વિફરેલી બહેનો એટલી ઉદ્દામ થઈ હતી કે રસ્તા પરની ટપાલની પેટીઓમાં કાગળ નાખવાનું બહાનું કરીને એમાં ઍસિડ રેડતી ને પરિણામે અંદરના કાગળો બળી જતા એમ પણ વાંચ્યાનું યાદ છે.

હું સ્વભાવે જેમ સનાતની, તેમ જ ન્યાયનો પક્ષપાતી અને અન્યાયનો પ્રતિકાર કરનારો પણ ખરો. એટલે અમે સ્નેહીઓ સમાજમાં સ્ત્રીઓનું સ્થાન કેવું હોય, ધર્મમાં શા શા સુધારા થવા જોઈએ વગેરેની ખૂબ ચર્ચા કરતા. પતિ-પત્ની વચ્ચે નિષ્ઠા હોવી જોઇએ ને સંયમનો આદર હોવો જોઈએ, આ બે વસ્તુનો આગ્રહ કાયમ રાખી હું બધી ચર્ચા કરતો. □

ભરતનાટયમ્ જેને 'અડવુ' કહે છે તે મૂળભૂત ઘટકો ભરતનાટયશાસ્ત્રના ચોથા પ્રકરણમાં ઉલ્લેખિત 'કરણ'માંથી ઊતરી આવ્યાં છે. તેના ૧૦૮ પ્રકારની નોંધ ભરતે કરી છે અને ચિદમ્બરમ્, બૃહદીશ્વર તથા સારંગપાણિનાં મંદિરોની દીવાલો પર શિલ્પમાં તેનાં આલેખનો જોવા મળે છે. આ ત્રણ મંદિરો પૈકી માત્ર ચિદમ્બરમ્‌માં બધાં કરણો કોતરેલાં છે ને તે તે કરણ સાથે નાટયશાસ્ત્રના તેને લગતા શ્લોકો પણ કોતરવામાં આવ્યા છે. ચારે ગોપુરમ્‌નાં પ્રવેશદ્વારોની દીવાલો પર, જાણે સ્તંભાવલિઓ હોય તેમ, ઉપરથી નીચે લગી, છથી સાતની હરોળમાં, એક ઉપર એક એમ તક્તીમાં, નૃત્યાંગનાનું પાત્ર મૂકી, તે તે શ્લોકોના સૂચક અર્થોમાં શિલ્પીએ જાણે ગતિશીલ પળોને ઝડપી છે. આ બધી નૃત્યસ્થિતિઓ ગતિશીલ હોઈ સંપૂર્ણપણે તેને આલેખી ન શકાય, પરંતુ તેનો અભ્યાસ કરનાર પંડિતોએ શ્લોકોને આધારે નિર્માતી



ચિદમ્બરમ્‌નું દેવાલય દક્ષિણમાં પ્રાચીનતમ મનાય છે. અહીં શિવલિંગ નહિ પણ તેને બદલે બેએક ફૂટ ઊંચી નટરાજ શિવની સુવર્ણપ્રતિમા પુજાય છે. આખા ભારતમાં ક્યાંય નથી તે, અહીં મંદિરના ગોપુરમ્‌માં નાનાનાના ગોખમાં કંડારેલાં ભરતનાટયશાસ્ત્ર પ્રમાણેનાં નૃત્યનાં ૧૦૮ કરણોનું શિલ્પાંકન તેના વૈવિધ્ય અને લાલિત્યથી દંગ કરી દે તેવું છે. આ કરણશિલ્પ ઉપરાંત મંદિરના સભામંડપ વગેરેની દીવાલો ઉપર પણ નૃત્યની વિવિધ દેહભંગિઓ દર્શાવતી અદ્ભુત તક્તીઓ કોરેલી છે.
(ફોટો : ચન્દ્રકાન્ત ઝવેરી)

ચિદમ્બરમ્, બૃહદીશ્વર અને સારંગપાણિનાં મંદિરોમાં
[ભરતનાટયમ્-૩]

કરણ

સુનીલ કોઠારી

ગતિ-વિધિમાં કઈ પળે ક્યારે આ સ્થિતિ આવે તેનાં અનુમાનો કર્યાં છે.

આ દિશામાં સૌપ્રથમ પહેલ કરનાર બે વિદ્વાનો થઈ ગયા : શ્રી બી. વી. એન. નાયડુ અને શ્રી શ્રીનિવાસસુલુ નાયડુ. તેમણે આજથી ૩૬ વર્ષ પૂર્વે આ શિલ્પોનો અભ્યાસ કરી, ચિદમ્બરમ્ મંદિરનો ઇતિહાસ લખી નૃત્યવિષયક આ શિલ્પો વિષે મહત્ત્વની માહિતી પૂરી પાડી છે.[1] આ ઉપરાંત ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ ભાગ ૧ના સંપાદકોએ આર્કિઑલૉજિકલ વિભાગનાં લાકડાનાં બીબાંનાં ચિત્રો છાપી સંસ્કૃત શ્લોકો જોડે તેનો તાળો મેળવવા પ્રયત્ન કર્યો છે. તેમાં ક્યાંક સંગતિ છે તો ક્યારેક વ્યતિક્રમ પણ જોવા મળે છે. તાજેતરમાં ડૉ. કપિલા વાત્સ્યાયને તેમના મહાનિબંધ 'ક્લાસિકલ ઇન્ડિયન ડાન્સ ઈન લિટરેચર ઍન્ડ ધી આર્ટ્સ'[2]માં આ કરણોની પુનર્ગોઠવણી કરી, શક્ય તેટલી ગતિઓ સૂચવી ઠીકઠીક મીમાંસા કરી છે. કુમારી પદ્મા સુબ્રહ્મણ્યે તે વિષે પોતાનો મહાનિબંધ અન્નમલૈ યુનિવર્સિટી-ચિદમ્બરમ્-માં રજૂ કર્યો છે. તેમણે આ શિલ્પોને આધારે નૃત્યનાં ગતિ-સંયોજનો યોજી પોતાના ભરતનાટયમ્ કાર્યક્રમોમાં પણ કલ્પનાશીલ રીતે રજૂ કર્યાં છે.

ચિદમ્બરમ્‌ના પ્રવેશદ્વારની અંદરની દીવાલો પર પૂર્વ-પશ્ચિમનાં પ્રવેશદ્વારોમાં શ્લોકો પણ જોવા મળે છે. આ કરણોમાં નૃત્ય કરતા પાત્રની મૂર્તિ સામાન્યતઃ ૧૪$\frac{૧}{૨}$ ઈંચના કદની છે, જ્યારે તેને સાથ આપનાર વાદ્યકારો તેમજ અન્ય મદદનીશોની ઊંચાઈ ફક્ત ૯ ઇંચની છે. હાથ અને પગની ગતિ ઉપરાંત શરીરના મરોડ તથા ભંગિ વગેરેનાં શિલ્પો પ્રવર્તમાન ભરતનાટયમ્ નૃત્યસ્વરૂપનાં મૂળ ક્યાં હતાં તેની ઝાંખી કરાવે છે. અલબત્ત, આ સ્વરૂપે આજે આપણે ભરતનાટયમ્ રજૂ થતું જોતા નથી, ને કાળે કરીને આ કળામાં સર્વથા મહદ્ અંશે ફેરફારો થયા જણાય છે; છતાં નાટયશાસ્ત્રમાં ઉલ્લેખ કર્યો છે તે ચારી, રેચક, પિણ્ડીબંધ, મણ્ડલ, ગતિ, ઉત્પ્લવન ઈત્યાદિ અંગો સાંપ્રત કળામાં પ્રયોજાય છે.


हस्तपादसमायोगो नृत्तस्य करणं भवेत्।

નૃત્તનાં કરણ હસ્ત ને પાદના સમાયોગથી થાય છે. અ. ૪; શ્લો. ૩૦ અને;

प्रायेण करणे कार्यो वामो वक्षः स्थितः करः (શ્લોક ૫૭)
चरणस्यानुगश्चापि दक्षिणस्तु भवेत्करः
हस्तपादप्रचारन्तु कटिपार्श्वोरुसंयुतम्। (શ્લોક ૫૮)

ભરતમુનિના મત અનુસાર કરણના પ્રારંભમાં ડાબો હાથ વક્ષઃસંમુખ રહે છે જ્યારે જમણો હાથ જમણા પગની ગતિની દિશામાં અનુસરે છે. સમગ્રપણે હાથ અને પગની ગતિ વક્ષઃ પડખાં, કમર, જાનુ તથા અન્ય અંગ ઉપાંગોની ગતિની સપ્રમાણતા જાળવીને કરવાની હોય છે. કેટલાંક કરણોમાં હસ્ત વક્ષઃસંમુખ સ્વસ્તિકાકારે પ્રયોજાએલા જોવા મળે છે; કેટલાંકમાં પગ તે રીતે તે સ્થિતિમાં જોવા મળે છે. કેટલાંક કરણોમાં નૃત્યકાર ઉપવિષ્ટ સ્થિતિમાં બેઠેલો પણ નોંધી શકાય છે, જ્યારે કેટલાંક કરણોમાં—જેવાં કે લલાટતિલકમ્, વિદ્યુત્ભ્રાન્તમ્ અને લતાવૃશ્ચિકમ્-માં એક પગ લલાટને અડે તે સ્થિતિમાં ઊંચો, શિવના ઊર્ધ્વતાણ્ડવમાં આલેખાયો છે તેમ, જોવામાં આવે છે. વિવર્તિતક, અંચિત અને ભુજંગ-

1 તાણ્ડવલક્ષણમ્ (૧૯૩૬); પુનરાવૃત્તિ ૧૯૭૧; પ્રકાશક : મુનશીરામ મનોહરલાલ, પોસ્ટ બૉક્સ ૧૧૬૫, નઈ સડક, દિલ્હી ૬.
2 પ્રકાશક ઉપર મુજબ.





બૃહદીશ્વર (તાંજોર)ના મંદિરમાં કરણનાં શિલ્પ: ડાબી બાજુ મંદિરના ગર્ભગૃહમાં ઉપરના મજલે ચતુર્ભુજ શિવના પાત્ર દ્વારા દર્શાવેલાં કરણ. જમણી બાજુ: એ જ શિલ્પમાળામાં અનુક્રમે સર્પિત, મયૂરલલિત અને અપક્રાન્ત કરણ. (ચારે ફોટો: સુબોધચન્દ્ર)

ત્રાસિત કરણોમાં શિવના આનન્દતાણ્ડવ નૃત્યની સ્થિતિનાં પ્રારંભનાં અંગભંગોનાં સૂચન મળી રહે છે. (જુઓ ચિત્રો)

ગરુડપ્લુતક, શ્રીપ્રવલિનક અને મયૂરલલિતમાં ઊડવાની ક્રિયાના સૂચન રૂપ એક પગ પાછળ અધ્ધર કરેલો જોઈ શકાય છે. વળી ગરુડપ્લુતકમાં બે હાથ ફેલાવી ઊડવાની ક્રિયાનું કલાત્મક સૂચન જોવા મળે છે.

નૃત્ત (માત્ર અલંકારાત્મક અને ભાવાભિનય વિનાના)માં આ કરણોના ઉપયોગ ઉપરાંત નૃત્યમાં તેમજ નાટ્યમાં પણ તેનો વિનિયોગ કરવાનું ભરત મુનિ સૂચવે છે. કરણોના વિનિયોગને આધારે તેનો નૃત્યમાં પ્રયોગ શક્ય છે. પરંતુ આ પ્રકરણના અનુસંધાનમાં, આગળ, આંગિક અભિનયની ટેકનિક અને તેની વ્યાખ્યા આપતાં ૭, ૯, ૧૦ અને ૧૨ પ્રકરણોનો અભ્યાસ આવશ્યક છે. તે ઉપરાંત સ્થાનક, આસન અને ચારીની પણ વ્યાખ્યા તથા તેનો યોગ્ય વિનિયોગ સમજવાં રહ્યાં. એ સમગ્ર અભ્યાસ કરીને શ્રીમતી કપિલા વાત્સ્યાયને કરણોની વિભાગવાર ગોઠવણી કરી છે. આ વિષે અભિનવગુપ્તની નાટ્યશાસ્ત્રની ટીકા પણ લક્ષમાં લેવા જેવી છે.

આવા વિગતવાર અભ્યાસ પરથી સાંપ્રત ભરતનાટ્યમની ટેકનિકમાં આગલી પરંપરાના કેટલાક અંકોડા સચવાએલા જોવા મળે છે. નૃત્ત વિભાગમાં 'અડવુ' તે કરણ ઉપરથી ઊતરી આવેલાં છે એવું અનુમાન અસ્થાને નથી; પરંતુ તેનો વિનિયોગ ભરતમુનિ-પ્રબોધ્યા નિયમો અનુસાર જોવા મળતો નથી. 'અડવુ'માં પણ પદભેદ, મૂળ પાંચ સ્થિતિ, હાથોની ગતિ, અલંકારાત્મક—અભિનયનિરપેક્ષ-હસ્તમુદ્રાઓ અને વિવિધ હલનચલનનાં એકમોના નિયમો ભરતનાટ્યમના ગુરુઓએ તારવેલા જોવા મળે છે. એવા એકમોના એકંદરે ૧૫ વિભાગો છે. એ વિભાગોમાં ક્યાંક એક કે બહુબહુ તો બે પ્રકારની ગતિનો સમાવેશ થાય છે, તો કેટલાક વિભાગોમાં છ કે તેથી વધુ પ્રકારનાં ગતિ-વિધિ અને હલનચલનો નોંધી શકાય છે. આ વિભાગોનાં નામો, તે તે હલનચલન અને ગતિ વખતે તાલબદ્ધ પાદાઘાત માટે બોલાતા આવર્તનશીલ શબ્દોના સમૂહને આધારે આપવામાં આવેલાં છે. ઉદાહરણાર્થ: તટ્ટ અડવુ, નટ્ટ અડવુ, તૈં તૈ તૈ તૈ તૈ તૈ ધી ધી તૈં અડવુ, કીટતક તટીકીટ તોમ અડવુ ઈત્યાદિ. આમાં છેલ્લા બે અડવુનાં નામ તે તે અડવુમાં વપરાતા તાલબદ્ધ શબ્દસમૂહ-બોલના આધારે ઓળખાય છે.

આ અડવુનો મહાવરો ત્રણ લયમાં કરવામાં આવે છે. વિલંબિત, મધ્યમ અને દ્રુત; અને તેના રિયાઝ વખતે ગુરુ ધ્યાન રાખે છે કે દ્રુત લયમાં રેખાનું લાવણ્ય નષ્ટ ન થાય. આમ, ભરતનાટ્યમની ટેકનિકમાં પારંગત થવા માટે બધાં અડવુ પર પ્રભુત્વ મેળવવું જરૂરી છે. મોટા ભાગનાં અડવુ બન્ને બાજુ કરવાનાં હોય છે. એક વાર જમણી બાજુ અને બીજી વાર ડાબી બાજુ તરફ.

અડવુનો નૃત્તવિભાગમાં સમાવેશ થતો હોઈ તેમાં ભાવાભિનયને કશો અવકાશ નથી; એટલે ચહેરા પર માત્ર પ્રસન્ન મુદ્રા રાખવાની હોય છે. હસ્તવિનિયોગમાં પણ કેવળ અલંકારાત્મક હસ્તો પ્રયોજાય છે: જેવા કે પતાક, ત્રિપતાક, અલપદ્મ, કટકામુખ, મુષ્ટિ, સૂચિ, શિખર અને મૃગશીર્ષ. □



સારંગપાણિ (કુંભકોનમ્) મંદિરમાં કરણનાં શિલ્પ
ડાબી બાજુ: દોલાપાદ કરણ. નીચે: લલાટતિલક કરણ.



કેટલાંક કરણ

૧ વલિત (૩૧મું કરણ)
૨ ગંગાવતરણ (૧૦૮મું કરણ)
૩ અતિક્રાન્ત (૬૬મું કરણ)

૧ ગરુડ પ્લુત (૭૦)
૨ ભુજંગત્રાસિત (૨૪)
૩ ગજક્રીડિત (૬૮)

૧ લતાવૃશ્ચિકમ્ (૪૪)
૨ અંચિત (૨૩)
૩ ઊર્ધ્વ જાનુ (૨૫)

૧ લલાટતિલક (૫૦)
૨ કટિચ્છિન્ન (૧૧)
૩ અર્ધ રેચિત (૧૨)



નૃત્તનો દરેક એકમ શરીર, હાથ ને પગ વગેરે અંગોની અમુક સ્થિતિ દર્શાવે છે. શરીરની આવી અમુક ચોકસ કલાત્મક સ્થિતિ તે કરણ. મુદ્રાઓ જેમ હસ્તસંકેત છે તેમ કરણને અંગસંકેત કહી શકાય. કરણો તાણ્ડવ નૃત્યનું અંગ હોઈ સ્ત્રીસુલભ નથી, પણ કદાચ શોભા ખાતર ચિદમ્બરમમાં એ સ્ત્રી આકૃતિમાં દર્શાવ્યાં છે. બૃહદીશ્વર મંદિરમાં કરણો ચતુર્ભુજ શિવના પાત્ર દ્વારા દર્શાવ્યાં છે.




અડલુમાં પ્રયોજાતી અલંકારાત્મક હસ્તમુદ્રાઓ

અડલુનો નૃત્ત-વિભાગમાં સમાવેશ હોઈ તેમાં ભાવાભિનયને કશો અવ નથી. એટલે તેના હસ્તવિનિયોગ કેવળ અલંકારાત્મક હસ્તમુદ્રાઓ જ યોજાય છે. નાટ્યશાસ્ત્ર પ્રમાણે મૂળ ૨ વીસ મુદ્રાઓ છે. નૃત્યમાં તેને અસંયુ અને સંયુક્ત રીતે પ્રયોજીને વિવિધ અ સૂચવાય છે. પણ નૃત્તમાં એવા કોઈ અર્થ નું વહન ન હોઈ તેમાં એ બધી મુદ્રાએ જરૂરી નથી. તેમાં તો માત્ર બાજુમા (ઉપર ડાબી બાજુથી અનુક્રમે)દર્શાવેલી ૧ પતાકા, ૨ ત્રિપતાકા, ૩ મુષ્ટિ, ૪ શિખર, ૫ કટકામુખ, ૬ સૂચિ, ૭ મૃગશીર્ષ અને ૮ અલપદ્મ મુદ્રાઓનો વિનિયોગ થાય છે. જેનો ઉપયોગ માત્ર કલાત્મક અંગસ્થિતિ દર્શાવવા માટે જ છે.

નાટ્યશાસ્ત્રના ચોથા અધ્યાય 'તાણ્ડવલક્ષણ' અનુસાર ૧૦૮ કરણો

૧ તલપુષ્પપુટ, ૨ વર્તિત, ૩ વલિતોરુ, ૪ અપવિદ્ધ, ૫ સમનખ, ૬ લીન, ૭ સ્વસ્તિક રેચિત, ૮ મણ્ડલસ્વતિક, ૯ નિકુટ્ટક, ૧૦ અર્ધ નિકુટ્ટ, ૧૧ કટિચ્છિન્ન, ૧૨ અર્ધ રેચિત, ૧૩ વક્ષઃસ્વસ્તિક, ૧૪ ઉન્મત્ત, ૧૫ સ્વસ્તિક, ૧૬ પૃષ્ઠસ્વસ્તિક, ૧૭ દિક્સ્વસ્તિક, ૧૮ અલાત, ૧૯ કટીસમ, ૨૦ આક્ષિપ્ત રેચિત, ૨૧ વિક્ષિપ્તાક્ષિપ્ત, ૨૨ અર્ધ સ્વસ્તિક, ૨૩ અઞ્ચિત, ૨૪ ભુજંગત્રાસિત, ૨૫ ઊર્ધ્વ જાનુ, ૨૬ નિકુંચિત, ૨૭ મત્તલ્લિ, ૨૮ અર્ધ મત્તલ્લિ, ૨૯ રેચિત નિકુટ્ટ, ૩૦ પાદાપવિદ્ધ, ૩૧ વલિત, ૩૨ ઘૂર્ણિત, ૩૩ લલિત, ૩૪ દણ્ડપક્ષ, ૩૫ ભુજંગત્રસ્ત રેચિત, ૩૬ નૂપુર, ૩૭ વૈશાખ-રેચિત, ૩૮ ભ્રમર, ૩૯ ચતુર, ૪૦ ભુજંગાંચિત, ૪૧ દણ્ડરેચિત, ૪૨ વૃશ્ચિકકુટ્ટિત, ૪૩ કટિભ્રાન્ત, ૪૪ લતાવૃશ્ચિક, ૪૫ છિન્ન, ૪૬ વૃશ્ચિકરેચિત, ૪૭ વૃશ્ચિક, ૪૮ વ્યંસિત, ૪૯ પાર્શ્વનિકુટ્ટ, ૫૦ લલાટતિલક, ૫૧ ક્રાન્ત, ૫૨ કુંચિત, ૫૩ ચક્રમણ્ડલ, ૫૪ ઉરોમણ્ડલ, ૫૫ આક્ષિપ્ત, ૫૬ તલવિલાસિત, ૫૭ અર્ગલ, ૫૮ વિક્ષિપ્ત, ૫૯ આવર્ત, ૬૦ દોલપાદ, ૬૧ વિવૃત્ત, ૬૨ વિનિવૃત્ત, ૬૩ પાર્શ્વક્રાન્ત, ૬૪ નિશુમ્ભિત, ૬૫ વિદ્યુતભ્રાન્ત, ૬૬ અતિક્રાન્ત, ૬૭ વિવર્તિત, ૬૮ ગજક્રીડિત, ૬૯ તલસંસ્ફોટિત, ૭૦ ગરુડપ્લુત, ૭૧ ગણ્ડસૂચિ, ૭૨ પરિવૃત્ત, ૭૩ પાર્શ્વ જાનુ, ૭૪ ગૃધ્રાવલીનક, ૭૫ સન્નત, ૭૬ સૂચિ, ૭૭ અર્ધસૂચિ, ૭૮ સૂચિવિદ્ધ, ૭૯ અપક્રાન્ત, ૮૦ મયૂરલલિત, ૮૧ સર્પિત, ૮૨ દણ્ડપાદ, ૮૩ હરિણપ્લુત, ૮૪ પ્રેઙ્ખોલિત, ૮૫ નિતમ્બ, ૮૬ સ્ખલિત, ૮૭ કરિહસ્ત, ૮૮ પ્રસર્પિત, ૮૯ સિંહવિક્રીડિત, ૯૦ સિંહાકર્ષિત, ૯૧ ઉદ્વૃત્ત, ૯૨ ઉપસૃત, ૯૩ તલસંઘટ્ટિત, ૯૪ જનિત, ૯૫ અવહિત્થ, ૯૬ નિવેશ, ૯૭ એલકાક્રીડિત, ૯૮ ઊરુદ્વૃત્ત, ૯૯ મદસ્ખલિત, ૧૦૦ વિષ્ણુક્રાન્ત, ૧૦૧ સંભ્રાંત, ૧૦૨ વિષ્કમ્ભ, ૧૦૩ ઉદ્ઘટ્ટિત, ૧૦૪ વૃષભક્રીડિત, ૧૦૫ લોલિત, ૧૦૬ નાગાપસર્પિત, ૧૦૭ શકટાસ્ય, અને ૧૦૮ ગંગાવતરણ. સામે આમાંનાં થોડાં કરણ આપ્યાં છે.





પદભેદની મૂળ પાંચ સ્થિતિ. નૃત્ત કે નૃત્યમાં કલાત્મક અંગસ્થિતિ તો જોઈએ જ; સાથે તેમાં તાલબદ્ધતા પણ એટલી જ આવશ્યક છે. એ બંનેની સિદ્ધિ માટે જે પદભેદની વિચારણા થઈ છે તેના મુખ્ય પાંચ પ્રકાર અહીં દર્શાવ્યા છે. ડાબી બાજુથી : ૧) સમપાદ સ્થાનક; ૨) આયતમંડલ; ૩) આલીઢ; ૪) સ્વસ્તિક સ્થાનક; ૫) અગ્રતલ.

સામેના ચિત્રમાં દર્શાવેલા આઝાદીના પરસ્તોને સ્મરણાંજલિ

પાયામાં પુરાએલા

આજે આપણે સ્વાતંત્ર્યની રજતજયંતી માણીએ છીએ ત્યારે એને માટે પાયામાં પુરાએલાઓનું સ્મરણ ઉચિત થશે. તેની પ્રાપ્તિ માટે ઝૂઝનારાઓ વિષેનો પ્રથમ ખયાલ મોટેભાગે હોમરૂલ ચળવળ ઉગ્ર બની ત્યારથી લોકમાન્ય તિલક, ઍની બેસંટ, મહાત્મા ગાંધી અને એ સૌના સાથીઓનો આવે છે. અને તે પૂર્વે ૧૮૫૭ના વિપ્લવથી માંડીને ૧૯૪૨-ની 'કરેંગે આ મરેંગે'ના આખરી જંગ સુધીમાં હિંસક માર્ગે નાનીમોટી ક્રાન્તિકારી ચળવળો ચલાવીને સ્વાતંત્ર્ય-યજ્ઞમાં બલિ થઈ જનારાઓને આપણે વંદીએ છીએ. વસ્તુતઃ તો ગુલામી સાથે આ દેશે કદી સમાધાન સાધેલું નથી. કૉંગ્રેસના યે જન્મ પહેલાં તે પોતાનું રાષ્ટ્રીય સંમાન જાળવવા પ્રયત્નશીલ હતો જ. છેક ૧૮૨૩માં 'કલકત્તા ગૅઝેટ'માં છપાએલા એક લેખ માટે જાહેર મતપ્રદર્શનને રૂંધતો કાયદો રચવામાં આવ્યો ત્યારે રવીન્દ્રનાથના દાદા પ્રિન્સ દ્વારકાનાથ ટાગોર અને રાજા રામમોહન રાય તે સામે સુપ્રીમ કોર્ટમાં ગએલા અને ગુલામી વિરુદ્ધ ઇંગ્લૅંડભરમાં ઝુંબેશ ચલાવનાર જ્યૉર્જ થૉમ્પ્સનને હિંદ બોલાવ્યો ત્યારથી આપણા સ્વાતંત્ર્ય વિચારનું બીજ રોપાયું. ◖ તે પછી ૧૮૫૭નો વિપ્લવ જો કે કચડી નાખવામાં આવ્યો, પણ ગુલામીને નાબૂદ કરવા માટેની ફના-ગીરીની ભાવના આ દેશમાં જલતી જ હતી. ગાંધીજીની અહિંસક ક્રાંતિ-ની ઝુંબેશ પહેલાં પચ્ચીસેક વર્ષ પર સ્થપાએલી કૉંગ્રેસનું ધ્યેય જ્યારે માત્ર બ્રિટિશ સરકાર પાસે દેશના વહીવટમાં હિસ્સો માગવા પૂરતું જ ગોપાળ કૃષ્ણ ગોખલે અને ફિરોઝશાહ મહેતા જેવાઓ સેવતા હતા ત્યારે પણ આઝાદીપરસ્ત યુવાનોને એ મવાળગીરી રુચતી ન હતી. ઈ. ૧૮૫૭ પછી ચાલુ રહેલી એ ચિનગારી પ્રજાના મનમાં એક સૂત્ર સદા ઘૂંટતી રહી હતી કે 'શહાદતના ખાતર વિના આઝાદીની ફસલ કદી ઊતરવાની નથી.' અને તદનુસાર એ શહાદતની પરંપરા નાનામોટા વિદ્રોહો રૂપે ત્યારથી નેવું વર્ષ સુધી ચાલુ જ રહી હતી. ◖ એનો પહેલો ઝબકારો ૧૮૭૨ના પંજાબના ગુરુ રામસિંહના 'કૂકા વિદ્રોહ'થી થયો. તે પછી એના અનુસંધાનમાં મહારાષ્ટ્રમાં વાસુદેવ ફડકેએ પેટાવેલી મશાલ 'હિંદુ ધર્મરક્ષિણી સભા' દ્વારા દામોદર અને બાળકૃષ્ણ ચાફેકર બંધુઓએ જે ૧૮૯૪થી ઉપાડી લીધી તે વીસમી સદીની શરૂઆત સુધી 'મિત્રમેળા'-ના નામ હેઠળ ઠેર ઠેર રચાતાં સંગઠનો દ્વારા 'સ્વાતંત્ર્યલક્ષ્મીનો જય' એ ઘોષણા દ્વારા જલતી રહી, જેને વિનાયક દામોદર સાવરકરે ઈ. ૧૯૦૪માં 'અભિનવ ભારત'ના સંગઠન સ્વરૂપે ભભૂકાવી દીધી. વડોદરા-ના વ્યાયામ-પુરોધા રાજરત્ન માણેકરાવ, સ્વાતંત્ર્ય પછી મુંબાઈના પંત-પ્રધાન બનેલા સ્વ. બાળાસાહેબ ખેર, સર સિકંદર હયાતખાન, સેના-પતિ બાપટ અને આજના આપણા કાકાસાહેબ કાલેલકર ને આચાર્ય કૃપ-લાની પણ તેના સભ્યો હતા. ◖ ઈ. ૧૮૮૪ના ડિસેમ્બરમાં મદ્રાસ મુકામે દીવાન બહાદુર રઘુનાથરાવને ત્યાં, માતૃભૂમિની સ્વતંત્રતા માટે રાષ્ટ્રીય પાયે કાંઈક આંદોલન ઉપાડવાનું કેટલાક હિંદીઓએ એકઠા થઈ નક્કી કર્યું. એ આંદોલન બહુ જોર ન પકડે એ ખયાલથી ત્યારના વાઈસરૉયે ઍલન ઑક્ટેવિયસ હ્યૂમ જેવા એક નિવૃત્ત નોકરિયાત દ્વારા કૉંગ્રેસની સ્થાપના કરાવીને બ્રિટિશ હકૂમત માટે એક 'સેઈફ્ટી વાલ્વ' ઊભો કર્યો. તે પછી ઈ. ૧૯૦૫ સુધીના એ કૉંગ્રેસના બે દાયકા ગોપાળકૃષ્ણ ગોખલે, સર ફિરોઝશાહ મહેતા આદિ વિનીત નેતાઓની રાહબરી નીચે બ્રિટિશ સરકારને રાજકારભારની ક્ષતિઓ દૂર કરવાની વિનતિઓ કરવામાં જ વીત્યા. પણ ઈ. ૧૯૦૫ની સાલ એમાં પરિવર્તનકારી નીવડી. એ સાલની ૧૫મી ઑક્ટોબરે વાઈસરૉય લૉર્ડ કર્ઝને બંગાળના બે ભાગલા પાડ્યા. આખા દેશે એનો વિરોધ કર્યો અને ઈ. ૧૯૦૬માં મળેલી કલકત્તા કૉંગ્રે-સના પ્રમુખપદેથી દાદાભાઈ નવરોજજીએ પહેલી જ વાર હિંદનું ધ્યેય સ્વ-રાજ્ય પ્રાપ્ત કરવાનું હોવાની ઘોષણા કરી. (અનુસંધાન 'માધુકરી'માં)





...ન
ઍલન ઑક્ટેવિયસ હ્યૂમ
ગોપાલ કૃષ્ણ ગોખલે
ફિરોઝશાહ મહેતા
સિસ્ટર નિવેદિતા
વાસુદેવ બ. ફડકે
દામોદર ચાફેકર
સરદાર અજિતસિંહ
લાલા લજપતરાય
ઉપેન્દ્રનાથ બેનરજી
ગણેશ ઘોષ
કરતારસિંહ
વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય
સોહનલાલ
જેમ્સ સિલ્ક બકિંગહામ
કેહરસિંહ
સરદારસિંહ રાણા
મદનલાલ ધીંગરા
બારીન્દ્ર ઘોષ
મહાત્મા ગાંધીજી
ત્રૈલોક્યનાથ ચક્રવર્તી (મહારાજ)
અશફાકુલ્લાખાં
જતીન્દ્ર દાસ
લાલા હરદયાળ
વિષ્ણુ ગણેશ પિંગલે
...મહેન્દ્ર પ્રતાપ
બિપિનચંદ્ર પાલ
કાકાસાહેબ કાલેલકર
ખુદીરામ બોઝ
રાસવિહારી વસુ
માસ્ટર અમીરચંદ
રાજેન્દ્ર લાહિડી
મિશ્ર
સૂર્ય સેન
એની બેસંટ
આચાર્ય કૃપલાની
શ્યામજી કૃષ્ણ વર્મા
ભગતસિંહ
કન્હાઈ દત્ત

ભારતીઓના હૃદયહૃદયમાં વ્યાપ્ત એ જાણીતી કથાના કીલક-રૂપ કરુણ પ્રસંગનું એક અકલ્પ્ય અને કાવ્યોચિત અર્થઘટન કરતું મહાકવિ ભાસનું

શિષ્ટમાન્ય સાહિત્યમાળા

પ્રતિમા નાટક

વાર્તાંતર: પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

અયોધ્યાના રાજમહેલના એક આવાસમાં સીતા વેશ-ભૂષાનો વિનોદ કરી રહી હતી. તેની એક દાસી અવદાતિકા બે ઘડી રમ્મત માટે નટશાળામાંથી વલ્કલ ઉઠાવી લાવી હતી. સીતાને આ રીત ગમી નહિ. તેણે વલ્કલ પાછું મૂકી આવવાની દાસીને સૂચના કરી. અવદાતિકા પાછી વળતી હતી ત્યાં સીતાના મનમાં તરંગ ઊઠયો: પોતે એ વલ્કલ પહેરે તો કેવી શોભે!'

એકદમ એણે અવદાતિકાને પાછી બોલાવી, ને તેની પાસેથી વલ્કલ લઈ અવનવો વેશ ધારણ કરી દાસીઓ સાથે ઘડીભર ઠઠ્ઠા-મશ્કરી કરી રહી. એ સમયે એની પ્રસન્નતામાં વધારો થાય એવા સમાચાર તેને મળ્યા: રામનો રાજ્યાભિષેક થાય છે! અને તરત દુંદુભિનો અવાજ સંભળાવા માંડયો. સીતા જરા વિચલિત થઈ: 'પિતાજી તો કુશળ છે ને?' દૂતે ખુલાસો કર્યો: 'મહારાજ પોતે જ રામનો અભિષેક કરાવે છે.'

સીતા ધન્ય બની રહી. વધામણી લાવનારને એ આભૂષણોની બક્ષિશ આપી રહી હતી ત્યાં જ દુંદુભિનો અવાજ એકાએક અટકી ગયો. સીતા ઉત્સુકતાથી દાસીને પૂછી રહી: 'અભિષેકમાં વિઘ્ન આવ્યું હશે? ન જાણે, રાજકુટુંબો બહુવૃત્તાન્તવાળાં હોય છે.'

દાસીએ ખુલાસો કરતાં કહ્યું: 'મારા જાણ્યા પ્રમાણે રામનો રાજ્યાભિષેક કરી મહારાજ વનવાસ સેવવાના છે.'

સીતા ક્લાન્ત મુખે કહી રહી: 'ત્યારે તો આ અભિષેકનું જળ, આંસુભર્યા મુખને ધોવાનું જળ બની જશે.'

સીતા જ્યારે વિહ્વળ ચિત્તે આગામી ઘટના અંગે વિચારી રહી હતી તે સમયે રામના મુખ પર પ્રસન્નતાની ઝલક હતી. રામના રાજ્યાભિષેકનો વિધિ ચાલી રહ્યો હતો. તેમના દેહ પર અભિષેકની ધારા થઈ રહી હતી. ત્યાં અચાનક રાજા દશરથે રામને પાસે બોલાવીને વનમાં જવાની આજ્ઞા કરી. રામની પ્રસન્નતા તેવી રહી. પ્રજા એમનું ધૈર્ય જોઈ વિસ્મય પામી ગઈ. રામને કૌતુક થયું: 'પિતાની આજ્ઞા પુત્ર માને તેમાં વિસ્મય શું?'

રાજધુરામાંથી મુક્ત બનેલા રામ હળવે હૈયે સીતાને મળ્યા. અભિષેક વિષે તેનું કુતૂહલ જાણી રામે સ્વસ્થતાથી વાત કરવા માંડી: 'મહારાજે મને ખોળામાં બેસાડી 'હે પુત્ર આ રાજ્ય તને સોંપું છું.' એમ કહ્યું. હું પિતાજીનાં ચરણોમાં ઝૂકી ગયો. મારાં આંસુથી એમનાં ચરણ અને એમનાં આંસુથી મારું મસ્તક ભીંજાવા લાગ્યાં..મેં એમની આવી કૃપાનો અસ્વીકાર કરવા માંડયો ત્યારે તેમણે પોતાના પ્રાણના સોગંદ આપ્યા. અંતે લક્ષ્મણ અને શત્રુઘ્ન તીર્થજલથી અભિષેક કરવા માંડયા, ત્યાં જ વ્યાકુળ મંથરા આવી. પિતાના કાનમાં તેણે કંઈક કહ્યું. બસ... રાજ્યાભિષેક બંધ રહ્યો.' રામે નિરાંતનો શ્વાસ લઈ કથા પૂરી કરી અને સીતાને આભૂષણ વિનાની જોઈ પ્રશ્ન કર્યો: 'તમારા અલંકાર ક્યાં? અને આ વલ્કલ કેમ ધારણ કર્યાં? લાવો હું પણ તે ધારણ કરીશ.' સીતા વિકળ બની ગઈ: 'નહિ નહિ આર્યપુત્ર! અમંગલ ન બોલશો.'

સીતા અને રામ વચ્ચે વલ્કલ ધારણ કરવાની બાબતમાં મધુર ખેંચતાણ ચાલી રહી હતી ત્યાં એક દૂત દોડતો આવ્યો. એનો શ્વાસ સમાતો નહોતો: 'કુમાર બચાવો...મહારાજની રક્ષા કરો.'

રામ સજ્જ બની ગયા: 'કોના તરફથી આપત્તિ આવી છે?'

'સ્વજન તરફથી. મહારાણી કૈકેયીએ આપત્તિ સર્જી છે.'

રામ તત્કાળ બોલી ઊઠયા: 'માતા કૈકેયી! ત્યારે તો પરિણામ જરૂર મંગલ હશે' રામના શબ્દોમાં શ્રદ્ધાનો રણકો હતો. દૂત કચવાઈ ઊઠયો: 'કુમાર, સ્ત્રીઓની અધમ બુદ્ધિપ્રતિ સરળતા ન દાખવશો. તેના વચને જ આપનો રાજ્યાભિષેક બંધ રહ્યો છે.'

રામ સ્વસ્થતાથી કહી રહ્યા: 'તેથી શું? મારો રાજ્યાભિષેક અટકયો એટલે પિતાનું વનગમન બંધ રહ્યું. એમની છાયા હું પામીશ. પ્રજાને નવા રાજા સંબંધી ચિંતા કરવાની ટળી ને મારા બંધુઓ રાજ્યસુખથી વંચિત ન રહ્યા. આ તો ઇષ્ટ વાર્તા બની.'

દૂત આવેગથી બોલી પડયો: 'અરે કુમાર! વિનાઆમંત્રણ દોડી આવી એમણે તો કહ્યું: 'ભરતનો રાજ્યાભિષેક કરો.' આ લોભ નહિ તો બીજું શું?'

રામ તત્કાળ બોલી ઊઠયા: 'રે વાહ! શુલ્કમાં નક્કી થયા પ્રમાણે માતા કૈકેયી રાજ્ય માગે તે લોભ, ને ભાઈનું રાજ્ય અમે હરી લઈએ તે અમારો લોભ નહિ?' ને એમણે દૂતને આજ્ઞા કરી: 'માતા કૈકેયી વિષે મારે વિશેષ નિંદા સાંભળવી નથી. મહારાજ દશરથ વિષેના સમાચાર કહો.'

દૂતે તેમની મૂર્છાવસ્થાના સમાચાર આપ્યા...ને રામ વિચલિત બની ગયા: 'સાચે જ પિતાજી મૂર્છા પામ્યા?'

રામના પ્રશ્નનો ઉત્તર આપવા માટે જ ધસી આવતા હોય તેમ લક્ષ્મણ આવી પહોંચ્યા. એનો ક્રોધ તો સમાતો ન હતો. આવેશમાં જ તેની વાગ્ધારા ચાલી: 'મહારાજની મૂર્છા સહન ન થઈ શકે તો ધરો ધનુષબાણ. દયા દાખવશો નહિ. સ્વજનો પ્રત્યે દયા દર્શાવનારા હાંસીપાત્ર બને છે. તમને એ કાર્ય અનુચિત લાગતું હોય તો મને સંમતિ આપો. આ જગત હું યુવતીરહિત કરી નાખવા માટે કૃતનિશ્ચયી છું.'

રામ ચકિત થઈને લક્ષ્મણનો કોપ જોઈ રહ્યા. સમજાવટથી તેને પૂછવા માંડયા: 'પણ ભાઈ લક્ષ્મણ! કહો તો ખરા શી વાર્તા બની છે?'

લક્ષ્મણનો આવેશ આ પ્રશ્નથી વધી પડયો: 'શી વાર્તા બની છે એમ પૂછો છો? ક્રમ પ્રમાણે પ્રાપ્ત થતું રાજ્ય છીનવી લેવાતું હોય, મહારાજ ભૂમિશય્યા પર મૂર્છાવશ હોય ત્યારે.........નહિ નહિ! દયા માયા કંઈ નહિ. આત્મગૌરવ વિના ક્ષમા હોઈ શકે ખરી?'

રામે ખેદપૂર્વક ટકોર કરતાં કહ્યું: 'મારું રાજપદ ગયું તેમાં આ બધો પુરુષાર્થ? આવો અવિવેક શો? રાજા હું બનું કે ભરત બને, તને તો બંને બે ય સમાન છે. તેમ છતાં તને ધનુષ્યનો ગર્વ હોય તો ભરતની સેવામાં તેનો ઉપયોગ કરજે. તું જરા વિચાર તો કર! પિતાએ પોતાનું વચન સત્ય કર્યું, તેમના પર હું ધનુષ્યનો ટંકાર કરું? પોતાના અધિકારની મિલકત માગતી માતા સામે હું યુદ્ધ આદરું? અને નિર્દોષ ભરતને હણવાનું કશું પ્રયોજન ખરું? આ ત્રણ પાપમાંથી હું કયું પાપ કરું તો તને ઈષ્ટ લાગશે?'

રામના આ મૃદુ ઉપાલંભથી લક્ષ્મણનાં નેત્રો આંસુભીનાં બની ગયાં. પ્રયત્નપૂર્વક સ્વસ્થ થઈ તે દલીલ કરી રહ્યા: 'અરે! કેવી દુઃખની વાત છે! તમે મારી વાતનું રહસ્ય તો જાણો! રાજ્ય ગયું તેનો મને રોષ નથી, પરંતુ તમારે ચૌદ વર્ષ વનવાસ વેઠવાનો છે.'

આ સમાચારથી રામ જરા પણ વિચલિત થયા નહિ. પિતા દશરથ આવા નજેવા કારણે મૂર્છાવશ થયા તેનો તેમને ખેદ થયો. તે તત્કાળ પિતા-

ના આદેશનું પાલન કરવા સજ્જ થયા. સીતા તત્ક્ષણ બોલી ઊઠી : 'હું યે તમારી સહધર્મચારિણી છું.' રામે તેને સમજાવી : 'આ તો વન-વાસ છે.'

'મારો રાજમહેલ પણ ત્યાં જ બનશે.'

'પણ સાસુ-સસરાની તારે સેવા કરવાની છે.'

'એમનું સ્મરણ કરી દેવોને નમસ્કાર કરું છું.'

સીતાના સંકલ્પબળ સામે રામ હારી ગયા. રામે વલ્કલ ધારણ કર્યાં. તરત લક્ષ્મણે ટકોર કરી : 'આર્ય ! અત્યાર સુધી વસ્ત્ર, આભૂષણ વગેરે ચીજોમાં મારો અર્ધભાગ રાખતા હતા, હવે વલ્કલમાં તમને લોભ પેઠો ?'

રામ વિના લક્ષ્મણે અયોધ્યામાં રહેવાની સ્પષ્ટ ના પાડી. વડીલ બંધુની સેવા માટે તેણે પણ વનવાસનો આગ્રહ રાખ્યો. લક્ષ્મણના પ્રેમ આગળ રામ પરાજિત થયા. લક્ષ્મણે પણ વલ્કલવેશ ધારણ કરી લીધો.

રામ સીતા અને લક્ષ્મણ વનવાસ માટે મહેલમાંથી નીકળ્યાં ત્યાં જ મહેલમાંથી દૂત દોડતો આવ્યો : 'કુમાર, ના જશો, ના જશો. આપના વનગમનની વાત સાંભળી વ્યાકુળ બની ગએલા મહારાજ દશરથ પધારે છે.'

પરંતુ રામ-લક્ષ્મણને ત્યાં રોકાઈ રહેવાનું ઉચિત લાગ્યું નહિ. નગરજનોની વિદાય લઈ ત્રણે વનની વાટે નીકળી પડયાં. આખી નગરીમાં હાહાકાર મચી રહ્યો. ભરવસ્તીએ અયોધ્યા નગરી ભેંકાર ભાસવા લાગી. સર્વત્ર શોકનું સામ્રાજ્ય વ્યાપી ગયું. દશરથ રાજા રામ-લક્ષ્મણના વિયોગે કરુણ કલ્પાંત કરી રહ્યા. કૌશલ્યા અને સુમિત્રા તેમની આસનાવાસનામાં તત્પર બની ગઈ. દશરથ વિધાતાને દોષ દેતા વલોપાત કરી રહ્યા : 'રે દુષ્ટ દેવ ! તેં મને નિઃસંતાન કેમ બનાવ્યો ? અરે ! રામનો પિતા મને શા માટે બનાવ્યો ? કૈકેયીને વનની વાઘણ તેં કેમ ન બનાવી ?'

સારથિ સુમન્ત્રનો ખાલી રથ પાછો આવ્યો તે સમાચાર સાંભળી દશરથ દિગ્મૂઢ બની ગયા. એમનામાં ઉન્માદ પ્રવેશ્યો. એ પોકાર કરી ઊઠયા : 'રથ ખાલી આવ્યો ? ત્યારે તો યમરાજે મને તેડવા માટે જ તે મોકલ્યો હશે ! અરેરે ! વનમાં વહેતા વાયુને ધન્ય છે કે રામના અંગોને યથેચ્છ સ્પર્શ કરવાનું તેને સદ્ભાગ્ય મળ્યું છે.' સારથિ સુમન્ત્રને જોતાં જ વળી એમનો ઉન્માદ ઊછળ્યો : '......હે રામ ! હે પુત્ર ! તને રાજ્ય સોંપી તપોવનમાં જવાની મારી અભિલાષા કૈકેયીએ રોળી નાખી. હે સુમન્ત્ર ! વનમાં જતાં તેઓ કશું બોલ્યા ખરા ?'

સુમન્ત્રે મંદ સ્વરે તેમને દિલાસો દેતાં કહ્યું : 'મહારાજ ! તેમણે કશીક વિજ્ઞપ્તિ માટે હોઠ ફફડાવ્યા, પરંતુ આંખમાં ઊભરાએલાં આંસુએ તેમની વાચા હરી લીધી.'

દશરથનું મન ભાંગી પડયું. થોડી ક્ષણોમાં ફરી તેમનો ઉન્માદ વધ્યો : 'સુમન્ત્ર ! હવે તું જઈને કૈકેયીને કહે કે હવે તારે કાળજે ટાઢક થઈ ને ? રામ ગયો, રાજી થા. હું પણ જવાની તૈયારીમાં. હવે ભરતને તેડાવી નિરાંત જીવે તારું પાપ પૂરું કર.' આટલું બોલતાં તો તેમની આંખો ઊંચે ચડી ગઈ. તે ભાન ભૂલીને પ્રલાપ કરવા માંડયા : 'અરે, મારા પિતૃઓ ! મને આશ્વાસન દેવા...આ કોણ ? દિલીપ ?...આ મારા પિતા અજ ? મને લેવા આવ્યા છો ? તમારો સહ...વાસ...હવે...હે રામ ! હે સીતા ! હે લક્ષ્મણ ! આ...હું...આવ્યો !' અને દશરથ રાજાના પ્રાણ ઊડી ગયા.

રાજકુમાર ભરત પોતાના મોસાળથી રથમાં બેસીને પૂરવેગે અયોધ્યા આવી રહ્યો હતો. પિતા દશરથની ગંભીર માંદગીના સમાચાર તેણે જાણ્યા હતા ! એનું હૃદય વેગથી ધડકી રહ્યું હતું. સ્વજનોને સત્વર મળવા-ભેટવા તેનું મન ઉત્સુક બની ગયું હતું. અયોધ્યા નગરીની સીમા આવી, પરંતુ રોહિણી નક્ષત્ર શરૂ થયા પછી જ નગર પ્રવેશ કરવાની પુરોહિતોએ તેને સૂચના મોકલાવી હતી. એ મુહૂર્તને થોડીક વાર હતી, એટલે ભરતે વૃક્ષોની ઘટામાં રચાએલા એક દેવસ્થાનમાં વિસામો કર્યો. મંદિરની દીવાલો પર ચંદનના લેપ હતા; દ્વાર પર ફૂલનાં તોરણ બાંધેલાં હતાં. 'કોઈ તહેવાર હશે ? ક્યા દેવનું આ મંદિર હશે ?' ભરત વિચાર કરી રહ્યો. તેની નજર ચાર દેવપ્રતિમા પર ઠરી. એના ચિત્તમાં આનંદની લહર ફરકી. દેવતાઓને તે પ્રણામ કરવા આતુર બન્યો. ત્યાં જ મંદિરના પૂજારીએ તેનો રોક્યો : 'અરે ! નહિ નહિ ! પ્રણામ ન કરશો.'

'કંઈ કારણ ? મારો કોઈ દોષ છે ?' ભરત જિજ્ઞાસાથી પૂછી રહ્યો.

'દોષ નહિ, પરંતુ આપ કદાચ બ્રાહ્મણ હો, અને આ પ્રતિમાઓને દેવ માનીને પ્રણામ કરો એ કારણે આપને રોકું છું. આ પ્રતિમાઓ દેવતાની નથી, ક્ષત્રિય રાજાઓની છે—અયોધ્યાના ઇક્ષ્વાકુ રાજાઓ !' ભરતની આતુરતા જોઈ પૂજારીએ દિલીપ, રઘુ અને અજ રાજાની પ્રતિમાઓનો તેને પરિચય કરાવ્યો. પણ ચોથી દશરથની પ્રતિમા જોઈ તેના મનમાં ફાળ પડી. અનેક કુશંકાઓથી તેનું ચિત્ત ઘેરાઈ ગયું. મહામુસીબતે તે પૂજારીને પૂછી રહ્યો : 'જીવિત રાજાઓની પ્રતિમા સ્થાપવાનો રિવાજ પણ છે ?'

'નહિ...મૃત રાજાઓની જ...'

'ભલે...ભલે, હું જાઉં ત્યારે—' ભરત ત્યાંથી નાસવા જ માંડયો.

'અરે, પણ જેણે રાણીને શુલ્કમાં રાજ્ય અને પ્રાણ અર્પણ કરી દીધાં તે મહારાજા દશરથની પ્રતિમા...'

ભરત મૂર્છા ખાઈને ભૂમિ પર ઢળી પડયો. થોડી વારે જરાક સ્વસ્થ થતાં જ તેને માતા કૈકેયીનો વિચાર આવ્યો : 'રાણીના શુલ્ક માટે રાજ્ય અને પ્રાણ !...આ શુલ્ક સાથે મારો કંઈ પણ સંબંધ હશે ? ...આ પૂજારીની વાત સત્ય હશે તો મારે કલંક ટાળવા માટે દેહની વિશુદ્ધિ કરવી પડશે....' એના આ ઉદ્ગારો ધ્યાનથી સાંભળી રહેલા પૂજારીએ તેને ઓળખ્યો : 'આપ પોતે જ કૈકેયીપુત્ર ભરત ?'

'હું દશરથપુત્ર ભરત, કૈકેયીપુત્ર નહિ !' પૂજારીએ આ વચન સાંભળી તેને રામ સીતા અને લક્ષ્મણ વનમાં ગયાં તે સમાચાર પણ આપ્યા. તીવ્ર આઘાતથી ભરત મૂઢ જેવો બની ગયો. પૂજારી રામના રાજ્યાભિષેકનો પ્રસંગ અને તેમાં આવી પડેલા વિઘ્નની કથા વર્ણવવા માંડયો. તરત જ ભરતને પોતાની માતાની દુષ્ટતાનો અણસારો આવી ગયો : 'એણે જ વિવાહશુલ્કનું મહારાજા દશરથને સ્મરણ કરાવીને મારો પુત્ર રાજા બને એવું વરદાન માગી લીધું હશે, રામને પણ તેની આજ્ઞાથી જ વનમાં જવું પડયું હશે, અને મારી માતાના આ પાપે જ પિતા કમોતે મર્યા હશે...' અને એ ઉદ્ગાર કરતો ભરત તીવ્ર મનોવેદનાથી મૂર્છિત થઈ ગયો.

ભરત ભાનમાં આવ્યો ત્યારે તેની ત્રણ માતાઓ અને સુમન્ત્ર ત્યાં દર્શનાર્થે આવેલાં હતાં. ભરત કૌશલ્યા માતાને પ્રણામ કરી રહ્યો : 'માતા, હું નિર્દોષ છું'. કૌશલ્યાએ તેને માથે હાથ મૂક્યો : 'પુત્ર, ચિંતારહિત થા.'

આ તે આશીર્વાદ કે ઉપાલંભ ?–ભરત દ્વિધામાં પડી ગયો. સુમિત્રાને તેણે પ્રણામ કર્યા. સુમન્ત્રે કૈકેયીને પ્રણામ કરવા ભરતને અનુરોધ કર્યો. એકદમ તેનો આવેગ ઊછળી આવ્યો : 'અરે પાપિણી ! ગંગા-જમનાની વચ્ચે પેસી ગએલી મલિન નદી શોભતી નથી...'

કૈકેયીએ તરત પ્રશ્ન કર્યો : 'પુત્ર, મારો કશો અપરાધ...?'

'અપરાધ પૂછે છે ? મને અપમાનિત કર્યો, રામને વલ્કલ પહેરાવ્યાં, પિતાને મોત આપ્યું, સમગ્ર અયોધ્યા નગરીને વિલાપ કરતી કરી મેલી, લક્ષ્મણ અને સીતાને વનવાસી બનાવ્યાં ને તારી જાતને પણ કાળી ટીલી લગાડી...ધિક્કાર છે તને !' કૌશલ્યાએ તેને શાંત પાડયો અને કૈકેયી માતાને પ્રણામ કરવા અનુરોધ કર્યો : 'એ તારી જનેતા છે, પુત્ર.'

'હતી—હવે નથી !' ભરત શુષ્કતાથી બોલી ઊઠયો

કૈકેયીએ ખુલાસો કરવા માંડયો : 'પુત્ર, મહારાજનું સત્ય વચન જાળવવા મેં મારો પુત્ર રાજા બને એવું વરદાન માગ્યું.'

'રામ તારો પુત્ર ન હતો ?' ભરત વક્રતાથી પૂછી રહ્યો.

'આ પ્રશ્ન શુલ્કની લાલસાવાળી કોઈ સ્ત્રીને પૂછજે.'

'ને રામને પત્ની સાથે વનમાં જવાની પણ તારા શુલ્કમાં શરત હતી ?'

'આજે એનો ઉત્તર આપવાનો સમય પાક્યો નથી.' કૈકેયી એટલું કહી મૌન ધારી રહી. સુમન્ત્રે ભરતને પ્રજાના રક્ષણ માટે રાજગાદી સ્વીકારવાની વિનંતી કરી. ભરતે તરત ઉત્તર આપી દીધો: 'જ્યાં રામ છે ત્યાં જ અયોધ્યા છે. હું ત્યાં જઈશ. પ્રજાજનો ભલે મને અનુસરે.'

સુમન્ત્ર ભરતને તપોવનમાં લઈ ગયો. રથમાંથી ઊતરી તેણે સુમન્ત્રને કહ્યું: 'તમે રામને કહો કે રાજલોભી કૈકેયીનો પુત્ર ભરત આવ્યો છે.'

સુમન્ત્રે ટકોર કરતાં કહ્યું: 'કુમાર, વડીલજનની નિંદા ઉચિત નથી.'

અંતે ભરત પોતે જ સામે ચાલીને ગયો. રામ, સીતા ને લક્ષ્મણના આશ્ચર્ય અને આનંદની કોઈ સીમા ન રહી. રામ અને ભરત બંને ઉત્કટ ભાવથી ભેટ્યા; હર્ષનાં આંસુ સારી રહ્યા. ભરતે રામને સ્પષ્ટ જણાવી દીધું: 'મારો દેહ હવે અહીં તમારી સેવામાં જ રહેશે...કર્મથી અયોધ્યામાં વસીશ. આપના નામથી જ રાજ્યનું સંચાલન થયા કરશે.'

રામે તેને વાર્યો: 'એમ નહિ. પિતાના આદેશથી મેં વનવાસ સ્વીકાર્યો છે. તારે ય વડીલનું વચન પાળવું જોઈએ. આપણા કુળની એ રીત છે.'

સુમન્ત્ર વચમાં જ બોલી ઊઠ્યો: 'અભિષેકનું જળ ક્યાં રાખવું?'

રામે તત્કાળ ઉત્તર દીધો: 'માતા કૈકેયીએ આજ્ઞા કરી છે ત્યાં જ એ ભલે રહે.' ભરતને રામના ઉદ્‌ગારમાં વક્રતા લાગી. ઝંખવાણો થઈને તે બોલી ઊઠ્યો: 'આર્ય, ભલે; પ્રસન્ન થયા? હજુ ઘા પર મીઠું ભભરાવશો? હે આર્ય! માતાએ કરેલો દોષ પુત્રનો દોષ ગણાતો નથી.'

ભરતને દુઃખી જોઈ સીતાનું અંતર દ્રવી ગયું. તે રામને કહેવા લાગી: 'આર્યપુત્ર, ભરત આટલા દુઃખી છે ત્યારે આપ શાના વિચારમાં છો?'

રામ પ્રસન્નતાથી બોલી રહ્યા: 'સ્વર્ગવાસી પિતાનો વિચાર કરું છું–પુત્ર ભરતનો આ ઉત્તમ ગુણ જાણ્યા વિના જ તે ગયા.' અને ભરતને પ્રેમથી સ્પર્શીને તે કહી રહ્યા: 'વત્સ ભરત! તારા સદ્‌ગુણોને સીમા નથી. તું નિષ્પાપ છે, પરંતુ પિતાના વચનને અસત્ય કરવાનું તને શોભશે? તું રાજ્યનું સંરક્ષણ ના કરે તો મારા સોગંદ છે.' ભરત કંપી ગયો: 'અરરર! તમે મને સાવ નિરુત્તર કરી દીધો! ભલે, પરંતુ મારી એક વિનંતી આપે માનવી પડશે. ચૌદ વર્ષ પછી હું રાજ્ય આપને પાછું સોંપી દઈશ.'

રામે ભરતની ભાવનાથી પ્રસન્ન થઈ સંમતિ આપી. ભરત કહે: 'આર્ય, હજુ એક વરદાન માગું છું...' રામ, સીતા અને લક્ષ્મણ આશ્ચર્યથી તેની સામે જોઈ રહ્યાં. ભરત કહે: 'આપની પાદુકા મને આપો. એ સિંહાસન પર સ્થાપીને હું તેનો સેવક બનીશ.'

ભરતની ઉદાત્ત ભાવનાથી રામ મુગ્ધ બની રહ્યા. ભરતને ભાવથી ભેટીને તેમણે કહ્યું: 'તથાસ્તુ! પણ રાજ્યની હવે એક ક્ષણ પણ ઉપેક્ષા ન થવી ઘટે. તારે સત્વર અયોધ્યા પાછા ફરવું એ જ ઈષ્ટ છે.'

સહુની ભાવભીની વિદાય લઈ ભીની આંખે ભરતે પ્રયાણ કર્યું.

થોડા દિવસ વીત્યા. દશરથ રાજાના શ્રાદ્ધનો દિવસ આવી રહ્યો. રામ ચિંતાતુર બન્યા. પિતૃદેવ પ્રસન્ન થાય તેવી સામગ્રી વનમાં ક્યાંથી લાવવી? દર્ભ ઉપર માત્ર ફળ મૂકીને વનમાં પિતૃશ્રાદ્ધ કરી શકાય, પરંતુ એ દર્ભ પરનાં ફળો જોઈ પિતાને પુત્રના અરણ્યવાસની સ્મૃતિ થાય ને સ્વર્ગમાં પણ પિતા શોકાતુર બની જાય. સીતાની સામે રામ પોતાની ચિંતા વ્યક્ત કરી રહ્યા હતા, ત્યાં સંજોગવશાત્ કોઈક અદ્‌ભુત સંન્યાસી આવી ચડ્યો. રામ તેને જોઈ અતિપ્રસન્ન થયા. ભાવપૂર્વક તેમણે અને સીતાએ તેનું સ્વાગત કર્યું. રામે પિતૃશ્રાદ્ધ અંગે પોતાની મુશ્કેલી આ સંન્યાસી સમક્ષ વર્ણવી. સંન્યાસી પ્રખર વિદ્વાન હતો. શાસ્ત્રો તેની જીભને ટેરવે હતાં. એણે સૂચવ્યું: 'શ્રદ્ધાપૂર્વક જે કંઈ અર્પણ થાય તે શ્રાદ્ધ જ ગણાય'.

પરંતુ રામને આવા વિકલ્પથી સંતોષ થયો નહિ. તેમણે સંન્યાસીને વિવેકપૂર્વક કહ્યું: 'શ્રદ્ધા વિના જે અપાય તે નિરર્થક જ છે એ હું જાણું છું. આપ કંઈક વિશેષ કહો.'

સંન્યાસીએ તત્કાળ વિકલ્પો સૂચવવા માંડ્યા: 'ઘાસમાં દર્ભ, ઔષધિઓમાં તલ, શાકમાં વટાણા, મત્સ્યોમાં મહાશફર, પક્ષીઓમાં વાર્ધ્રાણસ અને પશુઓમાં ગાય, ગેંડો વગેરે શ્રાદ્ધ સારુ યોગ્ય છે.'

પરંતુ રામના પિતૃભક્ત હૃદયને તૃપ્તિ થઈ નહિ. તેમણે ફરી સંન્યાસીને પૂછ્યું: 'આપે ગાય, ગેંડો વગેરે કહ્યું. વગેરે એટલે બીજાં ક્યાં પ્રાણી?'

સંન્યાસી કહે: 'વત્સ એ પ્રાણી શ્રાદ્ધ માટે મેળવવા પુરુષાર્થ કરવો પડે. હિમાલયમાં કાંચનપાર્શ્વ મૃગ વસે છે. તે મૃગોના શ્રાદ્ધથી પિતૃઓ પરિતોષ પામે છે. પરંતુ તે મૃગો ભાગ્યે જ દૃષ્ટિગોચર થાય છે.'

સંન્યાસીનાં વચનોથી રામના મુખ પર તેજ પ્રગટ્યું: 'હું હિમાલયમાં જઇને કાંચનપાર્શ્વ મેળવીશ.'

સંન્યાસી પણ રામનાં તેજસ્વી વચનોમાં પ્રગટ થતા ગૌરવ આગળ ઝંખવાઈ ગયો. પરંતુ અચાનક જ, ન જાણે કોના સંકલ્પબળે, એક કાંચનપાર્શ્વ મૃગ ત્યાં ભ્રમણ કરતો દેખાયો. સંન્યાસીએ રામને અભિનંદન આપ્યાં. રામ અને સીતા બંને પ્રસન્ન નેત્રે મૃગને નિહાળી રહ્યાં. લક્ષ્મણ એ સમયે તીર્થાટનથી પાછા ફરી રહેલા ઋષિના સ્વાગતે ગયો હતો. રામ પોતે જ પિતૃશ્રાદ્ધ માટે એ મૃગનો શિકાર કરવા નીકળ્યા. અતિથિસેવાનું કાર્ય સીતાને ભાગે આવ્યું.

રામે ધનુષ સજ્જ કરી નિશાન તાક્યું. ત્યાં કાંચનપાર્શ્વ મૃગ વીજળીના ચમકારાની જેમ દૂર સરી ગયો. રામ તેની પાછળ દૂર નીકળી ગયા.

અહીં એકાએક સંન્યાસી બોલી ઊઠ્યો: 'સીતા! હે વિશાળ નેત્રોવાળી!' સીતા એકદમ ભયવ્યાકુળ બની ગઈ. સંન્યાસી તેની પાસે ધસી ગયો: 'સીતા, વિરૂપ શૂર્પણખાની દશા જોઈને તેમજ ખર-દૂષણની હત્યા જાણીને તારા રામનો દર્પ ઉતારવા હું રાવણ આજે અહીં આવ્યો છું.'

સીતા ભયત્રસ્ત મૃગલી જેમ નાસવા માંડી. રાવણે તેને ગ્રહી લીધી: 'રાવણની દૃષ્ટિએ ચડેલી તું ક્યાં નાસીશ?' સીતાએ રક્ષણ માટે પોકાર કરી મેલ્યો. રાવણે તેને સમજાવવા માંડી: 'તું શા માટે પોકાર કરે છે? મારાં પરાક્રમો આગળ રામનું શૌર્ય નિષ્ફળ છે. હવે મને જ તારો પતિ જાણ.'

સીતાનું મુખ રોષથી રાતું બની ગયું. એની આંખોમાં અગ્નિ પ્રગટ્યો: 'તને શાપ આપીશ! છોડ મને!' રાવણ ક્ષણભર ચમકી ગયો. એ મનોમન બોલી રહ્યો: 'સૂર્યનાં કિરણોથી દાઝતો નથી...પણ "શાપ આપીશ" શબ્દો મને કાળજે ચંપાઈ ગયા.'

પણ તરત જ સ્વસ્થતાપૂર્વક રાવણ સીતાને ગ્રહીને આકાશમાર્ગે ઊડ્યો. સીતાની ચીસાચીસથી આખા વનમાં હાહાકાર મચી રહ્યો. ઋષિઓ આ ત્રાસજનક દૃશ્ય વ્યાકુળતાથી જોતા રહ્યા. ત્યાં એમના આનંદઆશ્ચર્ય વચ્ચે પંખીરાજ જટાયુએ સીતાના રક્ષણ માટે રાવણનો પીછો કર્યો. રાવણ એના સમર્થ પ્રતિકારને કારણે અધવચ અટકી ગયો. આકાશમાં બંને વચ્ચે તુમુલ યુદ્ધ જામ્યું. જટાયુએ રાવણના દેહમાં તીક્ષ્ણ નહોર મારી તેને થોડી ક્ષણ દિગ્મૂઢ બનાવી દીધો. નીચે ઊભેલા ઋષિઓએ હર્ષનો ચિત્કાર કરી મેલ્યો. રાવણે જટાયુના આ અણધાર્યા આક્રમણથી ખૂબ રોષે ભરાઈને ઉગ્રપણે જટાયુની જમણી પાંખ પર ખડગનો પ્રહાર કર્યો. જટાયુ મહાવૃક્ષ જેવો ધરણી પર ઢળી પડ્યો. ઋષિઓ આર્દ્ર બની તેનો વૈકુંઠવાસ વાંછી રહ્યા. એ વાતને સમય વીત્યો.

અયોધ્યામાં રાજસિંહાસન પર રામની પાદુકા સ્થાપીને રામ વતી રાજ્યકારભાર ચલાવતા ભરતે આ સમાચાર જાણ્યા. એને તીવ્ર આઘાત લાગ્યો. એનો સમગ્ર રોષ કૈકેયી પર ઠલવાયો: કૈકેયીનાં જ દુષ્કાર્યોનું આ ફળ? કૈકેયીને મળતાં જ ભરતનાં વેણમાં વક્રતા આવી: 'તને પ્રિય, ને સુખદ એવા સમાચાર કહેવા આવ્યો છું.'

કૈકેયી ચકિત થઈ: 'વત્સ, ત્યારે માતા કૌશલ્યા અને સુમિત્રાને પણ બોલાવને!'

'નહિ. એમને સાંભળવા યોગ્ય નથી.' શુષ્કતાથી ભરતે કહ્યું.

કૈકેયી ચિંતિત બની રહી. ભરતે મર્મવાણી ઉચ્ચારી: 'તારા તમામ કોડ પૂરા થયા....'

કૈકેયી આશ્ચર્યચકિત નજરે તેની સામે તાકી રહી. ભરતે કઠોરતાથી કહેવા માંડયું: 'તારો જે કુંવર તારી આજ્ઞાથી વનમાં ગયો હતો તેની પત્ની સીતાનું અપહરણ થયું. હવે સંતોષ થયો?'

કૈકેયી થોડી ક્ષણ મૂઢ બની ગઈ. ભરતે ફરી મર્મપ્રહાર કર્યો: 'પૂર્વજોએ તારા જેવી કુલવધૂ લાવીને 'વધૂના અપહરણ'નું સુ-ફલ પ્રાપ્ત કર્યું?' કૈકેયીએ આ મર્મપ્રહાર સહી લીધો. થોડી ક્ષણ વિચારીને તેણે ભરતને પ્રેમથી કહ્યું: 'પુત્ર! તને મહારાજના શાપની કથાની જાણ નથી?'

સુમન્ત્ર ભરતની સાથે જ ઊભા ઊભા આ વાર્તાલાપ સાંભળી રહ્યા હતા. તે આશ્ચર્યભાવે કૈકેયીની સામે જોઈ રહ્યા. કૈકેયીએ તેમને સૂચના કરી: 'ભરતને એ બધી વાત વિગતે કહો.'સુમન્ત્રે ભરતને પૂર્વે બની ગએલી કરુણ ઘટના કહી, 'કુમાર, એ અંધ મુનિના નેત્રરૂપ પુત્રની તમારા પિતાશ્રીના શબ્દવેધી બાણથી હત્યા થઈ અને એ મુનિએ તમારા પિતાને શાપ દીધો: 'પુત્રશોકથી હું મરું છું તેમ તું મરજે.'

કૈકેયીએ તક સાધીને કહ્યું: 'પુત્ર! હવે સમજ્યો? પુત્રવિયોગ કરાવ્યા વિના મુનિનો શાપ ટાળી શકાય નહિ. એટલે કલ્યાણની ભાવનાથી જ મેં અપયશ વેઠીને પણ પુત્ર રામને વનમાં મોકલ્યો...'

ભરતે તત્કાળ પ્રશ્ન કર્યો: 'પુત્રવિયોગ ભરતનો કરાવ્યો હોત તો?'

કૈકેયીએ એને સમજાવટથી મૃદુભાવે કહ્યું: 'વત્સ, તું મોસાળમાં હોવાને કારણે તારો વિયોગ તો એમને હતો જ...'

ભરતની શંકાનું હજુ સમાધાન થયું નહિ. 'એમ? ત્યારે ચૌદ વર્ષની આજ્ઞા પાછળનું પ્રયોજન!' કૈકેયી સરળથી કહી રહી: 'પુત્ર! હૃદય વ્યાકુળ હતું. એમાં "ચૌદ દિવસ" ને બદલે "ચૌદ વર્ષ" કહેવાઈ ગયાં.'

ભરત વિચારમાં પડયો. પછી કહે: 'આ પ્રસંગની બીજા કોઈને જાણ છે ખરી!' કૈકેયીને બદલે સુમન્ત્ર જ બોલી ઊઠયા: 'વસિષ્ઠ-વામદેવ જેવા મહામુનિઓ આ સર્વ વસ્તુ જાણતા હતા. તેમની આ કાર્યમાં સંમતિ પણ હતી.'

ભરતના હૃદયમાંથી શલ્ય નીકળી ગયું. 'હાશ! આજે હું નિર્દોષ ઠર્યો. મારી માતા અપરાધ રહિત ઠરી...' એકદમ એ માતા કૈકેયીનાં ચરણમાં પડી વારંવાર તેની ક્ષમા માગી રહ્યો. માતા કૈકેયી હર્ષનાં આંસુ સારી તેનું મસ્તક સૂંઘી રહી.

થોડા સમય પછી ભરતે નવા સુખદ સમાચાર જાણ્યા. રામ, રાવણનો વિનાશ કરી, સીતાને પુનઃ પ્રાપ્ત કરી, તપોવનમાં મુનિઓને નમસ્કાર કરવા આવી ગયા હતા. સીતાની સાથે રામ એ જ જૂના પરિચિત તપોવનમાં ફરી રહ્યા હતા. સીતા પોતે ઉછેરેલાં વૃક્ષોનો સુખદ પરિચય કરતી આનંદમય હતી. રામે સરોવર તરફ અંગુલિનિર્દેશ કર્યો: 'જાનકી! અહીં આપણે પિતૃશ્રાદ્ધનો વિચાર કરતાં હતાં...પણે પેલો કાંચનપાર્શ્વ મૃગ દેખાયો હતો'. સીતા કંપી ઊઠી: 'આર્યપુત્ર! એ કથા ન સંભારો...'

એવામાં લક્ષ્મણ વેગથી આવતો દેખાયો. એણે ઉમળકાથી શુભ સમાચાર પ્રગટ કર્યા: 'આર્ય! આપણો પ્રિય બંધુ ભરત માતાઓની સાથે મોટો રસાલો લઈને આપનું દર્શન કરવા આવ્યો છે...' અને થોડી જ વારમાં ભરત ત્વરાથી આવીને ભાવપૂર્વક રામને ભેટી પડયો.

રામ માતાઓનાં ચરણમાં પડયા. તેમના હાથ રામના મસ્તક પર ફરી રહ્યા. તપોવનમાં આનંદ છવાઈ ગયો.

મુનિજનો રાજ્યાભિષેકનું જળ લઈને આવી પહોંચ્યા હતા. કૈકેયીએ રામને યાજ્ઞા કરી: 'પુત્ર! અભિષેકનો સ્વીકાર કર'.

અને રામના જયનાદોના પડઘા સમગ્ર વનમાં વ્યાપી વળ્યા. □

વારતા ૨૫

વૈતાળ પચ્ચાસી

પસંદગી

વિનોદ ભટ્ટ

—જો કે હવે તો રાજા વિક્રમ પણ મડાની વારતાઓ સાંભળી સાંભળીને 'બાર' થઈ ગયો હતો, છતાં આદતના જોરે તેના પગ મસાણ ભણી વળ્યા. મડાને સિદ્ધવડ પરથી ઉતારી રાજા વિક્રમે મહેલ તરફ ચાલવા માંડયું એટલે મડાએ પાછી વારતા શરૂ કરી:

'કોઈ એક નગરમાં એક રાજા રાજ્ય કરતો હતો. ન્યાય માટે તેણે એક નવી પદ્ધતિ શોધી કાઢી હતી. કોઈ પ્રજાજન ગુનો કરે તો એ ગુનેગાર છે કે નિર્દોષ તેનો ન્યાય એ પ્રજાજનના પોતાના હાથે જ કરાવાનો.

જ્યારે ન્યાય કરાવવાનો પ્રસંગ આવે ત્યારે ઢંઢેરો પિટાવી પ્રજાને જાણ કરવામાં આવતી કે અમુક ચોક્કસ દિવસે, ચોક્કસ સમયે, ચોક્કસ પ્રજાજનનો રાજાની તથા જનતાની સમક્ષ ન્યાય કરાવવામાં આવશે. આ ન્યાય માટે રાજાએ એક જંગી સ્ટેડિયમ તૈયાર કરાવ્યું હતું. તેની ફરતી બેઠકોમાં જનતા ન્યાયનો એ તમાશો જોવા બેસતી ને રાજા પણ દરબારીઓ સાથે તેના નિશ્ચિત પ્રમુખસ્થાને આવીને બેસતો. બેઠકો પ્રેક્ષકોથી ભરાઈ ગયા બાદ રાજાના સિંહાસનની નીચેનો દરવાજો ખોલી તેમાંથી આરોપીને ખુલ્લા અખાડામાં લવાતો. અખાડામાં આરોપીને પોતાની નજર સામે સરખા જ દેખાવનાં બે બારણાં જોવા મળતાં. રસમ એવી હતી કે આરોપીએ પોતાની ઈચ્છા પ્રમાણેનું એ બેમાંથી ગમે તે બારણું ફરજિયાતપણે ખોલવું જ પડતું. આરોપી ગુનેગાર છે કે નિર્દોષ એ એણે ખોલેલા દ્વાર દ્વારા જ નક્કી થતું; કેમ કે એ બેમાંના એક દ્વાર પાછળ ભૂખી ડાંસ જેવી એક વાઘણ રખાતી. આરોપી વાઘણવાળા પાંજરાનો દરવાજો ખોલે તો વાઘણ તરત જ તેના પર તૂટી પડતી ને તેને ત્યાં જ પૂરો કરી નાખતી. આ રીતે તેનો ગુનો સાબિત થતો. અને જો આરોપી બીજા પાંજરાનો દરવાજો ખોલે તો તેમાંથી એક અતિ સુંદર નવયૌવના નીકળતી, જેની સાથે આ રીતે નિર્દોષ સાબિત થએલા આરોપીનું લગ્ન કરાવવામાં આવતું. ચતુર રાજાએ આ દૈવી ન્યાયની રસમ માટે રાજ્યની વાઘણો અને રૂપવતી સ્ત્રીઓના નિભાવની પણ વ્યવસ્થા કરી દીધી હતી. વળી, આ ન્યાયમાં આરોપીને માટે 'ચાન્સ'નું તત્ત્વ પણ રહેતું.

એક વખત રાજ્યના કોઈ અધિકારી પર નાણાં ઉચાપત કરવાનો આરોપ મુકાયો. એનો ન્યાય પણ આ 'અખાડાના ન્યાય' કે 'ન્યાયના અખાડા'ની ઉત્તમ પદ્ધતિ પ્રમાણે જ થવાનો હતો. નિયત દિવસે, નિયત સમયે અખાડો 'હાઉસ ફુલ' થઈ ગયો ને આરોપીને ન્યાયના અખાડામાં ખડો કરવામાં આવ્યો. કેટલાક ફીચરિયાઓ તો વાઘણ કે સુંદરી એના પર 'બેટિંગ' લેવા અખાડાની બહાર ઊભા રહી ગયા હતા. આરોપીની આંખ સામે બે બારણાં હતાં. આ આરોપીમાં અનુભવના બળે એવી શક્તિ આવી હતી કે માત્ર વાસ પરથી જ તે સ્ત્રીની હાજરી જાણી શકતો. એટલે કયા બારણા પાછળ સ્ત્રી છે તેની તેને જાણ થઈ ગઈ હતી. ક્ષણભર તેણે વિચાર કર્યો. અને પછી તરત જ તે વાઘણવાળું બારણું ખોલી જાતે તેમાં પ્રવેશી ગયો...'

વારતાને અહીં જ અટકાવતાં વૈતાળે રાજા વિક્રમને પૂછયું: 'હે વિક્રમ, કયા બારણા પાછળ સ્ત્રી છે એ જાણવા છતાં વાઘણનો શિકાર થવા સામે મોંએ ધસી જનાર એ આરોપી મૂરખ કહેવાય કે શાણો?

'શાણો કહેવાય...' વિક્રમે જવાબ આપ્યો: 'કેમ કે સ્ત્રી અને વાઘણમાં ફરક માત્ર એટલો જ હોય છે કે વાઘણ રીબાવ્યા વિના જ મારી નાખે છે...'

—અને મડું ફરી ઝાડ પર લટકી ગયું. □

સૂર્ય કરતાં કદમાં કયાં યે નાના, છતાં વજનમાં અતિગણા ભારે આકાશી પિંડ પલ્સર

લેખક ડૉ. સુશ્રુત પટેલ

રૂંધાયલા કંઠ મહીંથી ચીસ
તૂટી પડે આભ અટારીએથી
કદી કદી કાજળઘેરી રાતે...


ક્વાસર્સ પછી ખગોળશાસ્ત્રીઓના શબ્દભંડોળમાં એક બીજા શબ્દનો ઉમેરો થયો: 'પલ્સર્સ' (Pulsars). વાત આમ હતી—

જોસેલીન બેલ (Jocelyn Bell) નામના આયર્લૅન્ડનાં એક ગ્રૅજ્યુએટ બહેન–હવે શ્રીમતી ડૉ. બર્નેલ (Burnell), કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયમાં ડૉ. ઍન્થની હ્યુઈશ (Anthony Hewish)ના સંશોધન-દળમાં કામ કરતાં હતાં. ૬ ઑગસ્ટ ૧૯૬૭ની રાત્રે એમણે કૌતુક જોયું: અવકાશનો કોઈ એક અલગારી પિંડ આશ્ચર્યકારક નિયમિતતાથી સ્પંદન (પલ્સ) સ્વરૂપે કોઈ સંગીત લહરીઓ ઝંકૃત કરતો જણાયો!

એમણે જોયું કે રેડિયો-ટેલિસ્કોપ વડે ઝીલાએલાં આ સ્પંદનો દોલનદર્શી (ઑસિલોસ્કોપ) ઉપર મોર્સ કોડની જેમ 'ડૉટ્સ' અને 'ડૅશ'ની ભાતરૂપે અંકાતા હતા. એ પછી ડિસેમ્બર મહિનામાં આ પિંડના એક અસામાન્ય ગુણની જાણ થઈ. ડૉ. હ્યુઈશ અને એમના સહકાર્યકરોએ જોયું કે દર વીસ સેકન્ડના ગાળે આવાં પંદરેક જેટલાં સ્પંદનો આવતાં હતાં. એટલે કે પ્રત્યેક થડકારો આશરે ૧·૩૩ સેકન્ડ જેટલો સમય લેતો હતો. આ હતો પ્રથમ પલ્સર–C. P. 1919. (C. P. એ 'કેમ્બ્રિજ પલ્સેટિંગ સોર્સ' માટેનું ટૂંકું રૂપ છે; જ્યારે પાછળનો આંકડો આકાશમાં એનું સ્થાન દર્શાવે છે). પછી થોડાં વર્ષોમાં જ આવા ૭૫ જેટલા પલ્સર્સ શોધાયા.

પલ્સરોના સંકેતો અત્યાર સુધીમાં જોવા મળેલા બધા સંકેતો કરતાં તદ્દન ભિન્ન છે: એટલે સુધી કે થોડા સમય પૂર્વે તો એમ પણ મનાયું કે એ અવકાશના અન્ય કોઈ બુદ્ધિશાળી જીવોએ મોકલેલા સંદેશા હશે. એટલે તો ગમ્મત ખાતર કેમ્બ્રિજના ખગોળજ્ઞોએ પ્રારંભમાં આ પલ્સર્સને 'લિટલ ગ્રીન મેન' (L. G. M.) જેવું નામ આપેલું. આપણી પૃથ્વી પરનાં બધાં જ પાવર સ્ટેશનોની શક્તિને એકઠી કરીએ તો પણ આટલાં શક્તિશાળી સ્પંદનો ન મેળવી શકાય. વળી, આવા સંકેતો પાછળ વીજળીનાં બિલો ભરવાની કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ જીદ કરે નહિ એ પણ સમજાય એવું છે. એટલે ચીવટપૂર્વકનાં સંશોધનોએ આ ધારણાને ખોટી ઠેરવી.

પછી એવું માનવામાં આવ્યું કે પલ્સર એ બીજું કશું નહિ પણ ઉત્ક્રાંતિની આખરી અવસ્થામાં પહોંચી ચૂકેલા, ઓછી તેજસ્વિતા ધરાવતા એવા 'શ્વેત-વામન' (White dwarf) તારા હોવા જોઇએ. મરવા વાંકે જીવતા આ તારાઓની સંખ્યા ૧૫૦ જેટલી છે, પણ હકીકતે એમની સંખ્યા ૫,૦૦૦ મિલિયન* જેટલી હોવાનું મનાય છે. આ શ્વેત-વામન



કદની દૃષ્ટિએ પલ્સર એ ન્યૂટ્રોન તારા અને શ્વેત વામનની વચ્ચે આવે. પૃથ્વીનો વ્યાસ ૮૦૦૦ માઈલ અને સૂર્યનો ૮,૬૪,૦૦૦ મા. જેટલો છે. આમ, આ પલ્સર એ સૂર્યથી અત્યંત નાના આવકાશી પિંડ છે, છતાં શ્વેત વામન અને ન્યૂ ટ્રોન તારાઓ અને કદાચ પલ્સર તેના પ્રમાણમાં ઘણાં ઘટ્ટ છે. આથી પલ્સરનું વજન સૂર્ય કરતાં પણ અનેક ગણું વધારે છે.

તારાની ત્રિજ્યા પૃથ્વી જેટલી યા એથી થોડી વધુ હોય છે, પણ એનું ઘનત્વ—ઘટ્ટતા—પૃથ્વી કરતાં લાખોગણી વધુ હોય છે! શ્વેત-વામન તારા પોતાની બધી જ નાભિકીય શક્તિનો ઉપયોગ કરી ચૂકયા હોય છે. આ તારામાંનો પદાર્થ સંપૂર્ણપણે આયનિત (Ionized) થઈ ગએલો હોઈ માત્ર પરમાણુનું કેન્દ્ર અને મુક્ત (અબદ્ધ) એવા ઇલેક્ટ્રોન જ એમાં જોવા મળે છે. આ બંને હોવાં જોઇએ એ કરતાં એકમેકની વધુ પાસે હોય છે, જેને કારણે શ્વેત-વામન ઘનતા વધારે હોય છે. આપણા સૂર્ય જેટલું દ્રવ્ય ધરાવતો 'સિરિયસનો સાથી' (The Companion of Sirius) નામનો શ્વેત-વામન સહુ પ્રથમ શોધી કઢાએલો. એનો વ્યાસ પૃથ્વીથી ખાસ્સો વધારે (૨૪,૦૦૦ માઈલ) છે. આટલા વિશાળ પિંડ આવી રીતે કાંપતા હોય યા થડકાર લેતા હોય એ વાત બહુ માની શકાય એમ ન હોવાથી આ માન્યતા પણ ખોટી ઠરી. એટલે પલ્સર એ શ્વેત-વામન તારા છે એવું હવે માનવામાં આવતું નથી.

હ્યુઈશ અને એમના સાથીઓએ કહ્યું કે સૈદ્ધાંતિક રીતે જે તારાઓ હોવા જોઇએ, પણ જેની હજુ સુધી પ્રાયોગિક સાબિતી સાંપડી નથી એવા કોઈ તારામાંથી આ સંદેશા આવતાં હશે. ન્યૂ ટ્રોન તારા (Neutron Stars) આ પ્રકારમાં આવી શકે, કારણ કે ઘણાં વર્ષો અગાઉ એમને સૈદ્ધાંતિકરીતે કલ્પવામાં આવેલા, પણ હજુ સુધી આવો એક પણ તારો ઓળખી શકાયો નથી.


ઈ.સ. ૧૦૫૪માં ચીની ખગોળવેત્તાઓએ આકાશમાં વૃષભ રાશિના વિસ્તારમાં એક વિરાટ (સ્ફોટક) તારો (સુપર નોવા) ફાટી પડતો જોયો. એનું તેજ એટલું બધું હતું કે એ ધોળે દિવસે પણ દેખાતો હતો! કર્ક નિહારિકા (ક્રૅબ નેબ્યુલા) નામે આજે આપણે જે તેજપુંજ નિહાળીએ છીએ તે આ જ સ્ફોટક તારાના અવશેષ મનાય છે. (જુઓ પાછળ તેની છબિ) આ નિહારિકા આપણાથી ૪,૦૦૦ પ્રકાશવર્ષ જેટલી દૂર છે.

આ કર્ક નિહારિકાની મધ્યમાં એક અત્યંત તેજોમય પદાર્થ છે. આ ઝળાંહળાં થતા દીપ્તિમાન ભાગમાં રેડિયો ખગોળશાસ્ત્રીઓએ પલ્સરને પકડી પાડયો છે. આમ આધુનિક સંશોધન મુજબ એવું મનાય છે કે ભૂતકાળમાં કોઈ વિરાટ સ્ફોટક તારા (સુપરનોવા)નો સ્ફોટ થતાં એમાંના બચેલા અવશેષ તે ન્યૂટ્રોન તારા હોવા જોઇએ.

સૈદ્ધાંતિક રીતે જાણાયું છે કે જ્યારે કોઈ તારાનું દ્રવ્યમાન સૂર્ય કરતાં દસગણું વધી જાય ત્યારે એનો વિકાસક્રમ સામાન્ય તારા મુજબ થઈ શકતો નથી. આ પરિસ્થિતિમાં એનું બળતણ હાંફી જાય છે અને એનું કેન્દ્ર અંદરની તરફ દબાણ વધારતું જઈ આખરે થોડી સેકંડોમાં જ એનો મધ્યભાગ બહારના સ્તરથી અલગ પડી જાય છે. આવી એકાએક અંદરની તરફ તૂટી પડવાની ક્રિયાને લીધે અંદરના કેન્દ્રસ્થ પદાર્થનું ઘનત્વ એટલું બધું વધી જાય છે કે એમાંના પ્રોટોન અને ઈલેક્ટ્રોન પુષ્કળ દબાણની અસર હેઠળ ભેગા થઈને ન્યૂ ટ્રોન બનાવી દે છે! વળી આ ન્યૂ ટ્રોન બીજભારરહિત હોવાથી શ્વેત વામનમાં જે ઈલેક્ટ્રોન જોવા મળે છે એ કરતાં વધુ પાસે પાસે અને ઓછી જગ્યામાં અતિ ઠાંસોઠાંસ ભરાઈ શકે છે. આને પરિણામે ન્યૂ ટ્રોન તારાઓનો વ્યાસ તો માત્ર અમુક માઈલો જેટલો જ મનાય છે, પણ એમનું ઘનત્વ એટલું બધું હોય છે કે એની કલ્પના કરવી પણ ભારે પડે! આંગળીના ટેરવા પર સમાઈ શકે એટલા ન્યૂ ટ્રોન તારાના દ્રવ્યનું વજન કાંઈ કેટલાય લાખ ટન હોઈ શકે!

જોડ્રેલ બૅન્કના લાઈન (A. G. Lyne) અને સ્મિથ (F. G.

* મિલિયન=દસ લાખ. ૫૦૦૦ મિલિ.=પચાસ અબજ.



તારાનો વિસ્ફોટ દર્શાવતી એક કાલ્પનિક છબિ

હમણાં ડૉ. ચાર્લ્સ કોવાલ (Chales Kowal) નામના, હેઈલ વેધશાળા (અમેરિકા)ના એક ખગોળજ્ઞે ૧૩ મે ૧૯૭૨ના રોજ છેલ્લાં ૩૫ વર્ષોમાં ન જોયો હોય એવો અત્યંત ઝળાંહળાં થતો એક અવકાશી પિંડ અકસ્માત જ શોધી કાઢયો. બે દિવસની ચકાસણી બાદ એવું મનાયું કે એ જવલ્લે દેખાતી વિરાટ સ્ફોટક-તારા (સુપરનોવા)ની ફાટવાની ઘટના હતી. ૨૪ મે '૭૨ના રોજ આ અંગેની જાહેરાત થતાં વિજ્ઞાન-જગતમાં એક પ્રકારની સનસનાટી મચી ગઈ. સમગ્ર દુનિયાના ખગોળશાસ્ત્રીઓ આ ઘટનાને નિહાળવાના કાર્યમાં ગુંથાયા; એટલું જ નહિ, અવકાશમાં ઘૂમતા ઉપગ્રહોને પણ એના અભ્યાસમાં જોતરાવાના આદેશ અપાયા.

રશિયન ખગોળ-ભૌતિકશાસ્ત્રી શેકલોવસ્કી (Shaklovsky) માને છે કે આપણા તારાવિશ્વમાં દર ત્રીસથી સાઠ વર્ષે એકાદ સુપરનોવા ફાટે છે. અલબત્ત, એમાંના અમુક જ આપણે જોઈ શકીએ છીએ. આથી ઊલટું, કેટલાક વૈજ્ઞાનિકો માને છે કે ૩૦૦ વર્ષે કદીક આકાર લેતી આ ઘટનાનું પ્રમાણ અતિ જૂજ છે.

આપણને આજે લગભગ ૨૦૦ જેટલા સુપરનોવાની જાણ છે. એમાં ય આપણા તારાવિશ્વમાં તો આવી ત્રણ ઘટનાની જ આપણને જાણ છે. આવો છેલ્લો તારો ઈ. સ. ૧૬૦૪માં યોહાનસ કેપ્લરે (૧૫૭૧-૧૬૩૦) જોએલો. હા, એ પછી કન્યા રાશિના વિસ્તારમાં NGC 4189-ની સંજ્ઞાથી ઓળખાતા કોઈ બહારના અનામી તારાવિશ્વમાં એક નવો સુપરનોવા ઈ.સ. ૧૯૬૬માં પૉલ વાઈલ્ડ નામે એક સ્વિસ ખગોળશાસ્ત્રીએ શોધી કાઢેલો ખરો, પણ એ કાંઈ આપણા તારાવિશ્વની ઘટના ન હતી.

હેઈલ વેધશાળાના સંશોધકોએ તાજેતરમાં શોધી કાઢેલો આ સુપરનોવા આપણા તારાવિશ્વનો છે કે કોઈ બહારના તારાવિશ્વનો, એ હજી સુધી જાણી શકાયું નથી. પણ આ શોધ નજીકના ભવિષ્યમાં મહત્ત્વની સાબિત થશે એવું લાગે છે.

Smith) નામના ખગોળજ્ઞોએ દર્શાવ્યું કે પલ્સરોમાંથી આવતા રેડિયો તરંગો સુરેખીય ધ્રુવિત (linearly polarised) હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો પલ્સરનું દોલન (ઑસિલેશન) કે જે તરંગો જન્માવે છે, એ કોઈ એક જ દિશામાં થતું હોય છે. આ એક નવી જાણકારી થઈ; કારણ કે આપણા તેમ જ અન્ય સ્થળોએથી આવતા રેડિયો-તરંગોનું દોલન તો બધી જ દિશાઓમાં થતું હોય છે. આ ઉપરાંત એક અન્ય વિલક્ષણ બાબત પણ ધ્યાનમાં આવી: પલ્સરોની થડકારા લેવાની ગતિ અત્યંત તીવ્ર છે, પણ એમાં ધીમેધીમે ઘટાડો થાય છે. પ્રથમ તો એવું મનાયું કે પ્રત્યેક પલ્સરની સ્પંદન હદ નિશ્ચિત હશે, પણ પાછળથી એમનામાં અકસ્માત અને અનિશ્ચિત પરિવર્તન થતું હોવાનું જણાયું.

રશિયન વૈજ્ઞાનિક વી. એલ. ગિન્જબર્ગના મતાનુસાર ન્યૂટ્રોન તારાનું બહારનું સ્તર અત્યંત મજબૂત હોવું જોઈએ. ન્યૂટ્રોન ન ધરાવતા આ સ્તરમાં 'તારા-કંપ' (ધરતીકંપની માફક) આવતા હોવાની એણે કલ્પના કરી છે! કદાચ ઘણા પલ્સરોમાં કંપનોની અનિયમિતતા જણાઈ છે એ આવાં તારા-કંપનોને લઈને હોઈ શકે! છેલ્લાં સંશોધનો મુજબ એવું મનાય છે કે કંપનોને લીધે જ સ્પંદનો સાંપડે છે; એટલે ગિન્જબર્ગની કલ્પના સાવ કાઢી નાખવા જેવી નથી.

ન્યૂટ્રોન તારા પોતાના અક્ષ ઉપર ઘૂમે છે. એને પરિણામે આ અક્ષ-ગતિ નિયમિત સ્પંદન (પલ્સ) જન્માવતી હોય એવી પણ કલ્પના રજૂ થઈ છે. આમાં વળી ચુંબકીય અસરનો પ્રભાવ પણ કામ કરે છે. એટલે કાળે કરી એ સ્પંદનોની ગતિ ઓછી થતી જાય એવું પણ બને.

ગોલ્ડ (T. Gold), હેન્રી (G. R. Henry), લી (H. J. Lee) એમના સહકાર્યકરો તથા અન્ય વૈજ્ઞાનિકોએ એકમેકથી સ્વતંત્રપણે પલ્સરની કેટલીક લાક્ષણિકતાઓ તરફ ધ્યાન દોરતા પોતાના વાદ રજૂ કર્યા છે. મુખ્યત્વે ઘૂમતા ને કંપતા એવા પિંડમાંથી ઉદ્ભવતા ગુરુત્વાકર્ષણીય-વિકિરણ (ગ્રેવિટેશનલ રેડીએશન)ની કલ્પનાઓ પર એમના વાદ મુખ્યત્વે રચાયા છે. પણ આ અંગે વૈજ્ઞાનિકો હજી એકમત થઈ નથી શક્યા.

હાલમાં ઘણા સંશોધકો પલ્સરમાં જણાએલા ચુંબકત્વ અને અતિ-સંવાહકતા (super conductivity) અંગે સમજૂતી આપવામાં રોકાએલા છે. આમાં સિલ્વરસ્ટાઈન (S. D. Silverstein), કુમાર (N. Kumar), ચીઉ (H. Chiu), કેન્યુટો (V. Canuto) વગેરે સંશોધકોનાં નામ ઉલ્લેખનીય છે. આ ઉપરાંત, તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ફંડામેન્ટલ રીસર્ચ (મુંબાઈ)ના રેડિયો-ખગોળજ્ઞ ડૉ. ચિત્રે (S. M. Chitre), અને પ્રૉ. કુન્ડુ (M. R. Kundu)એ પણ આ પલ્સરના સ્વભાવ અંગેનો અભ્યાસ પોતાની રીતે કર્યો છે.

આપણે કર્ક નિહારિકાનું અંતર જાણીએ છીએ. એટલે એમાં રહેલો એક જ એવો પલ્સર છે કે જેનું અંતર ઘણી ચોક્સાઈપૂર્વક આપણે કહી શકીએ. બાકીના બધા જ પલ્સરો આપણાથી ખરેખર કેટલા દૂર આવેલા છે એની તો માત્ર અટકળો જ કરવી પડે. એવું મનાય છે કે એમાંના ઘણાખરા આપણાથી ૧૦૦ થી ૧૦,૦૦૦ પ્રકાશવર્ષ જેટલાં દૂર હશે.

આપણે જાણીએ છીએ કે પલ્સર ૭ મીટરથી ૧૦ સૅન્ટીમીટર સુધીની તરંગ-લંબાઈવાળા રેડિયો-તરંગો ઉત્સર્જિત કરે છે. સ્રોતમાંથી એક જ સમયે એકસામટા નીકળતા આ તરંગો માર્ગમાંના આયનિત્ વાયુને લીધે આપણી પાસે જુદાજુદા સમયે પહોંચે છે. વિભિન્ન તરંગલંબાઇએ અહીં પહોંચતાં સ્પંદનોના સમયના તફાવત માપીને એ પરથી પલ્સરનું અંતર નક્કી થાય છે. જો કે આ પદ્ધતિ લાગે છે એટલી સરળ નથી.

અહીં એક વાત સ્પષ્ટ કરી લેવી જોઈએ. ક્વાસરો અને પલ્સરોમાં કૈં જ સરખાપણું નથી, કે એમની વચ્ચે કોઈ પ્રકારનો સંબંધ પણ નથી.

એટલું તો નિશ્ચિત છે કે પલ્સરોની રચના, એનું સ્વરૂપ વગેરે ગમે એવાં હોય પણ એ આપણી જ આકાશ-ગંગા (તારાવિશ્વ)માંના પિંડ છે એ એક હકીકત છે; અને એટલે આપણાથી 'માત્ર' કેટલાંક પ્રકાશવર્ષના અંતરે જ એ આવેલા છે. ખરું જોતાં પલ્સર એ બહુ સામાન્ય બાબત છે અને તે બહુ પ્રમાણમાં હોવાનું પણ મનાય છે. ઘણા યે 'મૃત-પલ્સર' પણ અંતરીક્ષમાં હોવા જોઈએ, જેમનો જીવનદીપ બુઝાઈ ગયો છે. એ કારણે એ નથી તો પ્રકાશનું ઉત્સર્જન કરતા કે નથી રેડિયો-તરંગો પ્રસારિત કરતા. આનાથી ઊલટું, ક્વાસર એ તો અતિ ઝળહળતા તીવ્ર પ્રકાશવાળા અવકાશી પદાર્થ છે, એટલું જ નહિ એ આપણી આકાશગંગાની બહાર આવેલા હોઈ આપણાથી અત્યંત દૂર છે. □

ડેન્માર્કમાં ભારતીય નૃત્યોની રજૂઆતમાં બે લેખકોએ કરેલી **જુગલબંધી**નો

ત્રીજો હપતો

લેખક · સુનીલ કોઠારી



'અદ્ભુત રસ'નો અભિનય દર્શાવતા કેરલ કલામંડલમ્‌ના તેજસ્વી કલાકાર બાલસુબ્રહ્મણ્યમ્
[ફોટો: સુનીલ કોઠારી]

કૉપનહેગનમાં કથકલી

સવારે પહેલી બેઠકમાં મારો નિબંધ. મેં ખાસ કેરળ કલામણ્ડલમ્ અને ઉદ્યોગમણ્ડલ (ઓલ્વાઇ) જઈ ત્યાંના કળાકારો, એમની તાલીમ તથા નૃત્યની તૈયારી, કથકલીની વેશભૂષા તથા રંગવિધાન અને અંતે મહાભારતના નૃત્ય-પ્રસંગોના રંગીન ફોટોગ્રાફોની કલર-સ્લાઈડ એ બધું એકઠું કરેલું. નિબંધની નકલો બધા ડેલિગેટોને વહેંચવામાં આવેલી, એટલે ધીરે ધીરે, શબ્દેશબ્દ છૂટો પાડી મેં કથકલીમાં પાત્રોની વિશિષ્ટતા, સાત્ત્વિક રાજસિક અને તામસિક ગુણો પ્રમાણે તેમની વરણી, તેમના ચહેરા પર લગાડાતા લીલા લાલ અને કાળા રંગ, તથા તેમને પહેરાવાતી મોટી દાઢી તેમજ મુકુટ દ્વારા થતું વિવિધ પાત્રોનું પ્રતિનિધિત્વ એમ બધું સ્લાઇડો બતાવતા જઈ અંતે મહાભારતના પ્રસંગો સમજાવ્યા. ભરતમુનિએ પ્રયોજેલા સિદ્ધાંતો તથા રસનિષ્પત્તિની સાદી ભાષામાં વાત કરી; પછી શરૂઆતમાં ચાતુન્ની પણિક્કરે માત્ર ચહેરા પર સ્નાયુઓના સંકોચ-વિસ્તાર અને આંખોની ગતિથી નિરૂપેલા વિવિધ ભાવાભિનય પ્રતિ ઈશારો કર્યો, અને છેવટે રૌદ્રમૂર્તિ ભીમ દુઃશાસનની છાતી ફોડી, તેનું પેટ ચીરી આંતરડાં તાણે છે અને રુધિર-રંગ્યા હાથે દ્રૌપદીના કેશ બાંધે છે (વેણીસંહાર) તે પ્રસંગ પછી કૃષ્ણ જાતે આવી તેને શાંત પાડે છે એ સ્લાઈડ સાથે સમાપ્ત કર્યું... અને તાળીઓની ઝડી વરસી રહી. ઘડી તો હું માનું જ નહિ કે આ બધી તાળીઓ ખરેખર મારા નિબંધ અને તેના સમર્થનમાં બતાવેલી સ્લાઇડો બદલ પડે છે. મેં વારંવાર નમીને એ માનનો સ્વીકાર કર્યો અને મારી મુકરર જગ્યાએ બેસવા ગયો, એટલે પ્રમુખે ફરી તાળીઓ પાડી વધાવ્યો અને ફરીથી મારું અભિવાદન કર્યું. હું આવા સંમાનથી મૂંઝાયો અને ચાંદામામા-(ચન્દ્રવદન)ને શોધવા લાગ્યો. પ્રમુખે ફ્રેન્ચ ભાષામાં મારા નિબંધ વિષે વણેલા રેશમના તારના બુટ્ટાઓને વીએનાની રૂપકડી દુભાષિયણે ખીલવ્યા અને બેઠક ચા-પાણીના વિરામ માટે થોડી વાર મુલતવી રહી. ચાંદામામાએ થાબડચો ને ગળે વળગાડચો. આંખમાં આવેલાં પાણી લૂછી આશીર્વાદ આપ્યા ને કહ્યું: 'બસ બચ્ચા! આમ જ પ્રગતિ કરતો રહે. આ માળા 'કાટાકલી' (કથકલી)ને કાલીકટી કહી કલકત્તાના કેન્દ્રમાંથી ઉદ્‌ભવેલી મનાવનારાઓને ઠીક ભણાવ્યા! હવે આવી જાવ બેટ્રમજીઓ!'

મેં રામાયણ–મહાભારત એ બે મહાકાવ્યોનો સાર કહેલો અને પ્રો. મોગેન્સ હિલેસ્ટેડે કમ્બોડિયાના રાજમહેલનાં મ્હોરાંવાળાં નૃત્યોની સ્લાઇડો દ્વારા રામાયણના પ્રસંગો બતાવેલા, એટલે બે પરંપરાઓના સામ્યની ચર્ચા, તથા પૂર્વના દેશોમાં અન્યત્ર આ સિદ્ધાંતો સમાન ખરા કે નહિ તેની ચર્ચાનો ચોતરો વિરામ પછી મંડાયો. પેલા બે જાપાનીઓ યે એમાં ખરા. પ્રો. મોગેન્સને કદાચ ઝાઝી માહિતી નહિ, અને કંઈક પૂર્વગ્રહના ગંઠોડા યે ખરા, તે જાપાનીઝ કાબુકીના પ્રયોગો અને કથકલીની પ્રણાલિના સામ્ય વિષે પણ બે મત! જેમ કથકલીમાં પુરુષો સ્ત્રી-ભૂમિકા ભજવે છે અને માત્ર ભાવાભિનય અને કળાનિરૂપણના કારણે તેઓ ટેકનીકને અતિક્રમી જાય છે તેવું કાબુકીમાં પણ પરંપરાથી ચાલ્યું આવે છે. આજે પણ કાબુકીમાં પુરુષો જ સ્ત્રીપાત્ર ભજવે છે.* તેમાં યે નાકામુરા ઉટામોન ૬ઠ્ઠા, એ તો જાપાનના વિખ્યાત પુરુષ કળાકાર છે, જેમની સ્ત્રીભૂમિકા જોવી એ લહાવો ગણાય છે. કાબુકીમાં પ્રવેશદ્વારથી રંગમંચ લગી પ્રેક્ષાગારમાંથી એક પથ બાંધવામાં આવે છે તેને કહે છે 'હાનામીચી'–ફ્લાવર પાથ–પુષ્પ પથ'. તે પર થઈ કળાકારો, દર્શક ગણ બેઠા હોય ત્યાંથી પસાર થઈ રંગમંચ પર આવે. આ 'ઓડિયન્સ પાર્ટિસિપેશન'ની જેમ જ કથકલીમાં પણ, જ્યારે રણાંગણે ચડેલાં દાનવી પાત્રો પ્રવેશે છે ત્યારે પ્રેક્ષાગારમાંથી દર્શકગણ ચીરીને જ પ્રવેશે છે. કથકલીમાં એક અન્ય પ્રસંગમાં સુદામા જ્યારે દ્વારિકામાં કૃષ્ણને મળવા આવે છે ત્યારે પણ આમ પ્રેક્ષકગણ વચ્ચે થઇને જ પ્રવેશે છે. આવા અનેક સમાન-પરંપરાના પ્રસંગો અને સામ્ય આ પૌરસ્ત્ય કળાપ્રકારોમાં જોવા મળે છે. કથકલી જેટલાં વિવિધ અને ગૂંચવણભર્યાં નહિ તો ય ચીતરેલા ચહેરે-મહોરે જ કાબુકીમાં પાત્રો પ્રવેશે છે. કથકલીના રંગબેરંગી પોશાકો અને કાબુકીના પોશાકોની રંગછટા તો કોઇનેય નજરે ચડયા વિના ન રહે.

આમ તડાતડ સામ્ય બતાવતા જઈ, પાત્ર જે ઢબે ભૂમિકા ખીલવે છે તેનાં યે બેત્રણ સામ્ય કહી બતાવ્યાં. કથકલીમાં પાત્રપ્રવેશ વખતે કળાકારની આગળ એક પરદો ધરી બે વ્યક્તિઓ ઊભી રહે છે, અને ધીરેધીરે પરદાને હટાવી અંતે પાત્રને પૂર્ણપણે પૂરી રંગભભક અને મોહિનીમાં પ્રગટ કરે છે. કાબુકીમાં પણ, કલાઇમૅક્સની પળોમાં પાત્ર ભ્રૂકુટિ ઊંચી તાણી, સમસ્ત સ્નાયુ અને અંગો તંગ કરી જાણે આકાશ આંબવા મથતું ન હોય એવી જે પળો આવે છે, તે દ્વારા પાત્ર વિશેષ પ્રગટ થાય છે. આવા તુલનાત્મક પ્રસંગોના સામ્યનો શો વિરોધ હોઈ શકે? ચીનના ઓપેરામાં પણ સ્ત્રીપાત્ર પુરુષો જ ભજવે છે. તેમાં ય દંતકથાનાં ઉજમાળાં પાત્રો જેટલી લોકપ્રિયતા પ્રાપ્ત કરનાર કળાકાર માઇફેલંગનો દાખલો ટાંક્યો.

વળી કથકલી, કાબુકી, ચાઈનીઝ ઓપેરા, 'નો(હ)'પ્લે, કમ્બોડિયાનાં નૃત્યનાટચો-બધાંમાં કથાસૂત્રને ગાયકો ગાતા હોય છે. તેને આધારે દેહનાં હલનચલન, નૃત્યની ગતિ, મુદ્રાઓના મરોડ, આરોહ-અવરોહ વગેરેનાં પ્રકટીકરણો, પૌરસ્ત્ય દેશોનાં કળાસ્વરૂપોમાં અંતર્હિત રહેલ એકવાક્યતા પ્રતિ નિર્દેશ કરે છે, અને કમ્બોડિયા તે કમ્બોજ; અને રામાયણના રામ તે જો કમ્બોડિયામાં જન્મ્યા તો વાલ્મીકિએ કરેલી કલ્પના અને તુલસીદાસની ભક્તિ શું ભૂલી જવાં? (અરે! હજી ગઈ સાલ જ સુરકર્તામાં મોટા પાયા પર રામાયણ ફેસ્ટિવલ—અમે જ્યારે આ ચર્ચાને ચોતરે ચડભડતા હતા ત્યારે જ—યોજાઈ ગયો.) અંતે, પૂર્વના પ્રદેશોમાં ભારતથી રામાયણ પરંપરા કેવી રીતે પહોંચી, અંકોરવાટનાં મોટાં મંદિરોની ભીંતો પર મહાભારતના યુદ્ધના અને સમુદ્રમંથનના પ્રસંગોનાં ભાસ્કર્યો કેમ કોતરાયાં તેની વાત કરીને છેક, ત્યાંના સ્થાનિક લોકોએ—મુસલમાનો સુધ્ધાંએ—આ બધાં પોતાના જીવનમાં વણી લઇ ને તેનો કેવો પુરસ્કાર કર્યો એ દર્શાવીને, ચાંદામામાએ અને મેં એક પછી એક દાખલાદલીલ સાથે ચર્ચા ચગાવી. પેલા બે જાપાનીઓ તો ખુશખુશ! નો-કાબુકીના તો એ રસિયા, અને તેમાંનો એક બાંઠકો, ચશ્માંમાંથી ઝાંખું પણ ઝીણું તાકનારો તો કૂદી પડચો! એણે વાચિકાભિનય તે શું તેનો નમૂનો બતાવી આપ્યો. ઓહો! શો એનો વાક્પ્રવાહ! શું બોલે

* હજી આ જૂન મહિનામાં જ મારા મહિનો-માસના યુરોપ-પ્રવાસ દરમિયાન લંડન ખાતે સૅડલર્સ વેલ્સમાં મને કાબુકીના પ્રયોગો જોવાની તક મળી હતી. અગાઉ મેં કાબુકી વિષે ફિલ્મ જોએલી, અને 'કાબુકી, કથકલી અને નો(હ) નાટક' વિષે તુલનાત્મક નિબંધ પણ મેં લખેલો.





લાકડાનું ખાસ બનાવેલું, રાજવીઓ માટેનું કૉપનહેગનનું રૉયલ ઓપેરા હાઉસ, જેમાં કૉન્ફરન્સ યોજાઈ હતી. (ઉપર: કાર્યક્રમ જોતા ડેલિગેટ.) એમાં નૃત્ય, નાટક આદિના દસ્તાવેજો, કલાકારોનાં પૂતળાં, પોશાકો, નાટ્યલિપિઓ, નોટેશન્સ, પરદા, સન્નિવેશ વગેરેનું સંગ્રહસ્થાન પણ રાખવામાં આવ્યું છે. જમણી બાજુ: એ ઓપેરા હાઉસમાં 'કથકલી' વિષે રંગીન સ્લાઈડ સાથે સમજૂતી આપતા લેખક સુનીલ કોઠારી. નીચે: રૌદ્રરૂપ ભીમ દુઃશાસનનો વધ કરી તેનાં આંતરડાં ખેંચી કાઢે છે તે અંતિમ પ્રસંગ

તે જાણે મારી બલારાત–ને બેઠેલી મંડળી! પણ તેણે જાણે જાદુ કર્યું, મંત્ર ફૂંક્યો, અને બધાં તેના પ્રયોગ પર વારી ગયા!

ભારતમાં કાં તો એક કે વધુ ભરત થઈ ગયા હોય કે, પછી એશિયાના દેશોમાં ભારતની પરંપરા તેના શિષ્યોએ ફેલાવી હોવી જોઈએ, એવું ડૉ. કપિલા વાત્સ્યાયનનું જે મંતવ્ય છે, તેનું સમર્થન આ કળાસ્વરૂપોમાં જોવા મળે છે. કમ્બોડિયા, જાવા, સુમાત્રા, બલી વગેરે દેશોમાં ઓરિસ્સાના રાજવીઓએ વહાણમાર્ગે વેપાર વિકસાવ્યાના ઐતિહાસિક પુરાવા છે, એટલું જ નહિ પણ ત્યાંનાં મ્હોરાંવાળાં છાઉ નૃત્યો (જેની ભાળ આપણને હજી દાયકા પૂર્વે જ લાગી છે) અને કમ્બોજ–સુમાત્રા–જાવા–બલી–અન્યત્ર થતાં મ્હોરાંવાળાં નૃત્યોનું સામ્ય સિદ્ધ કરે છે કે તે મૂળ કલિંગથી કમ્બોજ ગએલાં; અને તેનાં સમર્થનો હવે મળે છે. આમ છેવટે કહી ફરી પાછી તાળીઓ ઝીલતા, ઝીલતા આ તમારો નૃત્યનિવેચક અને




ચાંદામામા બંને પોતાની ખુરશી પર બેઠા. પ્રો. હિલેસ્ટેડે, આ ગરમાગરમ ચર્ચા અને તેમાંથી અન્ય દેશોની પરંપરા વિષેની માહિતી વગેરેનો ઉલ્લેખ કરી, કંઈક કચવાટમાં તેનો સ્વીકાર કરી, પ્રમુખને સમાપન કરવા વિનતિ કરી. પ્રમુખે ભારતના અને જાપાનના વિદ્વાનોને બિરદાવ્યા અને આવી સરસ બેઠક જામ્યા પછી સૌને ખાણીપીણી માટે જવા સૂચવ્યું.

આ બધી ચર્ચા સ્ટૉકહોમથી આવેલાં લીલાદેવી અને બૅંગ્ટ હેગર સાંભળે! ન્યૂ યૉર્કના 'ડાન્સ પરસ્પૅક્ટિવ'ની તંત્રી સેલ્મા જીન કોહેન સાંભળે! ચાંદામામાની યજમાન પ્રો. કારેન કોગે તો બધું પત્યે દોડાદોડ આવીને ભેટી તેને કાને–કોટે કીસીકિત્તી કરી! પછી બધાં પાસેના રેસ્ટોરાંમાં ઊપડયાં. લીલાદેવી લંડનમાં રામગોપાલ પાસે કથક શીખેલી, અને પછી ભારત આવીને સિતારાદેવી તેમજ તેમનાં બહેન અલકનંદા વગેરે પાસે રહીને વધુ શીખી. સ્ટૉકહોમ જઈ સ્થાયી થએલી. તેનો છ ફૂટથી યે વધુ ઊંચો વર બૅંગ્ટ હેગર તે સ્ટૉકહોમના ડાન્સ મ્યૂઝિયમનો ક્યુરેટર; બે ત્રણ વાર ભારત આવી ગએલો; કેરળ કલામણ્ડલમ્ પણ જઈ આવેલો. તેને ચર્ચા ને સ્લાઈડ ખૂબ ગમેલાં. સ્પેઈનથી આવેલા એક દંપતીએ મને આવું વ્યાખ્યાન આપવા બાર્સિલોના નિમંત્ર્યો. બર્લિનથી આવેલા એક ડેલિગેટ સ્કૉલરે તો ચાંદામામાને અને મને બર્લિનની કૉન્ફરન્સનું આગોતરું નિમંત્રણ આપી જ દીધું. ન્યૂ યૉર્કવાળાં સેલ્મા જીન કોહેને પણ ૧૮મી ઑક્ટોબરે ત્યાંના લિંકન સૅંટરમાં યોજાનાર ટેડ શૉનના સમારંભ માટે નિમંત્ર્યો. ઘડીભર તો ચાંદામામાને અને મને થવા લાગ્યું કે આ બધાંનું ચસક્યું છે કે શું? પણ આ બધું શક્ય હતું તે તો ન્યૂ યૉર્ક પહોંચ્યો (જુઓ 'કુમાર' અંક ૫૭૯ ટેડ શૉન) ત્યારે જ માન્યું.

પણ એ વાત વળી આગળ યથાસ્થાને કહીશું. હમણાં તો સ્ટૉકહોમવાળાં લીલાદેવી અને બૅંગ્ટહેગર જોડે જમવા જઈએ. (ચાલુ)

બાવીસમી શિષ્ટવાચન પરીક્ષા

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ તરફથી બાવીસમી શિષ્ટવાચન પરીક્ષા તા. ૮ ઑક્ટોબર '૭૨ ને રવિવારના રોજ જે–તે કેન્દ્રોમાં લેવાશે. એમાં પરીક્ષા માટે જ ખાસ પ્રસિદ્ધ કરેલ 'યુગાવતાર શ્રી અરવિંદ' (લે. પંડિતરાવ રાવલ પ્ર. ગુજ. પુસ્તકાલય મંડળ વડોદરા, પૃ. ૧૨૪, કિં પોસ્ટેજ સાથે રૂ. ૧) પુસ્તક રાખ્યું છે. જે ગામેથી નિદાન ૧૦ ઉમેદવાર ઊભા થશે ત્યાં પરીક્ષાનું કેન્દ્ર અપાશે. પરીક્ષાર્થી દીઠ પરીક્ષા-ફી ફક્ત ૪૦ પૈસા છે. ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર તથા ઉપલા નંબરોને ઈનામ આપવાની પણ યોજના છે. કેન્દ્ર ખોલવા તથા વિશેષ હકીકત જાણવા તા. ૩૦–૮–૭૨ સુધીમાં મંત્રી, વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ, ઠે. સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા, એ સરનામે પત્રવ્યવહાર કરવો.



વિશ્વનગરી 'ઑરોવિલે'-ઉષાગ્રામ (Aurora = ઉષા, તથા Aurobindo એ શ્રી અરવિંદના નામના શરૂના અક્ષરો, એમ બંને રીતે સાર્થ,-અને Ville = ગ્રામ) જ્યારે પૂર્ણ સ્વરૂપે અસ્તિત્વમાં આવશે ત્યારે એનું વિહંગદર્શન કેવું હશે એ નિરૂપતું સ્થપતિ ઍંગરનું આલેખન, કેન્દ્રમાંથી કુંડલિની આકારે ફૂટતા વિવિધ વિભાગોમાં માનવીની પ્રવૃત્તિનાં ચાર મુખ્ય પાસાં (કામ, આવાસ, સંસ્કાર, સમાજજીવન)ને આયોજવામાં આવ્યાં છે.

આ વર્ષે મહર્ષિ અરવિંદની જન્મશતાબ્દી ઊજવાઈ રહી છે: આ માસની પંદરમી તારીખે એમના જન્મને સો વર્ષ પૂરાં થાય છે; — અને ભારતની સ્વતંત્રતાને પચીસ વર્ષ! આમ, આ માસ બેવડો મંગલ ઉત્સવનો છે. ભારતીય તત્ત્વજ્ઞાન પરંપરામાં શ્રી અરવિંદનું પ્રદાન મૌલિક અને મહત્ત્વપૂર્ણ છે. અધિમાનવ પ્રતિના ઉત્ક્રાંતિક્રમની તથા દિવ્ય ચેતનાના અવતરણની એમની અવિચલ શ્રદ્ધા આકર્ષ્યા વગર રહે તેમ નથી.

એ મહામાનવની ચિરસ્મૃતિ કાજે એક વિશ્વનગરી 'ઑરોવિલ'નું સર્જન કરવાનું નિરધારાયું છે. તેનો પંચશિલાન્યાસ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૬૮ના રોજ થએલો. અને આજે તેનું કાર્ય ચાલુ છે. ધર્મસંપ્રદાય, નાતજાત અને દેશ-પરદેશનાં બંધનોથી નિરપેક્ષ રહી, કેવળ માનવને જ કેન્દ્રમાં રાખી રચાતી આ નગરી કોઈ દિવ્ય સ્વપ્નનું મૂર્તિમંત સ્વરૂપ જ બની રહેશે. (જુઓ : મથાળે) વિશ્વસંસ્કૃતિનું અજોડ સ્થાન બનનાર આ નગરી કોઈ પણ વિકાસોન્મુખ માનવીને માટે પરમ શાંતિ અને ચરમ શ્રદ્ધાનું ધામ બની રહેશે. એનું અદ્‌ભુત આયોજન એ વિશ્વશાંતિની દિશામાં પ્રશસ્ય ને સક્રિય પ્રસ્થાન ગણાશે, અને મનુષ્યના સર્વાંગી વિકાસ તથા કલ્યાણને ઉપલક્ષતી એ 'ઉષાનગરી' નવા યુગના ઉદયનું પ્રથમ સોનેરી કિરણ લેખાશે. એ ભાવિ નગરી તરફ લગભગ આખા વિશ્વનું ધ્યાન દોરાયું છે ત્યારે અહીં રજૂ થતો એનો સંક્ષિપ્ત પરિચય સાર્થ ગણાશે.

માલતી જાની

ઑરોવિલ

વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના સાકાર કરતી વિશ્વનગરી

યુગદ્રષ્ટા શ્રી અરવિંદ તથા તેમના તત્ત્વદર્શનથી આધુનિક માનવી, ને સવિશેષ રીતે ભારતનો માનવી, ભાગ્યે જ અપરિચિત હશે.


સત્‌તત્ત્વ (existence)માંથી સમગ્ર અસ્તિત્વ વ્યક્ત થાય છે અને ઉત્ક્રાંતિ પામે છે. ઉત્ક્રાંતિના આ ક્રમમાં સૌપ્રથમ પૃથ્વીનું સર્જન થયું હતું. ત્યાર બાદ જડ પ્રકૃતિ (Inconscient matter) અને પછી વનસ્પતિનો વિકાસ થયો. એમાંથી કાળક્રમે ધીમે ધીમે પ્રાણીજીવન અસ્તિત્વમાં આવ્યું અને છેલ્લે માનવી ઉદ્‌ભવ્યો.


પરંતુ આ માનવી જ ઉત્ક્રાંતિના ક્રમમાં શેષરૂપ છે એમ માનવા કોઈ કારણ નથી. એટલે કે, ઉત્ક્રાંતિનો ક્રમ આ કક્ષાએ અટકી ન જાય તે સ્પષ્ટ છે. માનવમાંથી અધિમાનવ ઘડાશે અને તે અધિમાનવ પણ ઉત્ક્રાંતિમાં એક કડી રૂપ જ હશે. પરિણામે મર્યાદિત માનવતત્ત્વોથી પર બનવું એમાં જ માનવજીવનની સાર્થકતા છે. આ પુરુષાર્થની સિદ્ધિ કેવળ ચેતનાના વિકાસ દ્વારા જ સભવી શકે છે. શ્રી અરવિંદના પૂર્ણયોગનું આ છે રહસ્ય.

માનવીની આ સાધનાના માર્ગે અનેક વિક્ષેપો અને અંતરાયો આવે પરિણામે એની ચેતના પૂર્ણપણે વિકાસ પામી શકતી નથી, એટલું જ નહિ પણ વિશ્વ-ઐક્યની સ્થાપના પણ સંભવિત બનતી નથી.

આધુનિક જગતની વર્તમાન પરિસ્થિતિમાં રાષ્ટ્રવાદ, સંકુચિત ધાર્મિક માન્યતાઓ ને રાજકીય વિચારસરણીઓનાં પરિબળો માનવીને એકબીજાથી વિમુખ બનાવે છે અને પરસ્પર સંઘર્ષમાં દોરી જાય છે. આવા તબક્કે ઊભેલી સમગ્ર માનવજાતને એક એવા સ્થળની જરૂર છે કે જ્યાં માનવી રાષ્ટ્રીયતા અને ધાર્મિક સંકુચિતતાના અંતરાયો વિના વિશ્વ-ઐક્ય સારુ માનવચેતના વિકસાવી શકે, અને એ માટેની અનિવાર્ય શરત જેવી પ્રસન્ન શાંતિપૂર્ણ ભૌતિક પરિસ્થિતિ સર્જી શકે. માટે જ માનવીની દિવ્ય જીવન જીવવાની એ અભીપ્સાને સંતોષી શકે તેવા સ્થળની રચના 'ઑરોવિલ' દ્વારા થઈ રહી છે.

ઑરોવિલનું આયોજન 'શ્રી અરવિંદ સોસાએટી'એ કર્યું છે. સોસાએટીનાં અધ્યક્ષ શ્રી માતાજી છે. તેમના શબ્દોમાં 'ઑરોવિલ એક એવું વિશ્વવ્યાપી સ્થળ બની રહ્યું છે કે જ્યાં કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પ્રકારના સંપ્રદાય, રાજકારણ તેમજ રાષ્ટ્રવાદથી પર બનીને શાંતિથી રહી શકે. ઑરોવિલનું ધ્યેય વિશ્વ-ઐક્ય સિદ્ધ કરવાનું છે.'





ઉપર: ડાબી બાજુ: ઑરોવિલના ખાતમુહૂર્ત વખતે જે શિલાન્યાસ કર્યો તે કમળના દોડાના આકારની પદ્મશિલા; અને ત્યાં પહોંચવા માટે ફરતો કુંડલિની-માર્ગ; જમણી બાજુ: ઑરોવિલના કેન્દ્રમાં ઊભું થનારું 'માતૃમંદિર' જે બધા વિસ્તારોને આવરી રહેતું તેનું આધ્યાત્મિક કેન્દ્ર હશે.

આવા એ ઑરોવિલના આદર્શોની પાર્શ્વભૂમિકા અને તેની રૂપરેખા જે 'ઑરોવિલ ચાર્ટર'માં આલેખવામાં આવી છે, તે આ પ્રમાણે છે:

૧) ઑરોવિલ એ સમગ્ર માનવજાત માટે રચાયું છે, નહિ કે કોઈ એક વ્યક્તિ માટે. પરંતુ ઑરોવિલમાં રહેનાર માનવી દિવ્ય ચેતનાનો મુક્ત ઉપાસક હોવો જોઈએ.

૨) ઑરોવિલ એ સતત પ્રગતિ અને શાશ્વત યૌવનનું અવિરત જ્ઞાન પ્રાપ્ત કરવાનું સ્થાન બની રહેશે.

૩) ઑરોવિલ ગત અને અનાગત વચ્ચે સેતુ રૂપ બની રહેશે. બધી જ બાહ્ય શોધો અને આંતરિક ખોજનો સમન્વય કરી એ ભાવિ સિદ્ધિઓ તરફ ડગ માંડશે.

૪) ઑરોવિલ એ તાદૃશ્ય માનવ-ઐક્યના જીવંત પ્રતીક રૂપ બનવા માટે ભૌતિક અને આધ્યાત્મિક સંશોધનનું સ્થાન બની રહેશે.

આવી નગરીનું ખાતમુહૂર્ત ઈ. ૧૯૬૮ની ૨૮મી ફેબ્રુઆરીના રોજ અત્યંત સાદગીથી કરવામાં આવ્યું હતું. ભારતના દરેક રાજ્યના તેમજ જગતની એકસો વીસ પ્રજાઓના યુવાન પ્રતિનિધિઓ પોતપોતાના પ્રદેશની જે માટી સાથે લાવેલા તે ઑરોવિલના પાયામાં પૂરવામાં આવી. ત્યાર બાદ ૨૧મી ફેબ્રુઆરી ૧૯૭૧ના રોજ ઑરોવિલના કેન્દ્રમાં 'માતૃમંદિર'નો શિલારોપણ-વિધિ કરવામાં આવ્યો.


છ માઈલના પરિઘમાં પથરાએલું આ ઑરોવિલ પોંડિચેરીથી પાંચ માઈલના અંતરે ઈશાન ખૂણામાં અને કોરોમંડલ કિનારાથી ત્રણ માઈલના અંતરે આવ્યું છે. પંદર ચોરસ માઈલના એના વિસ્તારમાં ૧,૦૦,૦૦૦ રહીશોની વ્યવસ્થા કરવામાં આવી છે. આમાંથી ૫૦,૦૦૦ રહીશો મુખ્ય નગરમાં, ૨૦,૦૦૦ રહીશો એના હરિયાળા સીમપ્રદેશનાં નમૂના રૂપ ગામડાંમાં અને ૩૦,૦૦૦ રહીશો અન્ય ગૌણ આયોજનકેન્દ્રોમાં રહેશે. જુદાજુદા દેશના સ્થપતિઓ અને ઇજનેરોએ પોતાની અવેતન સેવાઓ આપવા કબૂલ્યું છે. ફ્રાન્સના એમ. રૉજર ઍંગર મુખ્ય સ્થપતિ છે.

માતૃમંદિરને કેન્દ્રમાં રાખી ઑરોવિલને ચાર વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યું છે: ૧) વસવાટ, ૨) સાંસ્કૃતિક વિસ્તાર, ૩) આંતરરાષ્ટ્રીય વિસ્તાર અને ૪) ઔદ્યોગિક વિસ્તાર.

આ નગરીમાં દરેક પ્રકારની પ્રવૃત્તિને સ્થાન રહેશે. દરેક પ્રજા પોતાની આગવી વિશેષતા સાથે ભાગ લઈ શકે અને પ્રત્યેક વ્યક્તિ પોતાની અભિરુચિ પ્રમાણે કાર્ય-પસંદગી કરી શકે એવા સંપૂર્ણ મુક્ત વાતાવરણની ત્યાં વ્યવસ્થા હશે. કોઇએ ત્યાં વ્યક્તિગત એષણાઓને સંતોષવા માટે કાર્ય કરવાનું નથી, પરંતુ કર્મયોગી બની ચેતનાના વિકાસ અર્થે પ્રવૃત્તિ કરવાની છે. દરેક દેશની વિશિષ્ટતા રજૂ કરતા સાંસ્કૃતિક મંડપોને પણ ઑરોવિલના સાંસ્કૃતિક વિસ્તારમાં સ્થાન છે. આમાં ભારતના સાંસ્કૃતિક મંડપને 'ભારત-નિવાસ' નામ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ત્યાં આંતરરાષ્ટ્રીય વિદ્યાપીઠ પણ સ્થપાશે.

સ્વાસ્થ્ય માટેનાં વૈજ્ઞાનિક સંશોધનોમાં આયુર્વેદ, યુનાની, હોમિયોપથિક, બાયોકેમિક, ન્યુરોપથિક, ઍલોપથિક વગેરે પદ્ધતિઓનો સમાવેશ અનિવાર્ય ગણવામાં આવ્યો છે. વ્યક્તિ પોતાની તાસીર અને માનસિક વલણ પ્રમાણે આમાંની કોઈ પણ પદ્ધતિનો ઉપયોગ કરવા મુક્ત છે.


ઑરોવિલ માટેનાં નાણાં સરકારી તંત્રમાંથી, ઔદ્યોગિક અને સામાજિક સંસ્થાઓમાંથી તેમજ જુદાંજુદાં ફાઉન્ડેશન્સ અને વ્યક્તિઓ તરફથી આવે છે. અત્યાર સુધીમાં એક કરોડથી પણ વધારે રૂપિયા ખર્ચાયા છે અને કુલ રૂપિયા ૫૦૦ કરોડના ખર્ચનો અંદાજ છે. સૌથી નોંધપાત્ર અને આનંદની હકીકત તો એ છે કે ઑરોવિલને યુનેસ્કોનાં સમર્થન અને સહાય મળ્યાં છે. ઈ. ૧૯૬૬, '૬૮ અને '૭૦માં ત્રણ ઠરાવો કરીને યુનેસ્કોની સામાન્ય સભાએ એક મતે ઑરોવિલની પ્રવૃત્તિને ટેકો જાહેર કર્યો છે, કેમ કે ઑરોવિલનું અસ્તિત્વ યુનેસ્કોના મૂળભૂત સિદ્ધાંતો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વિશ્વ-ઐક્યનાં ધ્યેયોને અનુરૂપ છે, એટલું જ નહિ પરંતુ તે બધાંમાં આગવું અને વિશિષ્ટ પ્રદાન કરે છે. યુનેસ્કોના




આપણા સંસ્કાર કેન્દ્ર 'ભારત નિવાસ'ની માંડણી



કૃષિ વિભાગ માટે ઊભી કરેલી ષટ્કોણ કુટિરો






ઉપર: આંતરરાષ્ટ્રીય વિસ્તારમાં ઊભો થનારો જાપાની પૅવિલિયન


ડાબી બાજુ: 'મહત્ત્વાકાંક્ષા' નામક યુવક-શિબિર


ભૂતપૂર્વ ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ડૉ. માલ્કમ આદિશેશૈયા કહે છે: 'ઑરોવિલ ભાવિ પેઢી માટે આશા અને પ્રેરણાનું જીવંત પ્રતીક બની રહેશે... એ આધ્યાત્મિક પાયા ઉપર રચાયું છે. જગત ઑરોવિલ તરફ દોરાશે જ,—અરે અનેક ઑરોવિલો તરફ આકર્ષાશે, કારણ કે ઑરોવિલનો આદર્શ જગત આખામાં ફેલાશે. ઑરોવિલ પોંડિચેરી પૂરતું મર્યાદિત નહિ રહે, પરંતુ માનવજગતમાં વ્યાપક પ્રવૃત્તિ રૂપ બની રહેશે.'


ઑગસ્ટ ૧૫, ૧૯૭૨–એ શ્રી અરવિંદની જન્મ-શતાબ્દીનો દિવસ છે, તે સાથેસાથે ભારતના સ્વાતંત્ર્યની રજતજયંતીનો સુદિન પણ છે; એટલે ઑરોવિલની પ્રગતિમાં આ પ્રસંગે નવો ઝોક આવવાની આશા છે. પ્રત્યેક ભારતવાસી માટે આ ગૌરવનો પ્રસંગ છે કે શ્રી અરવિંદના જન્મ-શતાબ્દી દિને સ્વાતંત્ર્યની રજતજયંતી ઊજવી ભારતને પૂર્ણ પ્રગતિ સાધવાની તથા માનવસમાજની ઉત્ક્રાંતિમાં વિશ્વ-ઐક્યના ધ્યેય તરફ પોતાનો અનન્ય ફાળો આપવાની તક સાંપડી છે. માટે જ ઑરોવિલની સ્થાપના શ્રી અરવિંદને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પે છે. આ વાતની પ્રતીતિ શ્રી માતાજીના આ શબ્દો દ્વારા થાય છે: 'What Sri Aurobindo represents in the world's history is not a teaching; not even a revelation; it is a decisive action direct from the Supreme.' (જગતના ઇતિહાસમાં શ્રી અરવિંદ જે પ્રસ્તુત કરે છે તે નથી બોધ કે નથી જ્ઞાન; એ તો છે પરમાત્મા તરફથી સીધું જ મળતું નિશ્ચયાત્મક કાર્ય.)

ભારતનાં વડાં પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ ઈ. ૧૯૬૯ના માર્ચની ૨૫મીએ ઑરોવિલની મુલાકાત લેતાં કહેલું: 'પૉંડિચેરી તો શ્રી અરવિંદના રાજકારણના ક્ષેત્રસંન્યાસનું અને આધ્યાત્મિક પુનરુત્થાનનું સ્થળ છે. તેમના દિવ્ય સંદેશનું તેજ ત્યાંથી જ જગતના ખૂણેખૂણામાં પથરાયું. દુનિયાના વિવિધ દેશોના બુદ્ધિમાન પુરુષાર્થીઓ શ્રીઅરવિંદના અસ્તિત્વને સિદ્ધ કરે એવું એક સ્થળ ત્યાં સ્થાપે એ યથાર્થ છે. વિભિન્ન સંસ્કૃતિઓ વચ્ચે સમન્વય સાધવા ને માનવીના આધ્યાત્મિક વિકાસની અનિવાર્ય પરિસ્થિતિની સૂઝ કેળવવા માટેનું પ્રોત્સાહક આયોજન ત્યાં છે. ઑરોવિલ ખરે જ પ્રકાશ અને શાંતિનું ધામ બને એવી અભ્યર્થના!' □













ઑરોવિલમાં વિવિધ હેતુઓ માટે ઊભાં થનારાં મકાનોની નાનાવિધ રૂપમાંડણી

આજ આપણે જે માણી રહ્યા છીએ તેની પ્રાપ્તિની રૂપરેખા સ્વરાજયાત્રા

(બી. શિવરાવ • ડી. આર. માણેકકર • ગગનવિહારી મહેતા)

ભારતની સિવિલ સર્વિસની તેજસ્વી બંધુત્રિપુટી—બી. (બેનેગલ) નરસિંહરાવ, બી. રામરાવ અને બી. શિવરાવ—પૈકીના એક બી. શિવરાવે આલેખેલું આપણી સ્વરાજયાત્રાનું સ્મરણચિત્ર :

આજે મારા મનમાં સ્વાતંત્ર્ય આંદોલનના હોમરુલ લીગ રૂપે થએલા પ્રારંભથી ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના દિવસે આઝાદીની ઉષાનું પરોઢ પ્રગટ્યું ત્યાં સુધીની આપણી સ્વરાજ્ય યાત્રાની—સ્વાતંત્ર્યસંગ્રામના વિવિધ તબક્કાની—યાદ તાજી થાય છે.

દાદાભાઇ નવરોજી તેમજ એમની પેઢીના બીજા નેતાઓએ ભારતના સ્વાતંત્ર્યને તબક્કાવાર સિદ્ધ કરવાનું લક્ષ્ય નજર સમક્ષ રાખ્યું હતું. તે પછી ભારત માટે સ્વશાસન—હોમરુલ—નું હિંમતભર્યું અને ઉજ્જ્વળ સ્વપ્ન કંડારી એ માટે પુરુષાર્થ કરવાનું શ્રેય તો શ્રીમતી ઍની બિસંટને ફાળે જાય છે. ભારત અને ભારતની પ્રગતિ માટે જીવનભર ઝઝૂમનાર એ સન્નારીએ પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન જ ભારત માટે સ્વશાસનનો નારો ગુંજતો કર્યો હતો. આ માગણીને ગાંધીજી સહિત ઘણા નેતાઓએ—ખાસ કરીને યુદ્ધના સંદર્ભમાં—કસમયની ગણાવી હતી. સ્વશાસનની હોમરુલ લીગની માગણીથી ભયભીત થએલા બ્રિટિશ શાસકોએ શ્રીમતી બિસંટ તેમની યોજના પડતી મૂકે એ ઉદ્દેશથી દમનનો દોર છૂટો મૂક્યો હતો. ત્યારે શ્રીમતી બિસંટને ઉતાકામંડમાં કેદ કરવાનો હુકમ લઈ એક બ્રિટિશ પોલીસ અધિકારી ઈ. ૧૯૧૭ના જૂનની મધ્યમાં એક બળતી બપોરે મદ્રાસમાં 'ન્યૂ ઇન્ડિયા' પત્રની ઑફિસમાં આવેલો એ પ્રસંગ મને આજે પણ હૂબહૂ યાદ છે.

શ્રીમતી બિસંટની ધરપકડના પગલાનાં પરિણામ, સરકારને કલ્પના પણ ન હોય એટલાં ઉગ્ર આવ્યાં હતાં. હોમરુલ લીગનો ઘણો જ વ્યાપક ફેલાવો થયો અને ગાંધીજીના શબ્દોમાં કહીએ તો, લીગ દેશના પ્રત્યેક ગામડામાં મંત્રરૂપ બની ગઈ. ગાંધીજીએ તો શ્રીમતી બિસંટની મુક્તિની માગ માટે મદ્રાસથી ઉતાકામંડ સુધીની કૂચ કરવાનું સૂચન કર્યું હતું; પરંતુ લોકમાન્ય તિલક અને ઝીણા જેવા નેતાઓએ એ સૂચનને અવ્યવહારુ અને ગેરડહાપણભર્યું ગણાવ્યું હતું.

ગાંધીજી અગ્રસ્થાને

એપ્રિલ ૧૯૧૯માં જલિયાંવાલા બાગની કતલ પછી ગાંધીજી દેશના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ટોચ ઉપર આવ્યા ને તેમણે ત્રણ દસકા સુધી એ સ્થાન જાળવી રાખ્યું. દરમિયાન બ્રિટિશરો તેમજ ભારતના નેતાઓએ જો હાથ આવેલી તકો ગુમાવી ન હોત તો, આપણને સ્વાતંત્ર્ય કદાચ વહેલું મળ્યું હોત અને દેશના ભાગલાનું દુર્દૈવ પણ નિવારી શકાયું હોત.

ડિસેમ્બર ૧૯૨૧માં ગાંધીજીએ પ્રિન્સ ઑફ વેલ્સ (સ્વ. ડયૂક ઑવ વિન્ડસર)ની ભારતની મુલાકાતનો બહિષ્કાર કરવા જે સૂચન કર્યું હતું એને મળેલા ઉત્સાહપૂર્ણ આવકારથી વાઇસરૉય લૉર્ડ રીડિંગને ભારે ચિંતા થઈ હતી. એમાંથી માર્ગ કાઢવા લૉર્ડ રીડિંગની સરકારના કાયદા વિભાગના સભ્ય સર તેજબહાદુર સપ્રુએ એક સમાધાનકારી દરખાસ્ત માટે, તે વખતે કારાવાસ ભોગવી રહેલા મોતીલાલ નેહરુ અને ચિત્તરંજન દાસનો ટેકો મેળવ્યો હતો. આ દરખાસ્તનો સ્વીકાર થયો હોત તો સ્વાતંત્ર્યસંગ્રામ ઘણો જલ્દી પૂરો થયો હોત; પરંતુ આ દરખાસ્ત અંગે કલકત્તામાં વાઇસરૉય ને ગાંધીજી વચ્ચેની વાટાઘાટો; ગાંધીજીએ અલીભાઈઓની તાત્કાલિક મુક્તિ માટે આગ્રહ રાખતાં નિષ્ફળ ગઈ હતી.

એ પછી ૧૯૩૧માં બીજી ગોળમેજી પરિષદમાં ગાંધીજી તેમ જ બ્રિટનની રાષ્ટ્રીય સરકારના વડા પ્રધાન રામ્સે મૅકડોનલ્ડે, બન્નેએ, ભૂતકાળની ભૂલો ભૂલી જઈ, વિશ્વશાંતિના હિતમાં ભારત અને બ્રિટન વચ્ચે સમાન દરજ્જાએ સહકારની અપીલ કરતાં પરિસ્થિતિએ પાછો સારો વળાંક લીધો હતો. ભારતને સાંસ્થાનિક સ્વરાજ્યની સત્તા અને જવાબદારીઓના સોંપણીની શક્યતા એટલી ઉજ્જ્વળ ક્યારે ય બની ન હતી. સ્વાતંત્ર્ય-સંગ્રામનો અંત ફરી નજીક જણાતો હતો.

પરંતુ વિધિનું નિર્માણ કંઈક જુદું જ હતું. ભારતમાં પંડિત મોતીલાલ નેહરુનું અવસાન થયું અને તે પણ એવે સમયે કે જ્યારે દેશને તેમની ડહાપણભરી નેતાગીરીની સૌથી વિશેષ જરૂર હતી. થોડા સમય પછી શ્રીમતી ઍની બિસંટનું પણ મૃત્યુ થયું અને ભારતને સ્વતંત્ર જોવાનું એમનું સ્વપ્ન અધૂરું રહ્યું, ચર્ચિલે રૂઢિચુસ્તોની બહુમતીવાળી બ્રિટનની સંસદમાં મૅકડૉનલ્ડ ઉપર વેધક પ્રહારો કરી ઠઠ્ઠામશ્કરી દ્વારા મૅકડોનલ્ડને લગભગ રાજકીય સંન્યાસમાં ધકેલી દીધા. ભારતીય નેતાઓ કારાવાસમાં ધકેલાતાં ભારત માટે સુધારાની મૂળ યોજના એના અમલ પહેલાં જ ઘણી અનિચ્છનીય જોગવાઈઓથી લદાઈ ગઈ હતી.

ઈ. ૧૯૩૭ના શરૂઆતના મહિનાઓમાં ઈ. ૧૯૩૫ના નવા બંધારણ હેઠળ દેશના ૧૧ પ્રાંતોમાં સામાન્ય ચૂંટણીઓ થઈ. કૉંગ્રેસે ૭ પ્રાંતોમાં સ્પષ્ટ બહુમતી મેળવી ને બીજા એક પ્રાંતમાં જૂથવાર ગણતરીમાં તેણે સૌથી વધુ બેઠકો કબજે કરી. કૉંગ્રેસે મંત્રીમંડળ રચવાની જવાબદારી સંભાળવી કે કેમ એ પ્રશ્નની ઠેરઠેર ચર્ચા થતી હતી. ગાંધીજીએ આ પ્રસંગે નેતાગીરીના સર્વોત્તમ ગુણો દર્શાવ્યા. એક નિવેદનમાં તેમણે જાહેર કર્યું કે નવા બંધારણનો, તેની ખામીઓ છતાં, જો પ્રાંતોના ગવર્નરો તેમની દરમ્યાનગીરીની સત્તાનો મનસ્વી ઉપયોગ ન કરે તો, કૉંગ્રેસના રચનાત્મક કાર્યક્રમનો અમલ કરવા માટે ઉપયોગ થઈ શકે. નવા વાઈસરૉય લૉર્ડ લિનલિથગોના સૂચનથી મેં આ નિવેદન અંગે ગાંધીજીની વધુ સ્પષ્ટતા મેળવવા બેલગામ જિલ્લાના એક ગામડામાં તેમની ખાસ મુલાકાત લીધી હતી. 'હિંદુ' અને માંચેસ્ટર ગાર્ડિયન પત્રોમાં પ્રસિદ્ધ થએલી તેમની એ મુલાકાતમાં તેમણે વધુમાં કહ્યું હતું કે બ્રિટિશરો સાથે કામ કરવાનું સરળ બને એમ છે, કારણ કે તે એક શિષ્ટ પ્રજા છે.'

વિવિધ દરખાસ્તો

એ પછીનાં બે વર્ષ સુધી—બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યાં સુધી કૉંગ્રેસનાં મંત્રીમંડળોએ પ્રાંતોમાં શાસન કર્યું, પરંતુ વિશ્વયુદ્ધ શરૂ થતાં, મધ્યસ્થ ધારાસભાની મંજૂરી વગર ભારતને યુદ્ધમાં સંડોવવાના વિરોધમાં, કૉંગ્રેસમાંના સમાજવાદીઓના આગ્રહથી કૉંગ્રેસનાં મંત્રીમંડળોએ રાજીનામાં આપી દીધાં. સરકારી વર્તુળોએ આ પગલાને ખાસ આવકાર્યું, કારણ કે હવે સત્તા પર ન હોય એવા કૉંગ્રેસીઓ સામે દમનકારી પગલાં લેવાનું વધુ સરળ બન્યું હતું.

યુદ્ધનાં વર્ષો દરમ્યાન પાકિસ્તાનની રચના માટેનું ઝનૂન વધ્યું. પંજાબના એકતાવાદી મુખ્ય મંત્રી સર સિકંદર હયાતખાન અને બંગાળી મુસ્લિમોના નેતા ફઝલુલ હક જેવા આગેવાનોનો એ સામેનો વિરોધ નિરર્થક ઠર્યો હતો. સર સિકંદર હયાતખાને એ પછીના એક-દોઢ વર્ષમાં રાજાજી અને પંડિત પંત જેવા કૉંગ્રેસી નેતાઓ સાથે મળીને મહિસૂર અને વડોદરા જેવાં રાજ્યોના ટેકાથી કેન્દ્રમાં તત્કાળ સંઘસરકારની સ્થાપના માટે એકથી વધુ પ્રયત્નો કર્યા હતા. પરંતુ પ્રારંભિક સફળતા પછી આ પ્રયત્નો નિષ્ફળ થયા હતા.

વિશ્વયુદ્ધનાં પ્રથમ બે વર્ષ દરમ્યાન મેં વાઇસરૉયને બંધારણની મર્યાદામાં રહીને તે સમયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને કાયદેસરના મંત્રીમંડળમાં ફેરવી કૉંગ્રેસી નેતાઓ પાસેથી યુદ્ધપ્રયત્નોમાં ટેકો મેળવવા એકથી વધુ વાર વિનંતી કરી હતી. પણ વાઇસરૉયે, ચર્ચિલ સત્તાની આવી ફેરબદલીને સંમતિ નહિ આપે એવી દલીલ દ્વારા પોતાની સત્તામાં કાપ મૂકતી આ દરખાસ્ત પ્રત્યે ધ્યાન આપ્યું નહિ, પરંતુ ઈ. ૧૯૪૨ને

શરૂઆતમાં યુદ્ધના મેદાનમાં જાપાનની જ્વલંત જીતોને પરિણામે પરિસ્થિતિએ નવો પલટો ખાધો. ચર્ચિલે, નામરજી સાથે, સમાધાનની શોધ સારુ માર્ચ ૧૯૪૨માં સર સ્ટૅફર્ડ ક્રિપ્સને ભારત મોકલ્યા. મહત્ત્વની સત્તાનાં સૂત્રો તાત્કાલિક હાથમાં આવે અને યુદ્ધ પછી સંપૂર્ણ સ્વાતંત્ર્ય મળે એ ભૂમિકાએ બ્રિટન તેમજ સાથી રાષ્ટ્રોને યુદ્ધમાં ટેકો આપવો એવું સમાધાન કરવા નેહરુ, રાજાજી તેમજ બીજા કેટલાક કૉંગ્રેસી નેતાઓ ઉત્સુક હતા.

ક્રિપ્સની દરખાસ્તને સાધારણ આવકાર મળ્યો. ત્યાં એકાએક એક અણધારી ઘટના બની. ભારતના સ્વાતંત્ર્ય સારુ સમજૂતી સરળ બને એ હેતુથી અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટે તેમના એક ખાસ પ્રતિનિધિ કર્નલ લૂઈ જૉન્સનને નવી દિલ્હી મોકલ્યા. ભારત કોઈ પણ સંજોગોમાં જાપાન સાથે કોઈ શાંતિ-કરાર ન કરે અને સ્વતંત્ર ભારતના નવા બંધારણમાં મુસ્લિમો તેમજ બીજી લઘુમતીઓ તરફ યોગ્ય વર્તાવ થાય એવી બે બાંયધરી મેળવવા રૂઝવેલ્ટ ઉત્સુક હતા.

જૉન્સનને વહેલામાં વહેલી તકે નેહરુને મળવું હતું, જે માટે મેં ગોઠવણ કરી આપી. આ પ્રશ્નનું પણ કદાચ શુભ પરિણામ આવ્યું હોત, પરંતુ નવી દિલ્હીના એક છાપામાં નેહરુ-જૉન્સન મંત્રણાની કમનસીબ જાહેરાત થઇ જતાં બધા પ્રયત્નો નકામા ગયા. પ્રમુખ રૂઝવેલ્ટને મળવા અમેરિકા આવવા જૉન્સને નેહરુને ઘણા સમજાવ્યા, પરંતુ તેઓ માન્યા નહિ. છેવટે નેહરુએ જૂના શાહીવાદ હેઠળ માનભંગ સહન કરનાર ભારત નવા શાહીવાદને (જાપાનને) કોઈ પણ સંજોગમાં સ્વીકારશે નહિ એવી ખાત્રી આપતો એક વિગતવાર પત્ર રૂઝવેલ્ટને લખ્યો. ગાંધીજીએ પણ આ જ પ્રમાણેનો એક પત્ર એમને લખ્યો.

દરમ્યાન ચીનનાં ચ્યાંગ કાઈ શેકે પણ રૂઝવેલ્ટને ફરી વાર જણાવ્યું કે માત્ર સ્વતંત્ર ભારત જ જાપાનને હરાવવામાં સાથી રાષ્ટ્રોને મદદ કરી શકે. ચ્યાંગની ચેતવણી પ્રમુખ રૂઝવેલ્ટે ચર્ચિલને પહોંચાડી, જેનાથી ચર્ચિલનો ભારત ઉપરનો રોષ વધુ ભભૂક્યો અને અમેરિકાના પ્રમુખના પ્રયત્નોનું, જૉન્સન વૉશિંગ્ટન પહોંચ્યા પછી, પૂર્ણવિરામ આવ્યું.

દેશના ભાગલાનો સ્વીકાર

ચર્ચિલનો ભારત પ્રત્યેનો દૃષ્ટિકોણ ફેબ્રુઆરી ૧૯૪૩માં ગાંધીજીના ઉપવાસ દરમ્યાન ઘણો જ સ્પષ્ટ જણાઈ આવ્યો હતો. વાઈસરૉયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાંથી રાજીનામાં અપાતાં નિવારવા (અણે, મોદી અને સરકારે તો રાજીનામાં આપી પણ દીધાં હતાં) ગાંધીજી સહિત ભારતીય નેતાઓ સાથે વાટાઘાટો ફરી શરૂ કરવા અમેરિકાએ કરેલા સૂચનનો ચર્ચિલે ભારે વિરોધ કર્યો. એણે તો બહુ સ્પષ્ટ રીતે કહ્યું હતું કે કાઉન્સિલના બધા જ ભારતીય સભ્યો રાજીનામાં આપી દે તો પણ વાંધો નથી. વહીવટ એ પછી ય ચાલશે. અને શું યુદ્ધના ઘણા વિસ્તારોમાં વિજયી બનેલા બ્રિટન માટે આપણા હમેશના દુશ્મન એવા દયનીય વૅતિયા પ્રાણી (ગાંધીજી) સામે ઝૂકવાનો આ તે સમય છે?

યુદ્ધોત્તર કાળમાં મજૂર પક્ષની બહુમતી સાથે ઍટલી બ્રિટનના વડા પ્રધાન બનતાં ભારતના સ્વાતંત્ર્ય માટે એકાએક ઉજ્જવળ સંજોગો ઊભા થયા. ભારતના બે ગાઢ મિત્ર પેથીક લૉરેન્સ અને ક્રિપ્સના બનેલા કૅબિનેટ મિશને ઈ. ૧૯૪૬ના ઉનાળામાં એવો અહેવાલ આપ્યો કે ઝીણાની માગણી મુજબ દેશના ભાગલા વ્યૂહાત્મક તેમજ વહીવટી દૃષ્ટિએ જોખમકારક હતા. પરંતુ ઝીણા હઠાગ્રહમાં નમતું જોખે એવા ન હતા. આ પછી ફેબ્રુઆરી, ૧૯૪૭માં ઍટલીએ આ પ્રશ્ન પરત્વે સરકારનું વલણ બદલી ભારતને કોઈ પણ સંજોગોમાં મોડામાં મોડું જૂન ૧૯૪૮ સુધીમાં સ્વાતંત્ર્ય આપવાની જાહેરાત કરી.

દરમ્યાનમાં ભારતની આંતરિક પરિસ્થિતિ કથળતી જતી હતી. નવા વાઈસરૉય લૉર્ડ માઉન્ટબૅટને જૂન ૧૯૪૮ને બદલે ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે સ્વાતંત્ર્ય આપવાની જાહેરાત કરી. લૉર્ડ માઉન્ટબૅટનની યોજના મુજબના ટુકડાઓમાં વહેંચાઈ ગએલા પાકિસ્તાનનો ઝીણાએ વિરોધ કર્યો, પરંતુ એમની પાસે એના સ્વીકાર વગર બીજો વિકલ્પ ન હતો.

ગાંધીજી માટે દેશના ભાગલાનો નિર્ણય યાતનાપૂર્ણ હતો. તેમણે ૧૫મી ઑગસ્ટના દિવસે સ્વાતંત્ર્યસિદ્ધિની ઉજવણીમાં ભાગ પણ લીધો ન હતો. પરંતુ દેશના ભાગલાથી દુઃખી એવા નેહરુનું માનવું હતું કે ગમે તે હોય ભાગલાનો સ્વીકાર કરવો એ જ સાચો માર્ગ છે.

અને, અનેક વર્ષની યાતનાઓ પછી છેવટે એ દિવસ આવી પહોંચ્યો. જાણીતા પત્રકાર ને લેખક ડી. આર. માણકેકરનું એક રોમાંચક સ્મરણ:

આઝાદીની ઉષાને પ્રગટાવતી મધરાત

એ દિવસનો સૌથી સ્મરણીય પ્રસંગ તો સંસદના મધ્યસ્થ ખંડમાં ઑગસ્ટ ૧૪-૧૫ની મધ્યરાતની યાદગાર વિધિનો હતો. એ મધરાતે જ્યારે બાકીનું વિશ્વ ગાઢ નિદ્રામાં પોઢેલું હતું ત્યારે ભારતમાં આઝાદીની ઉષા પ્રગટી હતી; ભારત તેના ભાવિનો પડકાર ઝીલવા સતેજ થયું હતું.

અખબારી દીર્ઘામાંથી નીચે નજર દોડાવતાં મને 'વિવિધતામાં એકતા'ની ભારતની વિલક્ષણતાને રજૂ કરતા વિવિધ ભારતીય પોશાકો જોવા મળ્યા. આમ છતાં મધ્યસ્થ ખંડમાં મોટે ભાગે તો સફેદ ટોપીઓ જ દેખાતી હતી. પરંતુ એની સાથોસાથ કોઇકે કાળી ટોપી અને અચકન, કોઇકે દક્ષિણ ભારતની સોનેરી પટાની સફેદ પાઘડી, કોઇકે ધોતિયું, કોઇકે લૂંગી, કોઇકે ચૂડીદાર પાયજામો તો કોઇકે પશ્ચિમી પહેરવેશ અંગીકાર કર્યો હતો. ફ્રૅન્ક ઍન્થનીની રાહબરી હેઠળના ઍંગ્લો ઇન્ડિયન સભ્યોએ યુરોપિયન સૂટ પહેર્યા હતા. મહિલા સભ્યોની બનારસી જરીની સાડીઓ વાતાવરણમાં નવો જ રંગ પ્રગટાવતી હતી.

બરોબર બારના ટકોરે સંસદના મધ્યસ્થ ખંડનો ઘુમ્મટ 'ભારત માતા કી જય' અને 'મહાત્મા ગાંધી કી જય'ના નારાના પડઘાઓથી ગુંજી ઊઠ્યા. પંડિત ગોવિંદ માલવીયએ છુપાવીને રાખેલો શંખ ફૂંકતાં શંખનાદે સમગ્ર વાતાવરણ ભરી દીધું. એમને શંખ ફૂંકતા જોઈ ઘડીભર થયું કે ક્યાંક એમના ગાલ ન ફાટી જાય!

એ દિવસ પછી પચ્ચીસ વર્ષ વીતી ગયાં. એમાં અનેક લીલીસૂકી વચ્ચે સ્વરાજની યાત્રા ચાલુ રહી, જેના આપણે સાક્ષી રહ્યા છીએ. પણ આજે જે વાતાવરણ પ્રવર્તે છે તે જોતાં ગગનવિહારી મહેતા જે ચેતવણી ઉચ્ચારે છે એ ધ્યાનમાં લેવા જેવી છે:

આપણા બંધારણમાં જાતિ, ધર્મ, જ્ઞાતિ કે લિંગના આધારે ભેદભાવ રાખવાની બંધી છે. પરંતુ માત્ર બંધારણમાં આ વાતો હોવાથી કોઈ અર્થ સરતો નથી; પણ તેના પાયાના સિદ્ધાંતોનો આપણે અમલ કેવી રીતે કરીએ છીએ તે મહત્ત્વનું છે. ગયા વર્ષના કરુણ અને ઐતિહાસિક બનાવોથી ઘણા ખોટા આદર્શોનો ભુક્કો થઇ ગયો છે. એમાં યે બે રાષ્ટ્રો અને ધાર્મિક રાજ્યના સિદ્ધાંતને સૌથી વધારે હાનિ થઈ છે. આપણા દેશમાં પણ આપણે સાચો બિનસાંપ્રદાયિક સમાજ રચવામાં નિષ્ફળ ગયા છીએ.

છતાં, રાષ્ટ્રીય એકતાનો અર્થ, વિચારોનું સ્વાતંત્ર્ય છીનવી લેવું, વિરોધની સામે અસહિષ્ણુતા અને લઘુમતીના મંતવ્યોનું દમન કરવું, એવો થતો નથી. પોતાનાં મતવ્યોનો આગ્રહ એ લોકશાહી નથી, પરંતુ એકહથ્થુ સત્તાની નિશાની છે. આપણી વફાદારી દેશ પ્રત્યે હોવી જોઇએ અને નહિ કે શાસક પક્ષ, ધર્મ અથવા કોઈ નેતા પ્રત્યે. આપણે રાષ્ટ્ર અને રાજ્ય, સરકાર અને પક્ષ વચ્ચેનો તફાવત સમજવાનો છે. બ્રિટન અને અમેરિકામાં સરકારી નીતિઓની ટીકા કરનાર લોકોને દેશદ્રોહીઓ ગણવામાં આવતા નથી. જો આપણે સંમતિ ને સહકાર ઉપર આધારિત એકતા જોઇતી હશે તો આપણે સંયમ, સહિષ્ણુતા, ધીરજ અને સમજની ભાવના કેળવવી પડશે. એકતા લાદી શકાતી નથી. તેનો અવિરત વિકાસ કરવો જોઇએ. સ્વતંત્રતાની જેમ એકતાનું મૂલ્ય પણ શાશ્વત જાગૃતિ છે. □

તરુણોનાં આહાર અને આરોગ્ય

ઈ. ૧૯૬૦ થી '૬૮ સુધીના ગુજરાત યુનિવર્સિટીના આરોગ્ય વિષયક અહેવાલ પરથી જણાયું છે કે ગુજરાતી તરુણોનું શારીરિક વજન ઓછું હોય છે. ગુજરાતનાં યુવક-યુવતીઓનાં વજન અન્ય પ્રાંતવાસીઓનાં વજન કરતાં સામાન્યતઃ ઓછાં હોય છે. આપણા ત્રીજા ભાગના તરુણોનું વજન લઘુતમ વજન કરતાં ય ઓછું જણાયું છે. ૧૯૬૦માં યુનિવર્સિટીની તમામ કૉલેજોમાં યોજાએલી સુદૃઢ શરીરની હરીફાઈમાં ઓગણત્રીસ હજાર વિદ્યાર્થીઓમાંથી માત્ર સાત યુવાનો અને એક યુવતીએ ભાગ લીધો હતો! આ આપણી શારીરિક દરિદ્રતા જ સૂચવે છે. ગુજરાત યુનિ૦ ના ૫૬ ટકા વિદ્યાર્થીઓ સંરક્ષણ ખાતામાં ભરતી થવા માટે અયોગ્ય જણાયા છે. અન્ય પ્રાંતોની સરખામણીમાં સ્વાસ્થ્યની દૃષ્ટિએ ગુજરાતી યુવાન ઊતરતો હોવાનું આથી સ્પષ્ટ થાય છે. વિદ્યાર્થીઓમાં ફિક્કાશનું પ્રમાણ વધુ જણાય છે. ગુજરાતી યુવકયુવતી ઊંચાઈ અને વજનમાં પાછાં પડવાનું એક કારણ ઓછી કૅલરીવાળો આહાર હોઈ શકે છે. વજન વધારવા માટે ખોરાકમાં દૂધ, દહીં, માખણ, મલાઈ, ઘી-ગોળ, કોપરું, કઠોળ અને ઇંડાં વગેરે પૂરતા પ્રમાણમાં હોવાં જરૂરી છે. સુદૃઢ શરીર માટે પોષક ખોરાક ઉપરાંત યોગ્ય વ્યાયામ પણ આવશ્યક છે.

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

તરુણાવસ્થામાં જાતિનેય વ્યાપારોનું નિર્યત્રણ કરનારી ગ્રંથિઓની ક્રિયાથી તરુણનો શારીરિક અને માનસિક વિકાસ એવો તો સધાય છે કે તેના દેખાવ અને વ્યક્તિત્વમાં સ્પષ્ટ ફેરફારો જોવા મળે છે. બાળપણમાં વૃદ્ધિ અને વિકાસ નિયમિત પણ મધ્યમ ગતિએ થાય છે, પરંતુ તરુણ વયમાં તે અમુક ગાળે ઝડપી બને છે. જો કે વંશાનુગતતા, આરોગ્ય, પોષણ અને લાગણીઓનાં વિવિધ કારણોથી તરુણના વૃદ્ધિ-વિકાસના સમય અને પ્રમાણમાં ઘણો ફેર પડે છે.

સામાન્યતઃ દરેક તરુણ દસથી ચૌદ વરસની ઉંમર દરમિયાન ઝડપથી પુખ્ત બનવા માંડે છે. ચૌદથી વીસ વરસના ગાળામાં ક્યારેક આ ક્રિયાનો વેગ ઘટે છે. વચગાળામાં કેટલીક મુસીબતો પણ ખડી થાય છે, જે અસ્વાભાવિક તો નથી જ; તથાપિ તરુણનાં આરોગ્ય, વાતાવરણ અને કાર્યક્ષમતા પર તેની અસર તો પડે જ છે.

આ જ અરસામાં તરુણ ધૂમ્રપાન અને ખાવા-ઊંઘવાની અનિયમિત ટેવોમાં પણ સરકે છે. પુખ્ત વયમાં પ્રવેશતા તરુણના રોજિંદા આહારના ઉષ્ણાંકમાં ઘણો વધારો જરૂરી છે. આ અંગે જો ચીવટ ન રખાય તો એનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય કથળે છે. આરોગ્ય એટલે માંદગીનો અભાવ નહિ, પણ મન શરીર અને ઇંદ્રિયોની સંપૂર્ણ સ્વસ્થતાની અવસ્થા. આરોગ્ય સ્થૂલ બાબત નથી પણ સૂક્ષ્મ સ્થિતિ છે. તરુણ વયમાં શારીરિક આરોગ્યનાં જેટલું જ બલ્કે વધારે તો માનસિક આરોગ્ય જાળવવાનું છે. જિંદગીના પાયામાં આરોગ્યનું મહત્ત્વ છે. આની જો કે ત્યારે કીમત સમજાતી નથી, પણ તે ગુમાવ્યા બાદ તેની ઊણપ જરૂર સાલે છે. આપણી બધી પ્રવૃત્તિઓ ને જીવનના આનંદનો આધાર આરોગ્ય ઉપર છે. એટલે તરુણોએ શારીરિક ને માનસિક આરોગ્ય વિષે જાણવું જરૂરી છે.

પાંચ વર્ષની નીચેનાં બાળકોને પૂરતું પોષણ ન મળે તો રોગ સામેની એમની પ્રતિકારશક્તિ નબળી પડે છે. જો તે આમાંથી જીવી જાય તો યે તેમને શારીરિક અને માનસિક સામર્થ્ય પાછું મળતું નથી અને તરુણ વય મુશ્કેલીભરી વીતે છે. બાળપણમાં યોગ્ય પોષણ પામવાથી તરુણ વયમાં સંતોષકારક આરોગ્ય જળવાય છે. તરુણ વય ઝડપી વૃદ્ધિનો અને જહેમતભરી રમતગમતનો કાળ હોવાથી પોષણની જરૂરત ઘણી વધે છે. જાતિ, ઉંમર, કામકાજની સ્થિતિ, શરીરનો બાંધો અને આબોહવા પ્રમાણે પોષણની જરૂરતોનો ફેર રહે છે.

અપૂરતા આહારથી આરોગ્ય કથળે છે. ખાસ કરીને ક્ષય રોગના વાતાવરણમાં કે સગર્ભાવસ્થા દરમિયાન આવી કમપોષણની સ્થિતિ સાથે અસ્વચ્છતા, ચેપનો વ્યાપ, પેટમાં કૃમિ અને શ્રમભર્યું કામ હોય તો આરોગ્ય કથળ્યા વગર રહેતું નથી. બહુ થોડા તરુણોને યોગ્ય અને સપ્રમાણ આહારનો ખયાલ હોય છે, બાકી મોટા ભાગના તરુણોનું લક્ષ સિનેમા, કપડાં, ધૂમ્રપાન વગેરે પાછળ લાગેલું હોય છે ને તેમાં નાણાં વેડફે છે. કેટલીક તરુણીઓ શરીરનું વજન ઘટાડવા કુયોજિત ખોરાક ખાઈ કમપોષણનો ભોગ બને છે.

ખોરાક પેટ ભરવા નહિ, પણ પોષણ મેળવવા ખવાય છે અને પોષણ ખોરાકના જથ્થામાં નહિ પણ તેનાં જાત અને ગુણમાં રહેલું છે. આથી ખાવાની બાબતમાં પ્રથમ ધ્યાન ખોરાકની જાત ઉપર રાખવાનું છે. શક્તિદાતા ને રક્ષણદાતા ખોરાકો પ્રમાણસર ખવાય તો જ આહાર સયુક્ત બને છે.

તારુણ્ય એ વૃદ્ધિનો સમય છે. વૃદ્ધિ એટલે કેવળ કદનો વધારો નહિ. તરુણમાં ચરબી ઘટવા સાથે હાડકાં ઘટ્ટ બને છે. માંશપેશીઓનાં કદ અને શક્તિ વધે છે. જ્ઞાનતંત્ર સિવાય આખું શરીર કદ અને વિકાસ સાધે છે. આથી યોગ્ય પોષણની આવશ્યકતા રહે છે. પોષણ ઘટકોમાં પ્રોટિન, કૅલ્શ્યમ, લોહ, વિટામિન એ, વિ૦ બી ૧, વિ૦ બી ૨, નીઓસીન, વિ૦ સી અને કૅલરીનો સમાવેશ થાય છે. કૅલરીમાંથી શક્તિ મળે છે. ક્રિયાશીલ તરુણને તેના પિતા કરતાં વધારે કૅલરીની જરૂર રહે છે. તેના ખભાનાં હાડકાં પાંખો જેવાં દેખાય કે તેની પાંસળીઓ ગણી શકાય તો તેને પૂરતી કૅલરી મળતી ના હોવાનું કહી શકાય. મીઠું અને પાણી સિવાય બધા પ્રકારના ખોરાકમાંથી કૅલરી મળે છે પણ કાર્બોહાઇડ્રેટ અને ચરબીમાંથી એ વધારે મળે છે. કૅલ્શ્યમ અને લોહના માટે ખાસ ધ્યાન રાખવાનું છે. તારુણ્યમાં પ્રવેશેલી કન્યાને કુમાર કરતાં લોહધારક ખોરાક વધારે જોઈએ છે. લોહધારક ખોરાકોમાં ઘઉં, કઠોળ, ઈંડાં, કલેજું, મચ્છી, ભાજી, કાકડી, ટમેટાં, ગાજર, મૂળા ને ખારેક વગેરે મુખ્ય છે.

તેરથી પંદરની વય દરમિયાન પ્રોટીન, કૅલ્શ્યમ, લોહ, રિબોફ્લેવિન અને વિ૦ સીની જરૂરત છે. સોળથી ઓગણીસની ઉંમર દરમિયાન ખોરાકના આ ઘટકોની ઘણી વધારે જરૂરત રહે છે. તેરથી પંદરની વય એ કન્યાઓનો વૃદ્ધિકાળ હોઈ તેમને વધારે કૅલરીની જરૂર રહે છે. કન્યા અને કુમાર બંનેને પ્રોટીન, બી વિટાવિનો અને વિ૦ સી ઘટકોવાળા ખોરાકોમાંથી તેને મોટા ભાગની કૅલરી મળવી જરૂરી છે. આમ ન થાય તો સુસ્તી આવવા સાથે અલ્પ ખનિજદ્રવ્યવાળાં હાડકાં બને છે અને ક્યારેક જાતીય પુખ્તતામાં વિલંબ થાય છે.

શરીરની વૃદ્ધિ અટક્યા બાદ તરુણે વધારે પ્રમાણમાં પ્રોટીન લેવું જરૂરી છે. અગાઉ જેમને ઓછું પ્રોટીન મળ્યું હોય અગર તો જેમને કોઈ રોગ હોય તેમને વધારે પ્રોટીનની જરૂરત છે. હાડકાં બાંધનાર અને શરીરવ્યાપારોનું નિયંત્રણ કરનાર કૅલ્શ્યમ ઘણા થોડા ખોરાકોમાંથી મળે છે. દૂધમાંથી પ્રોટીન અને કૅલ્શ્યમ સારા પ્રમાણમાં મળે છે. તરુણવયમાં રોજ વીસ ઔંસ—ઓછામાં ઓછું દસ ઔંસ—દૂધ તો મળવું જ જોઈએ. કૅલ્શ્યમધારક બીજા ખોરાકોમાં ઇંડાં, બદામ, દાળ, ફળો અને લીલોતરી ભાજી છે. પપૈયામાં તેની સમૃદ્ધિ છે.

તરુણ વયમાં ખરી જરૂર હોય તો તે નાસ્તાની છે. આપણાં ઘણાં કુટુમ્બોમાં નાસ્તાની ટેવ નથી, અગર તો નહિવત્ છે. (અનુ. પૃ. ૩૧૪)


કલાયાત્રા

ચિત્રકાર દીનાનાથ દલાલ

આ પાના પરના સર્જનના તથા આ અંકના મુખચિત્રના ચિત્રકાર સ્વ. દીનાનાથ દલાલના નામથી તો ભાગ્યે જ કોઈ ચિત્રરસિયા અજાણ હશે. મરાઠી ઉપરાંત અંગ્રેજી હિંદી, ગુજરાતી, તમિળ અને બંગાળી ભાષાનાં સંખ્યાબંધ પ્રકાશનો તેમનાં હજારો ચિત્રો ને આલેખનોથી મંડિત હોઈ એમની ખ્યાતિ અત્યંત બહોળી હતી. વ્યવસાયી ચિત્રકાર તરીકેની પોતાની કારકિર્દી જાતે જ ઘડી હતી અને રજૂઆતના નાવીન્ય તથા તાજગીભરી રંગાવટથી તેમણે છેલ્લા ત્રણેક દાયકાથી પોતાની પ્રતિભા વિકસાવી હતી, એટલું જ નહિ આજના અનેક નામી ચિત્રકારોનાં આરંભનાં વર્ષોમાં તેઓ પોતાની કૃતિઓ દ્વારા એમના પ્રેરણાદાયી બની રહ્યા હતા.

ચિત્રકળા ઉપરાંત સાહિત્યમાં અને નાટ્ય તથા સંગીતમાં પણ એમને ઊંડો રસ હતો. અનેક ખ્યાતનામ સાહિત્યકારોના તથા નવોદિતોના સતત સંપર્કમાં તેઓ રહેતા. 'દીપાવલી' નામે એક મરાઠી સામયિક પણ તેઓ વર્ષોથી સંપાદિત કરતા હતા, જેમાંની લેખન અને કલાની સામગ્રીથી એની એક આગવી વિશિષ્ટતા સ્થપાઈ હતી. 'દીપાવલી'ના વાર્ષિક અંકોનું તો એક અજબ આકર્ષણ હતું. તેમાંની વાચનસામગ્રી ઉપરાંત એમનાં રંગીન ચિત્રોથી એનો ઘણો બહોળો ફેલાવો રહેતો. હિંદીમાં પણ તેમણે 'દીપાવલી' વાર્ષિક પ્રકટ કરેલાં, જેમાં હિંદી-ઉર્દૂના ખ્યાતનામ લેખકોના લેખો આવતા. 'દીપાવલી'ને એક ઉત્તમ સામયિક તરીકેનો ભારત સરકારનો પુરસ્કાર પણ મળેલો.





સ્વ. દલાલની ત્રણ કૃતિઓ—ઉપર: લાલ છાપરાં; ગોવાનું એક દૃશ્ય; નીચે ડાબી બાજુ: મુગ્ધા; જમણી બાજુ: આદિવાસી નૃત્ય.





'શૃંગાર નાયિકા', 'અમૃત મેઘ' અને 'ભારતચા ભાગ્યવિધાતા' નામક અન્ય ત્રણ પુસ્તકો પણ એમણે પ્રકટ કરેલાં, જેમાંથી એમની સાહિત્યની, સંપાદનની અને ચિત્રકાર તરીકેની શક્તિનો પરિચય મળી રહે છે. પોતાના ગાઢ મિત્ર અને મરાઠીના ખ્યાતનામ સાહિત્યકાર અનંત કાણેકરના સામયિકમાં કાર્ટૂનો પણ કરતા, જે પુસ્તકાકારે પ્રકટ થયાં હતાં.

ઈ. ૧૯૧૬માં મારગોવાના એક સારસ્વત કુટુંબમાં એમનો જન્મ. આપબળે જ વિકાસ સાધી મુંબઈમાં ચિત્રવ્યવસાય અપનાવ્યો અને ત્રણેક દાયકાની ચીવટભરી સતત કામગીરીથી તેમાં ઘણી સારી સફળતા ને નામના મેળવી. પોતાના કાર્યમાં હમેશાં કંઈ ને કંઈ નવીનતા ઉમેરતા રહેવાથી એમની કૃતિઓમાં સદા તાજગી જોવા મળતી. સતત કાર્યશીલતા એ એમની સફળતાની એક ચાવી કહી શકાય. નિયમિત રોજ સવારે અગિયાર વાગ્યે તેઓ પોતાના સ્ટુડિઓમાં કામ પર બેસી જતા અને મોડે સુધી કામ કરતા. દરમિયાન મુલાકાતીઓ સાથે યા બીજા સાંસ્કૃતિક વિષયની ચર્ચાવાર્તા પણ ચાલતી. મુંબઈની 'ધી ગોવા હિંદ એસોસીએશન'ના વર્ષો સુધી તેઓ પ્રમુખ હતા.

અનેક પ્રદર્શનોમાં એમની કૃતિઓ પારિતોષિક પામી હતી. ઑલ ઈંડિયા એક્ઝિબિશન ઑવ આર્ટ'નો સુવર્ણચંદ્રક પણ તેમણે મેળવેલો. એમનો કાર્યવિસ્તાર મુખ્યત્વે વિવિધ પ્રકાશનોનાં પૂઠાં-ચિત્રો કથાચિત્રોમાં વ્યાપેલો છે. તેના સતત ભાર નીચે સર્જનાત્મક કલાકૃતિ કરવાને એમને ઓછો અવકાશ રહેતો તે તેમને સદા ખટકતું. —જયંત સિદ્ધપુરા

આ અંકમાં અન્યત્ર આપેલું

ચીનની દીવાલનું રંગચિત્ર

Courtesy: SPAN-USIS

અગાઉ 'કુમાર'ના અંક ૨૦૦ તથા ૨૧૭માં જેનો વિસ્તૃત પરિચય આવી ગયો તે ચીનની ૨૨૦૦ વર્ષ જૂની અને માઈલો લાંબી વિરાટ દીવાલનું આટલું સુંદર અને વિગતપૂર્ણ રંગચિત્ર

જે આ અંકમાં અન્યત્ર આપ્યું છે તે) આ વર્ષના આરંભમાં અમેરિકાના પ્રમુખ નિક્સને ચીનની મુલાકાત લીધી તે પ્રસંગના ઉપલક્ષમાં આપણને પ્રાપ્ત થાય છે. પ્રમુખ નિક્સનની એ ઐતિહાસિક સફર સાથે ઇતિહાસનું એક પ્રકરણ બંધ થઈને ઘણી શક્યતાઓવાળું નવું પ્રકરણ ઊઘડે છે. ચીનના લોકરાજ્યની એક સપ્તાહની એ સફર દરમિયાન એમની અને ચીની નેતાઓ વચ્ચે થએલી વિવિધલક્ષી ચર્ચાઓને પરિણામે એ બે મહાન દેશો વચ્ચે સાંસ્કૃતિક, શૈક્ષણિક અને પત્રકારત્વ વિષયક સંપર્કો વિસ્તારવાના કરાર થયા. એ પછી હળવા થવા માટે પુરાતન સમયાતીત અદ્‌ભુત સ્થાનો તેમજ એ દેશની પ્રગતિના આધુનિક આવિષ્કારો જે એમણે નિહાળ્યા તેમાં ચીનની જગવિશ્રુત દીવાલ પણ હતી. ચિત્રમાં તેઓ અગ્રભાગે ઊભેલા જણાય છે. એ દીવાલના સંદર્ભમાં એમણે આશા વ્યક્ત કરી કે 'હવે ભવિષ્યમાં જગતના લોકોને સ્થૂલ કે વૈચારિક કોઈ દીવાલ જુદા પાડી શકશે નહિ.'

ચીનની આ મહાન દીવાલનું નિર્માણ ઈ. પૂ. ૨૨૮માં મંગોલ ટોળાંથી ચીનનું રક્ષણ કરવા માટે ત્યાંના શહેનશાહ ચિન-શિહ-હ્વાંગ તીએ આરંભેલું. આજની દુનિયા માટે પણ એક આશ્ચર્ય સમાન રહેલી એ દીવાલ એના અમલ દરમિયાન ૬૫૦ માઈલ જેટલે પહોંચેલી. સંપૂર્ણ થતાં તો એ લંબાઈ ૧૨૦૦૦ માઈલ ઉપર પહોંચી અને આજે અનેક ખાઈઓ અને ટેકરીઓ, (જુઓ ચિત્ર) નદીઓ ને વેરાનો પર થઈ એ વિસ્તરી છે. એની ઊંચાઈ ૨૦ થી ૩૦ ફૂટ છે ને એને મથાળે ૧૨ ફૂટ પહોળો રસ્તો છે. વચ્ચે વચ્ચે ચોરસ બુરજ ઊભા કરવામાં આવ્યા છે, જ્યાં પહેલાંના વખતમાં ભયનું સૂચન કરવા માટે અગ્નિ પેટાવીને સંકેત કરાતા.




એસ. એમ. વાઘેલાનાં મોઝેઈક

△ ઉપર: 'આપણી દોડ પહેલાં'

અગાઉ 'કુમાર'ના ૫૯૯મા અંકમાં મોઝેઈક ચિત્રોના સર્જક વડોદરાના એસ. એમ. વાઘેલાનો પરિચય પ્રકટ થયો હતો. એમનો હમણાં એક પત્ર મળ્યો. તેનો સારભાગ—

'...મુંબાઈની તાજ આર્ટ ગૅલેરીમાં તા. ૧૩ થી ૧૯મી જૂન દરમિયાન મારી મોઝેઈક કૃતિઓનું પ્રદર્શન થયું... મોઝેઈક ચિત્રોનું નામ સાંભળી મુંબાઈના ઘણા કલાકારો એ જોવા આકર્ષાયા હતા... બહુ ઝીણવટથી તેઓએ મારાં કાચજડિત આ ચિત્રો જોયાં... અને અભિનંદન આપ્યાં... મુંબાઈને માટે આવું આ પહેલું પ્રદર્શન હતું... રંગબેરંગી કાચની કપચીઓ જડીને સર્જેલાં આ યથાર્થદર્શી ચિત્રોએ ઘણો સારો પ્રભાવ પાડચો અને અર્ધા ઉપરાંતની કૃતિઓ વેચાઈ પણ ગઈ...'



મુંબાઈના અખબારોએ આ પ્રદર્શનની સારી નોંધ લીધેલી. 'દાંડીકૂચ'નું ચિત્ર (જુઓ અંક ૫૯૯) પોતાના મીઠાપુરના કારખાના માટે ખરીદનાર ધી તાતા કૅમિકલ્સે એમને ત્યાંની મુલાકાતનું આમંત્રણ પણ આપ્યું. 'કુમાર' દ્વારા વાઘેલાથી પરિચિત મુંબાઈના વાચકોએ પણ એમનું કામ નજરે જોવાનો આનંદ લીધો. અહીં એ પ્રદર્શનમાંની એક કૃતિ ઉપર રજૂ કરી છે.

એક રીતનો અરીસો

ઇંગ્લૅન્ડનો જગપ્રસિદ્ધ કવિ-નાટકકાર વિલિયમ શેક્સપિયર અસાધારણ કોટિનો લેખક હતો. પાત્રાલેખન, પ્રસંગવર્ણન, ધ્વનિસૂચકતા, અર્થગાંભીર્ય, માનસદર્શન, ચિંતન-નિરૂપણ વગેરે કેટકેટલી બાબતોને શેક્સપિયર વિવિધ રસ-રંગ વડે પોતાની કૃતિઓમાં ચતુરાઈથી અને ચીવટ વડે આબાદ વણી લે છે!


શેક્સપિયરની કૃતિઓના અનુવાદો દુનિયાભરની ભાષાઓમાં થયા છે. તેમાં નાટકોને સંક્ષિપ્ત કથાનકોમાં પણ ઉતારવામાં આવ્યાં છે. એમાં Charles Lamb કૃત 'Tales' તો બહુ જ સુવિખ્યાત છે. 'શેક્સપિયરની નાટ્યકથાઓ' પુસ્તકમાં એના લેખક ડૉ. મધુસૂદન પારેખ, મહાકવિનાં મૂળ અંગ્રેજી નાટકો ઉપરથી સીધાં વાર્તાંતરો આપવામાં, મૂળની મોજને જ વફાદાર રહ્યા છે, અને એ જ રસપ્રવાહને એમણે રસવંતી પ્રવાહી ગુજરાતી શૈલીમાં સરસ વહેતો કર્યો છે. જેને અંગ્રેજી સારું આવડે, શેક્સપિયરની કૃતિઓના રસાસ્વાદ જે સુંદર માણી શકે, ગુજરાતી ભાષા અને રજૂઆતમાં જેની કલમ સમર્થ હોય તે જ આવું સાહસ ખેડી શકે. મધુસૂદનભાઈએ એમાં નોંધપાત્ર સફળતા મેળવી છે. છ વર્ષમાં એની બીજી આવૃત્તિ (પ્રથમ ૧૯૬૫માં. બીજી ગયા વર્ષે) બહાર પડી એ બતાવે છે કે વાચકોએ આ વાર્તાન્તરોને આવકાર્યાં છે.

મધુસૂદનભાઈએ કહ્યું છે તેમ 'શેક્સપિયરની સ્મરણશક્તિ અને નિરીક્ષણશક્તિ અદ્‌ભુત હતાં.' મનુષ્ય-સ્વભાવનાં નાનાવિધ લક્ષણોને આ મહાકવિ ગજબ સમજતા ને પકડતા! એથીજ એમની કૃતિઓ હરકાળ હર કોઈ માણી શકે છે. પ્રો. દિગીશ મહેતાએ 'જનહૃદયનું પાથેય' એવા મથાળા હેઠળ લખેલા પ્રવેશકમાં આ વાર્તાંતરોને 'શેક્સપિયરનો એક રીતનો અરીસો બની રહેતાં' ગણાવ્યાં છે. મધુસૂદનભાઈએ આપેલી સોળે કથાઓ સુંદર રીતે મૂળની મીઠાશને તથા મહત્તાને ચીતરે છે. શરૂમાં શેક્સપિયર વિષેની જરૂરી માહિતી આપીને તથા છેલ્લે મહાકવિનાં નાટકોનાં 'રસ ને રચના' વિષે કાંઈક વીગતે અભ્યાસ-ટિપ્પણ રજૂ કરીને લેખકે પુસ્તકને વધારે ઉપયોગી બનાવ્યું છે.


કુમાર કાર્યાલયનું મુદ્રણ અને પ્રકાશન આ ગ્રંથને સાંપડયાં છે એટલે પુસ્તક વિશેષ આકર્ષક બન્યું છે. ૩૦૪ પાનાનું, રૂ. ૬-૭૫ કિંમતનું આ સ-રસ પુસ્તક, દરેક સંસ્કારી કુટુંબની ઘર-લાયબ્રેરીમાં હોવું જોઈએ; અને બાળકો ઉપરાંત મોટેરાંઓએ પણ એ વાંચવું જોઈએ.

('નિરીક્ષક'માં પુ. ગ. માવળંકર)

(કુમારમાંથી સીધું મંગાવનારાને પોસ્ટેજ માફ)







વનની કેડી (ફોટો - સ્વ. મફતલાલ દૂધિયા) અને **વર્ષાનાં નીર** (ફોટો - એ. એલ. સૈયદ). પાછળ **ચીનની દીવાલ** (જુઓ 'કલાવાર્તા')

અંગ્રેજી સાહિત્યનું આચમન

કરાવતી ડૉ. **મધુસૂદન પારેખની** લેખમાળા

રોમાન્સનો કાવ્યપ્રકાર

ઍંગ્લો-સૅક્સન યુગમાં રચાતી વીર કવિતા (Heroic poetry)ને સ્થાને હવે મધ્યકાલમાં રોમાન્સ તરફનું વલણ, ખાસ કરીને ફ્રેંચ સાહિત્યના પ્રભાવ હેઠળ, વિદ્વાનોએ નોંધ્યું છે. રોમાન્સનો કાવ્યપ્રકાર એનાં વિષયવસ્તુ તથા રીતિ ઇત્યાદિને કારણે સમસ્ત ઇંગ્લૅન્ડની પ્રજાની રુચિ અને સંવેદનશીલતામાં નવું પરિમાણ આણે છે. આ રોમાન્સ ફ્રેન્ચ અને અંગ્રેજી બંને ભાષામાં રચાતાં હતાં. ફ્રેન્ચ સાહિત્યમાં રોમાન્સમાં પ્રેમની નવી વિભાવના પ્રગટ થઈ: પ્રેમ માત્ર સ્થૂલ આવેગ—આકર્ષણ નથી; તેમાં સમર્પણની ભાવના છે. આ વિભાવનાની પ્રબળ અને દૂરગામી અસરો સમગ્ર યુરોપના સાહિત્ય ઉપર પડી. ફ્રેન્ચ રોમાન્સમાં સાહસ અને પ્રેમનું મિશ્રણ કવિઓ નિરૂપતા. અંગ્રેજી કવિઓએ-અનુવાદકોએ ઘણીવાર પ્રેમની તેમાંથી બાદબાકી કરીને સાહસને કેન્દ્રમાં રાખીને જ આ કાવ્યપ્રકાર ખેડયો. પરિણામે ફ્રેંચ રોમાન્સની તુલનાએ અંગ્રેજી રોમાન્સ મહદંશે ફિક્કા, ટૂંકા, સીધા કથનરૂપ અને અપક્વ બન્યાં.

ફ્રાન્સના એક કવિ જ્યાં બોદેલ (Jean Bodel)એ મધ્યકાલીન રોમાન્સને વિષયની દૃષ્ટિએ ત્રણ વિભાગમાં વહેંચ્યાં છે: ૧) મૅટર ઑવ ફ્રાન્સ; (Matter of France) એટલે કે ફ્રાન્સના ઇતિહાસ કે ત્યાંની લોકકથાઓ ઉપર આધારિત રોમાન્સ; ૨) મૅટર ઑવ બ્રિટન (Matter of Britain) જેમાં રાજા આર્થરની કથાઓ પર લક્ષ છે; ૩) મૅટર ઑવ રોમ ધ ગ્રેઇટ(Matter of Rome the Great),જેમાં સ્વાભાવિક રીતે જ રોમના ઇતિહાસની સામગ્રી પર આધાર રાખીને રચનાઓ થઈ છે.

મધ્યકાલીન અંગ્રેજી રોમન્સ મોટે ભાગે તરજૂમિયાં હતાં. તેમ છતાં 'હૅવલૅાક' અને 'હૉર્ન' જેવાં અપવાદરૂપ અંગ્રેજી રોમાન્સમાં વિવેચકોએ સંકલના, શૈલી, તત્ત્વ ઇત્યાદિની બાબતમાં મૌલિકતા નિહાળી છે. આ બંને રોમાન્સ ફ્રેન્ચ ભાષામાં અનેક વાર અવતરી ચૂક્યાં હતાં; પરંતુ અંગ્રેજ કવિઓએ (જે અનામી જ છે) એમાંથી પ્રેરણા અને ક્વચિત્ સામગ્રી પણ લઈને પોતાની આગવી સૂઝથી નવી જ રોમાન્સ-કૃતિઓ નિર્માણ કરી. તેમણે પોતાના દેશવાસીઓની પ્રકૃતિને લક્ષમાં રાખીને કૃતિને ઉચિત ઘાટ આપ્યો એ એમની ખાસ વિશેષતા છે. અંગ્રેજ વાચકવર્ગની રુચિ હજુ ઘડાતી આવતી હતી. ત્વરિત ઘટનાઓના નિરૂપણમાં અને સીધાસાદા ઊર્મિકથનમાં તેમનો રસ હતો. વર્ણનોમાં પણ તેમને ઘરઆંગણાનો વાસ્તવિક ચિતાર વિશેષ અનુકૂળ રહેતો. અંગ્રેજી કવિઓએ પ્રજાની આ પ્રકૃતિને પોતાનાં રોમાન્સ દ્વારા પ્રગટ કરી. આ બંને કૃતિઓ તેરમા સૈકાના અંત ભાગમાં પ્રગટ થઈ હતી.

હૅવલૅાક

'હૅવલૅાક'માં ઇંગ્લૅન્ડના એક સજ્જન રાજવી એથલવલ્ડ (Athlewold)ની પુત્રી ગોલ્ડબર (Goldburh) અનાથ થવાથી એના કાકા ગૉડરિચ (Godrich)ની દેખભાળ હેઠળ આવે છે. તેણે આ રાજકન્યાને રાજ્યના એક ઉત્તમ યુવાન સાથે પરણાવવાનું વચન આપ્યું છે. પરંતુ વાસ્તવમાં તો તેની દાનત આ કુંવરીનો નિકાલ કરી નાખી તેની રાજગાદી પચાવી પાડવાની છે. બીજી તરફ ડેનનો રાજકુમાર હૅવલૅાક તેના દુષ્ટ વાલી ગૉડાર્ડ (Godard)ના પંજામાં છે. ગૉડાર્ડ તેનું કાસળ કાઢી નાખવા માટે એક માછીમાર ગ્રિમ (Grim)ને તેની સોંપણી કરે છે. ગ્રિમનો તેને મારી નાખતાં જીવ ચાલતો નથી. એ તેને જતો કરે છે, હૅવલૅાક ઇંગ્લૅંડ પહોંચે છે અને રઝળપાટમાં તેનો સમય વીતે છે. પરંતુ અકસ્માત રાજકુમારી ગોલ્ડબરનો રસોઇઓ આ હૅવલૅાકને નોકર તરીકે પોતાને ત્યાં સ્થાન આપે છે. અહીં સ્થિર થયા પછી પોતાનાં સાહસ ને શક્તિથી હૅવલૅાક સમગ્ર નગરનું ધ્યાન આકર્ષે છે. વિધિકટાક્ષ એવો રચાય છે કે રાજકુમારીનો વાલી ગૉડરિચ આ હૅવલૅાકને જ રાજ્યનો ઉત્તમ યુવાન ગણીને રાજકુંવરીનું લગ્ન તેની સાથે કરી આપે છે. કુંવરી એના મુખની આભા પરથી ને તેના ખભા પરના રાતા ક્રૉસ પરથી એ કોઈ રાજબીજ છે એમ પામી જાય છે. હૅવલૅાક પોતાનાં પરાક્રમોથી ડેન્માર્ક જીતે છે અને ઇંગ્લૅન્ડને પણ ગૉડરિચના પંજામાંથી ઉગારે છે. ગૉડાર્ડ દેશનિકાલ થાય છે ને પછી તેને ફાંસી મળે છે; ગૉડરિચને જીવતો સળગાવી દેવામાં આવે છે.

આ રોમાન્સમાં પ્રેમનું તત્ત્વ નહિવત્ છે. કવિનો મુખ્ય ઝોક સાહસ પર રહ્યો છે. કલાના કશા જ આડંબર વિના કવિએ એમાં રાજકુમારની સાહસકથાઓ સીધેસીધી વર્ણવી છે. તેમ છતાં હત્યા કરવા જતા ગૉડાર્ડનું, હૅવલૅાકને હણવા તૈયાર થએલા માછીમારનું ઇત્યાદિ વર્ણનો સાહિત્યરસિકોને આસ્વાદ્ય લાગ્યાં છે.

હૉર્ન

'હૉર્ન' પણ ફ્રેન્ચ રોમાન્સની પ્રેરણા છે, અને છતાં એમાં કવિનું આયોજન મૌલિક છે. સુદેન (Suddene)ના રાજાનો કુંવર હૉર્ન, સારેકેન લોકોને હાથે પોતાના પિતાની હત્યા થવાથી, નાનપણમાં જ અનાથ બને છે. હૉર્ન મીઠડો લાગવાથી સારેકેન લોકો તેને જીવતદાન આપીને સઢ અને હલેસાં વિનાના એક વહાણમાં દરિયામાં ધકેલી દે છે. અથડાતું-કુટાતું તેનું વહાણ વેસ્ટર્નીઝના રાજા એઈલમાર (Ailmar)ના નગરે ઘસડાઈ આવે છે, જ્યાં તેને આશ્રય મળે છે અને રાજા પોતે તેની સંભાળ રાખે છે. પછીથી તેની કુંવરીની પણ કૃપા તેના પર ઊતરે છે અને એ તેને હૃદય સમર્પણ કરે છે. એમના ગુપ્ત પ્રેમની વાત રાજાને કાને આવતાં જ તે હૉર્નને દેશનિકાલ કરે છે. વિદાય પૂર્વે તે કુંવરીને મળે છે અને સાત વર્ષ સુધી પોતાની વાટ જોવાની તેને વિનંતી કરે છે. કુંવરી તેને સંભારણા લેખે પોતાની સોનાની વીંટી આપે છે. સાત વર્ષ સુધી હૉર્ન રઝળપાટ કરે છે. એવામાં રાજા પોતાની એ કુંવરીનાં લગ્ન બીજા એક રાજકુમાર મદી (Madi) સાથે નક્કી કરી નાખે છે. કુંવરી હૉર્નને બનતી ત્વરાએ આવી પહોંચવાનો છૂપો સંદેશો પાઠવે છે. લગ્નની વિધિ શરૂ થાય ત્યાં તો હૉર્ન મોં પર મેશ લગાવી એક પ્રવાસીના વેશમાં ત્યાં હાજર થઈ જાય છે. સહુકોઈ તેને સામાન્ય રખડુ માની લે છે. તે રાજકુંવરીને પીવાના પાણી માટે વિનંતી કરે છે અને તક જોઇને પોતાની ઓળખાણ આપી દઈને સંભારણા લેખે મળેલી વીંટી તેને બતાવે છે. રાજકુંવરીએ તો આ પ્રવાસીને પોતાના પ્રેમના મૃત્યુનો સંદેશો લાવનાર કોઈ દૂત માનેલો, પરંતુ સાક્ષાત્ પ્રિયતમને પોતાની સામે ઊભેલો જોઈ તેનું મન આનંદના આવેગથી ઊભરાઈ જાય છે. તેણે તો પોતાને પરણવા આવનાર રાજકુમારની તેમજ પોતાની હત્યા કરવા માટે છરી સંતાડી જ રાખી હતી; પરંતુ સદ્ભાગ્યે હૉર્ન હાજર થઈ ગયો—તેનો પ્રેમ પામવા આતુર બની રહ્યો. 'હૉર્ન'ના આ રોમાન્સમાં કોઈ ચિત્તનાં મંથનો કે વૃત્તિનાં પૃથક્કરણો નથી, પરંતુ પ્રેમનો અકૃત્રિમ રણકો રસિકજનોએ તેમાં સાંભળ્યો છે.

રોમાન્સ સિવાયની અન્ય રચનાઓ

નૉર્મનોના પ્રભાવ હેઠળ ઇંગ્લૅન્ડમાં મધ્યકાળમાં રોમાન્સનો સાહિત્યપ્રકાર તો ખીલ્યો, પરંતુ તે સાથે બીજા પણ નવી ઢબછબ પ્રગટ કરતા કેટલાક સાહિત્યપ્રકારો વિકસવા શરૂ થયા. ચૌદમા સૈકામાં કટાક્ષનું તત્ત્વ કાવ્યમાં પ્રવેશ્યું—ખાસ કરીને પ્રાણીકથાના રૂપમાં. ચૉસરને પણ તેણે ઠીક પ્રેરણા પૂરી પાડી. હવે ધીમેધીમે ફ્રેન્ચ અસરમાંથી મુક્ત થવા

માંડતા અંગ્રેજ કવિઓ પોતાની કૃતિમાં રાષ્ટ્રીય પ્રકૃતિ પણ પ્રગટ કરવા માંડ્યા. અંગ્રેજી ભાષાનું સામર્થ્ય અનેક છટાઓ ધરીને વ્યક્ત થવા માંડ્યું. એનો ઝળહળાટ અનેક સાહિત્યસ્વરૂપો દ્વારા ઝળકવા માંડ્યો.

ઊર્મિકાવ્યોમાં—ખાસ કરીને રાજકીય ગીતોમાં અંગ્રેજ પ્રજાની પ્રકૃતિ નોંધપાત્ર રીતે વ્યક્ત થતી દેખાય છે તેનું એક કારણ અભ્યાસીઓના મતે એ છે કે દેશમાં બનેલી અથવા બનતી રહેલી રાજકીય ઘટનાઓમાંથી તે કાવ્યો–ગીતોની સામગ્રી કવિઓએ મેળવી હતી. એથી પ્રજાનો મિજાજ, એનો પ્રેમ, ધિક્કાર, એનાં હાસ્ય-કટાક્ષ એ સર્વ આવી કૃતિઓમાં સહજ રીતે સ્ફુટ થાય છે. આવું એક રાજકીય કટાક્ષવાળું કાવ્ય ઉમરાવોની રાજા સામેની લડાઈ દરમ્યાન પ્રગટ થયું હતું. સાઈમન દ મૉન્ટફર્ડ સાથે મળીને રાજસત્તા પર અંકુશ મૂકવા તેઓ એકત્ર થયા હતા. સમગ્ર અંગ્રેજ પ્રજાનું ચિત્ત આ ઘટનાથી આંદોલિત થઈ ગયું હતું. ઈ. સ. ૧૨૬૪માં રચાએલા એક ગીતમાં હેન્રી ત્રીજાના ભાઈ ને કૉર્નવૉલના રાજા રિચાર્ડની એમાં ભારે ઠેકડી ઉડાડવામાં આવી છે:

Richard that thou be ever trichard,
Trichen shalt thou never more,

રાજકીય કટાક્ષની સાથેસાથે સામાજિક કટાક્ષનો સૂર પણ એ સમયમાં સંભળાવો શરૂ થયો. રાજ્ય, ધર્મગુરુઓ, અમીરો, એ સર્વ પ્રત્યે કટાક્ષ અથવા ટીકા પ્રગટ કરતી કૃતિઓ રચાવા માંડી. 'Song of Husbandman' જેવા ગીતમાં ગરીબ પ્રજા પરના ભારે કરવેરા અને અધિકારીઓના જુલમની વાત રોષપૂર્વક રજૂ થઈ છે. પ્રાસનું પુનરાવર્તન અને શબ્દોની ઝમકને કારણે સ્વાભાવિકરીતે જ આ ગીત સમૂહમાં ઉત્સાહથી ઝિલાતું હોય.

ધીમે ધીમે અંગ્રેજ પ્રજા પોતાના સ્વાતંત્ર્ય વિષે સભાન બનતી ગઈ. પરદેશમાં બનતી ઘટનાઓ પ્રત્યે તે જાગ્રત થવા માંડી. ફ્રાન્સ સાથે તેની દુશ્મનાવટ પ્રત્યક્ષ થઈ અને એડવર્ડ ત્રીજાએ જ્યારે વિજય પ્રાપ્ત કર્યો ત્યારે હર્ષઘેલા લોકમુખે ઇંગ્લૅન્ડની અસ્મિતા ગીતરૂપે અનેક ધારાએ વહેવા માંડી. લૉરેન્સ મિનૉટ (Lawrence Minot)નામના એક ગાયકે સ્કૉટલૅન્ડ, ફ્લૅન્ડર્સ અને ફ્રાન્સમાં રાજાના વિજય વિષેની બિરદાવલીઓ રચીને પ્રજાની અસ્મિતાને બરાબર ચગાવી. નવી આવનારી પેઢી માટે આ રણશીંગાંનાં ગીત ખૂબ પ્રેરણાદાયી નીવડ્યાં. એડવર્ડના મહાન વિજયે અને ગાયક લૉરેન્સનાં ગીતોએ સમસ્ત પ્રજાના જીવનમાં નવા પ્રાણ ફૂંક્યા. ઇંગ્લૅન્ડની ગૌરવહીનતા અને પરાધીનતાનો યુગ પૂરો થયો. અંગ્રેજી ભાષા પોતાનું ખમીર બરાબર પ્રગટ કરતી થઈ. અને આમ, ચૌદમી સદીના ઉત્તરાર્ધમાં સંખ્યા અને ગુણવત્તાની દૃષ્ટિએ સાહિત્યની વસંત બેઠી. એ યુગનો મહાન સર્જક તે ચૉસર (Chaucer).

અનુસંધાન] **તરુણોનાં આહાર અને આરોગ્ય** [પૃ. ૩૧૦થી
પણ જે તરુણોના ઘરમાં બાર વાગ્યા પછી ખાવાનો સમય હોય તેમને સવારમાં દિનભરના ખોરાકના પચ્ચીસ ટકા જેટલા પ્રમાણમાં નાસ્તો હોવો જરૂરી છે. નાસ્તામાં દૂધ અને ઘઉંની કોઈ વાનગી, પનીર, ઋતુનાં ફળ કે ફળનો રસ, ઇંડાં, પાંઉ-માખણ લઈ શકાય. બપોર પછીના નાસ્તામાં બટાટાની વેફર, પૂરી ને તળેલા ખોરાક કરતાં મઠિયાં, ચણાની કોઈ વાનગી, મગફળીની ચીકી, દૂધ, આઇસક્રીમ અને ફળો પોષણદાયી છે.

કામધંધામાં પડતા તરુણોની ક્રિયાશીલતા ઘણી ઘટે છે તેથી તેની કૅલરીની જરૂરત પણ ઘટે છે. ક્રિકેટ કે ફૂટબોલની રમત છોડ્યા બાદ વધારે પડતો શક્તિદાતા ખોરાક લેવાથી શરીરના વજનમાં અનિચ્છનીય વધારો થાય છે. પરણ્યા પછી તરુણીને ઘર અને કુટુંબની જવાબદારી ઉપાડવાની આવે છે. ઓછું વજન ધરાવતી તરુણીએ આ જવાબદારીઓ અદા કરવા પોતાનું વજન થોડું વધારવું જરૂરી છે.

શરીરનું વધારે વજન કૅલેરીને કારણે નહિ, પણ બેઠાડુ જીવનથી થાય છે. તરુણોએ વધારાનું વજન ઉતારવા માટે ખોરાક ઓછો કરવા કરતાં બેસી રહેવાનું છોડી રમતગમતમાં(તરવું, ગૉલ્ફ, ફૂટબોલ, ટેનિસ વગેરે જેવી રમતોમાં) પરોવાવાનું અને એ ન ફાવે તો છેવટે ખુલ્લામાં એક કલાક પર્યંત જલદ ચાલે ચાલવાનું રાખવું જોઈએ. નિયમિત, સુસંગત અને યોગ્ય કસરતથી વ્યક્તિનાં હૃદય, ફેફસાં અને માંસપેશીઓની ક્રિયાત્મક કાર્યક્ષમતા સુધરે છે. થોડી થકાવટથી રોજિંદાં કામકાજ કરવાની અને શારીરિક બોજમાંથી જલ્દી મુક્તિ મેળવવાની તાકાત પ્રાપ્ત થાય છે. વળી ચપળતા અને ઉત્સાહ અનુભવાય છે. મેદવૃદ્ધિ થતી નથી. કસરતથી શરીરવ્યાપાર વિષયક કાર્યક્ષમતા સુધરે છે, જેથી થકાવટ વગર મહેનતકશ પ્રવૃત્તિ ઉપાડી શકાય છે. (સંપૂર્ણ)

'કુમાર'નું કનકપર્વ: ૬૦૦મો અંક

આગામી ૧૯૭૩નું વર્ષ 'કુમાર'નું ૫૦મું વર્ષ હશે.

અને દરેક સોમો અંક ખાસ અંક તરીકે કાઢવાની (આપણે ત્યાં 'કુમારે' જ શરૂ કરેલી) પ્રથા અનુસાર ડિસેમ્બર ૧૯૭૩નો અંક એ તેનો ૬૦૦મો અંક હશે.

આ રીતે એ અંક બેવડા મહત્ત્વનો બની રહેવાનો:

૬૦૦મો અંક અને સુવર્ણજયંતી અંક

મે અંકમાં વિગતવાર જણાવેલી રીતે સમૃદ્ધ બનનાર એ અંકનો લાભ નીચેની ચાર રીતે જ મળી શકશે:

૧) પાછલાં વર્ષોથી ચાલ્યા આવતા બધા જ ગ્રાહકોને
૨) આ વર્ષથી શરૂ થઈ ચાલુ રહેનાર બધા ગ્રાહકોને
૩) ૧૯૭૩થી શરૂ થઈ બે વર્ષનું લવાજમ ભરનારને
૪) રૂ. ૩૦૦ ભરીને આજીવન ગ્રાહક થનાર સૌકોઈને

લવાજમમાં વધારો

મુદ્રણસામગ્રી અને પોસ્ટેજના ભાવવધારાને લીધે ઘણાંખરાં સામયિકોની પેઠે અમારે પણ નાછૂટકે લવાજમ રૂ. ૧૭થી વધારી રૂ. ૧૮ કરવું પડ્યું છે. જેનો અમલ આ વર્ષના સપ્ટેમ્બર માસથી ગણાશે.

ડૉક્ટરની સલાહ

આયુષ્ય, આરોગ્ય, આહાર અને ઔષધના વિષયો ઉપર દાયકાઓથી 'કુમાર'માં નિયમિત લખતા આવેલા ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી તરફથી વાચકોને તેમના શારીરિક પ્રશ્નો અંગે ટૂંકી, મુદ્દાસર અને નિખાલસ સલાહ વિનામૂલ્યે મળે એવી વ્યવસ્થા માટે ડૉ. ત્રિવેદી સંમત થયા છે તે માટે એમના અમે આભારી છીએ. એ અંગે આવતા અંકથી

ઉપર્યુક્ત મથાળાવાળો વિભાગ શરૂ થશે.

લાભ લેવા ઇચ્છનારાઓએ ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીને, ઠાકર વગો, ઉમરેઠ, એ સરનામે સીધા પત્રો લખવા.

પચ્ચીસ વર્ષ પહેલાં



ઑગસ્ટ ૧૯૪૭·સળંગ અંક ૨૮૪

આજથી બરાબર પચ્ચીસ વષ પહેલાં, ઈ. ૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મી તારીખે ભારત આઝાદ થયું. (આ વર્ષે એ પર્વની રજતજયંતીનું છે.) એ પ્રસંગને અનુરૂપ, પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં, ત્યારે, આઝાદ ભારતની તસવીર આંકતો નકશો, સુન્દરમ્, રાજેન્દ્ર શાહ ને બાલમુકુંદ દવેનાં સ્વાતંત્ર્યને વધાવતાં કાવ્યો, ઇન્કિલાબની ઇતિહાસ-રેખા તથા એ ઇન્કિલાબને આણવામાં જેમણે પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા હતા એ 'સ્વાતંત્ર્યના શહીદો'ની લાંબી લેખમાળાનો પહેલો મણકો આદિ સામગ્રી આવેલી. એમાંથી એ શહીદોની આછેરી ઝલક આ અંકમાં અન્યત્ર જોવા મળશે; અને ત્યારના ભારતનું દર્શન કરાવતો નકશો તથા રાજેન્દ્ર શાહના પ્રેરક કાવ્યનો મોટો ભાગ અહીં જોઇએ :

૧૫મી ઑગસ્ટે

· અનુષ્ટુપ ·

આજ સંગ્રામને અંતે ઊગે છે જયનો દિન.
લીલી આ ધરણી, વ્યોમે છંટાતી કેસરી પ્રભા;
પલ્લવે પલ્લવે, પંખી કેરી પાંખે, દિશા ભરી
આજ ઉદ્‌ગીથની ગુંજે નવ્ય ઉત્થાનની ઋચા.

ત્યારે યે ક્ષણ તો મારાં બાંધવોને સ્મરી લઉં :
રાહુના બંધમાં બંધાએલી તે ચંદિરા સમી
તને, ઘેરા થકી પાછી આણવા નિત્ય ઝૂઝતાં
—જેમણે જિંદગી ધરી
અરિના ખડ્ગની તાતી ધારને ખંડિતા કરી.

નમું હું સૌ શહીદોને, જેમણે યજ્ઞના બલિ
બનીને શ્રાવણી માસે મુક્તિની વર્ષણા કરી.

મંદિરે મંદિરે વાજે શંખોનો મંગલ ધ્વનિ.
દુંદુભિનાદ, ને નાના લોકના જયઘોષથી
દિશાના બંધ તૂટતા;
કોટિધા દીપમાલાથી ઝંખાતી સૌ નિહારિકા.

આજ તો હું મને યે કો
અજાણી લાગણી કેરા સ્પર્શે જાણે ચહી રહું.

ઝૂકી'તી ડોક જે, તેના છટાથી કેશ ઊડતાં,
મૂંગા જે હોઠ રે તેનાં અકાશે ગીત ગુંજતાં,
અંધારાં ભરતી આંખે ભર્ગનાં તેજ ફૂટતાં,
આગ શો પ્રાણવાયુ આ છાતી માંહી રમી રહ્યો
હુંકારે એહના બ્રહ્માંડોમાં શા કંપ ઊઠતા!

અમારા કાર્યનો આંહીં અંત ના...
સર્વના શ્રેયની લાંબી યાત્રા કેરા પ્રયાણનો
થતો પ્રારંભ તેનો આ રૂડો છે પર્વનો દિન.



આ ઉપરનો નકશો ૧૫મી ઑગસ્ટના પ્રથમ આઝાદી-દિને ભારત કેવું હતું તેનો ખયાલ આપશે. એમાં પશ્ચિમ પંજાબ ને પૂર્વ બંગાળના જે ભાગ પાકિસ્તાનમાં જોડાવાના હતા તેની સરહદી રેખા હજી ચોક્કસ અંકિત થઈ ન હતી. પાકિસ્તાન-પ્રદેશ જે ત્રાંસી લીટીઓથી છાએલો બતાવ્યો છે તેમાં સરહદપ્રાંતના અનિશ્ચિત ભાગ પર આછી લીટીઓ દર્શાવી છે; અને દેશી રાજ્યોમાં પણ જેમનો નિર્ણય બહાર નહોતો પડ્યો તેમનામાં ઘેરાં ટપકાં બતાવ્યાં છે. બાકીનાં હિંદી સંઘમાં જોડાએલાં રાજ્યોનો પ્રદેશ આછાં ટપકાંથી દર્શાવેલો છે. શેષ સફેદ ભાગ સ્વાયત્ત હિંદી સંઘનો છે.

એ જ અંકમાં, ઉચિત રીતે, બેતાલીસની 'કરેંગે યા મરેંગે'ની લડત વખતે જેલ ગએલા ઇન્કિલાબીઓ પૈકી બે છાતીયડા જુવાનો, ત્યાંથી લડતમાં ફરી ભાગ લેવા, કેવી રીતે છટકી આવ્યા તે વર્ણવતી પોતાની સાહસ-કથની ભાઈ વાસુદેવ ભટ્ટે આલેખેલી, તે હવે જોઇએ:

જેલની ઑફિસમાં તપાસણી થયા બાદ અંદરનો ઝાંપો ઉઘાડી સાંજના ૬ વાગ્યે અમને જ્યારે જેલમાં પહેલવહેલા દાખલ કર્યા ત્યારે ત્યાં જે સુંદર, શાંત, સ્વચ્છ વાતાવરણ જોયું તેથી જાણે એક જાતનો આઘાત થયો! સાંજનો શીળો પ્રકાશ લીમડાનાં ઝાડ ને જેલના સ્વચ્છ રસ્તા તથા દીવાલો ઉપર પથરાઈ જે પ્રફુલ્લ વાતાવરણ ઊભું કરતો હતો તે વાતાવરણ, આપોઆપ, બહારના વાતાવરણનો વિરોધ દર્શાવતું દિલના કોઈ એવા સ્થાન પર જઈ અફળાયું કે જાણે સમસ્ત જાત એકદમ બૂમ પાડી ઊઠી: 'અહીં નથી રહેવું!'

'૪૨ના ઑક્ટોબરના એ ઉગ્ર દિવસોમાં અમદાવાદમાં, પ્રવૃત્તિઓ અને તેના પ્રત્યાઘાતોથી જે જબ્બર આંદોલનો ઊઠતાં હતાં તેણે દિલમાં ઉત્સાહ અને ગરમીનું, આનંદ અને શક્તિનું એક એવું સ્થાન જમાવ્યું હતું કે તે છોડીને જેલના એ શાંત વાતાવરણમાં આરામ કરવો એ એક જાતનો આપઘાત લાગ્યો. પોલીસના હાથમાં જ આવવાની જ્યાં વૃત્તિ નહોતી, ત્યાં જેલમાં રહેવાની ઇચ્છા તો ક્યાંથી જ થાય? અને તેથી જ જાણે કે ક્યાંક અંદરઅંદરથી એક અવાજ આવ્યો: 'અહીં નથી રહેવું!' અને જે દિલે જેલમાં ન રહેવાનું નક્કી કર્યું તે શું એ નિર્ણયનો અમલ કરવાના રસ્તા ના બતાવે?

રોજ બપોરે જ્યારે બીજા બધા આરામ કરતા ત્યારે હું કોઈ ને કોઈ બહાને છોટા ચક્કરની પહેલા નંબરની બૅરૅકમાંથી બહાર નીકળી પડતો. વૉર્ડરને સમજાવવામાં ખાસ મુશ્કેલી ન પડતી; અને બપોરની એ રોનમાં ફરતાં બેએક દિવસમાં તો મેં જેલનાં બધાં સ્થાનો જાણી લીધાં. નાસવાની દૃષ્ટિએ અગત્યનાં સ્થાન અને તેનાં માપ વગેરે પણ ગણતરીમાં આવી ગયાં. ફાંસીખોલી પાસેના ભાગ માટે જેલના પોલીસોને રાતના સમયે લાગતો ભય, નવી બંધાતી કાચી બૅરૅક અંગે મજૂરો તથા મોટર-ખટારાની થતી આવજા, તેનો પડેલો સામાન, ઇસ્પિતાલ તથા રંગશાળા વચ્ચેનો પશ્ચિમ દિશાની ભીંતનો ભાગ, કોઈની બિસ્તરો બાંધવાની કે કપડાં સૂકવવાની દોરી, પેશાબખાનાં ને જાજરૂનાં ટબ, એમ જુદીજુદી જગ્યાઓ ને વસ્તુઓ નાસવા માટેની યોજનામાં પોતપોતાનું સ્થાન નક્કી કરવા માંડી. પોલીસો સાથે સીધી વાતચીત કરીને યા બીજા કોઈ પાસેથી સાંભળીને, રાતની ચોકીની વ્યવસ્થા, ચોકીદારનાં સાધનો, તેની સત્તાઓ, તેમની રીત વગેરે જાણી લીધું; અને આઠદસ દિવસમાં તો મનમાં ને મનમાં આખી યોજના તૈયાર થઈ ગઈ.


યોજના તૈયાર થઈ એટલે એ વિચાર થઈ પડયો કે હું નાસી જાઉં તે પછી મારો બિસ્તરો, ચોપડીઓ વગેરે પડી રહે તેનું શું? એ સરકારના હાથમાં જાય એવી ઇચ્છા નહોતી અને તેથી આપણામાંથી કોઇને એ સોંપવી જ રહી. જેલ-નિવાસના એ આઠદસ દિવસમાં જે ઓળખાણો થએલી તે પૈકી રામભાઈ પટેલ ઉપર વિશ્વાસ રાખવાનું યોગ્ય લાગ્યું, અને તેથી મેં એક વાર તેમને મારી યોજના જણાવી અને પછી પૂછયું કે બોલો તમારી શી સલાહ છે? જવાબમાં તેમણે જણાવ્યું કે હું પણ સાથે આવીશ!— ચાલો. એ પણ સારું! એક થકી દો ભલા!!

હું ૨૧મી ઑક્ટોબરે પકડાયો હતો ને ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં બધી જ તૈયારી થઈ ગઈ. અમે નવમી ડિસેમ્બરે (આઝાદીની ૯મીના સ્મરણમાં)નાસવાનું નક્કી કર્યું. તે પછીના રવિવારે નાટકચેટકનો કાર્યક્રમ રાખવાનો હતો અને તેની તૈયારીઓ ચાલતી હતી. આ તૈયારીઓએ પણ અમને ઠીકઠીક મદદ કરી.

આઠમી ડિસેમ્બરે રાત્રે નાટકની તૈયારી માટે છોટા ચક્કરની ચાર નંબરની બૅરૅકમાં તો જવું જ પડયું હતું! રાતના બધા સૂઈ ગયા ત્યારે હોજ પાસેના પીપળા પર અમે ચડયા. ચક્કરની આઠ ફૂટની અને બહારની સોળ ફૂટની દીવાલો વચ્ચેની ચોકીની વ્યવસ્થા અને કાર્યક્રમ બરાબર પ્રત્યક્ષ કરી લીધાં. એ ભાગમાંથી એક વાર ચોકીદાર પસાર થઈ ગયા પછી ફરીથી પંદર–વીસ મિનિટ પહેલાં તો કોઈ આવતું નહોતું.

નવમીની સવાર થઈ. જેલમાં ધ્વજવંદનનો કાર્યક્રમ રખાયો હતો. તે કાર્યક્રમ પૂરો થયો. સાંજ પડી. માગશર મહિનાની સુદ બીજ હતી. બીજ આથમી ન આથમી ત્યાં તો શિયાળાની ઠંડીની દવા તરીકે ઘણાએ પોતપોતાનાં બિછાનાંનો આશરો લીધે. અમે ઊપડયા અમારી ચોથા નંબરની બૅરૅકમાં. ત્યાં આવતા રવિવારનાં નાટકો માટે સંવાદો ને સંગીતનો તથા નૃત્ય ને નાટિકાનો કાર્યક્રમ ઘડાવા માંડયો. એ પત્યો ત્યારે બધે શાંતિનું સામ્રાજ્ય શરૂ થઈ ગયું હતું. ને અમે અમારા નાટકની શરૂઆત કરી.

યોજના તો પૂરેપૂરી વિગતમાં તૈયાર હતી. કયાં કપડાં પહેરવાં, કયાં સાથે લેવાં, તે કયાં રાખવાં બીજી કઈકઈ ચીજો સાથે રાખવી, પહેલાં કોણે જવું, પછી કોણે જવું, ચોકીદાર આવી ચડે તો શું કરવું, તે બીએ તો શું કરવું, કેવી જાતની સીટી કે સિસકાર શાને માટે કરવા,



કોને કયા નામથી બોલાવવા વગેરે અગાઉથી સમજી લીધેલું હતું જ.

યોજનાનો અમલ આમ તો બપોરથી જ શરૂ થઈ ગયો હતો. એક ભાઈ પાસે બિસ્તરો બાંધવાની લાંબી મજબૂત દોરી હતી. તેની ઉપર એ પોતાનાં કપડાં સૂકવતા. એ દોરડા વડે હું બંધાઈ જાઉં, છતાં હાઉદીનીની માફક જાદુ-યુક્તિ કરીને હું તેમાંથી એકદમ છૂટી જઈ શકું છું એવો પ્રયોગ કરી બતાવવાના નિમિત્તે એ દોરડું અમારી સેવામાં હાજર થઈ ચૂકયું હતું. વેશપલટાનાં કપડાં પણ નાટકના અંગ રૂપે મળી ચૂકયાં હતાં. રાતના બાર વાગ્યે બધા ઊંઘતા હતા ત્યારે અમે ત્યાંના જાજરૂમાં પેઠા. જાજરૂની સંખ્યામાં વધારો કરતાં કાચાં જાજરૂ જેલવાળાએ બંધાવ્યાં હતાં; અને તેનાં બારણાં હજી તૈયાર નહિ થયાં હોવાથી ઉપર એક લાંબો વાંસ બાંધી, તેની ઉપર કંતાન લટકાવી, જાજરૂ પર અંતરપટ ઉતાર્યાં હતાં. ગાંઠો છોડી–તોડી

વાંસ અલગ કર્યો. તેની જગ્યાએ કાથીની એક દોરી બાંધી (કે જે પાછી, કોઈનાં કપડાં સૂકવવાના કામમાંથી મુક્તિ મેળવી આ મહાન કાર્યના અંગરૂપ બની હતી!) અને તેની ઉપર પેલાં કંતાન અસલ પ્રમાણે લટકાવી દીધાં, જેથી કોઇને વાંસની ગેરહાજરી જણાય નહિ.

આ વાંસ, અને તેની ઉપર લાકડીનો એક આડો ટુકડો, અને તેને છેડે પેલું હાઉદીનીનું જાદુઈ દોરડું! વાહ! કોઈ જાદુઈ જંત્ર જ તૈયાર થઈ ગયું ને શું? બરાબર અઢી નો ટકોરો પડ્યો અને સોળ ફીટની દીવાલ પરથી ચોકીદારના પડછાયાએ પસાર થઈ અમનેસરકવાનો સંકેત કર્યો.

તૈયાર થએલું પેલું જંત્ર ઊચકી અમે આઠ ફૂટની દીવાલ પાસે આવ્યા, આ દીવાલ તો, જરાજરામાં નાનાં છોકરાં પણ ઓળંગી જતાં અને પેલી બાજુ ગએલો ટેનિસબૉલ કે વૉલીબૉલ લાવતા. એટલે એ દીવાલ તો મુશ્કેલી વિના પસાર કરી ગયા. એ દીવાલ પછી પચાસેક ફૂટની ખુલ્લી જગ્યા પસાર કરીએ ત્યારે સોળ ફૂટની દીવાલ આવે. અમારી એક બાજુએ ઇસ્પિતાલમાં કોઈ ચોકીદાર હાથમાં ફાનસ હલાવતો ફરી રહ્યો હતો. બીજી બાજુએ રંગશાળાનો ચોકીદાર નવી બૅરૅક બાજુ એક તાપણી સળગાવી શિયાળાની ઠંડીમાં જરા હૂંફ મેળવી રહ્યો હતો. એ બંને બાજુથી બચવા અમે એક બીજાની પાછળ દેડકાં માફક ચાલવા માંડ્યું. એક જણાએ આગળને છેડેથી અમારું જંત્ર પકડ્યું હતું, બીજાએ પાછળના છેડેથી મોટી દીવાલ પાસે આવી, ચારે બાજુ નજર ફેરવી, અમે અમારા અઢાર ફૂટ ઊંચા એ તોતીંગ ઘોડા-જંત્રને ઊભો કરી, જેલની દીવાલ પર ટેકવ્યો. અને પછી તેને આધારે લટકતી દોરી પર વાંદરાની માફક ચડવા માંડ્યું.

એક જણે દીવાલ પર પહોંચી બીજી બાજુ નજર કરી. ત્યાં ન મળે ચોકીદારનો પડછાયો! તેણે ઉપરથી સંકેત કર્યો ને બીજા બંદરે ચડવા માંડ્યું. તેણે પોતાના પગે એક લાંબી દોરી બાંધી તેનો બીજો છેડો પેલા ઘોડાના નીચલે છેડે બાંધેલો હતો. તેના ઉપર આવી ગયા પછી બન્ને જણા સામસામા બેસી ગયા. શો એ વખતનો આનંદ! બીક ફીક તો શોધી પણ ન જડે. જાણે હાથીની પીઠ પર બેઠેલા બે બાદશાહોનાં દિલમાં એ વખતે કોઈ ઑર જ ગરમી હતી.

હવે બન્ને બાદશાહો એકબીજાથી દૂર સરક્યા. બીજા બાદશાહે પોતાના પગવાળી દોરી ખેંચવા માંડી એટલે ઘોડાનો નીચલો છેડો ઉપર ખેંચાવા માંડ્યો અને ધીમેધીમે આખો ઘોડો દીવાલ પર આડો આવી ગયો. પછી દીવાલ કુદાવીને એ દોરી સરકવા દીધી ને જેલની બહારની બાજુએ, એક કૂવાની નજદીકમાં ઘોડાએ પોતાનો પગ ટેકવ્યો. જેમ ઉપર ચડ્યા હતા તેમ બન્ને બાદશાહો વારફરતી નીચે ઊતર્યા—પૂરી શાંતિથી.

મરેલી સરકારના મુડદાની માફક એ ઘોડાને બન્ને જણે ખભે લીધો અને આગળ વધવા માંડ્યું. વિચાર તો થયો કે એ ઘોડાને છેક અમદાવાદ ભેગો કરવો! પણ અંધારી રાતે અને અજાણી વાટે એમ કરવામાં ડહાપણ ના લાગ્યું. થોડે દૂર જઈ જેલનાં જ ખેતરોમાં ઊગેલાં ઊંચાં ઘાસમાં એ ઘોડાને લાંબો સુવાડી દીધો, પણ તેની સાથેની પેલી લાંબી, મજબૂત દોરી—અમારી મુક્તિમાળાને મૂકી જતાં જીવ ન ચાલ્યો! નીરાંતે ઊભા રહી ગાંઠ પછી ગાંઠ છોડી એ દોરીને છૂટી કરી લીધી અને ગોળ ગોળ વીંટી થેલીમાં સહીસલામત ગોઠવી! નાની દીવાલ પાસે આવ્યા ત્યાંથી માંડીને આ બધી ક્રિયા ૧૫ મિનિટમાં તો પૂરી કરીને આ જોડી જેલનાં ખેતરો ને કોતરો ખૂંદતી થઈ ગઈ અને સવાર થતાં પહેલાં તો કોઈ મિત્રને ઘેર પહોંચી ગઈ.

અથાણું

ગોળમેજી પરિષદ વખતે ગાંધીજી શહેનશાહ જ્યૉર્જને મળવા જવાના હતા ત્યારે એમનો જૂજ પહેરવેશ જોઈને કોઈએ પૂછ્યું: 'તમારાં આટલાં જૂજ કપડાં રાજાની મુલાકાત માટે પૂરતાં છે?' ગાંધીજીએ જવાબ આપ્યો: 'રાજા પહેરે છે તે કપડાં અમારે બંનેને માટે પૂરતાં છે!'

∞

શાળામાંથી પેન્સિલ ચોરી લાવેલા પુત્રને બાપે ઠપકો આપ્યો: 'તેં વર્ગમાંથી પેન્સિલ શા માટે ચોરી? જોતો નથી હું તારા સારુ ઑફિસમાંથી કેટલી બધી લાવું છું?'

∞

ઉમેદવાર નોકરાણીને શેઠાણીએ પૂછ્યું: 'મહેમાનોની સરભરા કરતાં તો આવડશેને?'

'હા બાઈસાહેબ, બંને રીતે આવડે છે.'

'બંને રીતે? એટલે?'

'એમ, કે મહેમાનો ફરી વાર આવવા ઇચ્છે તેમ; અને ફરી આવે જ નહિ તેમ.'

'તમે મને પેલું માથાનું તેલ આપ્યું હતું ને, એ ખરેખર અદ્ભુત છે! એ નાખીને જ્યારે હું બસમાં જઉં છું ત્યારે ગમે તેવી ભીડ હોય તોયે મારી આસપાસના માણસો દૂર ખસી જઈને મને જગ્યા કરી આપે છે.'

∞

'ટિકિટસંગ્રહનો શૉખ તો બહુ જ્ઞાનપ્રદ છે.' આવેલ મહેમાનને એક માતાએ કહ્યું: 'દાખલા તરીકે, મદન! હંગેરી ક્યાં આવ્યું?'

પોતાના આલ્બમમાંથી માથું ઊંચું કર્યા વિના જ મદને જવાબ આપ્યો: 'ઈટાલી પછી ચોથા પાના પર.'

∞

બારણે આવેલો માણસ: બેન, હું તમારા રેડિયોને સૂરમાં લાવવા આવ્યો છું.

શેઠાણી: પણ મેં તો કોઈને બોલાવ્યા નથી.

માણસ: હા, પણ તમારા પડોશીઓએ મને કહેવડાવ્યું છે.



('જનસત્તા'માં શિવ)

માટીની આ કાયા

ટીપી ટીપી ઘટ આ ઘડિયો,
માટીનો શો નાજુક ખડિયો!
અણુઅણુએ માટીની માયા,
માટીની કેવળ આ કાયા!

મા 'ટી' ની આ કાયા

'ટી'પી 'ટી'પી ઘટ આ ઘડિયો,
મા, 'ટી'નો શો નાજુક ખડિયો!
અણુઅણુએ મા, 'ટી'ની માયા,
મા! 'ટી'ની કેવળ આ કાયા!

નટવરલાલ પ્ર. બુચ

અનિલ-લહરી

આગ્રાની છોકરી લાવવી હોય તો તાજમહાલ બંધાવવાની તાકાત જોઈએ.
સારા દીવાનખાનામાં માણસો ઓછાં અને છબીઓ વધારે હોય છે.
ધણીના ધાકમાં ન રહેવું હોય તો ધણીને ધાકમાં રાખવો પડે.
માણસે કરેલા ઠેકરાનું મૂળ ખાડામાં જ જોઈ શકાય.

રતિલાલ 'અનિલ'

સાહિત્યસંપર્ક

સ્મૃતિ અને સંસ્કૃતિ

દરેક સમાજમાં ત્યાંના મહાનુભાવોની સ્મૃતિમાં ગ્રંથપ્રકાશન કરી સદ્ગતનાં જીવન અને જીવનકાર્યને ભાવાંજલિ ધરવાનો જે સુચાલ છે તેને પરિણામે અનેક ભાષાના સાહિત્યમાં સુંદર સ્મૃતિગ્રંથો ઉપલબ્ધ થતા રહે છે. આપણા સાહિત્યમાં પણ આવા નૈમિત્તિક સ્મૃતિગ્રંથો ઠીકઠીક પ્રગટ થતા રહ્યા છે. મહદંશે એ ગ્રંથોમાં નાયકના ચરિત્ર અને કાર્યને જ પ્રસિદ્ધ કરવાની પરિપાટી રહી છે. પરંતુ ગુજરાતના એક પ્રમુખ શ્રેષ્ઠી, ઉદ્યોગપતિ અને સંસ્કૃતિચાહક–પ્રચારક સદ્ગત રાજરત્ન નાનજીભાઈ કાલિદાસની સ્મૃતિમાં પ્રગટ થએલ આ ગ્રંથ*, વિશિષ્ટ રીતે આયોજિત થએલો છે.

સંપાદકોએ આ ગ્રંથમાં ગ્રંથનાયકનું લાંબું લચ્ચ ચરિત્ર આપવાથી વેગળા રહ્યા છે એટલું જ નહિ પણ ગ્રંથના પ્રથમ ખંડમાં માત્ર ૪૮ પૃષ્ઠોમાં જ શ્રી રામનારાયણ ના. પાઠક પાસે કરાવેલો નાયકના સુદીર્ઘ ચરિત્રનો સમ્યક્ સંક્ષેપ જ રજૂ કર્યો છે. આ ઉપરાંત એ ચરિત્રને પૂરક થઈ રહે અને સજીવ બનાવે તેવા બે વિભાગો ત્યાર પછી તરત જ આપવામાં આવ્યા છે. એમાંથી 'સંવેદન' વિભાગમાં અનેક ખ્યાતનામ વ્યક્તિઓ તેમ જ નાનજીભાઈના નિકટવર્તીઓની શોકાંજલિઓ સંગૃહીત કરી છે. તો ત્યાર પછીના 'સંસ્મરણ' વિભાગમાં ચરિત્રનાયકના સંપર્કમાં આવેલાઓના સ્મરણલેખો રજૂ કરવામાં આવ્યા છે. આ બન્ને વિભાગો નાનજીભાઈના ઉજ્જ્વળ વ્યક્તિત્વનાં અનેક દ્યોતક પાસાંને અભિવ્યક્ત કરે છે. સામાન્ય સ્મૃતિ-ગ્રંથ હોત તો કદાચ તે અહીં જ પૃ. ૧૬૧ આગળ જ સમાપ્ત થઈ ગયો હોત. પરંતુ ત્યાર પછીનાં લગભગ ૧૦૦૦ પૃષ્ઠો જ આ ગ્રંથની વિશિષ્ટ આયોજના પુરવાર કરે છે.

સ્વ. નાનજીભાઈનું પ્રદાન અનેક ક્ષેત્રોમાં હતું. એમાં ય એક સંસ્કૃતિસંવાહક તરીકે એમની નામના અને કામના દાદ માગી લે તેવી હતી. એ હકીકતને ખયાલમાં રાખીને સંપાદકોએ તે નિમિત્તે અહીં જે વિભાગો—સંસ્કૃતિ, શિક્ષણ, ધર્મ, તત્ત્વજ્ઞાન, પ્રકૃતિદર્શન અને પ્રવાસ, વિજ્ઞાન, આયુર્વેદ, ઇતિહાસ-પુરાતત્ત્વ, લોકજીવન, શિલ્પ અને સ્થાપત્ય, નૃત્ય, નાટ્ય, ચિત્ર, સંગીત, સાહિત્ય, વિવેચન—રજૂ કર્યાં છે તેમાં લલિત અને લલિતેતર ક્ષેત્રોને ઠીકઠીક પ્રમાણમાં આવરી લીધાં છે. આમાં કેટલાક લેખો નવા છે તો કેટલાક અહીં ઉધૃત પણ થયા છે. આ લેખો મુખ્યત્વે તે તે ક્ષેત્રની જાણકાર વ્યક્તિના છે એટલે શ્રદ્ધેય કહી શકાય તેવા છે. બહુધા આ લેખો પરિચયાત્મક હોઈ સંક્ષિપ્ત રહ્યા છે. 'દક્ષિણપૂર્વ એશિયા ઔર આર્ય સંસ્કૃતિ', 'એક નવી ક્રાંતિનાં પગરણ', 'અર્વાચીન ભારતીય જાગૃતિ કે પ્રવર્તક મહર્ષિ દયાનન્દ સરસ્વતી', 'નળસરોવરની નિસર્ગ–સુષમાઓ', 'આયુર્વેદના આચાર્યો', 'રાણા શ્રી સુરતાનજીના બે કાવ્યગ્રંથો', 'સૌરાષ્ટ્રની લોકકળાઓ', 'લોકસંસ્કૃતિ : એક ચિન્તન', 'શિલ્પાચાર્ય શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર', 'લિપિનો વિકાસ', 'પારસી સાહિત્યકારોનું ગુજરાતી સાહિત્યને પ્રદાન' વગેરે થોડા લાંબા લેખોમાં અભ્યાસયુક્ત અને વિગતપૂર્ણ ચર્ચા પણ થએલી જોવા મળે છે. વિવિધ વિભાગના આ લેખો 'માહિતીપ્રદ' અને 'મનનીય' એવા બે પ્રકારમાં વહેંચાઈ જાય છે. કેટલાક કોઈ વ્યક્તિ કે સંસ્થાની જીવન અને પ્રદાનની માહિતી રજૂ કરે છે, તો કેટલાક તે તે ક્ષેત્રના એક યા બીજા પાસા પર મનનીય લઘુલેખો પણ આપે છે.

ગ્રંથના બીજા ખંડમાં અંતિમ બે વિભાગો છે: 'સર્જન અને પ્રદાન' તથા 'ધ્વનિ–પ્રતિધ્વનિ'. આમાંથી પ્રથમ વિભાગમાં સ્વ. નાનજીભાઈએ સ્થાપેલી અને પ્રેરેલી વિવિધ સંસ્થાઓનો વિગતસભર પરિચય આપવામાં આવ્યો છે, તો છેલ્લા વિભાગમાં ગ્રંથનાયકના જીવનપ્રસંગોની સૂચિ તારવવામાં આવી છે. બે ખંડમાં વહેંચાએલો આ દળદાર ગ્રંથ એમાંની અનેક પ્રાસંગિક છબીઓ, રવિશંકર રાવળ, જગન્નાથ અહિવાસી, રસિકલાલ પરીખ, કનુ દેસાઈ, છગનલાલ જાદવ, વાસુદેવ સ્માર્ત, ખોડીદાસ પરમાર, દિનેશ શાહ, સોમાલાલ શાહ, યજ્ઞેશ્વર શુક્લ આદિનાં કલાત્મક રંગીન ચિત્રો તથા પ્રત્યેક વિભાગને આરંભે મૂકેલ જગન્નાથ અહિવાસીનાં સૂચક રેખાચિત્રોથી સુશોભિત બન્યો છે. ગ્રંથની સુંદર છપાઈ પણ આકર્ષણમાં ઉમેરો કરે છે. અલબત્ત, 'સંસ્કૃતિ', 'શિક્ષણ', 'ધર્મ', 'તત્ત્વજ્ઞાન', અને 'સાહિત્ય' વિભાગો જેવા અન્ય વિભાગો સમૃદ્ધ થઈ શક્યા નથી; તો પણ ગુજરાતના ઉદ્યોગક્ષેત્રની એક સંસ્કૃતિચાહક વ્યક્તિવિશેષની 'સ્મૃતિ' નિમિત્તે એક પ્રશંનીય 'સંસ્કૃતિ'ચર્ચા આ ગ્રંથમાં જોવા મળે છે તે આવકાર્ય છે. ગુજરાતી, હિંદી અને અંગ્રેજી એમ ત્રણ ભાષાઓમાં લખાએલા વિવિધ વિષયો પરના લેખોના આ સમૃદ્ધ સમુચ્ચયની પાછળ તેના સંપાદકો શ્રી રતિલાલ છાયા અને પ્રા. શંકરદેવ વિદ્યાલંકારનાં સૂઝ અને પરિશ્રમ સાર્થ થયાં લાગે છે.

* 'સ્મૃતિ અને સંસ્કૃતિ': પ્રકા૦ સ્મૃતિગ્રંથ સંપાદન સમિતિ, આર્ય કન્યા ગુરુકુલ; પોરબંદર; પાકું પૂઠું; પૃ. ૧૧૫૨; રૂ. ૬૦, પો. રૂ. ૬

શબ્દકથા : ઘાટડી · ગાતડી

કોશોમાં 'ઘાટડી ભીડવી'ના મુખ્યત્વે બે અર્થ આપેલા છે: ૧) છાતી તથા પીઠ ઢંકાય અને હાથ ખુલ્લા રહે તે રીતે શરીરે કપડું વીંટાળીને ગાંઠ મારવી; ૨) મહેનતનું કામ કરતાં સાડીને કમરે ગાંઠ મારીને બાંધવી. 'ઘાટડી વાળવી' એવો પ્રયોગ પણ છે. 'ભગવદ્ગોમંડલ' પ્રમાણે આ ઘાટડી આડસોડિયે ભીડવામાં આવે છે. 'આડસોડિયે' એટલે ગળેથી બીજા હાથની બગલમાં આડું નાખીને, એક ખભો ઉઘાડો રહે તેમ ઓઢવું'. કેટલાક સંન્યાસીઓ આ રીતે પણ કપડું વીંટાળે છે.

પણ સાથે 'ઘાટડી' અને 'ગાતડી' એ બંનેને પર્યાય પણ ગણેલા છે. 'ગાતડી વાળવી'નો એક અર્થ 'હાથ અને પીઠ ઢંકાય તે રીતે લાંબું કપડું શરીરે વીંટાળીને ગળે ગાંઠ વાળવી' એવો છે. આ રીતમાં બંને ખભા ખુલ્લા રહે છે.

હિંદીમાં 'ગાતી'નો અર્થ 'ઘાટડી'ના ઉપર્યુક્ત પહેલા અર્થને મળતો છે, અને તેમાં 'ગાતી'ની સાથે 'કસના', 'બાંધના', 'લગાના', 'મારના' એ ક્રિયાપદો વપરાય છે. 'ભગવદ્ગોમંડલ'માં 'ગાતી'-નો એક અર્થ 'તાર્તર દુપટ્ટા જેવો ખભાની આસપાસ પહેરાતો ટુકડો' એવો આપેલો છે.

મૂળ સંસ્કૃત રૂપ 'ગાત્રિકા' છે. બાણ કૃત 'હર્ષચરિત'માં એ વપરાયો છે. સાવિત્રીના વર્ણનમાં તેણે અંશુક વસ્ત્રની સ્તન પર 'ગાત્રિકા' ગાંઠ વાળી હોવાનું કહ્યું છે ('સ્તનમધ્યબદ્ધગાત્રિકાગ્રન્થિ'). વાસુદેવશરણ અગ્રવાલે તેમના હર્ષચરિતના અધ્યયનમાં આ 'ગાત્રિકાગ્રન્થિ'નાં બે રેખાંકન આપેલાં છે. આથી ઉપર આપેલા 'દુપટ્ટા જેવો ખભા આસપાસ પહેરાતો ટુકડો' એ અર્થને સમર્થન મળે છે. 'ગાત્રિકા' ઉપરથી પ્રાકૃત 'ગત્તિઆ' અને પછી 'ગાતી', 'ગાતડી' થાય. આમ ગાંઠ વાળીને છાતી તથા પીઠને વીંટીને પહેરાતા ઢીંચણ સુધીના કપડા માટે ગુજરાતીમાં મૂળમાં 'ગાતડી' શબ્દ જ હોય. પછીથી 'ઘાટડી' શબ્દ પણ 'ગાતડી'ના અર્થમાં વપરાતો થયો હોય. 'ઘાટડી' મૂળે તો ચૂંદડીનો વાચક છે.

એક ખભો ખુલ્લો રહે તે રીતે આડું કપડું વીંટીને પહેરવા માટે અગ્રવાલે સંસ્કૃતમાં 'વૈકક્ષક' શબ્દ આપ્યો છે. આમ 'ગાતડી'ની પદ્ધતિ અને તેનું વાચક શબ્દરૂપ છઠ્ઠી શતાબ્દી જેટલાં પ્રાચીન છે.

હરિવલ્લભ ભાયાણી

પિતાના જેટલાં જ સંસ્કૃતિચાહક એમનાં સંપન્ન સંતાનોએ સર્વથા સમુચિત તર્પણરૂપે મોટે ખર્ચે બે ભાગમાં પ્રકટ કરેલો, ઉત્તમ છપાઈ ને સમૃદ્ધ વાચનવાળો આવડો દળદાર ગ્રંથ એની પડતર કિંમત રૂ. ૬૦માં આપે છે તેનો લાભ પોસાય તે સૌ સંસ્થાઓ તથા વ્યક્તિઓએ લેવા જેવો છે. —ધી./પ.

અન્ય પ્રકાશનો

કથામંગલ—રામાયણ: શ્રી રમણલાલ સોનીના 'કથામંગલ–ભાગવત' પછી એવું જ આ બીજું પુસ્તક પણ વાચકોને ગમશે જ. પારધીની ક્રૌંચહત્યાથી વાલ્મીકિને વ્યાપેલા ક્રોધની કથાથી આરંભાઈને રામે તોળેલા કૂતરાના ન્યાય આગળ પૂરી થતી આ ૩૬ કથાઓમાં રામાયણને સાદ્યંત સાંકળી લેવાયું છે. આપણી સંસ્કૃતિ ને સાહિત્યના અમર વારસા જેવા મહાકાવ્ય રામાયણની આ સરળ અને રસમય રજૂઆત સહુને આસ્વાદ્ય બની રહેશે. વળી, પ્રત્યેક પ્રકરણના આરંભે મૂકલી સૂત્રાત્મક કાવ્યપંક્તિઓ પણ આકર્ષક છે. પુસ્તકને અંતે, આ જ કથાઓમાં આવતી કેટલીક સૂક્તિઓ તારવીને મૂકી છે; તેમજ તુલસીદાસના રામાયણમાંથી પણ આવી જ સૂક્તિઓ ભાષાંતર સાથે મૂકવામાં આવી છે તે મંગલમય જીવનયાત્રાનું અમૂલ્ય પાથેય બની રહે તેમ છે. (પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ; કાચું પૂઠું; પૃ. ૧૪૦; રૂ. ૨ાા)

ગરુડ મહાપુરાણ: આપણામાંના ઘણાનો ગરુડપુરાણનો પરિચય મરણોત્તર તર્પણક્રિયા પૂરતો જ રહ્યો છે. પરંતુ એ તો છે આ મહાપુરાણનો ઉત્તર ભાગ. એનો પૂર્વભાગ ઘણા નથી જાણતા. અહીં સંપૂર્ણ ગરુડપુરાણનું શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકરે ખૂબ શ્રદ્ધેય ભાષાંતર આપ્યું છે. પૂર્વભાગમાં સદાચાર, સંધ્યોપાસના, સૂર્યપૂજા, વાસ્તુમાન, પ્રાસાદલક્ષણ, નક્ષત્રો–ગ્રહોનું જ્ઞાન, જ્યોતિષ વગેરે ઉપયોગી વિષયોની થએલી ચર્ચા આપણા પ્રાચીન સાંસ્કૃતિક વારસાની દ્યોતક છે. આ રીતે આપણાં પુરાણોને ગુજરાતીમાં સુલભ કરાવી આપવાનો આ પુરુષાર્થ ખૂબ જ આવકાર્ય છે. (પ્ર. ઉપર મુજબ; પાકું પૂઠું; પૃ. ૭૪૪; રૂ. ૧૨.)

સોનેરી માછલીઓનો સળવળાટ: અગિયાર કૃતિઓ લઈને આવતા પુરુરાજ જોષીના આ પ્રથમ વાર્તાસંગ્રહમાં 'સોનેરી માછલીઓનો સળવળાટ' જેવી લાંબી ટૂંકી વાર્તા છે, તો સંગ્રહને અંતે ત્રણેક લઘુકથા પણ છે. આ સંગ્રહની એમની પ્રથમ વાર્તા જ વિષય નિરૂપણ અને કથનશૈલીની તાજગીને લીધે એવી આકર્ષી જાય તેવી છે કે પછીની વાર્તાઓ વાંચવાનો લોભ જતો કરી ન શકાય. વિષયવૈવિધ્યનું રસિક નિરૂપણ લેખકના ઉજ્જવળ

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



અજિત વાડેકર

જન્મ: મુંબાઈમાં, તા. ૧ એપ્રિલ ૧૯૪૧. ૮૦ ટકા ગુણથી એસ.એસ.સી. પાસ કરી એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બારમા ખેલાડી તરીકે રહેનાર એમણે બીજા વર્ષે રૂઈયા કૉલેજમાંથી ઈન્ટર કૉલેજ, ઈન્ટર યુનિ૦ અને રણજિત ટ્રૉફીમાં રમત ઝળકાવી. રણજી ટ્રૉફીમાં મૈસૂર સામે ૩૨૩ ને યુનિ૦ ટૂર્નામૅન્ટમાં ફાઈનલમાં દિલ્હી સામે ૩૨૪ રન કરેલા. મૅથમૅટિક્સ-ફીઝિક્સ સાથે બી. એસસી. થઈ તેઓ સ્ટેટ બૅંકમાં અધિકારી પદે જોડાયા. ચૌદ વર્ષથી બૉમ્બે ક્રિકેટ એસો૦ તરફથી રણજી ટ્રૉફીમાં રમે છે. છેલ્લાં ત્રણેક વર્ષથી મુંબાઈની ટીમની દોરવણી કરે છે. છેલ્લે વેસ્ટ ઇંડિઝ અને ઈંગ્લૅંડમાં કૅપ્ટન દરજ્જે 'રબ્બર' જીતી લાવી તેમણે દેશનું નામ રોશન કર્યું છે. સ્વભાવે શાંત, સૌમ્ય અને સાહસિક વાડેકરમાં વિખ્યાત ક્રિકેટ ખેલાડી વિજય મર્ચન્ટને અખૂટ વિશ્વાસ છે.

૧ ભારતીય ક્રિકેટના વર્તમાન ને ભાવિ વિષે આપનો ખયાલ?

ઉ. હવે તો આપણે વિશ્વની કોઈ પણ ક્રિકેટ ટીમ સામે સબળ રીતે રમી શકીએ તેમ છીએ. પણ આપણને ખરેખર આક્રમક ફાસ્ટ બૉલરોની જરૂર છે. એ મળે તો આપણે ક્રિકેટ-ક્ષેત્રે વિજયધ્વજ ફરકાવી શકીએ.

૨ ભારતના સર્વશ્રેષ્ઠ બૅટ્સમૅન કોને કહેશો? અને બૉલર?

ઉ. સુનીલ ગાવસ્કર. એ આપણો અચ્છો ને આશાસ્પદ ખેલાડી છે. 'ઓપનિંગ બૅટ્સમૅન' તરીકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વ્યૂહાત્મક રીતે રમવાની એનામાં પ્રતિભા છે. રનનો જુમલો પણ એ ખડકી જાણે છે. 'ફીલ્ડિંગ' પણ એ આબાદ કરે છે.

બૉલરોમાં 'ફાસ્ટ', 'મિડિયમ ફાસ્ટ' અને 'સ્પિનર્સ' એમ વિભિન્ન કક્ષાઓ હોઈ, કોઈ એકનું નામ આપવું મુશ્કેલ છે.

૩ આપણો 'એ વન' ઑલરાઉન્ડર કોણ?

ઉ. એક્નાથ સોલકર. એ બૅટિંગ-બૉલિંગ-ફીલ્ડિંગ ત્રણેમાં કુશળતાથી ઝળકી શકે છે.

૪ સફળ ક્રિકેટર થવા માટે શાની આવશ્યકતા છે?

ઉ. સૌપ્રથમ તો રમત માટે ઉષ્માભરી વફાદારી અને માનભર્યો અહોભાવ જોઈએ. યોગ્ય 'ટૅકનિક' ખીલવવા માટે ધ્યેયલક્ષી એકાગ્રતા ને ઉચ્ચ કક્ષાની રમત માટે અવિરત ઉત્સાહ, સતત મહાવરો ને પારંગત થવાની તમન્ના જોઇએ.

૫ આપની બબ્બે 'રબ્બર'ની જીત શાને આભારી ગણો છો?

ઉ. એક તો કટોકટીના સમયે આપણું બૅટિંગ સરસ રહ્યું. બીજું, આપણું ફીલ્ડિંગ પણ હવે સુધર્યું છે. વળી, આપણા સ્પિનરોએ પણ સારો તરખાટ મચાવ્યો. ટીમનો સંગીન અને સુંદર સહકાર, તથા ક્યાં ક્યારે કેમ રમવું એ અંગેની સૌ ખેલાડીઓની આવડતે પણ એમાં સારો ભાગ ભજવ્યો હતો.

૬ ક્રિકેટક્ષેત્રે પ્રવેશવા આપ શાથી પ્રેરાયા?

ઉ. દસ વર્ષની વયે મુંબાઈમાં નેઈલ હાર્વેની રમત જોઈને.

૭ આપના અન્ય કોઈ ખાસ શૉખ?

ઉ. જેઈમ્સ હાવેલ્સને વાંચવાનો, કૉમિક્સનો, તરવાનો અને બૅડમિન્ટનનો.

૮ ક્રિકેટ-રસિયાઓને આપનો કંઈ સંદેશ?

ઉ. ક્રિકેટના શૉખીનો અને પ્રેક્ષકોમાં રમતની પૂરી જાણકારી હોવી જોઇએ. 'ડક' થવું તો કોઈ પણ ખેલાડીને ન ગમે, માટે નિષ્ફળ જનાર ખેલાડીને ધુત્કારવાની કે પથરાબાજી જેવી બાલિશતા ન બતાવતાં એના પ્રત્યે સહાનુભૂતિ રાખવી જોઇએ. આખરે એ પણ એક માણસ છે. પ્રેસ અને પબ્લિક તરફથી અમને સગાંસ્નેહીઓ જેવી પ્રેરણા મળવી જોઈએ.

૯ ટેસ્ટ મૅચોની કટોકટીમાં આપ વ્યગ્ર કે અધીરા બનો ખરા?

ઉ. એવી શક્યતા ખરી; પણ એવી પળોમાં ઉશ્કેરાયા વિના શાંતિથી હું મારી વ્યૂહરચનાની દોરવણી આપતો રહું છું.

અજિત વાડેકર.

ભાવિની ખાતરી કરાવી રહે છે. (બકુલ પ્રકાશન, શિલ્પી સોસાએટી, નડિયાદ; વિક્રેતા : આદર્શ પ્રકાશન, ઈટાલિયન બેકરી પાસે, અમદાવાદ-૧; પાકું પૂઠું; પૃ. ૧૩૭; રૂ. ૪–૫૦.)

મનનાં મેઘધનુષ્ય : નવોદિત લેખક શ્રી પુરુરાજ જોષીની આ પ્રથમ નવલકથા ખેડા જિલ્લાના 'ગુજરાત ટાઈમ્સ'માં ક્રમશઃ પ્રકટ થતી હતી ત્યારે જ વાચકોની ચાહના મેળવી શકેલી એવી સરસ એની લખાવટ છે. તેની સાથે કલાપથ પર કૂચ કરવાની એમની ધગશ પણ આ કૃતિમાં અછતી રહેતી નથી. આશા અને નિરાશાના સંઘર્ષમાં આગળ વધતી આ પ્રણયકથા લેખકના સન્નિષ્ઠ પ્રયાસની પ્રતીતિ કરાવી આપે છે. પાત્રમનના સંઘર્ષોની તીવ્રતા વધુ સચોટ રીતે નિરૂપાય તેવી અપેક્ષા લેખકની ભવિષ્યની કૃતિમાં ફળશે એવી આશા સહેજે જન્મે. (શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પાકું પૂઠું; પૃ. ૩૮૪, રૂ. ૧૧.)

નીલગગનનો તારો: કલ્પનાની આદર્શભોમમાં જીવવા માગતા એક યુવાનની વાસ્તવિકતા સાથેની સંઘર્ષભરી પ્રણયકથા. લેખક યશવંત કડીકરની આ પ્રથમ નવલકથા એમને ચીલાચાલુ માર્ગેથી પાછા વાળે તો કલાસિદ્ધિના પ્રયોગ તરફ વળી શકે ખરા. (નવભારત સાહિત્ય મંદિર : રતનપોળ નાકા સામે, ગાંધીરોડ, અમદાવાદ-૧; પાકું પૂઠું; પૃ. ૧૨૨; રૂ. ૩ા.)

હૃદયસંદેશ : આજે વિદ્યાર્થીપેઢી એક કટોકટીના આરે ઊભી છે ત્યારે એને માર્ગદર્શન મળી રહે તેવા ૧૪ લેખોનો આ સંગ્રહ સાત્ત્વિક અને મનનીય વાચનસામગ્રી પૂરી પાડે છે. સર્વશ્રી ફાધર વાલેસ, અમૃતલાલ યાજ્ઞિક, કિશોરલાલ મશરૂવાળા, ઈશ્વર પેટલીકર વગેરેના વિચારોથી એ ખૂબ જ માર્ગદર્શક બન્યો છે. ત્રણ વિદ્યાર્થીઓએ જ કરેલું આ સંપાદન વિદ્યાર્થીઓને વધુ જાગ્રત થવા પ્રેરશે. (સંપાદકો: ગુણવંત બરવાળિયા, બિપિન દોશી, કિશોર કોટડિયા; કાચું પૂઠું; પૃ. ૮૯; કિંમત જણાવી નથી.)

અજાતશત્રુ લિંકન : લિંકનના અભ્યાસી શ્રી મણિભાઈ દેસાઈએ પોતાના વર્ષોના અભ્યાસના પરિપાકરૂપે આ નાની પણ મહત્ત્વની ચરિત્ર રૂપરેખા આપણને આપી છે. અહીં ૨૫ પ્રકરણમાં બાલ્યકાળથી તે રાષ્ટ્રપ્રમુખ થયા ત્યાં સુધીની લિંકનના જીવનની ગતિવિધિનો સરસ ખયાલ આપવામાં આવ્યો છે. મનુષ્યના જીવનઘડતરમાં આવાં ચરિત્રપુસ્તકોનું માહાત્મ્ય ઓછું નથી. પ્રત્યેકને પ્રેરણાદાયી થાય તેવું પુસ્તક. (નવજીવન પ્રકાશનમંદિર અમદાવાદ-૧૪; કાચું પૂઠું; પૃ. ૧૮૭; રૂ. ૩.)

ઉરવેદના : સ્વામી અક્ષયવિવેકની લગભગ ૮૯ કાવ્યરચનાઓનો આ સંગ્રહ, એના શીર્ષક પ્રમાણે, કવિ-ઉરની વેદના ગાય છે. માનવતાનો હ્રાસ, દંભ, દેશની દુર્દશા, મૂલ્ય વિપર્યાસ વગેરેથી જાગેલા દર્દમય સ્પંદનોને (જો કે કાવ્યત્વનો ખયાલ કર્યા વગર) કવિએ અહીં નિખાલસતાથી નિરૂપ્યાં છે. ભાષાશૈલી અને છંદ તેમજ અભિવ્યક્તિની કચાશ કાવ્યરસિકને ખૂંચ્યા વગર રહેશે નહિ. (પ્રીતિ પ્રકાશન, ૨૧, સંસ્કાર સોસાએટી, કવિવર ટાગોર માર્ગ, સુરેન્દ્રનગર; કાચું પૂઠું; પૃ. ૧૨૭; રૂ. ૩-૫૦.)

બાલ ડિટેક્ટિવ રાજુ : વાર્તાના નાયક લેખે કિશોરને ડિટેક્ટિવ તરીકે રજૂ કરતી આ બાલભોગ્ય વાર્તાના કર્તા વિમલકુમાર ધામીનું પ્રથમ પ્રકાશન. (ધામી પ્રકાશન, રાજકોટ; કાચું પૂઠું; પૃ. ૮૨; રૂ. ૧-૫૦)

સ્વામી સહજાનંદ: સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક સ્વામી સહજાનંદની દ્વિ-શતાબ્દી ગ્રંથમાળાના આ પ્રકાશનમાં સહજાનંદ સ્વામીના જીવનકાળની રાજકીય, સામાજિક, ધાર્મિક પરિસ્થિતિનો ચિતાર આપી એ મહાન જ્યોતિર્ધરની જીવનલીલાની ભક્તિભાવપૂર્વક ઝાંખી કરાવવામાં આવી છે. (લે. શ્રી ગોરધનદાસ જીવરાજ સોરઠિયા; પ્રા. શ્રીજી સાહિત્ય પ્રચાર કાર્યાલય, બંગલી ચોક, બગસરા (જિ. અમરેલી); કાચું પૂઠું; પૃ. ૯૬; રૂ. ૧.)

શિક્ષાપત્રી: ઉપર્યુક્ત ગ્રન્થમાળામાં સ્વામીનારાયણ સંપ્રદાયની આ ધર્મપુસ્તિકાને સરળતાથી સમજાવવામાં આવી છે જેથી સામાન્ય ભક્તને પણ શ્રીજીની અમૃતવાણીનો સહજ બોધ થઈ રહે. (પ્ર. ઉપર મુજબ; કાચું પૂઠું; પૃ. ૩૩; ૭૫ પૈસા.)

રાત્રિનો પ્રકાશ: ભારતની આઝાદી પૂર્વેના જાગ્રતિકાળના વાતાવરણ તથા સ્વદેશભાવનાને કેન્દ્રમાં રાખી લખાએલી અને જૂની-રંગભૂમિની યાદ આપતી, સ્ત્રીપાત્ર વગરની ત્રિ-અંકી નાટ્યકૃતિ. (લે. જી. એસ. બ્રહ્મભટ્ટ; પ્રકા. પોતે જ; પંચમુખી મહાદેવની પોળ, રાવપુરા, વડોદરા; કાચું પૂઠું; પૃ. ૭૦; રૂ. ૩.)

મને પરધાન થવાનો કોડ: ચૂંટણી અને પ્રધાનને કેન્દ્રમાં રાખી લખેલી નર્મ મર્મયુક્ત વ્યંગાત્મક દ્વિઅંકી નાટ્યકૃતિ(લે.–પ્રકા.–ઉપર મુજબ; કાચું પૂઠું; પૃ. ૮૦; રૂ. ૨-૫૦.)

ગીતા–શતશ્લોકી : ગીતાના હાર્દને વ્યક્ત કરતા ૧૦૧ ચુનંદા શ્લોકોના ગુજરાતી અનુવાદ સહિતની શ્રી કે. કા. શાસ્ત્રી જેવા વિદ્વાને સંપાદિત કરેલી પુસ્તિકા. (પ્ર. શુદ્ધાદ્વૈત સંસદ, શિવા દલાલની ખડકી, લાડવાડા, વડોદરા; કાચું પૂઠું; પૃ. ૩૧; ૫૦ પૈસા)

મેઘદૂત: મહાકવિ કાલિદાસના અમર ખંડ-કાવ્યનો સમશ્લોકી અનુવાદ આપતા આ પુસ્તકમાં કાલિદાસ ને મેઘદૂત વિષેની લાંબી પ્રસ્તાવના તથા મેઘદૂતનાં પાઠાંતરો ઉપરાંત તેનાં દૃષ્ટાંતો-ઉપમા વગેરે પરના વિવેચનાત્મક લેખો પણ આપવામાં આવ્યા છે. (અનુવાદ આચાર્યશ્રી ચરણતીર્થ મહારાજ; પ્રકા. શ્રી ભુવનેશ્વરી પીઠ, ગોંડલ; પાકું; પૃ. ૨૬૩; રૂ. ૬.)

વલ્લભવિદ્યાનગર: ગુજરાતના એ પ્રથિતયશ વિદ્યાધામનો પરિચય આપતી લઘુ પુસ્તિકા (સંપા. પ્રાધ્યાપક આર. એમ ઠક્કર; પ્રકા. પ્રશાંત પ્રકાશક, મહાદેવ માર્ગ, વલ્લભ-વિદ્યાનગર; કાચું પૂઠું; પૃ. ૪૮; ૫૦ પૈસા.)

સાધનાને પંથે: યોગ-સાધનાના પથે પ્રેરણારૂપ બને એવી આધ્યાત્મિક નોંધોની નાનકડી પુસ્તિકા. પ્રકાશક રમણભાઈ જે. પટેલ; રામકૃષ્ણ વેદાન્ત સેન્ટર; પો. બો. ૪૭૬ મુફ-લીશ (ઝામ્બીઆ); લેખકો : રમણભાઈ જી. પટેલ અને ઉમિયાશંકર ઠાકર; કાચું પૂઠું; પૃ. ૮૦; રૂ. ૧-૫૦; સાધકોને ભેટ.

અમારા બાપુજી: ગુજરાતના સાક્ષર સ્વ. ડોલરરાય માંકડની સ્મૃતિમાં એમના પુત્ર શ્રી શિરીષભાઈએ સંપાદિત કરેલી આ પુસ્તિકામાં પાંચ વિભાગો છે. પહેલામાં ડોલરરાય માંકડે પૌત્રીઓ માટે તૈયાર કરેલી ત્રણ જીવનમૂલ્ય સૂચવતી વાર્તાઓ, બીજામાં બે સંવાદોમાં જીવનોપયોગી ચિંતન, ત્રીજાના છ પત્રોમાં એવી જ વત્સલતાપ્રેર્યો મંગલબોધ, ચોથા વિભાગની ચાર નોંધોમાં આરોગ્ય, ફળઝાડનો ઉછેર વગેરેમાં વ્યક્ત થતી એમની પર્યેષક દૃષ્ટિ, ને પાંચમા વિભાગમાં માંકડસાહેબની પ્રતિભાને અંજલિરૂપ બે લખાણો. આ બધું સ્વર્ગસ્થની એક સાત્ત્વિક પુરુષ તરીકેની શબ્દમૂર્તિ કંડારી જાય છે. ગંગાજળા પ્રકાશન, અલીઆબાડા, જિ. જામનગર; કાચુંપૂ., પૃ. ૮૮, મૂલ્યજણાવ્યુંનથી.

મંગળયાત્રા: સાક્ષરવર્ય સદ્ગત ડોલરરાય માંકડના જીવનકાર્યને વિવિધ કલમો દ્વારા મૂલવતો આ સ્મૃતિગ્રંથ એમનું સાચું વ્યક્તિત્વ તારવી આપે છે. ગ્રંથમાં એમની જીવન-તવારીખ, સાહિત્યસેવા, શિક્ષણસાધના, સંશોધનનિષ્ઠા અને શ્રેયાર્થી સાધક તરીકેની અક્ષર છબિને ઉઠાવવામાં આવી છે માંકડસાહેબના પ્રશંસકો અને અભ્યાસીઓને ઉપયોગી સંદર્ભ ગ્રંથ. પ્ર. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૧૮૮, રૂ. ૧૧.

ભારતી: આર્ય કન્યા ગુરુકુલ, પોરબંદરનું મુખપત્ર. શાળાની વિદ્યાર્થિનીઓ અને અધ્યાપક–અધ્યાપિકાઓ તેમજ ઈતર લેખકોના લેખોને હિંદી, સંસ્કૃત અને ગુજરાતી એમ ત્રણ વિભાગમાં અહીં સંગ્રહીત કરવામાં આવ્યા છે. વિશેષતા તો એ છે કે આજે સંસ્કૃત ભાષાનું ખેડાણ મૃતપ્રાય: થઈ રહ્યું છે ત્યારે અહીં થોડાં લખાણો સંસ્કૃતમાં પણ જોવા મળે છે. પ્ર. આર્યકન્યા ગુરુકુલ, પોરબંદર; કાચુંપૂઠું, પૃ.૧૩૨.

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૩૫]

કરાવનાર·જલન માતરી



જમીઅતભાઈ પંડયા

ગુજરાતી ગઝલે ચડતી ને પડતી બન્નેનો સામનો કર્યો. ઠોકરો યે ખાધી, અપમાન પણ ઘણાં સહન કર્યાં, પણ એ ધ્યેયથી ડગી નહિ, કેડી ત્યજી નહિ; એણે સફર જારી જ રાખી. જે મળ્યું એની આગળ હૈયું ઠાલવ્યું. જેને એની વાત ન ગમી એણે એને અપમાન કરીને હડસેલી દીધી; જેને એની વાત ગમી એના હૈયામાં એ સોંસરી ઊતરી ગઈ. આજે તો એની વાત જ ન પૂછો.

એવા કપરા કાળમાં અમદાવાદની પોળેપોળે ફરીને મુશાયરાઓ યોજીને ગઝલને જીવતી રાખવામાં ગઝલના ભેખધારીઓએ પાછી પાની નથી કરી. એ ભેખધારીઓમાં શ્રી જમીઅતરામ કૃપાશંકર પંડયાનું નામ મોખરે છે. ખંભાતના વતની હોવા છતાં જમીઅતભાઈ 'જિગર અહમદાબાદી' તખલ્લુસ ધરાવે છે.

જ્ઞાતિએ ઔદીચ્ય ટોળકિયા બ્રાહ્મણ. પિતામહ–માતામહ બંને પક્ષેથી કવિતાનો વારસો લઈને ઈ.૧૯૦૮ની ૧૦મી ઑગસ્ટે જન્મેલા જમીઅતભાઈનું પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ખંભાતમાં મૅટ્રિક પર્યંત થયું. હિંદીના કોવિદ છે; સંસ્કૃત અને ફારસીના અભ્યાસ ઉપરાંત વૈદકનું પણ જ્ઞાન ધરાવે છે. થોડો સમય પત્રકારત્વ તથા સિનેમાના વિજ્ઞાપનવિભાગમાં ગાળ્યા બાદ પાંત્રીસેક વર્ષથી માત્ર કલમનો જ વ્યવસાય ચલાવે છે. ઉર્દૂ પદ્ધતિના ગુજરાતી શાયર ભાઈ શ્રી જમીઅત પંડયાએ ચોવીસેક પુસ્તકો લખ્યાં છે, જેમાંનાં મુખ્ય મુખ્ય ગણાવીએ તો ૧) કમનસીબનું કિસ્મત [નવલકથા ૧૯૩૮] ૨) સમાજથી તરછોડાએલાં [વાર્તાસંગ્રહ ૧૯૩૯] ૩) એક પ્રાર્થના સમુચ્ચય [કાવ્ય અનુ. ૧૯૪૮] ૪) નાગરાણી [અનુવાદિત અને મૌલિક વાર્તાસંગ્રહ ૧૯૬૧] ૫) આયુર્વેદિક ઉપચારો [સંપાદન. ૧૯૬૧] ૬) પલ્લવ [જીવનચરિત્ર ૧૯૬૩] ૭) વરદાન [ગઝલસંગ્રહ ૧૯૬૩] આદિ વૈવિધ્ય જોવા મળે. એ ઉપરાંત ઉર્દૂ અને ગુજરાતી ગઝલસાહિત્યની ઉત્પત્તિ અને વિકાસના બે ગ્રંથો તથા 'ગઝલનું છંદશાસ્ત્ર' છપાવા માટે તૈયાર છે.

પોતાના હાથે જ નિજ ઉપવનમાં આગ લગાવી હોવાનો ઈકરાર કરી જતાં જતાં ઉપવન તરફ નજર ન કરવા માગતા, ફકીરીમાં ય કશી કરકસર ન કરવા ઈચ્છતા, અંગારને ફૂલની શય્યા ગણતા, મુસીબતે ધરેલી તલવારની ધાર પર હસતા રહેલા આ પીઢ શાયરના શે'રોનો આસ્વાદ:

શી છે વિસાત શાહી ખજાનાની, આપના–
નામસ્મરણનું માત્ર જો કંઠાભરણ મળે.

નૌકા ડૂબી ગઈ તો સમંદરની તાણમાં
ડાહ્યા ગયા તણાઈ, દીવાના તરી ગયા!

શી ગુફ્તગૂ કરે છે સુરાહી ત્યાં જામથી?
સાકી! કહેને કેમ પીનારાઓ મૌન છે?
રસ્તા હળીમળીને હસે છે કાં મોડ પર?
છે સ્તબ્ધ કેમ, કેમ જનારાઓ મૌન છે?

હકીકત ભગ્ન હાલતની કહે છે ગાલની લાલી,
અમે એકાંતમાં ગમ ખાઈ મારેલા તમાચા છે.

પતંગાની માફક અમે આંખ મીંચી
નથી ઝંપલાવ્યું દીપક પર, પરંતુ–
વિરહઆગને જાળવી ધીરે ધીરે
સીઝાતાં સીઝાતાં શહાદત કરી છે.

આવી મરણસમય કહ્યું: 'ભૂલી જજે મને!'
મતલબ કે એની યાદ એ તાજી કરી ગઈ!
છે એ ય ગનીમત જરા મીઠું હસી હસી–
પંપાળી, મારા મોતને રાજી કરી ગઈ!

ભૂલી રહી છે ભણતર આગળ ભણી ભણીને
નાદાન છે, કહું શું? બુદ્ધિ અભાગણીને?
આપી સ્વમાન સાથે જીવન મહીં નિરાશા
એવું જ ઢાંકણીમાં સૂઝયું હતું ધણીને?
ચીરી ગઈ સહજમાં જે આરસી 'જિગર'ની
આપું છું દાદ એવી નાજુક હીરાકણીને!

થાકી જશે તું માર્ગમાં એ કેમ ચાલશે?
તારી જ લાશ છે અને તારો જ સ્કંધ છે.

અનામી કોણ છે કે જેની યાદમાં કાયમ
મને સુવાડીને મારા વિચાર જાગે છે?
હૃદયનું દર્દ છે, વાણી તણો વિહાર નથી,
ગઝલમાં એટલે હૈયાનો ભાર જાગે છે.

અમે જ આગ લગાવી છે બાગમાં ત્યારે—
જતાં જતાં હવે છેલ્લી નજર નથી કરવી.
અમીરી કેમ ભૂલે છે અમીર થઈને 'જિગર'!
ફકીરીમાં કશી ય કરકસર નથી કરવી.

તરસ કેમ છીપતી નથી કૈં યુગોથી?
બતાવો! ગગનની ઘટાઓ, બતાવો!
ભર્યે જાય છે જામ સાકી, કહું છું:
હજી એક લાવો—હજી એક લાવો!

સુભાગી ય છે કૈંક એવા કે જેને—
અનાયાસ મંઝિલ મળી છે, પરંતુ
'જિગર'ને મળ્યા માત્ર ભટકાવનારા,
કરી રાહબરનો સરેઆમ દાવો.

જરા પ્રેમ-નૌકા તું સંભાળજે કે–
કિનારો નથી, માત્ર તોફાન છું હું.
નિરાશા! તજીને જતી ના રહેતી,
વધારે બીજાથી કદરદાન છું હું.

નાખી નજર આકાશ પર, બેસી રહ્યો,
એટલા અભિલાષ પર બેસી રહ્યો:
આશા! સજીવન તું થશે એવું ચહી–
રાતભર તુજ લાશ પર બેસી રહ્યો!

ઉપકાર છે મહાન જીવન આપનારનો,
માગ્યા વિનાની વ્યર્થ સખાવત છે, શું કરું?
જીવન ટકાવવા કશી સગવડ નથી, છતાં
કે'વું પડે છે, પૂરતી રાહત છે, શું કરું?

નવાબી જોઇ છે, ખાનાખરાબી જોઈ લીધી છે,
ડરાવો ના ધણીયે ઇન્કિલાબી જોઈ લીધી છે;
અમારી ચુપકીદીએ માત્ર આમન્યા જ પાળી છે,
નહીં તો જીભ છે, હાજરજવાબી જોઈ લીધી છે.

વિચારો! કલ્પનાઓ! ભાવનાઓ! ભસ્મ થૈ જાશો,
તમે નાસી છૂટો, આખા નગરમાં આગ લાગી છે.
અમારું મોત પણ ઠારી શક્યું ના પ્રેમ-ચિનગારી,
હવે ક્યાંથી ઠરાશે? જ્યાં કબરમાં આગ લાગી છે!

જીત પર હસતો રહ્યો ને હાર પર હસતો રહ્યો,
ફૂલની શય્યા ગણી અંગાર પર હસતો રહ્યો;
ઓ મુસીબત! એટલી ઝિંદાદિલીને દાદ દે,
તેં ધરી તલવાર તો હું ધાર પર હસતો રહ્યો.

અમારું ભાગ્ય છે ને ભાગ્યને જાતે ઘડી લઈશું,
વિધિ જો અંતરાયો નાખશે તો બાખડી લઈશું;
ખમીર છે ને ખુમારી છે અમારા પ્રાણમાં દોસ્તો,
લથડશું તો ફરીથી સ્થિર થાશું ને લડી લઈશું!

હવા સાથે કપૂરની વાસ ઊડી જાય છે પળમાં,
સમય સાથે વિચારો એ રીતે ખોવાઈ જાયે છે.

નવરાશ મેળવીને ફરી આવજે, મરણ!
તારે ય હશે કામ ને મારે ય કામ છે;
લાચાર છું હું આજ તને આવકારવા
છે નામ એનું હોઠ પર, પકડેલ જામ છે.

તું દેવતા મટીને શું પથ્થર બની ગયો?
ઉત્તર તો આપ, કેમ નિરુત્તર બની ગયો?
સોદા ય થાય છે અહીં તારા જ નામ પર,
બેકાર પૂજારી તણું વળતર બની ગયો!
તું ખુદ બની ગયો કે બનાવ્યો તને અમે?
છે એ જ પ્રશ્ન પ્રશ્નનો ઉત્તર બની ગયો!

પ્રાગૈતિહાસિક પ્રાણીઓ–૮

જીવવિકાસના પ્રાપ્ત ઇતિહાસના પ્રથમ અને વિસ્તૃત પ્રકરણ સમો પૅલીઓઝોઇક યુગ ૨૮ થી ૨૩ કરોડ વર્ષ પૂર્વેના પર્મીઅનકાળ સાથે પૂરો થાય છે. આ દરમિયાન પેદા થએલાં અનેક જીવ અને વનસ્પતિ ત્યાર પછીના કાળમાં ધીરેધીરે લુપ્ત થઈ ગયાં. એનું કારણ સ્પષ્ટ નથી, પણ હવામાનના ફેરફાર, અનેક સ્થળે નવા ભૂમિખંડો અને પર્વતમાળાનો ઉદ્‌ભવ તથા એને કારણે સમુદ્રોનું ખારાં સરોવરોમાં રૂપાંતર, તેમજ દક્ષિણ ગોળાર્ધ પર ફરી વળેલા હિમપ્રવાહો વગેરે હોવાનું મનાય છે.

બીજી બાજુ ભૂમિ પર મુકાએલાં ઇંડાંના પ્રાચીનતમ અશ્મિલ અવશેષો આ પર્મીઅન કાળના જણાયા છે. ગરોળી જેવાં પણ દસદસ ફૂટ સુધીના કદનાં માંસાહારી અને બિન-માંસાહારી પ્રાણીઓ પણ આ જ કાળમાં વિક-







સ્યાં. પીઠ પર સઢ જેવાં અંગવાળાં ડાઇમેટ્રોડોન પ્રાણીઓ, કાળાનુક્રમે જેમાંથી સસ્તન પ્રાણીઓનો ઉદ્‌ભવ થયો તે તીણા દાંતવાળાં માંસાહારી અને ચપળ થેરીઓડોન્ટ્સ પણ ત્યારે પેદા થયાં. આમાંની એક જાત સાયનોગ્નેથસને પડખાંમાં નહિ પણ શરીરની નીચે પગ હતા, જેથી એમનું શરીર જમીનથી અધ્ધર રહી શકતું. આ પણ એક વિશિષ્ટ શરીરવિકાસ હતો.

હરિ: ૐ આશ્રમ તરફનું
જૂન અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'રાજા રામમોહન રાય'ના લેખક
શ્રી ધીરુભાઈ પરીખને મળે છે.



માધુકરી

અમારી રહી કૂચ આગળ ને આગળ!
હજારો બિરાદરની હસ્તી છે સાથે, હજારો બિરાદરની છે મસ્ત પ્યાલી;
પછી આ મજલમાં સદા ઊઘડે છે નવી જિંદગીની લગાતાર લાલી;
નવી હામ ભેટે છે પગલે ને પગલે
અને હેતની હૈયું નાખે છે હાવળ;
અમારી રહી કૂચ આગળ ને આગળ!

—મકરન્દ દવે

સ્વ. ઇન્દુલાલ યાજ્ઞિક : એક આંદોલન, એક આવેગ

સત્તરમી જુલાઈ (૧૯૭૨)એ એક પ્રચંડ આંદોલને આંખ મીંચી. એ આંદોલન ગુજરાતના પુનરુત્થાનના છ દાયકાના વિશાળ ફલક પર પથરાઈ ને શમ્યું. આપણી રાષ્ટ્રીયતાના આરંભથી—બંગભંગથી, સ્વદેશીની ચળવળથી, હોમરૂલ અને બૉમ્બની પ્રવૃત્તિથી, ગાંધીવાદ–સમાજવાદ–સામ્યવાદના ફેલાવાથી માંડી આઝાદીની પ્રાપ્તિ, ને ગુજરાતના અલગ રાજ્ય તથા એના આજ સુધીના નાના–મોટા જાહેર પ્રશ્નો સુધી–ખાસ કરીને મજૂર-કિસાનના પ્રશ્નો સુધી એ આંદોલન જલદરીતે કાર્યરત રહી ખળભળાટ મચાવતું વિસ્તરેલું. ગયે માસે ૮૧ વર્ષની વયે એ શમ્યું. એનું નામ ઇન્દુલાલ યાજ્ઞિક. એમનું જીવન અર્વાચીન ગુજરાતના જાહેર જીવનનો જીવતો આલેખ જ નહિ આપણા જાહેર જીવનના પ્રત્યેક તબક્કા સાથે વણાઈ જતો એક મહત્ત્વનો જલદ આવેગ હતું. ગુજરાતના જાહેર કાર્યકરોમાંથી કોઈનો ય જીવનપટ ઇતિહાસનો આવડો ફલક, પોતાના મહત્ત્વના ચિતરામણ સાથે આવરતો નથી. ગુજરાતના ઇતિહાસમાં જે કોઈને રસ હોય તેને આજે ને ભવિષ્યમાં યે જે ગણીગાંઠી વ્યક્તિઓને સંભારવી પડે તેમાં ઇન્દુલાલનું નામ અ-નિવાર્ય બને છે.

આજથી વીસ વરસ પહેલાં ઇન્દુલાલ એમની ષષ્ટિપૂર્તિનો ઉત્સવ પતાવીને વડોદરે ગએલા. રમણલાલ દેસાઈને મળ્યા. ત્યારે મુંબાઈના ઠક્કુર વ્યાખ્યાનોમાં પોતે ગુજરાતની ભિન્ન પ્રકૃતિની પ્રતિનિધિરૂપ બે વ્યક્તિઓમાં મુનશી-યાજ્ઞિકને ગણાવેલા તે યાદ કરીને ઇન્દુલાલને કહ્યું: 'માફ કરજો,...તમને અસ્થિર મનના ફકીર તરીકે મેં વર્ણવ્યા છે.' ગુજરાતના સામાજિક, રાજકીય ને આર્થિક પ્રશ્નો વખતે એમને જ્યારે જે લાગ્યું તે તરત જ આત્યંતિક ઢબે એમણે વ્યક્ત કર્યું. એનાથી જાહેર જીવનને થએલા નફાતોટાનો હિસાબ તો ભવિષ્યમાં મંડાય ત્યારે, પણ એટલી પારદર્શકતા એમનામાં હતી, એટલી લાગણીની તીવ્રતા, વાણી-વર્તનની નિરંકુશતા, સતત પ્રજ્વલિત યુયુત્સા, મનસ્વિતા, નીડરતા-નિર્ભયતા, એટલી નિઃસ્વાર્થતા પણ,–અંગત સુખસગવડો ફગવી દઈ, માગેલું ચવાણું ફાકીને, ફાટેલ કપડે, અનિકેત અવસ્થામાં, અલગારી રીતે, જાહેર કામોમાં રચ્યાપચ્યા રહેવાની ખુવારી-ખુમારી ખમીર, મોટા ચમરબંધી આગળે ય નમતું ન જોખતું અડગ સ્વાભિમાન હતાં, ને મોટામાં મોટી વાત તો એ કે સેવાને ને લોકપ્રિયતાને કોઈ સત્તા-સ્થાન કે મોટાઈ માટે તો કદીયે ન વટાવવાની પ્રકૃતિ હતી. કે એ તો 'અરિ પણ ગાશે દિલથી.'



બે દાખલા જાણીતા છે: સરદાર અને કૉંગ્રેસ સાથે મતભેદ થતાં કૉંગ્રેસ છોડી. ત્યારે અમદાવાદને પોતાનું 'યુગધર્મ' છોડવા વખત આવ્યો. શ્રીમતી અનસૂયાબહેને સમજાવ્યા. એમના ભાઈ અંબાલાલ સારાભાઈ પાસેથી આર્થિક મદદ મળે તેવું નક્કી કર્યું. માન્યા; પણ જેવી અંબાલાલભાઈએ શરત મૂકી કે તમારું પ્રત્યેક પુસ્તક મને બતાવ્યા પછી જ છાપી શકાશે, કે મદદનો અસ્વીકાર કરી મુંબાઈ ઊપડયા. બીજો

દાખલા: લંડનમાંના એમના એક વેળાના વિચારગુરુ સકલાતવાલાએ શ્યામજી કૃષ્ણવર્માનું ચરિત્ર, એમને પોતે 'બ્રિટિશ એજન્ટ' ગણતા હોવા-થી, ન લખવા સમજાવ્યા: એ વાત એમણે ન જ માની.

ઇન્દુલાલનું ૮૧ વર્ષનું અંગત-જાહેરજીવન એક સાહસપૂર્ણ કથા છે. નડિયાદમાં ૧૮૯૨ના ફેબ્રુઆરીની ૨૨મીએ જન્મ—માતા મણિગૌરી લાભશંકર પંડયાની કૂખે. પિતા ડૉક્ટર કનૈયાલાલ ઝવેરીલાલ યાજ્ઞિક સેવાભાવી સુધારક હતા. એમણે જ આ અત્યંત તેજસ્વી અગિયાર વર્ષના પુત્રને સૌથી પહેલું વ્યાખ્યાન અંગ્રેજીમાં લખીને જાહેરમાં જ્ઞાતિ-સભા સમક્ષ આપવા માટે ઉદ્યુક્ત (૧૯૦૩) કરેલો. એવા આ સજ્જને મુંબાઈમાં પ્લેગ રોકવા જતાં જાહેરસેવા કરવામાં પ્રાણ ખોયો. અગિયાર વર્ષના ઇન્દુલાલે પિતાનું છત્ર ગુમાવ્યું. માતા ને કાકા સાકરલાલ યાજ્ઞિકે એમના વિકાસમાં રસ લીધો. માતા એ જમાનામાં પણ જાતે મહેનત કરીને અંગ્રેજી શીખેલાં. કિશોર ઇન્દુલાલે ભણતરનું બધું જ ખર્ચ શિષ્ય-વૃત્તિઓમાંથી કાઢયું. ચૌદ વર્ષની વયે એ મૅટ્રિક થયા. તે પહેલાં તો એમનાં લગ્ન બાર વર્ષની વયે થઈ ગયાં હતાં. એ જમાના વિષે પોતે લખે છે: '૧૯૦૨ની સાલમાં હું દસ વર્ષનો હતો ત્યારે શ્રી સુરેન્દ્રનાથ બનરજીના પ્રમુખપદે કૉંગ્રેસ મળી ત્યારથી જ જાહેર જીવનના ભણકારા નડિયાદના મારા વતનમાં મેં ઝીલ્યા હતા...૧૯૦૫ થી ૧૯૦૭નો સમય સ્વદેશી ચળવળનો જમાનો, બંગભંગની લડત.'

બે વર્ષ અમદાવાદ રહી, ઈન્ટર આર્ટ્સ પાસ કરી મુંબાઈ ગયા. ત્યાંની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર લઈ ઈ. ૧૯૧૦માં અઢાર વર્ષની ઉંમરે બી.એ. થયા. ફેલોશિપ મળી. મુંબાઈની ગુર્જર સભાના સક્રિય સભ્ય થયા. ત્યાંના 'ષડ્‌રિપુ મંડળ' (ચંદ્રશંકર પંડયા, મનસુખલાલ માસ્તર, નૃસિંહ વિભાકર, કાન્તિલાલ પંડયા, ઇન્દુ-લાલ અને મુનશી) એમાંના એક ગણાયા. ઈ. ૧૯૧૨માં એલએલ.બી. થયા. મિત્રોના સંપર્ક અને પિટિટ લાયબ્રેરીમાં જઈ-વાંચવાની આદતને કારણે ઠીકઠીક વાંચ્યું. મૅઝિની ને ગૅરીબાલ્ડીની વિચારધારાથી પ્રભાવિત થયા. દરમિયાન ઉપર્યુક્ત સાહિત્યરસિકોના સંપર્કે ને 'મુંબઈ સમાચાર' જેવા પત્રમાં વ્યવસાય મળવાને કારણે લેખન શરૂ થઈ ગયું હતું. વકાલત ૧૯૧૩થી '૧૫ દરમિયાન કરી; પણ એમાં જીવ ચોંટ્યો નહિ. ઈ. ૧૯૧૩-માં જ ભારત સેવક સમાજમાં જોડાયા. એક વર્ષ પછી 'હિન્દુસ્તાન' દૈનિક શરૂ થયું. એમાં લખવાની મોકળાશ થઈ. ઈ. ૧૯૧૪ની આખરે ભા-રતમાં ગાંધીજી આવ્યા ત્યારે એમને સત્કારતો અગ્રલેખ એમણે લખ્યો.

રાજકારણની પ્રથમ દીક્ષા તો એમણે શાન્ત-સ્વસ્થ શ્રીનિવાસ શાસ્ત્રી પાસેથી લીધેલી. પણ હોમરૂલની ચળવળને સાથ આપતાં આપતાં તેઓ ગાંધીજીના પ્રભાવ તળે આવ્યા. ભારતસેવક સમાજ છોડયો. પહેલા





ઇન્દુલાલ (પરિચિત મુદ્રા) અને... આ પણ ઇન્દુલાલ (૧૯૩૧)

પગથિયા પર અધૂરી મૂકેલી વાત

લ ઘુ ક થા

નિરંજન યાજ્ઞિક

પરસાળ તરફનું બારણું ખોલીને બંનેએ રસોઈ-ઘર તરફ પ્રવેશ કર્યો. રસોડાના ખૂણે-ખૂણે, એને લાગ્યું, મૌનનાં જાળાં બાઝી ગયાં હતાં.

'રસોઈ તો...' બહાર નીકળતાં પેલીએ કંઈક પૂછ્યું એમ લાગતાં બહાર નીકળી ગએલો એ ઊભો રહ્યો. સમજી ગયો.

'હજી, ત્યાં જ જમું છું.' બંને આગળ ચાલ્યાં. બાજુના રૂમમાં તસ-વીરો લટકતી હતી. બારી તરફની એક તસવીર પાસે જઇને પેલીએ કહ્યું: 'આ તસવીરો સાફ નથી કરી લાગતી હમણાંથી. પાછળ પણ માળા...'

એણે સાંભળ્યું. જવાબ પણ આપત. કદાચ માળા શબ્દ પર શ્લેષ પણ કરત. પણ પછી એને યાદ આવ્યું કે એ તસવીર નીચે જ, ખૂણામાં પહેલાં એનો સૂવાનો પલંગ રહેતો હતો. ઝડપથી એને બહાર નીકળતો જોઇને પેલી એને અનુસરી.

બહાર જવાના બારણા પાસે કપડાંનો ઢગલો પડયો'તો. 'ધોબી નથી આવતો હમણાંથી?' એવું-એણે અનુમાન્યું હતું એવું-પુછાવાથી એણે કહ્યું: 'ધોબી સવારના આવે છે, ને સવારના તો હું કૉલેજ હોઉં, એટલે રવિવારે બધાં કપડાં સાથે જ આપું છું.'

કૉલેજ યાદ આવતાં પેલીએ કહ્યું: 'હું જાઉં હવે, કૉલેજનો સમય થઈ ગયો.' ને જે આલ્બમ મૂકવા આવી હતી, એ રેડિયો પર મૂક્યું. બારણું વટાવીને બંને પરસાળમાં આવ્યાં.

પેલી ચોથે પગથિયે આવી ત્યાં સુધી, પહેલા પગથિયા પર ઊભો રહીને એ એને પગથિયાં ઊતરતી જોઈ રહ્યો. અચાનક એનાથી અભાન-પણે બોલાઈ ગયું: 'તમારી...' ચોથા અને પાંચમા પગથિયા પર અટકીને, પાછું વળીને, પેલીએ નજર એના તરફ નોંધી.

'હું એમ કહેતો હતો કે તમારી...' અચાનક સભાનતા ઊગી નીકળતાં એ ચૂપ થઈ ગયો. 'શું કહેતા હતા?'

'કશું નહિ, કશું નહિ.' એણે બે વખત કહ્યું, ને પેલી કમ્પાઉન્ડની બહાર નીકળી ગઈ ત્યાં સુધી ઊભા રહ્યા પછી એ રૂમમાં જઇને રેડિયો પાસે ઊભો રહ્યો. ત્યાં પડેલા આલ્બમ પર હાથ મૂકતાં એને સમગ્ર આલ્બમમાં છવાએલો પેલો ચહેરો યાદ આવ્યો, ને સાથેસાથે પગથિયા પર અધૂરી મૂકેલી પેલી વાત—'તમારી, પગથિયાં ઊતરવાની ઢબ, તમારાં બહેન જેવી જ છે.' □

મહાયુદ્ધ વેળા પત્રકારો સાથે મેસોપોટેમિયા જઈ આવ્યા. પછી કાર્યક્ષેત્ર બદલી અમદાવાદ આવીને રહ્યા. ભરૂચમાં (૧૯૧૭માં) બીજી કેળવણી પરિષદ અને ગોધરામાં પહેલી રાજકીય પરિષદ યોજી. એમાં રાષ્ટ્રીય કેળવણીની સંસ્થાનો વિચાર રજૂ કરી, સમિતિ સ્થપાવી, 'ગૂજરાત વિદ્યાપીઠ' જેવી યુનિવર્સિટી-સંસ્થાની સ્થાપનાનું બીજ વાવ્યું. ખેડા સત્યાગ્રહમાં ગામડે ગામડે ફર્યા. વિશ્વયુદ્ધ માટે રંગરૂટની ભરતી કરવાના કામમાં ગાંધીજીને મદદ કરી. ઈ. ૧૯૧૫માં મુંબાઈમાં શરૂ કરેલાં 'યંગ ઇન્ડિયા' તથા 'નવજીવન અને સત્ય' માસિકો ૧૯૧૯માં ગાંધીજીને સોંપી દીધાં. એ સાપ્તાહિકો બન્યાં, એમાં પણ એમણે ગાંધીજીને મદદ કરવા માંડી. એ જ વર્ષે-૧૯૧૯માં-કાળા કાયદાના વિરોધમાં ફાટી નીકળેલાં તોફાનોની અસર તળે અમદાવાદમાં જે તોફાન ફાટી નીકળ્યું તેને શાન્ત પાડવા સરદારની સાથે રહીને મથ્યા. અમૃતસરનો હત્યાકાંડ થયો ને એની તપાસે જતાં ગાંધીજી પકડાયા, એના પ્રત્યાઘાતમાં અમદાવાદમાં થએલાં તોફાનો શમાવવા મથ્યા. ગાંધીજી છૂટયા ને એમણે ૧૯૨૦માં

છાલો-પાલો મરી-મસાલો : ૧ મીઠું

આહારમાં મીઠાનું સ્થાન કેટલું મહત્ત્વનું છે એ તો સૌના અનુભવની વાત છે. કદાચ એટલે જ એ ખારું હોવા છતાં મીઠું કહેવાયું હશે. એનું એક બીજું નામ 'સબરસ' પણ સાર્થક જ છે.

સિંધવ–સિંધાલૂણ, સંચળ, બીડલવણ, વડાગરું તથા સામન્ય મીઠું, એમ એના વિવિધ પ્રકારો જાણીતા છે. આમાં ખાણમાંથી નીકળતું સિંધવ સૌથી શ્રેષ્ઠ મનાય છે. અને એ વધુ સૌમ્ય હોઈ જ્યાં સામાન્ય મીઠું વર્જ્ય હોય ત્યાં એ તો થોડા પ્રમાણમાં લઈ શકાય છે. સિંધવ રુચિકર, અગ્નિ-પ્રદીપક, પાચક, લઘુ, સ્નિગ્ધ, શીતવીર્ય, વૃષ્ય, કામોત્તેજક મલસ્તંભક અને શરીરમાં સર્વત્ર પ્રવેશી શકવાની શક્તિવાળું-સૂક્ષ્મ તથા હૃદયરોગ અને નેત્રને હિતકારી છે.

સંચળ કે સૌવર્ચલ પણ જમીનમાંથી નીકળે છે. એ રેચક, ખારું, તીખું, અગ્નિપ્રદીપક મલસ્તંભક તથા ઊર્ધ્વવાત હોવા સાથે ગુલ્મ, આફરો અને અરુચિનો નાશ કરનાર છે.

બીડલવણ લઘુ, ઉષ્ણ, રુચિપ્રદ, અગ્નિદીપક તથા રુક્ષ હોઈ, શૂળ, વાયુ, મેદ, ગુલ્મ, અજીર્ણ, કફ અને દરાજનો નાશ કરે છે.

સાંભર સરોવરમાંથી મળતું મીઠું—સાંભલૂણ વધુ ખારું હોઈ તેનો વિપાક તીક્ષ્ણ છે. તે પણ અગ્નિદીપક, પિત્તકર, વાતહર, કફનાશક, લઘુ અત્યુષ્ણ, સૂક્ષ્મ અને અભિષ્યંદી ગણાય છે.

સામાન્યતઃ આપણા રોજિંદા વપરાશનું મીઠું અગરમાંથી મેળવેલું હોઈ, ઘણી વાર તેમાં કેટલીક અશુદ્ધિઓ પણ ભળેલી આવે છે. એટલે એ જેટલું સ્વચ્છ હોય તેટલું સારું.

પણ મીઠાનો વધુ પડતો ઉપયોગ હિતાવહ નથી. એનાથી શરીરની ધાતુઓ ક્ષીણ થવા સાથે રક્તવિકાર પેદા થઈ ખસ–ખરજવા જેવા ચામડીના રોગો સામેની શરીરની ક્ષમતા ઘટી જાય છે. દાળશાક ઉપરાંત ચટણી, રાઈતાં, અથાણાં, પાપડ વગેરે સાથે આપણે મીઠાનો ઘણો ઉપયોગ કરીએ છીએ. હીનવીર્યતા અને વૃદ્ધત્વની આજની એક સામાન્ય ફરિયાદ સાથે મીઠાનો વધુકો ઉપયોગ પણ સંબંધ ધરાવે છે. આપણાં એકટાણાં–ઉપવાસ ને અલૂણાનાં વ્રતોમાં મીઠાને વર્જ્ય ગણવાનો ખયાલ સહેતુક છે. એનાથી શરીરમાંના ક્ષારનું સમતોલન જળવાઈ રહે છે. વધુપડતું મીઠું હોજરી અને આંતરડાની શ્લેષ્મકળાને હાનિ કરે છે અને એ વધારાના ક્ષારને શરીરની બહાર કાઢી નાખવા માટે ઉત્સર્ગ-અવયવો પર વધુ બોજ આવી પડે છે.

વળી, સોજાવાળાએ, શીતળા વગેરેના વિષજન્ય તાવવાળાએ, ખસ-ખુજલી કે કોઢ વગેરે જેવા ચામડીના રોગીએ, લોહીના વિકારવાળાએ મીઠાનો ત્યાગ કરવો હિતાવહ છે. પારો કે રસકપૂર વગેરે જેવા રસ-ઔષધના સેવનકાળમાં પણ મીઠું છોડી દેવું જરૂરી છે.

જખમમાંથી લોહી વહેતું હોય તો તેના પર મીઠાના પાણીમાં ભીંજવેલો પાટો બાંધવાથી જખમ પાકતો નથી ને જલ્દી રૂઝ આવે છે.

મીઠું નાખેલા ગરમ પાણીના કોગળા કરવાથી ગળાની પીડા, કાકડાના સોજા ને સૂકી ખાંસીમાં રાહત મળે છે. થોડું વધારે મીઠું નાખી પાણી પાઈ કરાવેલી ઊલટીથી પેટમાંનું વિષ, કફ ને પિત્ત બહાર નીકળી જાય છે.

મીઠાને તવી પર લાલ રંગનું થાય ત્યાં સુધી શેકી કે કોકરવરણા ગરમ પાણીમાં અર્ધા તોલા જેટલું લેવાથી અપચો, ઉદરવાત, આમજ્વર, કફજ્વર અને વિષમજ્વરમાં ફાયદો કરે છે.

રોજ રાત્રે કોકરવરણા પાણીમાં એકથી દોઢ માસો (માસો=તોલાનો ૧૨મો ભાગ) મીઠું મેળવી પીવાથી આંતરડાં સાફ થઈ, કબજિયાત મટીને શૌચશુદ્ધિ થાય છે. આનાથી પેટમાંના નાના કૃમિ પણ બહાર નીકળી જઈ નવા કૃમિ પેદા થતાં બંધ થાય છે અને મત્રાવરોધ પણ મટે છે.

સવારસાંજ આદુ અને લીંબુના રસ સાથે મીઠું લેવાથી અપચા-જન્ય કે વાતગુલ્મજન્ય શૂળ મટી, વાયુની શુદ્ધિ થઈ પાચનક્રિયા બળવાન બને છે. અજમા સાથે મીઠાની ફાકીથી પેટનું શૂળ મટે છે.

દાઢ દુખતી હોય કે અવાળુ ફૂલ્યું હોય ત્યારે મીઠાના પાણીના કોગળાથી રાહત મળે છે. અવાળું સૂજી ગયું હોય તો મીઠાના ગાંગડાથી તેને ફોડી તેના પર ફુલાવેલી ફટકડીની ભૂકી લગાડવાથી પણ ફાયદો થાય છે.

વાગવા કે મચકોડાવાથી થતી પીડા પર મીઠું ને હળદર ચોપડવાથી ફાયદો થાય છે એ તો બહુ જાણીતું છે.

મીઠું અને બાવળના કોલસાનું મંજન દાંતને સ્વચ્છ કરે છે, તો સરસિયા તેલ સાથે મેળવેલા મીઠાનું મંજન પાયોરિયા પર ફાયદો કરે છે. મધમાખીના ડંખ પર મીઠું ચોળવાથી રાહત મળે છે. તો વીંછીનો ડંખ મીઠાના પાણીથી વારવાર ધોયા કરવાથી તથા મીઠાના આછા પાણીનાં ટીપાં બંને આંખમાં પાડવાથી પણ વીંછી ઊતરે છે.

છાતીમાં કફ સુકાઈ ચોંટી રહેતાં વારંવાર આવતી ત્રાસજનક ખાંસીમાં છાતી પર તેલ ચોપડી મીઠાની પોટલી તપાવીને શેક કરવાથી ઘણી રાહત મળે છે. ન્યૂમોનિયામાં પણ આ રીતે શેક કરવાથી ફાયદો થાય છે.

આમ, તદ્દન ક્ષુલ્લક ગણાતું મીઠું સમજપૂર્વક વાપરવાથી અનેક રીતે ગુણકારી બની રહે છે.

—માધવ મો. ચૌધરી

૮

કરોડ રેંટિયા-રૂપિયાને કૉંગ્રેસ સભ્યોનું એલાન આપ્યું. કરોડ રૂપિયા ઉઘરાવવાની જવાબદારી આ ફકીરે પાર પાડી! ઈ. ૧૯૨૦ની નાગપુર કૉંગ્રેસે ઘડેલા કૉંગ્રેસના નવા બંધારણ અનુસાર '૨૧ની કૉંગ્રેસ પ્રદેશ સમિતિ રચાઈ એના મંત્રી થયા. પોતાના પરના ગાંધીપ્રભાવની વાત કરતાં લખે છે: 'ગાંધીજીના ઘણા વિચારોનો ઉગ્ર ટીકાકાર હોવા છતાં મારે કબૂલ કરવું જોઈએ કે એમણે આપેલ ત્રણ સૂત્રો મારા અંતરમાં વણાએલાં છે: ૧) બીક ન રાખો; ૨) ટનબંધી વાત કરતાં એક ઔંસ કાર્ય અણમોલ છે; ૩) જુલ્મનો સક્રિય પ્રતિકાર કરો, જેલ નહિ મૃત્યુને માટે તૈયાર રહો.'

પછી દુષ્કાળ પડ્યો. કૉંગ્રેસ પ્રમુખ પાસે મંત્રીએ નાણાં માગ્યાં. બન્ને વચ્ચે મતભેદ થયો. ઇન્દુલાલે મંત્રીપદેથી રાજીનામું આપ્યું, ને કાર્યક્ષેત્ર બદલી ૧૯૨૨માં 'યુગધર્મ' માસિક શરૂ કર્યું. લેખનકાર્ય વધ્યું. આ અરસામાં જ સવિનય કાનૂનભંગનું આંદોલન શરૂ થયું. આગ્રહ કરીને સરદારે ફરી એમને ગુજરાતની જવાબદારી સોંપી. એમની વાણીની અસરથી ચોંકીને સરકારે ૧૯૨૩ના એપ્રિલની છઠ્ઠીએ પકડ્યા, ને એક સાલની સજા કરીને પહેલાં સાબરમતી ને પછી યરોડા મોકલ્યા. ઈ. ૧૯૨૪માં છૂટીને ફરી એક વાર ક્ષેત્રપલટો કરી '૨૪થી '૨૮ મુંબાઈનું સામ્યવાદી વિચારસરણીવાળા રણછોડલાલ લોટવાળાનું દૈનિક પત્ર 'હિન્દુસ્તાન' ચલાવ્યું. એમાંથી ફિલ્મક્ષેત્રે પડ્યા. ફિલ્મ માટે ભગવાન બુદ્ધ વિષે લખ્યું. 'પાવાગઢનું પતન' ફિલ્મ ઉતારી. મેઘાણીની 'સોરઠની રસધાર-૧'-માંથી 'સાંઈ-નેહડી' વાર્તા પરથી 'રાખપત-રખાપત' નામની ફિલ્મ બનાવવાની તૈયારી કરવા લાગ્યા. એક જર્મન સાથે ભાગીદારીમાં આંતરરાષ્ટ્રીય ફિલ્મ બનાવવાની લાલચમાં એવા ફસાયા કે મોટરમાં મહાલતા ઇન્દુલાલ દેવામાં ડૂબતા ગયા. આખરે મિત્રોએ છોડાવીને વિદેશ મોકલ્યા.

ઈ. ૧૯૩૦થી ૧૯૩૫ વિદેશ રહ્યા. બર્લિનમાં 'આગ્ફા સ્ટૂડિયો'માં 'એક્સ્ટ્રા' તરીકે કામ કર્યું! ઈ. ૧૯૩૧માં લંડન આવી ભારતીય આઝાદી-આંદોલન માટે કામ કર્યું. ત્યાંથી આયર્લૅન્ડ ગયા ને ત્યાંના મુક્તિનેતા દ'વેલેરા સાથે રહીને પણ એ જ કામ કર્યું. જીવનનિર્વાહ માટે સિગારેટ વેચી, ભાષાઓ શીખવવાની કલબ કાઢી. ડબ્લિન ગયા; અને ત્યાંથી ૧૯૩૫માં ભારત પાછા ફર્યા ત્યારે પરદેશમાં કિસાન આંદોલનો વિષે વાંચેલું એ વિચારો મનમાં રમતા હતા.

લંડનમાં હતા ત્યારે શારદાબહેને પત્રમાં પૂછેલા પ્રશ્ન—'ઇન્દુલાલ આટલા અનુભવો પછી એવા ને એવા તો નહિ જ હોય'—નો ઉત્તર આપતાં ઇન્દુલાલે લખેલું: 'એવો ને એવો તો દસ વર્ષ કોણ રહી શકે? રહે તે ગધેડો પણ કહેવાય! મારા વિચારોમાં, કાર્યક્રમમાં ઘણા ફેરફાર થયા છે. પણ માણસ તરીકે મારામાં બહુ ફેર નહિ પારખો...મારામાં ઉત્સાહ, જુસ્સો, ઉદ્યમ, ઉતાવળિયાપણું, સપાટો–એ બધું એવું ને એવું છે....સિપાઇગીરીના ગુણ ઘણાખરા જે હતા તે સાચવી રાખ્યા છે. હજી પણ એ ને એ મગફળી. ખજૂર ને પાંઉ રોટી જ મને વધારેમાં વધારે ગમે છે. બીજું ઘણુંયે—બને ત્યાં સુધી મફત મળે ત્યારે—ખાઉં છું, પણ તે તો આવન-જાવન; તેનો મોહ નથી. વળી આ જિંદગીમાં 'સેટલ' (સ્થિર), દુનિયાદારીની ભાષામાં, થવાનો નથી.'

એવું જ બન્યું અહીં આવ્યા પછી. ઈ. ૧૯૩૬ થી '૪૦ ગુજરાતમાં કિસાન પ્રવૃત્તિ ચલાવી. જેલમાં ગયા. ત્યાંથી '૪૧માં છૂટયા અને '૪૨માં શ્રી અમૃતલાલ શેઠના 'નૂતન ગુજરાત'ના તંત્રી થયા; તો '૪૩માં હરિજનો ને આદિવાસીઓ માટે ચાર આશ્રમો ખોલી નાખ્યાં! પછી એ જ વહેણમાં '૪૪થી વાત્રક તટે નેનપુરમાં આશ્રમ ખોલી, એક તપ (બાર વર્ષ) ત્યાં કામ કર્યું. દરમિયાન ભારત આઝાદ થતાં કિસાન પરિષદો ભરી; વિયેના–મૉસ્કોમાં જઈ આવ્યા; નાટકો લખ્યાં; ૧૯૫૪માં આત્મકથા લખવાનો આરંભ કર્યો અને '૫૬ સુધીમાં ત્રણ ભાગ પૂરા કર્યા.

ત્યાં મહાગુજરાતનું આંદોલન આવ્યું. 'જનતા પરિષદ'નો જન્મ થયો. નેહરુ સામેની સમાંતર સભા, શહીદ સ્મારક સત્યાગ્રહ વગેરેનું સંચાલન કરી, જનતાના 'ચાચા' બન્યા. પથ્થરની અસફર લકીર કહેવાએલું મુંબાઈનું દ્વિભાષી રાજ્ય તૂટયું ને ૧૯૬૦માં અલગ ગુજરાત રાજ્ય રચાયું

ત્યાં તો વળી પાછો પ્રવૃત્તિ–પલટો કર્યો. ૧૯૬૦ પછી ઇન્દુલાલ સામ્યવાદીઓની સાથે ભળી 'મજૂર સંગ્રામ સમિતિ' રચીને, મજૂર સંગઠનમાં જોડાયા. ૧૯૬૪ની મિલ હડતાલ અને '૬૫ની અમદાવાદ મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં જીત્યા; અને પછી ઉત્તરોત્તર '૫૭, '૬૨, '૬૭, '૭૨–એમ ચાર વાર લોકસભામાં સતત ચૂંટાયા. જીવનભર ચણા-ચવાણું અને ચા–બીડી પર નભનારે માંદગી સામે ય ૮૧ દિવસની બાથ ભીડી. એ બેભાનઅવસ્થાનો તા. ૧૭-૭-'૭૨ને રોજ અંત આવ્યો. એક સતત કાર્યરત દેહ નાશ પામ્યો. પણ એનાં સ્ફુલ્લિંગો સાચવતું અક્ષરધન અમૂલ્ય છે.

હસ્તલિખિત 'નાગરવિલાસ', 'મુંબાઈ સમાચાર', 'હિન્દુસ્તાન–પ્રજામિત્ર', 'યંગ ઈન્ડિયા', 'નવજીવન અને સત્ય', 'યુગધર્મ', 'નૂતન ગુજરાત'—એવાં સામયિકોમાં પડેલા લેખો ઉપરાંત એમણે લખેલાં પુસ્તક-પુસ્તિકાઓની સંખ્યા ૪૦ જેટલી થવા જાય છે. એમાં એક નવલકથા 'માયા' છે, પાંચ ભાગ આત્મકથાના છે ('જીવનવિકાસ', 'ગુજરાતમાં નવજીવન', 'કારાવાસ', 'જીવનસંગ્રામ' અને 'કિસાનકથા'), એ આત્મકથાનો છઠ્ઠો અપ્રસિદ્ધ ભાગ (એનાં દસ પ્રકરણો) છે, આઠ નાટકો ('વરઘોડો', 'દુકાળ', 'બંગભંગ', 'ગામડાનું સ્વરાજ', 'અક્કલના દુશ્મન', 'શોભારામની સરદારી', 'રણસંગ્રામ' ને 'આશાનિરાશા') છે, સ્ત્રીજીવનની છ લઘુકથાઓ રજૂ કરતું 'કુમારનાં સ્ત્રીરત્નો' છે, ગાંધીજી વિષેનાં સંસ્મરણો પોતાની રીતે રજૂ કરતાં ત્રણ પુસ્તકો ('ગાંધીજીના સહવાસમાં ભાગ ૧, ૨' અને 'યરોડા આશ્રમ') છે, 'ગાંધી જન્મશતાબ્દી મહોત્સવ ગ્રન્થ'નું સંપાદન છે, બંગાળી–હિન્દી–હિન્દુસ્તાની–મરાઠી ને ગુજરાતી ૧૪૧ રાષ્ટ્રકાવ્યોનું સંપાદન 'રાષ્ટ્રગીત' છે, 'શહીદનો સંદેશ' નામક પૅટ્રિક પીઅર્સનું ચરિત્ર, શ્યામજી કૃષ્ણ વર્માનું ચરિત્ર, લેનિનનું ચરિત્ર, ગાંધીનું ચરિત્ર તથા અન્ય પુસ્તક–પુસ્તિકાઓ છે. પણ આ બધાંમાં, પાંચ ભાગમાં પ્રસિદ્ધ થએલી, ૨૦૧૩ પાનાંની એમની 'આત્મકથા', એમના જીવનની છેલ્લાં બાર વર્ષો સિવાયની આખી યે કથા ઉપરાંત ગુજરાતના સાંસ્કૃતિક જીવનની ઘડતરકથા આલેખતી હોવાથી બહુમૂલ્ય છે. ઇન્દુલાલે પોતાને મળેલા કાળમાં જે કર્યું તે કેવું છે એ બાબતમાં ભલે મતભેદ હોય, પણ કાળના ઇતિહાસની સામગ્રીને સમજથી, ધીરજથી, શ્રમપૂર્વક, ખંતથી, કલાત્મક રીતે એ 'આત્મકથા'માં સંઘરી રાખવા બદલ તો ગુજરાત એમનું સદા ઋણી રહેશે. —કo

જાંબુ

સાધારણ ફળદ્રૂપ જમીનમાં સમગ્ર ગુજરાતમાં જાંબુનાં વૃક્ષ જાંબુડા ઊગે છે. એનાં નાનાં કરતાં મોટાં ફળ વધારે માવાવાળાં, વધુ મધુર અને વિશેષ આરોગ્યપ્રદ છે. જાંબુડાના વૃક્ષનાં ફળ, ફૂલપાન અને છાલનો આયુર્વેદમાં ઔષધ તરીકે ઉપયોગ સૂચવાયો છે. તે કફ ને પિત્તહર તથા ગ્રાહી (ઝાડો બાંધનાર) છે. જાંબુડાના વૃક્ષની છાલ તૂરી, કબજિયાત કરનારી, પણ ખાસ કરીને મધુપ્રમેહના રોગને મટાડનારી છે. તેના ઠળિયાનું ચૂર્ણ લાંબો વખત નિયમિત લેવા સાથે, થાકી ન જવાય તેટલો જ શરીરશ્રમ નિયમિત કરવાથી, ખોરાકમાં ગળપણ અને ઘણા પ્રમાણમાં કાર્બોહાઇડ્રેઈટવાળા ખોરાક ન લેવાથી, અને માનસિક આવેગો પર કાબૂ રાખવાની ટેવ પાડવાથી મધુપ્રમેહમાં પેશાબમાં જતી સાકર ઘટવા માંડે છે. પશ્ચિમના ખોરાકવિજ્ઞાનના વિશ્લેષણ પ્રમાણે તેમાં ખોરાકનાં બધાં ઉપયોગી દ્રવ્યો છે. એ રીતે જાંબુ આરોગ્યપ્રદ મોસમી ફળ છે. પાકાં જાંબુ ભોજન પછી જ ખાવાં; ભૂખ્યે પેટે ખાવાથી વાયુ કરે છે—જ. ઓ. કાનૂગા

આયુર્વેદના આચાર્ય કહે છે કે જાંબુમાં મૂત્રલ, ગ્રાહી, પાચક, રક્તશોધક ને શીતળ ગુણો તથા તૂરા અને ખાટા રસો રહેલા છે. તેનો મૂત્રલ ગુણ શરીરમાં સંગ્રહેલા વિજાતીય તત્ત્વોને બહાર ફેંકી દે છે; ગ્રાહી ગુણ અવયવોમાં સ્થિતિસ્થાપકતા લાવે છે; પાચક ગુણ અવયવોની શિથિલતાથી ઉદ્‌ભવતા આંતરડાના રોગો પર ઉપયોગી છે; રક્તશોધક ગુણ લોહીવિકારનાં દરદોમાં ને શીતળ ગુણ આંખોનાં દરદોમાં ઉપયોગી છે. તેમાં રહેલો તૂરો ને ખાટો રસ રક્તકણોને વધારવાનો અજબ ગુણ ધરાવે છે.

જાંબુની ત્રણ જાત હોય છે; મોટાં જાંબુમાં મધુરસ વધુ અને તૂરાશ ઓછી હોય છે, તે કારણથી તે પિત્તનું શમન કરે છે ને શ્રમ મટાડે છે. શરીર સુકાઈ જતું હોય તેને હિતકારક છે. સ્વરને સુધારનાર છે. જાંબુ ખાવાથી કે તેની છાલના ક્વાથના કોગળા કરવાથી મોઢા તથા જીભનાં ચાંદાં મટી જાય છે. હોજરીના કે આંતરડાના ચાંદાને પણ જાંબુ રૂઝવે છે. આ ગુણ તેમાંની તૂરાશ (ટૅનિન)ને આભારી છે. બાળકોને દાંત ફૂટતી વખતે આંખો દુખવા આવે છે તે વખતે આંખો પર જાંબુડાની છાલના ક્વાથનું સીંચન હિતકારી છે. તૂરા રસમાં રોપણ ઉપરાંત ગ્રાહી અને સ્તંભક ગુણો રહેલા છે. દ્રવ ભાગનું શોષણ કરી મલાદિકને તે ઘટ્ટ બનાવે છે, એટલે અતિસાર, મરડો, રક્તપિત્ત, રક્તપ્રદર, અર્શ અને ઉદરરસમાં હિતકર છે.

સ્તંભન ગુણના કારણે રક્તપ્રદરમાં જતું લોહી અને પ્રમેહમાં થતો આંતર્મૂત્રસ્રાવ અટકે છે. રક્તપિત્તમાં મુખ, નાસિકા, કાન, ગુદા કે યોનિ વાટે પડતું લોહી બંધ થાય છે. આ કાર્ય જાંબુના ફળ કરતાં તેની છાલનો અને વિશેષ કરીને મૂળની છાલનો ક્વાથ કરે છે. મોટાં જાંબુમાં મૂત્રલ ગુણ રહેલો છે એટલે પેશાબની પથરીમાં પણ તે હિતકારી છે. નાનાં જાંબુ જે અત્યંત તૂરાશવાળાં હોય છે ને વાયુનો ખૂબ પ્રકોપ કરાવનાર છે. તે ખાવાથી ઝાડા, પેશાબ અને અપાનવાયુની ગતિ અટકી જાય છે, એટલે એ ખાવાં યોગ્ય નથી. મધ્યમ કદનાં જાંબુ ખટાશવાળાં હોય છે, તેમાં માધુર્ય આવી ગયું હોય તો હિતકારક છે. ખાટો રસ મૂળમાં રહેલી રસસ્રાવી ગ્રંથિઓના સ્રાવોને ઉત્તેજિત કરનાર હોવાથી જાંબુ જલદી પચે છે, એટલું જ નહિ પણ તેની સાથે અગાઉ લીધેલો આહાર પણ પચી જાય છે. આજે જ્યાંત્યાં લીવર અને બરોળથી પીડાતા રોગીઓ જોવામાં આવે છે. આવી મંદતાના કારણે ખોરાકનું પાચનકાર્ય બરાબર થતું નથી. પરિણામે ગૅસ, અપચો, મંદાગ્નિ ને આંતરડાંનાં દરદો ઉપર જાંબુ ખૂબ જ ઉપયોગી છે. નવા પાચકરસો પેદા કરતાં હોવાથી લીવર અને બરોળને પૂર્વવત્ કામ કરતાં બનાવી દે છે. આવા લીવરની મંદતાથી પીડાતા રોગીઓને થોડા દિવસ કેવળ જાંબુ ખાવાની સલામણ છે. ઝાડા, મરડો, ગૅસ અને આંતરડાંનાં દરદોમાં જાંબુના રસમાં સિંધવ નાખીને પીવું અથવા જાંબુનો આસવ બનાવીને પીવો. જાંબુનો ઉપયોગ આમ વાતના રોગીને માટે તેમજ દૂધ સાથે પણ હિતકર નથી. ભૂખ્યા પેટે પણ જાંબુ હિતકર નથી. ---વૈદ્ય ગોવિંદપ્રસાદ

અનુસંધાન] **પાયામાં પુરાએલા** [વચ્ચેના પૂરકમાં

ઈ. ૧૯૦૬માં સાવરકર ઇંગ્લૅંડ ગયા ત્યારે વિદેશોમાં પણ એમણે તથા શ્યામજી કૃષ્ણ વર્મા, રાજા મહેન્દ્રપ્રતાપ રાણા, માદામ કામા આદિએ ઈંગ્લૅંડ, ફ્રાન્સ અને જર્મનીમાં ભારતની આઝાદીનો નાદ ગુંજતો રાખેલો. તેમ બીજી બાજુ અમેરિકા ને કૅનેડામાં વસતા હિંદીઓમાં પણ એ ગુંજી ઊઠેલો, ત્યાં પહેલા મહાયુદ્ધ વખતે ફરમાવાએલી મનાઈ સામે લાલા હરદયાળની નેતાગીરી નીચે 'ગદર' પાર્ટીમાં સંગઠિત સરદાર કરતારસિંહ આદિ જવાનોએ 'કોમાગાતા મારુ'વાળા જહાજ મારફત હિંદીઓને ત્યાં ઉતારવાની જહાલ કામગીરી બજાવી. એ જહાજને પાછું વાળીને ગુજારેલા જુલમમાં અનેકો શહીદ થયા અને તેની ચિનગારી બંગાળમાં પહોંચી, ને ત્યાં રાસવિહારી બસુ, શચીન્દ્રનાથ સાન્યાલ, વિષ્ણુ ગણેશ પિંગલે વગેરેએ પંજાબમાં વિદ્રોહ જગાડવાની જાળ રચી. પણ 'ગદરબાબા'-ઓનો એ પ્રયત્ન નિષ્ફળ ગયો. ¶ મહારાષ્ટ્રના 'અભિનવ ભારત'ના આંદોલન જેવાં જ બંગાળમાં 'આત્મોન્નતિ સમિતિ' અને 'અનુશીલ સમિતિ'નાં આંદોલનો દ્વારા શ્રી અરવિંદ ઘોષના ભાઈ બારીન્દ્ર ઘોષ, ઉલ્લાસકર દત્ત આદિએ આ દરમિયાન ચિનગારી ચાંપી દીધી હતી અને એક હેમ કાનૂનગો તો ફ્રાન્સ જઈ બૉમ્બની બનાવટ શીખી લાવ્યા હતા. ઈ. ૧૯૦૫માં બંગાળના ભાગલા થતાં એમાંથી જ્વાળા ભભૂકી ઊઠી, તેમાં ખુદીરામ બોઝ, પ્રફુલ્લ ચાકી, કન્હાઈ દત્ત, સત્યેન્દ્ર બસુ, ત્રૈલોક્ય ચક્રવર્તી, યતીન્દ્ર મુખરજી આદિ બલિ બની ગયા. ¶ પહેલા મહાયુદ્ધના અંત પછી ક્રાન્તિ-આંદોલન માત્ર છૂટક ધાડ તથા હત્યાઓથી આગળ ન વધી શક્યાં; અને ગાંધીજીનો અહિંસાનો માર્ગ લોકોને રાજનીતિ રૂપે પણ વધુ કાર્યસાધક લાગવા માંડ્યો હતો. પણ અમૃતસરના જલિયાંવાલા બાગના હત્યાકાંડ પછી જુવાનોમાં પ્રતિહિંસાની ભાવના ઉગ્ર બની અને પંજાબમાં 'બબ્બર અકાલ દળ' અને પછી ઉત્તર ભારત વગેરેમાં 'હિંદુસ્તાન રીપબ્લિકન એસોસીએશન' અસ્તિત્વમાં આવ્યાં. એમાં કર્મસિંહ, નંદસિંહ, દલિપસિંહ આદિ પંજાબમાં, તથા આ બાજુ રામપ્રસાદ બિસ્મિલ, રાજેન્દ્ર લાહિડી, ચન્દ્રશેખર આઝાદ, અશફાકુલ્લાખાં, અને છેલ્લે ભગતસિંહ, બટુકેશ્વર દત્ત, રાજગુરુ, જતીન્દ્ર દાસ આદિની કામગીરી ને જાનફેસાની તો ઇતિહાસને પાને તાજી છે. ¶ ઈ. ૧૯૪૨ના ઑગસ્ટમાં હિંદની ક્રાન્તિને ગાંધીજીએ પરાકાષ્ઠાએ પહોંચાડી. એ પરાકાષ્ઠા વહેલી જ આવી જવા પામી હોત, જો મુસ્લિમ લીગે 'ભારત એ હિંદુ અને મુસ્લિમ એવાં બે રાજ્યોનો બનેલો દેશ' હોવાની ફાચર ન મારી હોત તો. એ રાષ્ટ્રઘાતી સિદ્ધાંતે જ છેવટે દેશના બે ભાગલા પડાવ્યા. □

લેખકો-કલાકારોને નિમંત્રણ

'કુમાર'માં પ્રકટ થતા લેખો, કાવ્યો, ચિત્રો વગેરે માટે ચાલતાં નીચેનાં પારિતોષિકો પ્રત્યે લેખકો–કલાકારોનું લક્ષ ખેંચીએ છીએ:

- શ્રી હરિઃૐ આશ્રમ (નડિયાદ) તરફથી ૧) ઘડતરમાં પ્રેરણારૂપ થઈ પડે તેવાં ચરિત્રો કે મૌલિક વાર્તાઓ માટે દર મહિને રૂ. ૫૦. ૨) ભારતીય સંસ્કારપરંપરાને ઉજમાળતાં વ્યક્તિ-ચિત્રો કે પ્રસંગાલેખનો માટે દર મહિને રૂ. ૫૦. ૩) ભાવકોની રુચિને પોષે એવી શ્રેષ્ઠ-મૌલિક પૂર્ણરંગી ચિત્રકૃતિ માટે રૂ. ૫૦.
- વર્ષભરની શ્રેષ્ઠ મૌલિક નવલિકા માટે 'કુમાર' તરફથી રૂ. ૩૦.
- જીવસટોસટનાં સાહસ કે વિકરાળ પ્રાણીનો સામનો નિરૂપતી વર્ષભરની શ્રેષ્ઠ વાર્તા માટે 'એક ગૃહસ્થ' તરફથી રૂ. ૨૫.
- શ્રી સોમાભાઈ ભાવસાર તરફથી તેમની સ્વ. પુત્રી દીપ્તિના સ્મરણાર્થે દર ઑગસ્ટથી સપ્ટેમ્બર માસના વર્ષમાં આવેલા, ભારતીય સંસ્કારપરંપરાને પોષક તથા જીવનઘડતરમાં સહાયક થાય તેવા શ્રેષ્ઠ લેખના લેખકને રૂ. ૫૦.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ.૨૮૦થી

૧૯૭૧ના એપ્રિલ અંકમાં ઍન્ડ્રૂઝ સંબંધે લેખ છે, તેમાં પૃ. ૧૫૯ પર લખ્યું છે: 'કેવળ એક વાક્ય બાબતમાં ગાંધી–સ્મટ્સ કરાર ભાંગી પડત તે ભંગાણ એમને કારણે જ અટક્યું.' એ વાક્ય તે કયું, તે લખી જણાવશો તો આભાર માનીશ. હું માનું છું કે તે ખાનગી નથી. (સૂરત) —બ્રિજરત્નલાલ જમનાદાસ અફ્રડ

[* લેખકનો ઉત્તર: 'કુમાર'ના તંત્રી મુરબ્બીશ્રી બચુભાઈએ આપના બંને પત્રો મને આપેલા. 'તે વાક્ય 'ખાનગી નથી' એ કટાક્ષ એટલા માટે અજુગતો છે કે મારા લેખમાં યોગ્ય પ્રસંગ-સંદર્ભમાં તે વાક્ય મૂકવા જતાં લંબાણ થતું હતું, અને મારો હેતુ તો માત્ર ઍન્ડ્રૂઝ-ગાંધી-સંબંધનું ઉદાહરણ જ આપવાનો હતો. 'તે વાક્ય' આપને ન જણાવી શક્યો તેનું કારણ એટલું જ કે મેં લખવા ટાણે જે જે મેળવીને વાંચેલું તે તે ફંફોસીને પેલું વાક્ય તથા તેને માટે જરૂરી વિગતો પાછી ઢૂંઢવા જેટલો સમય આજ સુધી નથી મળ્યો. ખેર આજે ભીડ વચ્ચે ય જવાબ આપું છું—ગેરસમજ ટાળવા.

એ પ્રસંગ મજાનો છે. સહેજ વિગતે લખું? સ્મટ્સે તો ત્રણ પાઉન્ડનો કર રદ કરવાનું વચન ગોખલેજીને આપેલું, છતાં એ ફરી ગયા. ૧૯૧૩ના ઑક્ટોબર-નવેમ્બરમાં ગાંધીજીએ ન્યૂ કૅસલ-ચાલ્સૅંટાઉનથી ઐતિહાસિક સત્યાગ્રહકૂચ આરંભી. કૂચમાં એ સત્યાગ્રહીઓ તરીકે ૨૦૩૭ પુરુષો, ૧૨૭ સ્ત્રીઓ ને ૫૭ બાળકો હતાં. નવેમ્બરની છઠ્ઠીએ, આઠમીએ ને નવમીએ એમ ત્રણ વાર ગાંધીજીને પકડવામાં આવ્યા, ને છેલ્લે ફેરે નવ માસની ને ત્રણ માસની એમ બે સખ્ત કેદની સજાઓ થઈ.

પણ લડત ચાલુ રહી. દમન વધતું રહ્યું. બ્રિટન અને હિંદમાં જાહેર સભાઓ ને છાપાંમાં આ દમનને વખોડવામાં આવ્યું. ૧૯૧૩ના ડિસેમ્બરની ૧૩મીએ ગોખલેજીએ ગાંધીજીને જણાવ્યું કે હિન્દીઓની સ્થિતિની તપાસ કરવા તેઓ ઍન્ડ્રૂઝ-પીઅર્સનને મોકલે છે.

૧૯૧૪ના જાન્યુઆરીની બીજીએ ઍન્ડ્રૂઝ-પીઅર્સન ડરબન પહોંચ્યા. પણ એ પહેલાં સૉલૉમનપંચની ભલામણ અનુસાર ગાંધીજી છૂટી ગયા હતા ને એમણે એ પંચનો બહિષ્કાર જાહેર કર્યો હતો; '૧૩ના ડિસેમ્બરની ૨૧મીએ ગિરમિટિયાનો પોશાક અપનાવ્યો હતો. આ કોઈ વાત ઍન્ડ્રૂઝ જાણતા ન હતા. વળી ઍન્ડ્રૂઝે તો પહેલાં કોઈ વાર ગાંધીજીને જોયા પણ નહોતા. એટલે ડરબન પહોંચીને તરત એમણે પૂછ્યું: 'ગાંધી ક્યાં?' અને પરિચય કરાવાતાં તરત જ, ભારતીય ઢબે ઍન્ડ્રૂઝે તો બાપુનાં ચરણોમાં માથું મૂકી, દંડવત્ પ્રણામ કર્યા! એક ગોરો આમ જાહેરમાં એક કાળાના પગમાં પડે એ સમસ્ત ગોરી જાતિનું અપમાન! હાજર રહેલા ગોરા પત્રકારોએ એ પ્રસંગને સારી પેઠે ચગાવ્યો.

એ દિવસો ચિન્તાઘેર્યા હતા. જાન્યુઆરીની પાંચમીએ વેક્સસ્ટંની જેલમાં વૃદ્ધ સત્યાગ્રહી હરબંતસિંગ શહીદ થયા. આઠમીએ બ્લૅકબર્નમાં હિન્દીઓ ગોળીએ દેવાયા. એ ઉગ્રતાની વચ્ચે સમાધાનની વાટાઘાટો કરવાની હતી. ઍન્ડ્રૂઝને માટે પણ આ અનુભવ નવો હતો. જેને પાછળથી એમણે પોતાનું એક મોટું જીવનકાર્ય બનાવ્યું એ 'ઇન્ડેન્ચર્ડ લેબર' (ગિરમિટ)-ની પ્રથાનાં પ્રથમ પ્રત્યક્ષ દર્શન એમને અહીં થયાં. દરિદ્રનારાયણ પ્રત્યે એના સેવકનો અભિગમ કેવો હોય એનો પ્રત્યક્ષ પ્રથમાનુભવ પણ એમને અહીં—ગાંધી-ગિરમિટિયાના સંબંધદર્શને થયો.

ગાંધીજીએ સ્મટસની મુલાકાત માગી. એ મળી. નવમી જાન્યુઆરીએ ઍન્ડ્રૂઝ-ગાંધી એ માટે પ્રિટોરિયા જવા ઊપડ્યા. રસ્તામાં ડરબનના સ્ટેશનમાસ્તર પાસેથી રેલવે–હડતાળનું સૂચન મળ્યું. એમણે આ બે મુસાફરોને સલાહ આપી: 'Better take the 'European Mail'. There will be a big strike, and the 'Kaffir Mail' may not get through.' આ સલાહ માની, આ બન્ને પ્રિટોરિયા પહોંચ્યા.

ત્યાં એમને 'પ્રિટોરિયા ન્યૂસ'ના તંત્રી મળ્યા. પૂછ્યું: 'આ દેશવ્યાપી હડતાળમાં હિન્દીઓ પણ જોડાશેને?'' ગાંધીજી કહે: 'ના, નહિ જ જોડાય. અમારે તો શુદ્ધ લડત જ ખપે. સરકારને એની ભીડ વખતે દબાવીને અમે કામ લેવા નથી માગતા. રેલવે–હડતાળ ચાલશે ત્યાં સુધી હું મારી લડત મોકૂફ રાખીશ.'

'આની જાહેરાત કરું?' પેલાએ પૂછ્યું.

'ના, એની કોઈ જરૂર નથી.' ગાંધીજીએ કહ્યું.

પેલા તંત્રીએ ઍન્ડ્રૂઝને કહ્યું: 'તમે મિસ્ટર ગાંધીને સમજાવો. બાર કલાકમાં તો માર્શલ–લૉ જાહેર થશે.' ઍન્ડ્રૂઝને એની વાત સાચી લાગી. એમણે ગાંધીજીને સમજાવ્યા: 'તમારો નિર્ણય સારો ને સાચો છે. પણ એની લોકોને જાણ કેમ થશે? માર્શલ–લૉ જાહેર થયા પછી તો છાપાં વગેરે પણ બંધ થશે. લોકો એમ માનશે કે હિન્દીઓએ ભયથી લડત બંધ કરી છે. સાચી વાત તો છેક પાછળથી લોકો જાણે. ને તે ય માને કે ન પણ માને.' આખરે ગાંધીજી માની ગયા, ને આ સમાચાર કેઈપટાઉનમાં ને દુનિયામાં તરત ફરી વળ્યા. તે પછી થોડા કલાકોમાં જ બધાં તારદોરડાં કપાઈ ગયાં!

પ્રિટોરિયામાં સ્મટસના બોલાવ્યા ઍન્ડ્રૂઝ-ગાંધી આવ્યા ખરા, પણ સ્મટ્સને તો પછી આં હડતાળ આડે દિવસોના દિવસો વાત કરવાની યે ફુરસદ ન રહી. પણ આ બન્ને નવરા ન બેઠા. ઍન્ડ્રૂઝને ગ્લૅડસ્ટન–કુટુમ્બ સાથે છેક કેમ્બ્રિજમાંથી જ પરિચય હતો. એ લૉર્ડ ગ્લૅડસ્ટન ત્યારે ગવર્નર જનરલ હતા ને એમનાં બહેન શ્રીમતી ડ્રૂ પણ પ્રિટોરિયામાં હતાં. એ બહેન દ્વારા ઍન્ડ્રૂઝ ઘણા સરકારી અધિકારીઓને મળ્યા અને ધીમે ધીમે હિન્દી પ્રશ્ન વિષેની ગેરસમજ દૂર કરવા મથ્યા.

દિવસભર એ યુરોપિયનોના વૈભવશાળી આવાસોમાં ઘૂમતા; રાત પડતાં જ ગામબહારના ભૂખડી બારશ 'ઇન્ડિયન લોકેશન'માં પાછા ફરતા. ત્યાંના ધોબીઓ એમના યજમાન હતા! એ લોકો એમને જમાડતા ને કપડાં પૂરાં પાડતા!

ત્યારે ઇંગ્લૅન્ડમાં એમનાં મા મરણપથારીએ હોવાના ખબર એમને મળ્યા. પણ આ કામ મેલીને જવાય કેમ? (કામ પતાવીને ગયા ત્યારે તો માતા દિવંગત થઈ ચૂક્યાં હતાં!)

આમ પ્રિટોરિયાના દિવસો વીતતા હતા. એમાં મોટી ચિન્તા આવી પડી. જેલમાંથી છૂટેલાં કસ્તૂરબા બીમાર તો હતાં જ, પણ એમની તબિયતે એકાએક ચિંતાજનક વળાંક લીધો હતો. અહીં સ્મટ્સ–ગાંધી પણ મળ્યા તો ખરા, પરંતુ એક નાનકડી બાબતમાં મોટી મડાગાંઠ પડી. સ્મટ્સ એક વાક્યખંડ ઉમેરવા માગતા હતા; ગાંધી તેનો વિરોધ કરતા હતા. ઉકેલ મુશ્કેલ હતો. ત્યાં ૨૧મીની રાતે ગાંધીજીને તાર મળ્યો. કસ્તૂરબાની સ્થિતિ ગંભીર છે. જાહેર કામ તત્કાળ પડતાં મૂકીને એમને તરત પહોંચી જવાની એમાં તાકીદ હતી. ગાંધીજી કામ મૂકીને જવા માગતા ન હતા! રાતના એક વાગ્યા સુધી ગાંધી–ઍન્ડ્રૂઝ વાતો કરતા બેઠા. એકાએક ઍન્ડ્રૂઝને મૂળના વિકલ્પમાં એક વાક્ય સૂઝ્યું. કહે: 'આમ લખ્યું હોય તો?– 'He also recognizes the motive which makes you unwilling to revive old sores by courting libel proceedings?' મતલબ કે તમે જૂના ઘા ઉખેળવા નથી માગતા એ શુભ આશયની સરકાર કદર કરે છે. ગાંધીજી કહે: 'મારે એ મંજૂર છે. પણ સ્મટ્સ સ્વીકારશે?' 'જોઈશ'–ઍન્ડ્રૂઝે જવાબ વાળ્યો. ગાંધીજી સૂતા.

એ સવારે જ ગાંધીજીને પૂછ્યા-કહ્યા વિના આઠ વાગ્યે ઍન્ડ્રૂઝ પહોંચી ગયા સ્મટ્સ પાસે. આખી વાત સમજાવી, ને પોતે ઉમેરેલું વાક્ય બતાવ્યું. સ્મટસને ગળે વાત ઉતારી. જેવી એણે એ મંજૂર રાખી કે કહે 'તો ફેરફાર કરીને, અત્યારે જ સહી ન કરી આપો?' એમને ઉતાવળ હતી, ઊંડે ઊંડે કસ્તૂરબા પાસે ગાંધી પહોંચી

જાય એ ઈરાદો પણ હશે? સ્મટ્સે સહી કરી.

એ જ દિવસે—૨૨મી જાન્યુઆરીએ ગોખલેજીને ગાંધીજીએ તાર કર્યો. (જુઓ Collected works of Mahatma Gandhi Vol. 12, P. 330) એમાં પણ લખ્યું: 'મેં અને ઍન્ડ્રૂઝે મળીને સમાધાનનો ખરડો ઘડયો છે. સ્મટ્સ સાથેની મુલાકાત વેળા ઍન્ડ્રૂઝ હાજર હતા.'

ફેબ્રુઆરીની ૨૧મીએ ઍન્ડ્રૂઝે આફ્રિકા છોડયું. પૂરાં સાત અઠવાડિયાંની એમની મુલાકાત, આમ, વર્ષોજૂનો પ્રશ્ન પતાવવામાં ફળદાયી રહી. એમની વિદાય બાદ છ એક માસે કર-નાબૂદીનો ખરડો પસાર થયો ત્યારે ત્યાંનાં અનેક પત્રોએ ઍન્ડ્રૂઝની કામગીરીને અંજલિ આપી. કેઈપટાઉનના એક તંત્રીએ લખ્યું: 'Mr. Andrews has won his way in South Africa by his transparent singleness of purpose and his utter humility.' ૧૯૧૪ના માર્ચની ૧૨મીએ આચાર્ય રુદ્રે ઍન્ડ્રૂઝના પિતાને લખ્યું: 'No other man in India could have done it, or in the British Empire either.'—ભારતમાંથી કે ખુદ બ્રિટિશ સામ્રાજ્યમાંથી પણ કોઈ આ કામ ન કરી શકયું હોત.

આ વિગતો મોટે ભાગે બે સ્થળે છે: Collected works, Vol. 12માં પૃ. ૩૨૬, ૩૧૨ વગેરે; તથા માર્જોરી સાઈક્સ અને બનારસીદાસ કૃત 'Charles Frear Andrews'માં પૃ. ૯૫-૯૮ વચ્ચે. 'મોટે ભાગે' શબ્દો એ માટે લખ્યા છે કે આ સિવાય પણ મેં જે અનેક સ્થળેથી માહિતી મેળવેલી તે પાછાં હું જોઈ નથી શક્યો. માર્જોરીબહેન હાલ ઍન્ડ્રૂઝનું ચરિત્ર ફરી લખી રહ્યાં છે. તે સહેજ જાણપૂરતું લખું છું.

(અમદાવાદ) —કનુભાઈ જાની

જૂન અંકમાં શ્રી બી. કે. મજમુદાર અંગે સુંદર લેખ પ્રગટ થએલ છે. ભાઈ શ્રી નરેશ ભટ્ટે શ્રી મજમુદારની અનેકવિધ પ્રવૃત્તિઓને સારી આવરી લીધેલ છે, છતાં એમના વિવિધલક્ષી જીવનનું એક વિશેષ પાસુ જાણવા જેવું છે.

કોઈ પણ વિદ્યાર્થી એમનો સંપર્ક સાધે એટલે એને મદદ મળે જ. કોઈ ઓળખાણની જરૂર નહિ. ગુજરાતના હજારો વિદ્યાર્થીઓને એમણે મદદ કરી છે અને આ રીતે અજોડ વિદ્યાદાન કર્યું છે. એ બધી નાનીમોટી રકમનો જો સરવાળો કરવામાં આવે તો કોઈ ધનિક શેઠના દાન કરતાંયે રકમ કદાચ બધી જાય. શ્રીમંત માણસ પોતાના ધનનો હિસાબ રાખે છે ને ધનની રકમની પ્રસિદ્ધિ કરે છે. શ્રી મજમુદારે પોતે કરેલી મદદનો કોઈ દિવસ સરવાળો પણ કર્યો નથી.

(પોરબંદર) —મહેશ ઉમરવાડિયા

સુધારો

જુલાઈ અંકમાં 'વાચકો લખે છે'માં પત્ર બીજાની નીચે લખનારનું નામ સરતચૂકથી રહી જવા પામ્યું છે: '...ને થાઇલૅન્ડના લોકો પણ નમસ્તે કરે છે.' લીટી પછી ઉમેરવું. —મહેન્દ્ર ચોકસી (ક્વેઝૉન સિટી-ફિલિપ્પાઈન)

જૂન અંકમાં 'દમવેલ'નાં પાન મેળવવા માટે જણાવેલા શ્રી ગીતા પરીખના સરનામામાં ભૂલથી 'મનીલા' ઍપાર્ટમેન્ટ છપાયું છે; તે 'મનાલી' ઍપાર્ટમેન્ટ જોઇએ.

ખબર

મારી પાસે 'કુમાર'ની બાઈન્ડ કરાવેલી '૬૫ થી '૭૧ની ફાઈલો છે. તે વાજબી કિંમતે વેચવાની છે. —બી. આર. ભાનુશાલી ૨૫૩૦, ચમરવાડા, નઈ બસ્તી, દિલ્હી–૬.

'કુમાર'ના ચાહકોને તેની ઘણી પાછલી ફાઇલો નીચેને સ્થળે લખવાથી મળી શકશે: છોટાલાલ માનસિંગ કામદાર, વાંકાનેર (સૌરાષ્ટ્ર)

આમાસ (ઑગસ્ટ)નો ઇતિહાસમાં અજબ ફાળો

ભારતના ઇતિહાસમાં આ ઑગસ્ટ માસનો કંઈ અજબ ફાળો છે! જુઓ—

તા. ૧ (૧૯૨૦) સ્વરાજને પોતાનો જન્મસિદ્ધ હક્ક ગણનારા લોકમાન્ય બાળ ગંગાધર તિલકનું અવસાન થયું અને એ જ દિવસે એમણે પેટાવેલી મશાલ ઊંચકી લઈને ગાંધીજીએ અહિંસા દ્વારા જ હિંદની આઝાદી હાંસલ કરવા અસહકારની ઝુંબેશનો આરંભ કર્યો. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહનો આરંભ પણ ગાંધીજીએ આ જ માસની ૧૫મી તારીખે (ઈ. ૧૯૦૮) કરેલો. અખિલ હિંદ મહાસભાએ 'હિંદ છોડો'નો વિપ્લવકારી ઠરાવ પણ આ જ માસની ૮મી (૧૯૪૨એ) કર્યો અને બીજા દિવસ તા. ૯થી 'કરેંગે યા મરેંગે'ની ઘોષણા તળે હિંદવ્યાપી સ્વાતંત્ર્ય આંદોલનનો આરંભ થયો. ઈ. ૧૮૫૭ની ક્રાંતિમાં સમગ્ર હિંદની પ્રજાએ એક પગે સાથ પૂર્યો તે પણ ઑગસ્ટની ૧૪મીથી જ. શ્રીરંગપટ્ટમમાં માપલાઓએ અંગ્રેજો સામે બંડ કરેલું તે પણ ઈ. ૧૮૦૯ની ૨૨મી ઑગસ્ટે, અને ૧૯૨૫માં ક્રાંતિકારી યુવાનોએ કાકોરીમાં ગાડીમાંથી બ્રિટિશ તિજોરી લૂંટી તે પણ ઑગસ્ટમાં ૯મી તારીખે. ઈ. ૧૯૦૫માં બંગાળના ભાગલા વિરુદ્ધ સ્વદેશી આંદોલન પણ ઑગસ્ટની ૭મી તારીખે શરૂ થએલું; ને એ જ બંગાળના નેતાજી સુભાષચંદ્રે અંગ્રેજોને હાંકી કાઢવા ઈ. ૧૯૪૨માં ૨૫મી ઑગસ્ટે આઝાદ હિંદ ફોજની સ્થાપના કરેલી ઈ. ૧૯૪૬માં દેશમાં મધ્યવર્તી સરકાર રચાઈ તે પણ ઑગસ્ટની ૨૨મીએ. દેશ આઝાદ થયો તે પણ આ જ માસમાં ૧૯૪૭ની ૧૫મીએ. (આજે આપણે એની રજતજયંતી માણીએ છીએ.)

નવાઈ જેવું છે કે દેશમાં પરદેશીઓના પગપેસારાનો આરંભ પણ આ જ માસમાં ઈ. ૧૪૯૮માં ૨૫મી તારીખે થએલો. કાલિકટને બંદરે તે દિવસે વાસ્કો ડા ગામા ઊતર્યો હતો. તેની પાછળ ઈ. ૧૬૦૮માં જહાંગીરને મળવા આવેલો અંગ્રેજોનો પ્રથમ એલચી હૉકિન્સ પણ ઑગસ્ટની ૧૬મીએ સૂરત બંદરે ઊતરેલો. પછી તો અનેક કાવાદાવાથી ઈસ્ટ ઇંડિયા કંપનીનું અહીં રાજ સ્થપાયું, પણ તેની સામેના ૧૮૫૭ના વિપ્લવ પછી આ જ ઑગસ્ટની ૨જી તારીખે બ્રિટિશ હકૂમતે એ કંપની પાસેથી હિંદુસ્તાનનો રાજવહીવટ પોતાને હસ્તક લઈ લીધો, જેના રાજવહીવટના એક કડવા સ્વરૂપે દેશના ભાગલા પડી પાકિસ્તાનનું સર્જન થયું. તેની પ્રક્રિયાના પ્રારંભ રૂપ કોમી ચુકાદો પણ ઈ. ૧૯૩૨માં ૧૭મી ઑગસ્ટે બહાર પડેલો. એનાથી આગળ જતાં સર્જાએલી કોમી તંગદિલીના કારમા પરિણામરૂપ નોઆખલીનાં હુલ્લડો પછી ત્યાં શાંતિ સ્થાપવા ૧૯૪૬માં ગાંધીજી ગયા તે યે ઑગસ્ટની ૧૬મીએ.

દેશની આઝાદી અને એ મેળવવામાં સંકળાએલી અનેક વ્યક્તિવિશેષો સાથે પણ ઑગસ્ટ માસનો સંબંધ જુઓ : મુંબાઈના સિંહ અને દેશના વિનીત નેતા સર ફિરોઝશાહ મહેતાનો જન્મ ૪ ઑગસ્ટ ૧૮૪૫; ક્રાંતિકારી ખુદીરામ બોઝને ફાંસી તા. ૧૯, ૧૯૦૮; નેતાજી સુભાષનું અવસાન ૧૯, ૧૯૪૫; ક્રાંતિકારીઓના એક અગ્રિમ નેતા અને પછીથી આધ્યાત્મિક માર્ગે વળેલા અરવિંદ ઘોષની તો આ માસની ૧૫મીએ જન્મશતાબ્દી ઊજવાય છે. એમના તંત્રપણા નીચે ૧૯૦૬માં બિપિનચંદ્ર પાલે અંગ્રેજી દૈનિક 'વંદેમાતરમ્'નું પ્રકાશન પણ ૭મી ઑગસ્ટે કરેલું.

રાજકારણ બહાર અન્ય ક્ષેત્રે પણ ઑગસ્ટનું મહત્ત્વ રહ્યું છે. દેશની કલાપ્રવૃત્તિને એક નવો વળાંક આપી તેમાં ભારતીયતાનું પુનઃ આરોપણ સ્થાપનાર કલાકાર અવનીન્દ્રનાથ ઠાકુરનો જન્મ ૬ઠ્ઠી ઑગસ્ટે ૧૮૭૧માં થએલો; અને સાહિત્યનો નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર કવિવર ટાગોરનું અવસાન પણ ૧૯૪૧માં ૭મી ઑગસ્ટે થયું. ગાંધીજીએ જેમને રાષ્ટ્રીય શાયર કહી બિરદાવેલા, તે સૌરાષ્ટ્રના લોકસાહિત્યને ને ખમીરને પ્રકાશમાં આણનાર તેના એક પ્રખર હામી કવિ ઝવેરચંદ મેઘાણીનો જન્મ પણ ૧૭મી ઑગસ્ટે ૧૮૯૭માં થએલો. આધ્યાત્મિક ક્ષેત્રે એક નવી જ જાગૃતિ આણનાર સ્વામી રામકૃષ્ણ પરમહંસની પુણ્યતિથિ પણ આ જ માસની ૧૬મીએ આવે છે. (ઈ. ૧૮૩૩માં એમનું અવસાન થએલું. આ તો માત્ર ટૂંકી સારણી છે. અગત્યની એવી બીજી તો અનેક તારીખો હજી આમાં ઉમેરી શકાય તેમ છે. **અને** હવે જરા બીજી તરફ—


અમુક દેશો બાદ કરતાં આજે આખી દુનિયાને જેનું ઘેલું લાગ્યું છે એ ક્રિકેટની સૌ પહેલી મૅચ ઇ. ૧૮૦૫ની ૩જી ઑગસ્ટે ઈટન અને હૅરો વચ્ચે રમાયાની નોંધ છે. એ ક્રિકેટજગતમાં તેની વિખ્યાત 'ઍશિઝ'નો જન્મ પણ ૧૮૮૨માં ૨૯મી ઑગસ્ટે થએલો. ત્યારે ઓવલમાં ઑસ્ટ્રેલિયાએ ૭ રનથી ઇંગ્લૅન્ડને હાર આપી હતી. **તા. ૫ (૧૯૨૪)** ઇસ્લામધર્મી તુર્કસ્તાને બહુપત્નીત્વનો ચાલ દૂર કર્યો. **તા. ૭ (૧૮૩૩)** બ્રિટિશ કૉલોનીમાંથી ગુલામીની પ્રથા દૂર કરવામાં આવી. આ અંગેની ચળવળના અગ્રચારી વિલિયમ વિલ્બરફોર્સનું, પોતાના એક જીવનકાર્યનું આવું સુખદ પરિણામ જોયા પછી થોડા જ દિવસે અવસાન થયું હતું.




લોકમાન્ય બાળ ગંગાધર તિલક



મહાત્મા ગાંધીજી





ઉપર : ડાબી બાજુ—અવનીન્દ્રનાથ ઠાકુર; જમણી બાજુ—રામકૃષ્ણ પરમહંસ; નીચે : ડાબી બાજુ : અરવિંદ ઘોષ; જમણી બાજુ : રવીન્દ્રનાથ ઠાકુર.

વખત એ માણસે ડૂબતાં માણસોને બચાવેલાં. ઈ. ૧૮૮૩માં ૨૩મી જુલાઈએ નાયગરા ધોધના ઝડપી પ્રવાહો ને વમળોમાં તરવાનું સાહસ કરતાં તેણે પ્રાણ ગુમાવ્યો હતો. ઇંગ્લિશ ખાડીને પાર કરનાર પહેલી સ્ત્રી હતી ગર્ટ્રુડ ઍડર્લી. ઈ. ૧૯૨૬ની ૬ ઑગસ્ટે તેણે એ સાહસ કરેલું.

અને છેલ્લે જગતના ત્રણ મહા પ્રસ્ફોટ પણ આ જ માસમાં બનેલા :

પહેલો બનાવ ઈ. સ. પૂર્વે ૭૯માં ૨૪મી ઑગસ્ટે બન્યો. લાંબો સમય શાંત રહ્યા પછી ઈટાલીમાં નેપલ્સ નજીક વિસૂવિયસ જ્વાળામુખી ફરી એકાએક ભભૂકી ઊઠયો અને એક મહાનગર પૉમ્પીઆઈનો નાશ થયો.

બીજો બનાવ ઈ. ૧૮૮૩માં ૨૬મી ઑગસ્ટે : જાવા-સુમાત્રા વચ્ચે સુન્દની સામુદ્રધુનીમાં ક્રકતાવનો જ્વાળામુખી ફાટયો. એના જેટલો ભયંકર ધડાકો હજી સુધી માનવ-ઇતિહાસમાં નોંધાયો નથી. ૩૦૦૦ માઇલ દૂર સુધી તેનો અવાજ સંભળાએલો!

ત્રીજો બનાવ ઈ. ૧૯૪૫ની ૬ઠ્ઠી ઑગસ્ટે જાપાનના હિરોશીમા નગર પર અમેરિકાએ ઍટમ બૉંબનો પ્રથમ ઉપયોગ કરી એ નગરનો નાશ કર્યો તે.



ખુદીરામ બોઝ




સુભાષચંદ્ર બોઝ

તા. ૯ (૧૮૯૬) ઑટો લિલીએન્થાલનું ઉડ્ડયનપ્રયોગમાં અવસાન. આ જર્મન ઈજનેરે પંખીઓની ઊડવાની રીતને અનુસરીને પોતે વિચારેલી રચનાઓ વડે ૨૦૦૦થી યે વધુ ઉડ્ડયનપ્રયોગો કરેલા. એના પ્રયોગો પરથી જ યાંત્રિક ઉડ્ડયનનો સફળ પ્રયોગ કરનારા રાઈટ બંધુઓએ પ્રેરણા લીધેલી. એ બંધુઓમાંના નાના ઑરવિલનો જન્મ ઑગસ્ટની ૧૯મીએ ૧૮૭૧માં થએલો.

તા. ૧૪ (૧૦૪૦) સ્કૉટલૅન્ડના રાજા ડંકનનું મૅકબેથે ખૂન કર્યાની મનાતી તારીખ. આ પછી મૅકબેથે રાજસત્તા હાથ કરી, પણ ડંકનના પુત્ર માલ્કમે ૧૦૫૭માં એને માર્યો. મનાય છે એવું કે મૅકબેથે પોતાના બે માણસો દ્વારા ડંકનનું ખૂન કરાવેલું. પણ શેક્સપીઅરે પોતાના નાટકમાં મૅકબેથ અને એની પત્નીને જ આ ખૂન કરનાર તરીકે આલેખ્યાં છે અને નાટયોચિત દૃષ્ટિએ એ કલ્પના વધુ અસરકારક અને સચોટ બની રહી છે.

તા. ૨૪ (૧૮૭૫) ઇંગ્લિશ ખાડી તરીને પાર કરવાનો પહેલો પ્રયત્ન : મૅથ્યૂ વેબ(કૅપ્ટન વેબ) નામના, વેપારી જહાજના એક સાહસિકે ૨૧$\frac{3}{4}$ કલાકમાં એ સાહસ પાર પાડેલું. બબ્બે



પૉમ્પીઆઈ નગરના ભગ્નાવશેષોની પશ્ચાદ્‌ભૂમાં ધૂંધવાઈ રહેલો વિસૂવિયસ જ્વાળામુખી



ક્રકતાવનો પ્રચંડ જ્વાળામુખી



ઍટમ બૉમ્બનો પ્રસ્ફોટ

કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે અખિલ ભારતીય નિબંધ-સ્પર્ધા : 'શિક્ષિત બેકારી' એ વિષય ઉપર અંગ્રેજીમાં નિબંધ લખવા માટે રૂ. ૨૫૦, રૂ. ૧૫૦, રૂ. ૧૦૦, રૂ. ૭૫, રૂ. ૫૦ અને રૂ. ૨૫નાં ઈનામોની એક સ્પર્ધા 'ફોરમ ઑવ ફ્રી એન્ટરપ્રાઇઝ' તરફથી યોજવામાં આવી છે. તેની વિગતો એ સંસ્થાના સેક્રેટરીને સોહરાબ હાઉસ, પોસ્ટ બૉક્સ નં. ૪૮-એ, ૨૩૫, ડૉ. દાદાભાઈ નવરોજી રોડ, મુંબઈ-૧ એ સરનામે લખીને મંગાવવી.

શ્રી અરવિંદ નિબંધસ્પર્ધા : શ્રી અરવિંદ મંડળ—અમદાવાદ યોજિત નિબંધસ્પર્ધાની છેલ્લી તા. ૧૫મી ઑગસ્ટ હતી તે વધારીને તા. ૧૫મી સપ્ટેમ્બર ૧૯૭૨ રાખેલી છે. વિગતો અને માહિતી માટે શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, પ્રીતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ-૬ને લખો.

ઘટમાં ઘોડાં થનગને આતમ વીંઝે પાંખ
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.
—મેઘાણી—

ઉત્તર પ્રદેશ વિધાનસભાના પ્રમુખ પુરુષોત્તમદાસ ટંડન ઉપર એક તરુણનો પત્ર આવ્યો કે 'હમણાં યૂનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષામાં પાસ થઈને ઉચ્ચ અધિકાર પર તમારા જે તરુણ સગાની નિમણૂક કરવામાં આવી છે તેના કરતાં મને વધુ માર્ક મળેલા છતાં મારી નિમણૂક નથી થઈ, કેમ કે એ તમારો સગો છે અને હું મધ્યમ વર્ગનો માનવી છું.'

તપાસમાં આ બિના સત્ય ઠરતાં ટંડનજીએ પોતાના કુટુંબી પાસે નોકરી છોડાવી એ જગ્યા પર પેલા તરુણની નિમણૂક કરાવી.

∞

અનેકાર્થી શબ્દ: ફેર = તફાવત; ચક્કર આવવાં તે; આંટો અથવા પેચ કે વળ; કાણામાં ફરીને બેસતી પેચવાળી ખીલી—સ્ક્રૂ (સ્ક્રૂને માટેનો મૂળ ગુજરાતી શબ્દ); ઘેર કે ઘેરાવો; લૂગડાનો નીચેનો ભાગ-ફડક; ફરીથી.

∞

કહેવતોના અર્થ: 'રાંક રોષ ને પ્રાણ શોષ.' ગરીબ માણસને કોઈ અન્યાયથી ગમે તેટલો ગુસ્સો આવવા છતાં પણ તેનું કાંઈ ચાલતું નથી ને (પ્રાણ શોષ એટલે) જીવ બાળીને—સમસમીને બેસી રહેવું પડે છે એવી અસહાય સ્થિતિ દર્શાવવા વપરાતી કહેવત.

∞

ગણિત-ગમ્મત: ૩૪ ને ૩૫ એ બે સંખ્યા વિષે કોઈની ન હોય એવી ગમ્મત છે. ૩૪+૩૫ નો સરવાળો ૬૯. અને એ ૬૯ને ઊલટાવતાં ૯૬. હવે એ ૯૬ને ૩૪ તથા ૩૫ની વચ્ચે મૂકો, ને છેલ્લે ૬૯ મૂકો; એથી જે સંખ્યા આવશે—૩૪૯૬૩૫૬૯—તેનું વર્ગમૂળ નીકળી શકશે: ૫૯૧૩. વળી એ સંખ્યા ૩૪૯૬૩૫૬૯ ને ચાર વડે ગુણવાથી જે રકમ—૧૩૯૮૫૪૨૭૬—આવે તેમાં ૧ થી ૯ સુધીના બધા અંક એક વખત આવી જાય છે! અને એ રકમ પણ ૧ થી ૯ સુધીના તમામ અંકો વપરાએલી નાનામાં નાની વર્ગસંખ્યા છે જેનું વર્ગમૂળ ૧૧૮૨૬ છે.

—મ. ના. ખત્રી

∞

પોલાંડના રાજા જૉન એસ્કી(ત્રીજા)ને ૧૭ના અંક સાથે અજબ લેણાદેણી હતી: એ જન્મ્યો, પરણ્યો, ગાદીએ બેઠો અને મૃત્યુ પામ્યો—બધા બનાવ સત્તરમી તારીખે જ બનેલા!

∞

માઈમસ ઓલવી નાખ્યા પછી તેના મોઢિયામાં પિનને ભરાવી રાખવાથી તેને ફરી સળગાવતી વખતે પિન મારવી નહિ પડે, ને મોઢિયાનું આયુષ્ય વધશે.




ભારતની નવી ટિકિટ

આ વર્ષની ઑલિમ્પિક રમતોમાં ભારતની ભાગીદારીના સ્મરણમાં ૧૦ ઑગસ્ટ ૧૯૭૨ના રોજ આપણા ટપાલ ખાતાએ બે ટિકિટો બહાર પાડી છે. રાખોડી રંગની ૨૦ પૈસાની ટિકિટ પર હૉકી રમતા ખેલાડીનું ચિત્ર છે અને બ્લૂ રંગની રૂ. ૧-૪૫ની કિંમતની ટિકિટ પર ૧૯૭૨ એવા મોટા આંકડાની પશ્ચાદ્‌ભૂ ઉપર દોડ, કુસ્તી, નિશાનબાજી અને હૉકીની રમતનાં પ્રતીકાત્મક આલેખનો છે, જેનું ચિત્ર ઉપર આપ્યું છે. એકબીજીમાં પરોવાએલી પાંચ કડીઓની સાંકળ વાળું ઑલિમ્પિકનું પ્રતીક બંને ટિકિટો પર છે.

∞

બરફનું વજન કાઢવાની એક સરળ રીત કહેવાય છે: ગચિયાની ઊંચાઈ, પહોળાઈ અને જાડાઈના માપના ઇંચનો ગુણાકાર કરી તેને ૩૦ વડે ભાગવાથી જે આવે તેટલા રતલ વજન સમજવું. દા. ત. ૧૦ ઇંચ ઊંચા, ૧૦ ઇંચ પહોળા ને નવ ઇંચ જાડા ગચિયાનું વજન ૧૦×૧૦×૯=૯૦૦÷૩૦=૩૦ રતલ થાય. કરી જોજો.



રાષ્ટ્રસંઘના 'વર્લ્ડ હેલ્થ ઑર્ગેનિઝેશન' (જગત-સ્વાસ્થ્ય-સંઘ)નું કહેવું છે કે માણસને પીડતાં દર્દોમાં દાંતનો દુખાવો સૌથી વધુ વ્યાપક છે.